કુલ પ્રત ૨૫,૦૦૦. કિમ્મત રૂા. ૦-૪-૬.

સરલ,

ગુજરાતી બાળવ્યાકરણ.

વ્યુત્પત્તિ સહિત.

(સુધારેલી આવૃત્તિ ૧૯મી.)

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

રચી પ્રસિદ્ધ કર્તા,

પ્રેમચંદ કરમચંદ શાહ.

ગોંડળ, જુનાગઢ અને કચ્છ સ્ટેટમાં ટેક્સ્ટ બુક તરીકે ને મુંબઈ ઈલાકાના તથા ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ "લાઈબ્રેરી બુક" તરીકે મંજુર કરેલ.

સરલ ગુજરાતી બાળવ્યાકરણ.

(વ્યુત્પત્તિ સહિત.)

ગુજરાતી અને ઇંગ્રેજી શીખનાર તથા શિખવનાર સારૂ.

રચી પ્રસિદ્ધ કરનાર,

પ્રેમચંદ કરમચંદ શાહ.

ડેપ્યુટિ એજ્યુકેશનલ ઈન્સ્પેકટર, ગોંડળ સ્ટેટ.

ગોંડળ.

આવૃત્તિ ૧૬ મી—૩૦૦૦ પ્રત. (કુલ પ્રત ૨૫,૦૦૦).

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૭૦—સને ૧૯૧૪.

કીમત સાડાચાર આના.

અર્પણ પત્રિકા.

એમ. એ. તરખડ, એસ્કવાયર.

માજી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ બહાદુર,

ગોંડળ સ્ટેટ.

આપે કાઠિયાવાડ એજન્સિના પ્રાથમિક શાળાઓના મહેતા-
જીઓની સ્થિતિ સુધારવાતે,- તથા શાળાનું શિક્ષણ
સુધારવાને, ભગીરથ પ્રયત્ન કર્યો છે, વેરાવળ
કોન્ફરન્સના પ્રમુખ તરીકે બિરાજી નવાં
ધોરણોની અગત્યના સાબીત કરી
આપી, જેના પરિણામમાં સર-
કારે નવાં ધોરણો રચ્યાં; ઇ-
ત્યાદિ ઇત્યાદિ સદ્ગુણોથી
મોહિત થઈ આ
પુસ્તક આપને
અર્પણ કરૂં છું
તે સ્વીકા-
રશો.

સેવક,

પ્રેમચંદ કરમચંદ શાહ.

સોળમી આવૃત્તિની પ્રસ્તાવના.

વ્યાકરણ:—

પ્રાથમિક શાળામાં પ્રથમ હોપકૃત વ્યાકરણ ચાલતું, એ ઘણું નાનું હોવાથી શીખનાર શિખવનારને ઘણી તરેહની શંકાઓ પડતી; તે ટાળવાને અમે સને ૧૮૯૫ માં ગુજરાતી બાળવ્યાકરણ બહાર પાડયું, ને તે મુંબઈ ઈલાકાના મહેરબાન ડિરેક્ટર ઑાવ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સાહેબ બહાદુરે પોતાના નં. ૮૦૦૫ તારીખ ૨૩–૩–૧૮૯૭થી લાઇબ્રેરીબુક તરીકે મંજુર કર્યું.

સને ૧૯૦૨ની સાલમાં પ્રાથમિક શાળાનાં નવાં ધોરણ રચાયાં, તેમાં ગોઠવાયલા ક્રમ પ્રમાણે શિખવવાને હોપકૃત વ્યાકરણ તદ્દન નકામું થયું. નવાં ધોરણની રચનાનુસાર ફેરફાર કરી અમે છઠ્ઠી આવૃત્તિ બહાર પાડી, ને તેમાં વખતોવખત સુધારોવધારો કરતા આવ્યા છીએ. હોપકૃત વ્યાકરણની રચના કરતાં બાળવ્યાકરણની નવી આવૃત્તિમાં નીચે મુજબ સુધારો કરવામાં આવ્યો છે.

(૧). **વિભક્તિનું ધોરણ** હોપકૃત વ્યાકરણની પેઠે રૂપ પર ન રાખતાં, પરભાષા (સંસ્કૃત–ઈંગ્રેજી) શીખવાને અનુકૂળ થાય, માટે **અર્થ** પર રાખેલ છે. શરૂઆતમાં બધી વિભક્તિના અર્થ શિખવવા જરૂર નથી. વગર **પ્રત્યયે** પહેલી–બીજી વિભક્તિ આવે છે, માટે તેના અર્થનું જ્ઞાન આપવા જરૂર છે. વગર પ્રત્યયવાળું નામ **કર્ત્તા** (નિર્દેશાર્થે), **પરિમાણ** કે **સંબોધનાર્થે** વપરાયું હોય તો પહેલી વિભક્તિ જાણવી. સંસ્કૃત ભાષામાં પણ પહેલી વિભક્તિ એજ ત્રણ અર્થમાં વપરાય છે.

સંસ્કૃતમાં કર્ત્તરિપ્રયોગમાં **કર્મ બીજીમાં**, ને કર્મણિપ્રયોગમાં **કર્મ પહેલી વિભક્તિમાં** આવે છે. ઈંગ્રેજી ભાષામાં તો કર્ત્તરિ રચ-

નામાં **કર્મ બીજી જ વિભક્તિમાં** આવે છે. ગુજરાતી ભાષામાં સકર્મક કર્તરિ–કર્મણિ પ્રયોગમાં કર્મ **પ્રત્યય વગર** કે **પ્રત્યય સાથે** આવે છે. જેમ, મગન **ચોપડી** વાંચે છે, મગન **મને** બોલાવે છે; મગને **પુસ્તક** લખ્યું; મગને **છગનને** માર્યો. બાળકને સરળતા કરવા ખાતર સકર્મક કર્તરિ–કર્મણિ પ્રયોગમાં કર્મને પ્રત્યય લાગ્યો હોય, અગર ન લાગ્યો હોય; પણ **બીજી જ વિભક્તિ** કહેવરાવવાનું ધોરણ રાખેલું છે. કર્મણિ રચનામાં કર્મ ગુજરાતી, સંસ્કૃત, ને ઇંગ્રેજી ભાષામાં **પહેલી વિભક્તિમાં** આવે છે, સબબ તેવે પ્રસંગે કર્મની **નિર્દેશાર્થે** પહેલી વિભક્તિ કહેવરાવવી.

સ્થળ ને કાળ જણાવનાર શબ્દ સંસ્કૃત, ઇંગ્રેજી ભાષામાં **બીજી વિભક્તિમાં** આવે છે, તેને અનુસરી આવા શબ્દને પ્રત્યય ન લાગ્યા હોય; ત્યારે **બીજી વિભક્તિમાં** ગણવાનું ધોરણ રાખ્યું છે.

ત્રીજીથી સાતમી વિભક્તિ સુધી **લાગેલા પ્રત્યય** પરથી વિભક્તિ કહેવાનું ધોરણ રાખ્યું છે. ફક્ત **એ** પ્રત્યય **સ્થળ** ને **કાળ** જણાવનાર શબ્દને લાગે તો **સાતમી** વિભક્તિ કહેવરાવવી.

(૨). **વિશેષણ સર્વનામનું** પદચ્છેદ હોપકૃત વ્યાકરણમાં ફક્ત **વિશેષણ** રાખ્યું છે, આ વ્યાકરણમાં તે એકલાં આવે ત્યારે **સર્વનામ,** અને વિશેષ્ય સાથે આવે ત્યારે **વિશેષણ** કહેવરાવવાનું રાખ્યું છે.

(૩). **સંયુક્ત ક્રિયાપદનું** પદચ્છેદ હોપકૃત વ્યાકરણમાં તે જેજે ક્રિયાપદોનું બનેલ હોય, તેનું જુદું જુદું પદચ્છેદ કરાવવાનું રાખવાથી, વાક્યનો અર્થ તદ્દન બદલાઇ જતો; માટે **મિશ્રકાળ** દાખલ કરી સંયુક્ત ક્રિયાપદનું પદચ્છેદ **ભેગું** કરાવવાનું રાખેલ છે.

(૪). સકર્મક ક્રિયાપદ કર્મણિ રચનામાં જતાં હોપકૃત વ્યાકરણમાં ઇંગ્રેજી ઢબને અનુસરી કર્તાને કારણ, કર્મને કર્તા, ને ક્રિયાપદને સકર્મકને બદલે અકર્મક ક્રિયાપદ કહેવરાવવાનું ધોરણ રાખ્યું છે; તેને

બદલે સંસ્કૃત ઢબને અનુસરી કર્ત્તાને પાંચમીનો કર્ત્તા, કર્મને નિર્દેશાર્થે પહેલી વિભક્તિનું કર્મ, ને સકર્મક ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં કહેવરાવવાનું ધોરણ રાખ્યું છે.

ઉપર મુજબ સુધારા વધારા કરવાથી આ પુસ્તક પ્રાયમરી તેમજ મિડલ સ્કૂલોમાં ઉપયોગી થઇ પડયું છે. સુધારેલી દશમી આવૃત્તિ સરકારે **'લાયબ્રેરી બુક'** તરીકે મંજુર રાખ્યાની જાહેર ખબર સને ૧૯૦૮ ના સપ્ટેંબર માસના શાળાપત્રમાં આપેલી છે. ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ પણ લાયબ્રેરીબુક તરીકે મંજુર કરેલ છે. ગોંડળ, જુનાગઢ, કચ્છ સ્ટેટ, વગેરે ઠેકાણે **ટેક્સ્ટ બુક** તરીકે ચાલે છે.

કેટલાક સન્મિત્રો તરફથી એવી સલાહ મળી કે બાળ વ્યાકરણમાંથી વિદ્યાર્થીને ઉપયોગી ભાગ રાખી, બીજો ભાગ કાઢી નાંખવામાં આવે; તો આ પુસ્તક વિશેષ ઉપયોગી થાય. આ કીમતી સલાહ સ્વીકારી ચૌદમી આવૃત્તિ નવેસરથી લખવામાં આવી, અને એ લખવામાં નીચેની બાબતો લક્ષમાં રાખી છે.

अ. શીખનાર શિખવનારને સરળ પડે, માટે આ પુસ્તકના ધોરણવાર ભાગ પાડી, દરેક ભાગમાં શિખવવાના વિષયોની **પાઠમાં રચના** કરી છે, અને ઘણે ભાગે પાઠ નીચે **મનોયત્ન** આપ્યાં છે. વિષયવાર એકેક જ પાઠ રાખવાથી પાઠ લાંબા થયા છે, માટે એક દિવસે પાઠનો જેટલો ભાગ બરાબર સમજાવી શકાય તેટલોજ રાખવો. **કોઇ પણ વિષયની વ્યાખ્યા પ્રથમ ન આપતાં દાખલા પરથી છોકરાં પાસે કઢાવવી. શિખવતી વખતે કાળાં પાટિયાંનો જેમ બને તેમ વિશેષ ઉપયોગ કરવો.**

ब. વ્યાકરણના નિયમો દાખલાઓ પરથી કાઢી બતાવ્યા છે. એમાં વિવેચન એવી રીતે કરવામાં આવ્યું છે કે તે શિક્ષકવર્ગને પાઠ આપવામાં, અને વિદ્યાર્થી વર્ગને શીખેલ પાઠ તૈયાર કરવામાં ઉપયોગી થાય.

૪. સઘળી શાળાઓમાં પદચ્છેદ શૈલી એક રહેવા ખાતર સરકારે રચાવેલ " ગુજરાતી ભાષાના વ્યાકરણ " ના સઘળા નિયમો આ પુસ્તકમાં માન્ય રાખવામાં આવ્યા છે.

૫. વિદ્યાર્થીઓ પદચ્છેદમાં સારા નીવડે, સબબ ઠેકાણે ઠેકાણે પદચ્છેદને લગતા નિયમો આપ્યા છે; તથા તે નિયમાનુસાર પુષ્કળ ઉદાહરણો લઈ પદચ્છેદ કરી બતાવ્યું છે.

૬. વાક્ય પૃથક્કરણ સારૂં થવા ખાતર તેને માટે ઉદાહરણો આપી નિયમ સમજાવ્યા છે, તથા ઘણું કરી બતાવ્યું છે.

૭. શ્રુતલેખન, નિબંધ, વગેરે લખાણ સુધારવાને ઉપયોગી થઇ પડે, માટે હોપકૃત વ્યાકરણની માફક વાક્યરચનાના સહેલા નિયમો આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે.

વ્યુત્પત્તિઃ—

ગુજરાતી ભાષાની ઉત્પત્તિઃ—હિંદમાં પ્રથમ અનાર્ય લોક વસતા હતા, તેમની ભાષાને પ્રાકૃતના વ્યાકરણ રચનાર **દેશ્ય** ભાષા કહે છે, ત્યારપછી હિંદમાં આર્ય લોકો આવ્યા, તેઓની ભાષા **જુની આર્ય કે સંસ્કૃત** નામથી ઓળખાય છે. એ ભાષા બોલાતી બંધ થઇ, ત્યારે તેમાંથી નીકળેલી **પાલી** અને **પ્રાકૃત** ભાષા બોલાવા લાગી. તે બંધ થયેથી **અપભ્રંશ** ભાષાઓ ચાલવા લાગી, અને તે જુની થતાં તેમાંથી બનેલી **ગુજરાતી** વગેરે અર્વાચીન ભાષાઓ બોલાવા લાગી. મુસલમાની રાજ્ય થતાં ગુજરાતી ભાષામાં કેટલાક **અરબી ફારસી** શબ્દો આવ્યા છે, અને હાલમાં અંગ્રેજી રાજ્ય હોવાથી તેમની ભાષાના **અંગ્રેજી** શબ્દો ભળ્યા છે અને ભળતા જાય છે. આ રીતે **ગુજરાતી ભાષામાં શુદ્ધ સંસ્કૃત, અપભ્રંશ, દેશી,** અને **પરભાષાના શબ્દો** છે. શુદ્ધ સંસ્કૃત શબ્દો પાંચ આની, અપભ્રંશ નવ આની, ને દેશી પરદેશી શબ્દો બે આની હશે.

વ્યુત્પત્તિ જ્ઞાનથી થતા લાભઃ—૧. શબ્દનાં ખરાં રૂપ નજરમાં ઠસવાથી જોડણીમાં ભૂલ થવાનો સંભવ થોડો રહે છે. તિ પ્રત્યય લાગવાથી કૃતિ, ગતિ, પ્રીતિ, ભક્તિ, ભ્રાન્તિ, મુક્તિ, રતિ, શાન્તિ, સ્થિતિ વગેરે શબ્દો થયા છે, એ જાણ્યા પછી કદી પણ તિ દીર્ઘ લખવાની ભૂલ કરશે નહિ.

૨. શબ્દનો મૂળ અર્થ તથા લાક્ષણિક અર્થ ચોખ્ખી રીતે સમજાય છે. શંકરનો મૂળ અર્થ 'સુખ કરનાર'ને લાક્ષણિક અર્થ 'મહાદેવ' છે તે આપણે વ્યુત્પત્તિવડે જાણીએ છીએ.

૩. સમાનાર્થ શબ્દમાં રહેલો સૂક્ષ્મ ભેદ સમજી શકાય છે. સ્ત્રીને માટે **કામિની, માનિની, રમણી,** વગેરે અનેક શબ્દો છે. પણ આ શબ્દો વાપરવાનો ભેદ વ્યુત્પત્તિવડે જણાય. કામી સ્ત્રીના વર્ણનમાં કામિની, માનવતી સ્ત્રીના વર્ણનમાં માનિની, અને મનોહર સ્ત્રીના વર્ણનમાં રમણી શબ્દ વાપરવો યોગ્ય ગણાય.

૪. પૂર્વની જન સ્થિતિ, અને જન સ્વભાવ જણાઈ આવે છે. **દુહિતા** શબ્દનો મૂળ અર્થ દોહનાર છે ને લાક્ષણિક અર્થ દીકરી થાય છે. એ પરથી આપણી ખાત્રી થાય છે કે પ્રાચીનકાળમાં ગાયો દોહવાનું કામ ઘરમાં દીકરીઓ કરતી; વળી બીજું એ પણ જણાય છે કે પ્રાચીન કાળના આર્યોનું મુખ્ય ધન ઢોર હતાં. **પત્રનો** અર્થ પાંદડું થાય છે, બીજો અર્થ કાગળ થાય છે. આ પરથી જણાય છે કે પ્રાચીન કાળમાં કાગળ નહોતા, ત્યારે પાંદડાં પર લખતા.

વ્યુત્પત્તિ શિખવવામાં પહેલે પગથિયે સામાસિક શબ્દના ભાગ પાડી તેનો અર્થ કહી બતાવી તે કઈ જાતનો સમાસ છે તે પારખતાં શિખવવું. સમાસનાં ઉદાહરણોમાં નવી વાચનમાળાના ઘણા શબ્દો આપવામાં આવ્યા છે, ને ઘણે ભાગે તેનો વિગ્રહ પણ કરી બતાવ્યો છે.

બીજે પગથિયે શબ્દનાં અંગ (ધાતુ, પ્રત્યયાદિ) જુદાં પાડતાં આવડવાં જોઇએ. સબબ છઠ્ઠા ધોરણમાં પ્રથમ, સાતમા ધોરણમાં આપેલ ધાતુના માત્ર **અર્થ** ગોખાવી પછી પ્રત્યય આધયનું પ્રકરણ ચલાવવું. જે શબ્દમાં આધય પ્રત્યય સ્પષ્ટ દેખાઇ ન આવે, ત્યાં માત્ર શબ્દનો ધાતુ ને ચાલતો અર્થ જાણે તો બસ છે.

પ્રત્યયનું પ્રકરણ ધોરણમાં સૂચવ્યા મુજબ–"પ્રત્યયો લગાડીને નામ, વિશેષણ, તથા ક્રિયાપદ પરથી નામ બનાવવાં, નામ ઉપરથી ક્રિયાપદ તથા વિશેષણ બનાવવાં, સર્વનામ પરથી વિશેષણ તથા ક્રિયા-વિશેષણ બનાવવાં"–લખેલ છે.

સાતમા ધોરણમાં ધાતુ પરથી બનતા શબ્દોનાં ઉદાહરણોમાં એક શબ્દ સિદ્ધ થયા પછી તે પરથી વ્યાકરણ નિયમે બનતા શબ્દો સાથેજ આપ્યા છે. પૂર્ ધાતુ પરથી પૂર્ણ શબ્દ બનાવ્યા પછી પૂર્ણાંક, પૂર્ણતા, પૂર્ણિમા, પૂર્ણાનંદ, પૂર્ણાહૂતિ, અપૂર્ણ, અપૂર્ણાંક, પરિપૂર્ણ, સંપૂર્ણ શબ્દ સાથેજ આપ્યા છે. આથી આ શબ્દોના અર્થ સારી રીતે સમજાવી શકાય છે, વિદ્યાર્થીને યાદ રાખવું સહેલું પડે છે, અને મનને કસરત પહોંચી વિચાર શક્તિ કેળવાય છે. વળી ધાતુનાં ઉદાહરણોમાં ઘણે ભાગે શબ્દોના ચાલતા અર્થ પણ કૌંસમાં આપેલા છે.

ત્રીજે પગથિયે ઉત્સર્ગ પ્રકરણ ચલાવવું. એમાં એકજ નિયમમાં આવી જતા ગુજરાતી શબ્દો કયા સંસ્કૃત શબ્દોમાંથી આવેલા છે તે બતાવ્યું છે. પ્રાથમિક શાળામાં આથી વિશેષ જ્ઞાન આપી શકાય નહિ. ટ્રેઇનિંગ કોલેજના સ્કોલરો, તથા હાઇસ્કૂલનાં ઉપલાં ધોરણોના વિદ્યાર્થીઓને તો હાલમાં ચાલતું રૂપ સંસ્કૃતમાંથી કયે ક્રમે વિકાર પામતું પામતું આવ્યું છે તે બતાવવું જોઇએ. જેમકે, **સં. પ્રિય:–પ્રા. પિઓ, પિયો–અપભ્રંશ પિઉ, પિયુ–ગુ. પિયુ. સં. દિવસ**–પ્રા. **દિઅહ–**અપભ્રંશ **દિઅહડો–**ગુ. **દાહડો, દહાડો.**

છેવટે **અરબી ફારસી** શબ્દોના **અર્થ** ને તેનાં **મૂળ** આપેલાં છે. આથી આ શબ્દોની શુદ્ધ જોડણી ને અર્થ સમજાવવાને સુગમ થશે. આ શબ્દો શિક્ષણમાં જ્યાં આવે, **ત્યાંજ** તે શિખવવા. આ પાઠમાં વિશેષ પ્રચલિત સહેલા શબ્દો વિસ્તાર વધી જવાના ભયથી મૂકી દીધા છે.

આ પુસ્તકમાં વ્યુત્પત્તિનો વિષય પ્રાથમિક શાળામાં શિખવવો સરળ થાય, તેને માટે બનતો પ્રયાસ કર્યો છે. ખપજોગ સંધિના નિયમો પણ આ પુસ્તકમાં આપ્યા છે.

આ પુસ્તક લખવામાં, તથા તેમાં સુધારોવધારો કરવામાં આ વિષયનાં કેટલાંક પુસ્તકો, શબ્દ ચિંતામણી કોશ, અમરકોશ, નર્મકોશ, અને શાળાપત્રના આ વિષય પરના લેખોનો આધાર લેવામાં આવ્યો છે; તેને માટે આ સ્થળે તે સર્વ ગ્રંથકર્ત્તા, અને લેખકોનો આભાર માનું છું.

વ્યાકરણની સાથે વ્યુત્પત્તિનો વિષય દાખલ કરવાથી પુસ્તકના કદમાં ઘણો વધારો થયો છે. છતાં એનો દિવસે દિવસે ઉઠાવ વધતો જવાથી કીમતમાં વધારો કરવામાં આવ્યો નથી. છેલ્લા એક વર્ષમાં આ પુસ્તકની બે આવૃત્તિની લગભગ ચાર હજાર નકલો ખપી છે; એટલે આ પુસ્તક વિદ્યાર્થી વર્ગને પસંદ પડયું છે, ને અમારી મહેનત સફળ થઇ છે, એમ અમે માનીએ છીએ.

તા. ૧૯ માહે નવેંબર સને ૧૯૧૩,
ગોંડળ. } **કર્ત્તા.**

અનુક્રમણિકા.

ભાગ ૧ લો. ધોરણ ત્રીજા માટે.

ભાગ બીજો. ધોરણ ચોથા માટે.

ભાગ ત્રીજો. ધોરણ પાંચમા માટે.

ભાગ ચોથો. ધોરણ છઠ્ઠા માટે.

ભાગ પાંચમો. ધોરણ સાતમા માટે.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૩	૨૧	મનોક્ત	માનોક્ત
૪૬	૨૫	તેની નથી,	નથી, તેની
૭૦	૧	ક્રિયાપદ વિશેષણ	ક્રિયાવિશેષણ
૭૨	૧	ગણા	ઘણા
૧૪૪	૧૦	નિશ્ચાર્થ	નિશ્ચયાર્થ
૧૪૯	૩	દ્વિતિયા	દ્વિતીયા
૧૫૨	૨	ષટકર્મ	ષટ્કર્મ
૧૬૫	૧	(કાળ).	મોડો (કાળ).
૧૮૧	૧૨	હરામખોર,	હરામખોર (વિ. પરથી વિ.),
૧૮૧	૧૨	હલાલખોર,	હલાલખોર (વિ. પરથી વિ.),
૧૯૦	૧૮	આધરા	આધાર
૨૦૭	૧૮	બાંધુજન	બંધુજન
૨૦૯	૧૮	ભમતુ તે	ભમવું તે
૨૧૨	૨૦	નીમવું તે	નીમવું તે, આજ્ઞા કરવી તે
૨૧૬	૧૫	વાચસ્પાત	વાચસ્પતિ
૨૨૫	૨૬	નરાહાર	નિરાહાર
૨૨૯	૧૫	સાહાગ.	સોહાગ.
	૨૦	અમાન	અમીન

સરલ

ગુજરાતી બાળવ્યાકરણ.*

ભાગ ૧ લો. ધોરણ ત્રીજા માટે.

આ વિષય પ્રાયમરી સ્કૂલના ત્રીજા ધોરણથી શરૂ થાય છે, તેથી શિક્ષકોએ એમ ન સમજવું કે ત્રીજા ધોરણથી તેની શરૂઆત કરવાની છે. છેક બાળવર્ગથી શરૂ કરવાનો છે. બાળવર્ગ તથા પહેલાબીજા ધોરણમાં પ્રશ્નના જવાબ ટુંકા પણ પૂર્ણ વાકયોમાં લેવા, તથા શિખવેલી બાબતોનું તેવાં વાકયોમાં વર્ણન કરાવવું એ વ્યાકરણશિક્ષણ છે.

ત્રીજા ધોરણમાં નામ તથા ક્રિયાપદ ઓળખવાં. કર્ત્તા અને વિધેયપક્ષ તરીકે તેમનો ઉપયોગ, ટુંકાં નમુનાનાં વાકય રચવાં, એટલું રાખેલ છે તે નીચેને ક્રમે શિખવવું.

*લોક પોતાના વિચાર એકબીજાને જે વડે બોલીને, કે લખીને જણાવે છે, તે **ભાષા** કહેવાય છે, અને ભાષા શુદ્ધ કેમ બોલવી લખવી, તે જણાવનાર શાસ્ત્રને **વ્યાકરણ** કહે છે. વ્યાકરણમાં શબ્દોની વ્યુત્પત્તિ, શુદ્ધ શબ્દોમાં જોવામાં આવતા નિયમો, તેમજ શબ્દોના વર્ગ, પ્રકાર, સંબંધ વગેરેનું વર્ણન હોય છે.

પાઠ ૧ લો. વાકય તથા શબ્દની સમજ.

(૧). ઘોડો દોડે છે.
(૨). પંખી ઊડે છે.
(૩). છોકરાં રમે છે.
(૪). ઘોડો ખડ ખાય છે.
(૫). પંખી ચારો ચરે છે.
(૬). વડનું ઝાડ મોટું થાય છે.

આ બધાં **વાકયો** કહેવાય, કેમકે એ વડે બોલનારની મતલબ સામો માણુસ પૂરેપૂરી સમજી શકે છે. પહેલા વાકયમાં બે **શબ્દ** છે. 'ઘોડો' ને 'દોડે છે'; બીજા વાક્યમાં 'પંખી' અને 'ઊડે છે'; ત્રીજા વાક્યમાં 'છોકરાં' અને 'રમે છે'; ચોથા વાકયમાં 'ઘોડો', 'ખડ', અને 'ખાય છે'; પાંચમા વાક્યમાં 'પંખી', 'ચારો', અને 'ચરે છે'; અને છઠ્ઠા વાક્યમાં 'વડનું', 'ઝાડ', 'મોટું', અને 'થાય છે' શબ્દ છે.

ટીપ:—શબ્દો વડે મનના **વિચાર** અથવા **ભાવ** તો જણાય, પણ **નિર્ણય** ન જણાય. નિર્ણય તો વાકયથી જ જણાય. જેમ આપણે ઘોડો જોયો, અને તે વડે જે વિચાર ઉત્પન્ન થાય તે 'ઘોડો' એ શબ્દ વડે સંપૂર્ણ જણાઇ શકે છે. તેમજ તેને દોડતો દેખીને જે વિચાર ઉત્પન્ન થાય તે 'દોડતો' એ શબ્દ બોલ્યાથી સંપૂર્ણ બતાવી શકાય છે, પણ 'તે ઘોડો દોડે છે' એવો જે મનનો નિર્ણય તે વાકય વિના કોઈ પણ રીતે સંપૂર્ણ બતાવી શકાતો નથી.

કેટલીક વખત **એક શબ્દથી** વાક્ય બને છે. જેમ, 'જાઓ', 'બેસો', 'દોડો', વગેરે. કેમકે એક શબ્દ બોલવાથી પણ કહેનારની મતલબ પૂરેપૂરી સામો માણુસ સમજી શકે છે.

એક કે વધારે શબ્દ મળ્યાથી બોલનારના મનનો પૂરે·

પૂરો વિચાર સામો માણસ સમજી શકે, તો તેને વાક્ય કહે છે.

શબ્દો **અક્ષરના** બને છે. જેમ-કલમ એમાં ક, લ, મ ત્રણ અક્ષર છે, મહેનત એમાં મ, હે, ન, ત ચાર અક્ષર છે. કેટલાક શબ્દો ટુંકા ને કેટલાક લાંબા છે. મા, બા, ઘી એક અક્ષરના છે; કાકા, મામા, બે અક્ષરના છે. અમદાવાદ એ પાંચ અક્ષરનો શબ્દ છે.

એક કે વધારે અક્ષર મળ્યાથી કાંઇ પણ અર્થ સમજાય, તેને શબ્દ કહે છે.

પાઠ ૨. સ્વર, વ્યંજન.

અમરેલી એમાં અ, મ, રે, લી ચાર અક્ષર છે. 'અ' નો ઉચ્ચાર કરવામાં બીજા અક્ષરની મદદ લેવી પડતી નથી, પણ 'મ' નો ઉચ્ચાર કરવામાં 'મ્'ની સાથે 'અ'ની, 'રે'ના ઉચ્ચારમાં 'ર્'ની સાથે 'એ'ની, અને 'લી'ના ઉચ્ચારમાં 'લ્'ની સાથે 'ઈ' અક્ષરના ઉચ્ચારની સહાયતા લેવી પડે છે.

જે અક્ષરોના ઉચ્ચાર કરતાં બીજા અક્ષરની સહાયતા લેવી પડતી નથી, પણ આપોઆપ થઇ શકે છે; તેને સ્વર કહે છે.

ગુજરાતી ભાષામાં ૧૧ સ્વર છે. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ. એમાં અ, ઇ, ઉ, ઋ **હ્રસ્વ સ્વર** છે, એટલે બોલવામાં ટુંકા છે. આ, ઈ, ઊ, એ, ઐ, ઓ, ઔ **દીર્ઘ સ્વર** છે, એટલે બોલવામાં લાંબા છે.

ॠ, ऌ, ॡ એ ત્રણ સ્વર ગુજરાતીમાં વપરાતા નથી, સંસ્કૃતમાં વપરાય છે.

જે અક્ષરનો ઉચ્ચાર કરવામાં કોઇપણ સ્વરની સહા-

યતા લેવી પડે છે, તેને વ્યંજન કહે છે. એટલે વ્યંજનના ઉચ્ચારમાં તેની સાથે સ્વરનું વિશેષ આંજણ જોઈએ છે.

વ્યંજન ૩૪ છેઃ—

ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્, ળ્.

પાઠ ૩. બારાખડી.

ઋ સિવાયના દશ સ્વરો, અને અં તથા અઃ વ્યંજનમાં મળવાથી **બાર અક્ષર** થાય છે; માટે તેને **બારાક્ષરી** કે **બારાખડી** કહે છે.

વ્યંજનમાં સ્વર આખા ભળતા નથી, પણ તેની નિશાનીઓ ભેળવાય છે.

સ્વર.	**નિશાની.**	**નિશાનીનું નામ.**	**બારાખડી.**
અ.	નથી.	નથી.	ક્+અ=ક.
આ.	ા	કાનો.	ક્+આ=કા.
ઇ.	િ	હ્રસ્વ ઇ (હ્રસ્વ અજ્જુ).	ક્+ઇ=કિ.
ઈ.	ી	દીર્ઘ ઈ (દીર્ઘ અજ્જુ).	ક્+ઈ=કી.
ઉ.	ુ	હ્રસ્વ ઉ (હ્રસ્વ વરડુ).	ક્+ઉ=કુ.
ઊ.	ૂ	દીર્ઘ ઊ (દીર્ઘ વરડુ).	ક્+ઊ=કૂ.
એ.	ે	એક માત્રા.	ક્+એ=કે.
ઐ.	ૈ	બે માત્રા.	ક્+ઐ=કૈ.
ઓ.	ો	કાનો માત્રા.	ક્+ઓ=કો.
ઔ.	ૌ	કાનો બે માત્રા.	ક્+ઔ=કૌ.
અં.	ં	અનુસ્વાર.	ક્+અં=કં.
અઃ	ઃ	વિસર્ગ.	ક્+અઃ=કઃ.

અનુસ્વાર:—હરકોઈ સ્વરને માથે આવું (ં) ટપકું કરવામાં આવે છે, તેને **અનુસ્વાર** કહે છે; કેમકે તેનો ઉચ્ચાર સ્વરની પાછળ થાય છે. જેમકે, અંક, શીંગડાં, મીઠું, મેં, વગેરે.

વિસર્ગ:—હરકોઇ સ્વર આચળ આવાં (:) બે ટપકાં કરવામાં આવે છે, તેને **વિસર્ગ** કહે છે. જેમકે, અંતઃકરણ, દુઃખ, વગેરે. તેનો ઉચ્ચાર 'હ્' જેવો થાય છે.

પાઠ ૪. જોડાક્ષર.

ત્+ય્+અ=ત્ય.	નિત્ય.	ષ્+ટ્+ર્+અ=ષ્ટ્ર. સૌરાષ્ટ્ર.
ક્+ક્+ઈ=ક્કી.	નક્કી.	ર્+ગ્+ઉ=ર્ગુ. વટેમાર્ગુ.
દ્+ગ્+ઉ=દ્ગુ.	સદ્ગુણ.	ત્+ત્+અ=ત્ત. પિત્તળ.
ઠ્+ઠ્+ઈ=ઠ્ઠી.	ભઠ્ઠી.	શ્+વ્+અ=શ્વ. પરમેશ્વર.
પ્+ર્+અ=પ્ર.	પ્રભુ.	ક્+ષ્+અ=ક્ષ. અક્ષર.
સ્+ત્+ર્+અ=સ્ત્ર.	શાસ્ત્ર.	જ્+ઞ્+અ=જ્ઞ. જ્ઞાન.

બે અથવા વધારે વ્યંજનો ભળવાથી જોડાક્ષર બને છે. એમાં સ્વર છેડે હોય છે, વચમાં હોતો નથી.

જોડાક્ષર લખવાની રીત:—

(૧). કાના જેવા ભાગવાળા વ્યંજન સાથે બીજો વ્યંજન જોડવો હોય છે, ત્યારે કાનાવાળો ભાગ મૂકી દેવામાં આવે છે. જેમ, લાગ્યો, બચ્ચાં, અન્ન, ચશ્મા.

(૨). પહેલા વ્યંજનમાં કાના જેવો ભાગ ન હોય, તો બંને વ્યજનો પાસપાસે લખાય છે, અથવા પહેલા વ્યંજન નીચે ખોડાનું ચિહ્‌ન કરે છે, અથવા પહેલા નીચે બીજો લખાય છે. જેમકે, નક્કી, પૂછ્યું, સજ્જડ, અડાડ્યો; ચિહ્‌ન, સદ્ગુણ; ફુટ્ટો, ઓઢ્ઢો, મુદ્દલ, રદ્દો.

(૩). કાના જેવા ભાગવાળા વ્યંજન સાથે ર્ જોડવો હોય, તો 'ર્' નું / આવું ચિહ્ન કરાય છે. જેમ, પ્રભુ, બ્રાહ્મણ, ભ્રમર, ત્રીજો. કાના વગરના વ્યંજન સાથે જોડવો હોય, તો ‸ આવું ચિહ્ન કરે છે. જેમ, મહારાષ્ટ્ર. ર્ની સાથે કોઇ વ્યંજન જોડવો હોય, તો ᐟ આવી નિશાની કરે છે. જેમ, વર્ણન, ધર્મશાળા, દર્પણ. 'ᐟ' આવી નિશાનીને રેફ કહે છે.

(૪). શ્ની સાથે ચ, વ, ર જોડવો હોય, તો (શ્) ને બદલે શ્ર આવું રૂપ વાપરે છે. જેમ, પશ્ચિમ, ઇશ્વર, શ્રવણ.

(૫). કેટલાંક બાળબોધનાં રૂપ ચાલે છે. જેમ, વિદ્વાન, વિદ્યા, પદ્મ.

જોડાક્ષર વાંચવાની રીતઃ—ડાબા હાથ ભણીનો પ્રથમ, ને જમણા હાથ ભણીનો પછી બોલાય છે. જેમ, વાક્ય. મથાળે લખાય તે પ્રથમ બોલાય, ને નીચે લખાય છે તે પછી બોલાય છે. જેમ, પર્વ, વક્ર.

પાઠ ૫. વાક્યના બે ભાગ.

'મગન રમે છે.' આ વાક્યમાં કોને માટે વાત કરી છે? 'મગન'-ને માટે. શી વાત કરી છે? 'રમે છે'. છગન પાઠ વાંચે છે. આ વાક્યમાં 'છગન'ને માટે કહેવામાં આવ્યું છે, અને તેને માટે 'પાઠ વાંચે છે' એ કહ્યું છે. આમ દરેક વાક્યના બે ભાગ હોય છે. (૧). **જેની આપણે વાત કરતા હોઇએ તે એક ભાગ,** અને (૨). **તેના વિષે જે વાત કરીએ તે બીજો ભાગ.** જેમઃ—

વાક્ય.	**કોને માટે** (ઉદ્દેશ્ય×).	**શું કહ્યું** (વિધેય×).
૧. ઘર પડ્યું.	ઘર.	પડ્યું.

× ઉદ્દેશ્ય અને વિધેય શબ્દ ધોરણ પાંચમામાં શિખવવા.

૨. મગન દોડે છે.   મગન.   દોડે છે.
૩. ઘોડો ખડ ખાય છે. ઘોડો.   ખડ ખાય છે.

મનોયત્ન ૧.

નીચેનાં વાક્યોમાં **કોને માટે**, અને **શું** કહેવામાં આવ્યું છે તે કહો ?

૧. તાપ પડે છે.
૨. ચંદ્રમા ઉગ્યો.
૩. ધણીએ કાગળ લખ્યો.
૪. કીડો રેશમ કરે છે.
૫. ગધેડાં વૈતરૂં કરે છે.
૬. બૈરી દવા લે છે.
૭. વૈતરા દવા વાટે છે.
૮. પોપટ મરચાં ખાય છે.
૯. બિલાડી ઉંદરને પકડે છે.
૧૦. છગને ચોપડી ફાડી નાંખી.

પાઠ ૬. નામ.

વાક્યમાં જેને વિષે આપણે વાત કરીએ છીએ, તેનું કંઈક **નામ** પાડેલું હોય છે. 'માણેકલાલ' એ છોકરાનું નામ છે, 'જમના' એ છોડીનું નામ છે; ગાય, ભેંસ, બકરી, બળદ, પાડો, ઘોડો, એ પશુનાં નામ છે; કાગડો, ચકલી, પોપટ, કબુતર, એ પંખીનાં નામ છે; લીમડો, વડ, પીપળો, આમલી, એ ઝાડનાં નામ છે; ગુલાબ, મોગરો, કરેણુ, ચંપો, જુઇ, ગુલદાવદી, વગેરે ફૂલઝાડનાં નામ છે; તડબુચ, તુરીઆં, કાકરીઆં, કોળાં, વગેરે વેલાનાં ફળનાં નામ છે; ચોપડી, સ્લેટ, પેન, ખુરસી, ટેબલ, ઘોડી, પાટીઉં, નકશો, વગેરે પદાર્થનાં નામ છે; ભૂખ, તરસ, વગેરે શરીરની લાગણીનાં નામ છે; હરખ, શોક, બીક, દયા, વગેરે મનની લાગણીનાં નામ છે; ગળપણ, ખટાશ, ડહાપણ, ચોખ્ખાઇ, રતાશ, વગેરે ગુણનાં નામ છે. નામ પાડવાથી પ્રાણી, વનસ્પતિ, પદાર્થ, લાગણી, ગુણ, વગેરે ઓળખાય છે.

નામ એટલે જે શબ્દ વડે પ્રાણી, વનસ્પતિ, પદાર્થ, લાગણી, ગુણ, વગેરે ઓળખાય તે.

મનોયત્ન ૨.

૧. દશ છોકરાનાં નામ બોલો ?
૨. દશ છોકરીનાં નામ બોલો ?
૩. ગામમાં રહેનાર દશ પશુનાં નામ બોલો ?
૪. જંગલમાં રહેનાર ચાર પશુનાં નામ બોલો ?
૫. પાણીમાં રહેનાર પાંચ પ્રાણીનાં નામ બોલો ?
૬. દશ પંખીનાં નામ બોલો ?
૭. ઘરમાં માણસ સિવાય વસનાર પ્રાણીનાં નામ ગણાવો ?
૮. દશ ઝાડનાં નામ ગણાવો ?
૯. દશ છોડનાં નામ બોલો ?
૧૦. દશ વેલાનાં નામ ગણાવો ?
૧૧. પાંચ ફૂલનાં નામ બોલો ?
૧૨. દશ અનાજનાં નામ બોલો ?
૧૩. માણસના શરીરના ભાગનાં દશ નામ બોલો ?
૧૪. ઝાડના અવયવનાં પાંચ નામ ગણાવો ?
૧૫. ઘરમાંની ૨૫ વસ્તુનાં નામ ગણાવો ?
૧૬. નેસ્તીની દુકાને વેચાતી ૧૫ વસ્તુનાં નામ ગણાવો ?
૧૭. ગાંધીની દુકાને વેચાતી ૧૦ વસ્તુનાં નામ ગણાવો ?
૧૮. બજારમાં વેચાતી ૧૫ વિલાયતી વસ્તુનાં નામ ગણાવો ?
૧૯. ખેતીના ઉપયોગનાં ૫ ઓજારોનાં નામ ગણાવો ?
૨૦. સોનીના ઉપયોગનાં ૧૦ ઓજારોનાં નામ ગણાવો ?
૨૧. સુથારના ઉપયોગનાં ૧૦ ઓજારોનાં નામ ગણાવો ?
૨૨. લુહારના ઉપયોગનાં ૫ ઓજારોનાં નામ ગણાવો ?
૨૩. દરજીના ઉપયોગનાં ૪ ઓજારોનાં નામ ગણાવો ?
૨૪. કડીઆના ઉપયોગનાં ઓજારોનાં નામ ગણાવો ?
૨૫. ઘરના ભાગોનાં નામ ગણાવો ?
૨૬. ગામના ભાગનાં નામ ગણાવો ?
૨૭. પાંચ નદીનાં નામ ગણાવો ?

૨૮. પાંચ ડુંગરનાં નામ ગણાવો ?
૨૯. ચાર સંસ્થાન કે જિલ્લાનાં નામ ગણાવો ?
૩૦. પાંચ સિક્કાનાં નામ બોલો ?
૩૧. શરીરની લાગણી જણાવનાર ત્રણ નામ બોલો ?
૩૨. મનની લાગણી જણાવનાર ત્રણ નામ બોલો ?
૩૩. ત્રણ ઋતુનાં નામ બોલો ?
૩૪. બાર મહિનાનાં નામ બોલો ?
૩૫. સાત વારનાં નામ બોલો ?
૩૬. દિવસના ભાગનાં નામ બોલો ?
૩૭. તોલનું માપ જણાવનાર પાંચ નામ બોલો ?
૩૮. જગ્યાનું અંતર જણાવનાર પાંચ નામ બોલો ?
૩૯. લૂગડાનું માપ જણાવનાર પાંચ નામ બોલો ?
૪૦. સગપણ બતાવનાર દશ નામ બોલો ?
૪૧. પાંચ ગુણનાં નામ* બોલો ?

પાઠ ૭. ક્રિયાપદ.

(૧). 'પંખી ઊડે છે'. આ વાક્યમાં પંખીને માટે કહેવામાં આવ્યું છે, અને તે ઊડવાનું કામ કે ક્રિયા કરે છે તે 'ઊડે છે'

---

* બાળકને જે નામ નજરે દેખાતાં નથી, પણ મનવડે પારખી શકાય છે; તેવાં નામ શોધવાં મુશ્કેલ લાગશે. તેવે પ્રસંગે શિક્ષકે છોકરાંને કહેવું કે જેમ ખરેખરી વસ્તુ વિષે આપણે વાતચીત કરી શકીએ છીએ, તેવી જ રીતે જે વસ્તુ જાતે ખરેખરી વસ્તુ નથી તેને વિષે વાતચીત કરી શકીએ તો તેને નામ કહેવાં. જેમ, આ મરચામાં તીખાશ ઘણી છે, આમાં થોડી છે; માટે **તીખાશ** શબ્દ નામ કહેવાય. ટુંકામાં પારખવાની રીત એ છે કે એવાં નામને છેડે જાતિદર્શક કેવો, કેવી, કેવું લગાડી શકીએ તો તે નામ જાણવાં. જેમ, **પ્રીતિ** કેવી, **બળ** કેવું, **રતાશ** કેવી, **સુખ** કેવું, **આશા** કેવી, **માર** કેવો, વગેરે. **કશાનું પણ નામ તે નામ કહેવાય.**

શબ્દથી જણાય છે. 'છગન જાય છે'. આ વાક્યમાં છગન જવાની ક્રિયા કરે છે તે 'જાય છે' શબ્દથી જણાય છે. 'ગવૈયાઓ ગાય છે'. આ વાક્યમાં ગવૈયા ગાવાની ક્રિયા કરે છે તે 'ગાય છે' શબ્દથી જણાય છે. 'મોર નાચે છે'. આ વાક્યમાં મોર નાચવાની ક્રિયા કરે છે તે 'નાચે છે' શબ્દથી જણાય છે.

જે પદ કે શબ્દથી કોઈ પણ જાતની ક્રિયા બતાવાય, તેને ક્રિયાપદ કહે છે. ક્રિયાપદ એટલે ક્રિયા બતાવનાર શબ્દ.

મનોયત્ન ૩.

નીચેનાં વાકયોમાં **નામ** અને **ક્રિયાપદ** કયાં છે તે કહો ?

૧. છોકરાં રમે છે.
૨. ગાય બરાડે છે.
૩. છગન થાકયો.
૪. વરસાદ વરસે છે.
૫. પાણી વહે છે.

(૨). રામજી બેઠો છે, રામજી સૂતો છે, રામજી ઊંઘે છે, રામજી છે, રામજી હતો. આ વાકયોમાં રામજી વિષે વાતો છે, અને બેઠો છે, સૂતો છે, ઊંઘે છે, છે, હતો, આ શબ્દો રામજી કંઇ પણ ક્રિયા કરે છે તે બતાવતા નથી, પણ રામજીની **સ્થિતિ** કે **હાલત** જણાવે છે. **સ્થિતિ** જણાવનારા શબ્દો પણ ક્રિયાપદમાં ગણાય છે.

પાઠ ૮. ક્રિયાપૂરક.

૧. રામલાલે પછાડી.
૨. કાશીએ લીધાં.
૩. તંબોળીએ વેચ્યાં.
૪. છગને માર્યો.

આ વાક્યોમાં ક્રિયાપદોથી ક્રિયાનો પૂરેપૂરો અર્થ સમજાતો નથી. પહેલા વાક્યમાં 'શું પછાડી' તે લખ્યું નથી, બીજા વાક્યમાં 'શું લીધાં' તે લખ્યું નથી, ત્રીજા વાક્યમાં 'શું વેચ્યાં, તે લખ્યું નથી. ચોથા વાક્યમાં 'કોને માર્યો' તે લખ્યું નથી. ક્રિયાનો અર્થ પૂરો કરનારા શબ્દો ઉમેરીને બોલીએ, તો ઉપરનાં વાક્યો નીચે મુજબ બોલાય.

૧. રામલાલે **સ્લેટ** પછાડી.
૨. કાશીએ **બોર** લીધાં.
૩. તંબોળીએ **પાન** વેચ્યાં.
૪. છગને **મનસુખને** માર્યો.

ક્રિયાનો અર્થ પૂરો કરવાને ક્રિયાપદની સાથે જે શબ્દો આવે, તે શબ્દો ક્રિયાપૂરક કહેવાય.

મનોયત્ન ૪.

નીચેનાં વાક્યોમાં **ક્રિયાપૂરક** શબ્દ કયા ? ને તે કઈ જાતના છે ?

૧. છોકરાં જામફળ ખાય છે.
૨. રાજા દાન આપે છે.
૩. મગને ઝાડ પાડ્યું.
૪. કૂકડી ઈંડાં સેવે છે.
૫. લલ્લુએ ઘોડો લીધો.

પાઠ ૯. જોડાયલાં ક્રિયાપદ.

કેટલીક વખત વાક્યમાં **બે** કે **વધારે** ક્રિયા બતાવનાર શબ્દ સાથે લઇએ, તોજ અર્થ સમજાય. જેમ, મગને અક્ષર લખી નાંખ્યા. આ વાક્યમાં 'મગને અક્ષર લખી' એટલું બોલીએ તો અર્થ સમજાય નહિ. તલકશી દાખલા ગણ્યા કરે. એમાં 'તલકશી દાખલા ગણ્યા'

બોલીએ તો અર્થ સમજાય નહિ. માટે પહેલા વાક્યમાં 'લખી નાંખ્યા' ને બીજા વાક્યમાં 'ગણ્યા કરે' ક્રિયાપદ સાથે લેવાય. આવાં વાક્યોમાં હમેશાં ક્રિયા બતાવનાર સઘળા શબ્દોને એકજ ગણવા.

મનોયત્ન ૫.

નીચેનાં વાક્યોમાં કયા શબ્દો **નામ**, અને કયા શબ્દો **ક્રિયાપદ** છે તે કહો? તથા **ક્રિયાપૂરક** શબ્દ કયા છે તે પણ જણાવો?

૧. વાડીલાલે પૈસા આપી દીધા.
૨. મણી લાડવો ખાઈ રહી.
૩. લલ્લુ વાત કરી શકશે.
૪. કડીઓ ઘર ચણી ચૂક્યો.
૫. બિલાડીએ ઉંદર પકડી પાડ્યો.
૬. કૂતરો ખીચડી ખાઈ ગયો.
૭. દામોદરે ભૂલ પકડી પાડી.
૮. છગન કવિતા ગાઈ શકશે.
૯. ગોવિંદે કામ કરવું જોઇએ.
૧૦. નરોત્તમ જઈ આવ્યો.

પાઠ ૧૦. કર્ત્તા.

૧. ઘોડો દોડ્યો.
૨. ગાય આવી.
૩. મગન નાઠો.
૪. બકરાં ચરે છે.
૫. દીવો બળે છે.

પહેલ વાક્યમાં દોડવાની ક્રિયાનો કરનાર 'ઘોડો' છે, બીજા વાક્યમાં આવવાની ક્રિયા કરનાર 'ગાય' છે, ત્રીજા વાક્યમાં નાસવાની

ક્રિયા કરનાર 'મગન' છે. ચોથા વાક્યમાં ચરવાની ક્રિયા કરનાર 'બકરાં' છે, ને પાંચમા વાક્યમાં બળવાની ક્રિયા કરનાર 'દીવો' છે.

વાક્યમાં ક્રિયાના કરનારને કર્ત્તા કહે છે.

કર્ત્તા શોધવાની રીત:—ક્રિયાપદની પહેલાં 'કોણ' મૂકી સવાલ પૂછવાથી જે જવાબ આવે તે કર્ત્તા જાણવો. જેમ, પહેલા વાક્યમાં કોણ દોડયો ? ઘોડો. બીજા વાક્યમાં કોણ આવી ? ગાય. ત્રીજા વાક્યમાં કોણ નાઠો ? મગન. ચોથા વાક્યમાં કોણ ચરે છે ? બકરાં. પાંચમા વાક્યમાં કોણ બળે છે ? દીવો. માટે ઘોડો, ગાય, મગન, બકરાં, અને દીવો કર્ત્તા જાણવા.

ટીપ:—ઉપલાં વાકયોમાં ઘોડો, ગાય, મગન, બકરાં, અને દીવો કર્ત્તા છે, અને તેજ શબ્દો વિષે વાકયોમાં કહેવામાં આવેલ છે; માટે વાક્યમાં **કર્ત્તા** અને **જેને વિષે** કહેવામાં આવે છે, તે શબ્દો એકજ હોય છે.

પાઠ ૧૧ કર્મ.

૧. છોકરો ચોપડી લખે છે.
૨. મગન લેખાં ગણે છે.
૩. સોની સોનું ઘડે છે.
૪. પિતા પુત્રને બોલાવે છે.
૫. મહેતાજીએ મોહનને માર્યો.

પહેલા વાક્યમાં છોકરો કર્ત્તા છે, ને લખવાની ક્રિયા 'ચોપડી' પર થાય છે; બીજા વાક્યમાં મગન કર્ત્તા છે, ને ગણવાની ક્રિયા 'લેખાં' પર થાય છે; ત્રીજા વાક્યમાં સોની કર્ત્તા છે, ને ઘડવાની ક્રિયા 'સોનુ' એ પર થાય છે; ચોથા વાક્યમાં પિતા કર્ત્તા છે, ને

બોલાવવાની ક્રિયા 'પુત્રને' એ પર થાય છે; પાંચમા વાક્યમાં મહેતાજી એ કર્ત્તા છે, ને મારવાની ક્રિયા 'મોહનને' એ પર થાય છે.

કર્ત્તા જે વસ્તુ પર ક્રિયા કરે, તે વસ્તુ બતાવનાર શબ્દ કર્મ કહેવાય છે. કર્મ એટલે કરેલું કે સાધેલું કામ.

કર્મ શોધવાની રીત:—ક્રિયાપદની પહેલાં 'શું' અથવા 'કોને' મૂકી સવાલ પૂછવાથી જે જવાબ આવે તે કર્મ જાણવું. જેમ પહેલા વાક્યમાં શું લખે છે? ચોપડી. બીજા વાક્યમાં શું ગણે છે? લેખાં. ત્રીજા વાક્યમાં શું ઘડે છે? સોનું. ચોથા વાક્યમાં કોને બોલાવે છે? પુત્રને. પાંચમા વાક્યમાં કોને માર્યો? મોહનને. માટે ચોપડી, લેખાં, સોનું, પુત્રને, અને મોહનને કર્મ છે.

ટીપ:—ઉપલાં વાક્યમાં ચોપડી, લેખાં, સોનું, પુત્રને, અને મોહનને **કર્મ** છે, અને તેજ શબ્દો **ક્રિયાપૂરક** પણ છે.

પાઠ ૧૨. વાક્યપૃથક્કરણ.

વાક્યપૃથક્કરણ એટલે વાક્યના ભાગ પાડવા. પાછલા પાઠોમાં આપણે જોયું કે વાક્યના **બે ભાગ** છે. (૧) જેની આપણે વાત કરતા હોઇએ તે એક ભાગ. (૨) તેને વિષે જે વાત કરીએ તે બીજો ભાગ. વાક્યમાં જે **કર્ત્તા** હોય છે તે વાક્યના પહેલા ભાગમાં આવે છે, ને **ક્રિયાપદ** હોય છે તે બીજા ભાગમાં આવે છે. કેટલાંક ક્રિયાપદ એકલાં આવે છે, અને કેટલાંક ક્રિયાપદની સાથે ક્રિયાપૂરક શબ્દો આવે છે. **સઘળાં** કર્મ ક્રિયાપૂરક હોય છે.

નમુના દાખલ કેટલાંક વાક્યોનું પૃથક્કરણ નીચે કરી બતાવીએ છીએ.

વાકય.	કોને માટે ?	શું કહ્યું ?	
	કર્ત્તા.	ક્રિયાપદ.	ક્રિયાપૂરક.
૧. દોડ.	તું.(અધ્યાહાર)	દોડ.	
૨. છોકરાં રમે છે.	છોકરાં.	રમે છે.	
૩. નરોત્તમ જઈ આવ્યો.	નરોત્તમ.	જઈ આવ્યો.	
૪. કૂકડી ઈંડાં સેવે છે.	કૂકડી.	સેવે છે.	ઈંડાં.
૫. વાડીલાલે પૈસા આપી દીધા.	વાડીલાલે.	આપી દીધા.	પૈસા.

પાઠ ૧૩. પદચ્છેદ.

(૧). વાક્યમાં અમુક શબ્દ નામ કે ક્રિયાપદ છે, એમ ન કહેવરાવતાં, પ્રથમ તેનું કારણ કહી, પછી નામ કે ક્રિયાપદ કહે, એવી ટેવ પાડવી. આથી છોકરાં વગર વિચારે બોલતાં અટકશે.

(૨). વાક્યમાં જે નામો કર્ત્તા કે કર્મ તરીકે વપરાયલાં હોય, તેના પદચ્છેદમાં તે નામો કયા ક્રિયાપદનાં કર્ત્તા કે કર્મ છે, તે પણ પદચ્છેદમાં બોલાવવું.

(૩). આ ધોરણમાં નામ ને ક્રિયાપદ સિવાયના શબ્દો પદચ્છેદમાં મૂકી દેવરાવવા.

એક દિવસ ભરવાડનો છોકરો સીમમાં બકરાં ચારતો હતો. આ વાક્યનું પદચ્છેદ અમે નમુના દાખલ નીચે કરી બતાવીએ છીએ.

દિવસઃ–વખતના માપનું નામ માટે નામ.

ભરવાડનો:-પ્રાણીનું નામ માટે નામ.
છોકરો:-પ્રાણીનું નામ માટે નામ. ચારતો હતો ક્રિયાપદનો કર્ત્તા.
સીમમાં:-જગ્યાનું નામ માટે નામ.
બકરા:-પ્રાણીનું નામ માટે નામ, ચારતો હતો ક્રિયાપદનું કર્મ.
ચારતો હતો:-ચારવાની ક્રિયા બતાવે છે માટે ક્રિયાપદ.

મનોયત્ન ૬.

નીચેના વર્ણનમાંથી **નામ અને ક્રિયાપદ** શોધી કાઢો ?

માણસના શરીરના બે ભાગ ડોકું ને ધડ છે. ડોકું ઉપર છે, ને ધડ નીચે છે. ડોકા પર માથું છે, માથા પર વાળ ઊગે છે. ડોકામાં આંખો, કાન, નાક, મોઢું મોખરે છે. આંખો ઉપર કપાળ છે. આંખો ને કાન વચ્ચે લમણાં છે. મોં ને કાન વચ્ચે ગાલ છે. માથા પર બાળકને બાબરી હોય છે, મોટાં માણસ ચોટલી કે ચોટલા રાખે છે. મોંઢાને બે હોઠ છે. મોંમાં જીભ ને દાંત છે. હોઠની નીચે હડપચી છે. ડોકું ને ધડ એ બેની વચ્ચે ગળું છે. ગળાની પછવાડે બોચી છે. મજુર લોક ગાંસડી કે ટોપલા માથે મૂકે છે.

કાગડા ચાંચથી ભોંય ખોદે છે. તેને બે પગ હોય છે, તે દરેક પગે ચચ્ચાર આંગળાં છે. તે અનાજ, કીડા, કે માંસ ખાય છે, ને મુએલાં જનાવરની આંખો ફોડી ખાય છે. બાળકના હાથમાંથી વખતે રોટલો પણ લઈ જાય છે, કાગડા ઝાડે માળા બાંધે છે, સાંજે તેમાં સૂએ છે. પરોઢીએ કા કા કરે છે.

દિવાળીના દહાડામાં લોક ઘેર ઘેર દિવા કરે છે, સારૂં સારૂં ખાવાનું કરે છે. કોઈ દહાડો કંસાર, કોઇ દહાડો શીરોપૂરી, કોઇ દહાડો દૂધપાક-પૂરી, કદી લાડુ એમ જમણ કરે છે, લોક કાચુંકોરૂં ખાવા માટે સેવ, પૂરીઓ, મઠીઆં, પઉઆ, સંજોરી, સૂધરા એવીએવી ખાવાની જણસો રાખે છે. દિવાળી પહેલાં લોક ઘરમાંથી જાળાં કાઢે છે, ને ઘરને ખડી, ગેરૂ, ચૂનો કે રંગ ચોપડે છે. પટારામાંથી બચકા કાઢી તેમાંનાં લૂગડાં તડકે સૂકવે છે, ને ઉધઈબુધઇ લાગી હોય તો તે ખંખેરે છે. છોકરાં દારૂખાનું છોડે છે. ફટાકાની પેટીઓ, ટેટા, કોઠીઓ, છછુંદર, ફુલકરણીઓ, વગેરે છોડે છે.

પાઠ ૧૪. સવાલો.

૧. વાક્ય એટલે શું? એક શબ્દનાં વાક્ય આપો? એને વાક્યમાં કેમ ગણાય?
૨. શબ્દ એટલે શું?
૩. સ્વર, હ્રસ્વ સ્વર, અને દીર્ઘ સ્વર એટલે શું? અને તે કયા કયા?
૪. વ્યંજન એટલે શું? અને તે કયા કયા?
૫. બારાક્ષરી, અનુસ્વાર, અને વિસર્ગની વ્યાખ્યા આપો?
૬. જોડાક્ષર એટલે શું?
૭. ક્ષ અને જ્ઞ એ કયા કયા વ્યંજન મળવાથી થયેલ છે?
૮. જોડાક્ષર વાંચવાની રીત બોલો?
૯. વાક્યના બે ભાગ કયા?
૧૦. નામ એટલે શું?
૧૧. ક્રિયાપદ એટલે શું?
૧૨. ક્રિયાપૂરક એટલે શું?
૧૩. કર્ત્તા એટલે શું? અને તેને શોધી કાઢવાની રીત બોલો?
૧૪. કર્મ એટલે શું? અને તેને શોધી કાઢવાની રીત બોલો?

ભાગ બીજો. ધોરણ ચોથા માટે.

ચોથા ધોરણમાં વિશેષણ અને ક્રિયાવિશેષણ વડે નામ તથા ક્રિયાપદનો વધારો; નામ, સર્વનામ, વિશેષણનાં રૂપાખ્યાન, સર્વનામનો ઉપયોગ, ક્રિયાપદના બે પ્રકાર, ધાતુ અને ત્રણ મુખ્ય કાળ, ટુંકાં નમુનાનાં વાકયો બનાવવાં. આટલું શિખવવાનું છે, તે નીચેને ક્રમે ચલાવવું.

પાઠ. ૧. નામના પ્રકાર.

પ્રાણી, વનસ્પતિ, પદાર્થ વગેરેને ઓળખવા માટે માણુસોએ તેનાં નામ પાડેલાં છે. જો દરેક પ્રાણી, વનસ્પતિ, કે પદાર્થને માટે જુદાં જુદાં નામ પાડયાં હોત, તો તે એટલાં બધાં થઇ જાત, કે પછી આપણે તે નામ વડે વસ્તુ ઓળખી શકત નહિ; માટે એક જ જાતની, અને સરખા ગુણવાળી વસ્તુઓનાં, બધાંને લાગુ પડે એવાં **સામાન્ય નામ** પાડેલાં છે. જેમ, માણુસ શબ્દ આખા વર્ગનું નામ છે, તેમજ તે વર્ગનાં દરેક પ્રાણીનું નામ છે. વડ શબ્દ આખા વર્ગનું નામ છે, તેમજ તે વર્ગનાં દરેક ઝાડનું નામ છે. ખુરસી શબ્દ આખા વર્ગનું નામ છે, તેમજ તે વર્ગની દરેક વસ્તુનું નામ છે.

સામાન્ય નામ:—જે નામ કોઈ આખા વર્ગને, અથવા તે વર્ગમાંની દરેક વસ્તુને સરખી રીતે લાગુ પડે છે તે. જેમ, પુરૂષ, કાકા, ઘોડો, ચકલી; લીમડો, મોગરો; દેશ, પર્વત, નદી, શહેર; ટેબલ, સાંકળ; સંઘ,* કાફલો; સોનું,× લાકડું, પત્થર, તેલ,

---

* સંઘ, ટોળું, સૈન્ય, વર્ગ, કાફલો, પલટણ, વગેરે સામાન્ય નામોને કોઈ **સમૂહવાચક** નામ કહે છે. **જે નામ વડે વસ્તુનો સમૂહ એક પદાર્થ છે એમ બતાવાય, તો તે નામ સમૂહવાચક નામ કહેવાય.**

× સોનું, રૂપું, લોઢું, તાંબુ, પત્થર, લાકડું, માટી, પાણી, દૂધ, તેલ, ઘી, મધ, ઘઉં, જુવાર, રૂ, રેશમ, વગેરે સામાન્ય નામોને કોઈ

ઇત્યાદિ. આવાં નામોને કેટલાક **જાતિવાચક** નામ પણ કહે છે, કેમકે તેથી પ્રાણી, વનસ્પતિ, કે પદાર્થની જાત ઓળખાય છે.

રોગ, સંખ્યા, વજન, માપ, વખત, અને **અંતર** બતાવનાર નામો પણ **સામાન્ય નામમાં** ગણાય છે. જેમ, તાવ, કોલેરા; સૈકો, દશકો; શેર, તોલો; ગજ, તસુ; વર્ષ, ઘડી; કોશ, ગાઉ; ઈત્યાદિ.

સામાન્ય નામની પહેલાં **સંખ્યા** લગાડી શકાય છે. જેમ પાંચ છોકરા, દશ લીમડા, સાત ખુરસી, બે કાચલા, વગેરે.

૧. છોકરો રમે છે.	૧. રમણલાલ રમે છે.
૨. છોડી સુખી છે.	૨. મણી સુખી છે.
૩. દેશ વિસ્તીર્ણ છે.	૩. હિંદુસ્તાન વિસ્તીર્ણ છે.
૪. શહેર ધનાઢ્ય છે.	૪. મુંબાઇ ધનાઢ્ય છે.
૫. નદી ઉંડી છે.	૫. નર્મદા ઉંડી છે.

પહેલા વાક્યમાં રમનાર 'છોકરો' છે, પણ તેથી કયો છોકરો તેનો ભાસ થતો નથી; પણ 'રમણલાલ' કહેવાથી એકજ છોકરાનો ભાસ થાય છે. બીજા વાક્યમાં છોડી કહેવાથી કઈ છોડી તેનો ભાસ થતો નથી; પણ 'મણી' કહેવાથી એક જ છોડીનો ભાસ થાય છે. તેજ પ્રમાણે દેશ, શહેર, અને નદી કહેવાથી કયો દેશ, કયું શહેર, કઈ નદી, એ ચોકસ થતું નથી; પણ હિંદુસ્તાન, મુંબઈ, અને નર્મદા કહેવાથી ચોકસ સ્થળ વિષે કહ્યું છે એ સ્પષ્ટ સમજાય છે.

પદાર્થવાચક નામ કહે છે. પદાર્થ=મૂળ પદાર્થ. **જેમાંથી વસ્તુઓ અને તે પદાર્થનું નામ તે પદાર્થવાચક નામ.** લાકડું એ પદાર્થવાચક નામ, **અને** ટેબલ, ખુરસી, પલંગ તે સામાન્ય નામ. પદાર્થવાચક નામની પહેલાં સંખ્યા જોડી શકાતી નથી. પાંચ ઘી, બે તેલ, છ દારૂ એમ બોલાય નહિ, અને કદાચ બોલીએ તો ત્યાં તેની જાત બતાવે છે. પાંચ ઘી=પાંચ જાતનાં ઘી.

માટે છોકરો, છોડી, દેશ, શહેર, નદી એ **સામાન્યનામ** કહેવાય, અને રમણલાલ, મણી, હિંદુસ્તાન, મુંબઈ, નર્મદા એ નામોથી કોઇ એક ચોકસ માણસ કે સ્થળનું નામ જણાય છે તેથી તે **વિશેષનામ** કહેવાય.

વિશેષનામ:—એક જ માણસ કે સ્થળનું ખાસ નામ તે વિશેષનામ કહેવાય.

વાર, પખવાડીઉં, મહિના, અને **તહેવારનાં** નામ પણ વિશેષનામમાં ગણાય. જેમ, સોમવાર, શુક્લપક્ષ, માહ, દિવાળી, વગેરે.

વિશેષ નામની **સાથે સંખ્યાવાચક** શબ્દ જોડી શકાતા નથી.

ટીપ:—પ્રાણીમાં માત્ર મનુષ્ય જાતમાં **દરેકને** ઓળખવાને તેનાં **ખાસ** નામ પાડેલાં છે, બીજાં પ્રાણીનાં ખાસ નામ પાડેલાં નથી. કોઇ પ્રસંગે પાડેલાં હોય, તો તે પણ વિશેષનામ કહેવાય. જેમ, ટીપુ (કૂતરાનું નામ). તેમજ પદાર્થમાં માત્ર **સ્થળનાં**-ખંડ, દેશ, પર્વત, નદી, સમુદ્ર, વગેરેનાં-ખાસ નામ પાડેલાં છે. બીજા પદાર્થનાં ખાસ નામ પાડેલ જણાય, તો તે પણ વિશેષનામ કહેવાય. જેમ, કોહીનુર (હીરાનું નામ).

છાશમાં **ખટાશ** છે, મગનને **ઉંઘ** આવે છે, રાણી સાહેબમાં **દયા** ઘણી છે, તેણે **માર** ખાધો. આ વાક્યોમાં 'ખટાશ' ગુણનું, 'ઉંઘ' સ્થિતિનું, 'દયા' લાગણીનું, અને 'માર' ક્રિયાનું નામ છે. આ નામો **ભાવવાચક** નામ કહેવાય છે. ભાવ એટલે જ ગુણ, સ્થિતિ, લાગણી કે ક્રિયા.

ભાવવાચક નામ:—જે નામો ગુણ, સ્થિતિ, લાગણી, કે ક્રિયા બતાવે તે.

૧. **ગુણનાં નામ:**—મોટાઈ, અદેખાઇ, ઉંડાણ, રતાશ, ભોળપ, ગાંડપણ, બહાદુરી, વિદ્વતા, દાસત્વ, સૌંદર્ય, ધીરજ, હિમ્મત, વગેરે.

૨. **સ્થિતિનાં નામ:**—ઉંઘ, તનદુરસ્તી, વગેરે.

૩. **લાગણીનાં નામ:**—દયા, હરખ, પ્યાર, હેત, શોક, દુઃખ, વેર, વગેરે.

૪. **ક્રિયાનાં નામ:**—વાંચવું, વાચન, દોડવું, દોડ, ગતિ, દોડાદોડ, મરણ, માર, રમત, વધઘટ, પડાપડી, ખડખડાટ, વગેરે.

૫. **હુન્નર અને વિદ્યાનાં નામ:**—રંગાટ, વણાટ; ગણિત, ખગોળવિદ્યા.

ભાવવાચક નામની પહેલાં સંખ્યા લગાડી શકાતી નથી, જો લગાડાય તો તે ઠેકાણે તે સામાન્ય નામ થઈ જાય છે. જેમ કોલેરાથી ઘણાં **મરણ** થયાં. આ વાક્યમાં 'મરણ' સામાન્ય નામ છે.

ભાવવાચક નામો ઘણુંકરીને નીચેની રીતે બને છે.

૧. **વિશેષણ પરથી:**—ડાહ્યો, ડહાપણ; આળસુ, આળસ.

૨. **નામ પરથી:**—મિત્ર, મૈત્રી; ચોર, ચોરી; દીવાન, દીવાની.

૩. **ક્રિયાપદ પરથી:**—દેખ, દેખાવ; વિચારવું, વિચાર.

મનોયત્ન ૧.

નીચેનાં નામમાંથી **સામાન્ય, વિશેષ,** અને **ભાવવાચક** નામ ખોળી કાઢો ?

રજપુત, રાજા, મેવાડ, રાજ, રાણો, રાજસિંગ, રાણી, કલાક, પુત્ર, જન્મ, કુંવર, ભાવ, બેઠક, ગાદી, વિચાર, ખેદ, ટંટો, યુક્તિ, તલવાર, મ્યાન, પ્રાણ, ઘડી, ઉપયોગ, પિતા, ને વચન.

પાઠ ૨. સર્વનામ.

૧. મગને કહ્યું કે, મગન ભૂખ્યો છે.

૨. છગને કહ્યું કે, છગનને ચોપડી આપો.

૩. મહેતાજીએ માવજીને કહ્યું કે, માવજી નિશાળે જા.

૪. છગને તારાચંદને કહ્યું કે, તારાચંદથી પાઠ નહિ થાય.

૫. લલ્લુ નિશાળે આવતો હતો, પણ રસ્તામાં લલ્લુ પડી ગયો, તેથી લલ્લુનો પગ ભાંગ્યો.

ઉપર મુજબ બોલવું શોભતું નથી, તથા કાનને પણ સારૂં લાગતું નથી. ઉપરનાં વાક્યો નીચે મુજબ બોલાય છે.

૧. મગને કહ્યું કે, **હું** ભૂખ્યો છું.

૨. છગને કહ્યું કે, **મને** ચોપડી આપો.

૩. મહેતાજીએ માવજીને કહ્યું કે, **તું** નિશાળે જા.

૪. છગને તારાચંદને કહ્યું કે, **તારાથી** પાઠ નહિ થાય.

૫. લલ્લુ નિશાળે આવતો હતો, પણ રસ્તામાં **તે** પડી ગયો, તેથી **તેનો** પગ ભાંગ્યો.

પહેલા વાક્યમાં 'હું' શબ્દ મગનને ઠેકાણે, બીજા વાક્યમાં 'મને' શબ્દ છગનને ઠેકાણે, ત્રીજા વાક્યમાં 'તું' શબ્દ માવજીને ઠેકાણે, ચોથા વાક્યમાં 'તારાથી' શબ્દ તારાચંદને ઠેકાણે, અને પાંચમા વાક્યમાં 'તે' અને 'તેનો' શબ્દ લલ્લુને ઠેકાણે વપરાયલા છે, માટે તેને **સર્વનામ** કહે છે.

જે શબ્દો નામને ઠેકાણે આવે છે, તેને સર્વનામ કહે છે.

મનોયત્ન ૨.

નીચેના પાઠમાં **સર્વનામ** ક્યાં છે ને તે કયા નામને બદલે આવ્યાં છે તે કહો.

બેન રતન, તું કેમ રડે છે? ભાઈ, પેલા છગને મારી ચોપડી ફાડી નાંખી. હવે હું શું કરીશ? લે, આ મારી સારી ચોપડી લે. તારી ફાટેલી ચોપડી મને આપ. હું તેને સાંધીને કામમાં લઈશ. ભાઇ, એમ ન થાય. આ તમારી ચોપડી પાછી લો. હું મારી ચોપડી સાંધી લઈશ. ચાલ, ઊઠ બેન, નિશાળે જવાનું મોડું થાય છે. ભાઈ, મને આજનો પાઠ આવડતો નથી. મારી માનું માથું દુખતું હતું. તે ચાંપવાને હું બેઠી, ને પાઠ થયો નહિ. મહેતાજી પૂછશે તો હું શું કહીશ? ખરી વાત કહેજે. ભાઇ મહેતાજીને આવતાં વાર છે. તે આવે તે પહેલાં મને પાઠ ન શિખવો? હા, આવ, તને ઝટ શિખવું. (બાળપોથી.)

પાઠ ૩. સર્વનામના પ્રકાર.

૧. પુરૂષવાચક સર્વનામ.

(૧) હું નિશાળે જાઉં છું, (૨) તું આવે છે? (૩) તે નહિ આવે, (૪) આપણે તો નિશાળે જવું જ જોઈએ, (૫) આપ ક્યારે પધારશો?

પહેલા વાક્યમાં 'હું' સર્વનામ બોલનારને ઠેકાણે, બીજા વાક્યમાં 'તું' સર્વનામ જેની સાથે વાત કરે છે તેને ઠેકાણે. ત્રીજા વાક્યમાં 'તે' સર્વનામ જેને વિષે વાત ચાલે છે તેને ઠેકાણે, ચોથા વાક્યમાં 'આપણે' સર્વનામ બોલનાર તથા જેની સાથે વાત કરાય છે તેને ઠેકાણે, અને પાંચમા વાક્યમાં 'આપ' સર્વનામ સામા માણસને માન આપીને બોલાવતાં વપરાયું છે.

સર્વનામના પુરૂષ ત્રણ છે. પહેલો, બીજો, ત્રીજો.

પહેલો પુરૂષ સર્વનામ:—હું. એ બોલનાર માણસને ઠેકાણે વપરાય છે.

બીજો પુરૂષ સર્વનામ:—તું. એ જેની સાથે વાત કરે છે તેને ઠેકાણે વપરાય છે.

ત્રીજો પુરૂષ સર્વનામ:—તે. એ જેને વિષે વાત ચાલતી હોય તેને ઠેકાણે વપરાય છે.

પહેલાબીજા પુરૂષનું સર્વનામ:—આપણે. એ બોલનાર અને જેની સાથે વાત કરે છે તેને ઠેકાણે વપરાય છે.

બીજા પુરૂષનું મનોક્ત સર્વનામ:—આપ. સામા માણસને માન આપ્યા સિવાય બોલાવીએ, તો ત્યાં 'તું' વપરાય; માન આપીને બોલાવીએ, તો 'તમે' વપરાય; અને વિશેષ માન આપીને બોલાવીએ, તો 'આપ' વપરાય છે.

હું, આપણે, તું, આપ, તે, આ સર્વનામથી કયા પુરૂષની વાત છે તે સમજાય છે, માટે તેને પુરૂષવાચક સર્વ-નામ કહે છે.

૨. પ્રશ્નવાચક સર્વનામ.

કોણ ગયું? માણસ. શું લાવ્યા? અનાજ. કયું? ઘઉં. કયાને વાગ્યું? મોતીલાલને. કોણ, શો-શી-શું, કયો-કઇ-કયું આ શબ્દો પ્રશ્ન પૂછવામાં વપરાય છે, માટે તેને **પ્રશ્નવાચક** સર્વનામ કહે છે.

પ્રશ્ન પૂછવામાં વપરાતાં સર્વનામોને પ્રશ્નવાચક સર્વનામ કહે છે. ઉદાહરણ-કોણ, શો-શી-શું, કયો-કઈ-કયું.

૩. સ્વવાચક સર્વનામ.

(૧) હું પોતે આવીશ, (૨) તમે પોતે આવજો, (૩) તે પોતે જશે, (૪) લલ્લુ પોતે આવશે. પહેલા, બીજા, ત્રીજા વાક્યમાં 'પોતે' શબ્દ સર્વનામ સાથે, અને ચોથા વાકયમાં નામ સાથે આવેલો છે.

'પોતે' શબ્દ પુરૂષવાચક સર્વનામ અથવા નામની સાથે પોતાપણાનો અર્થ સામેલ કરવાને વપરાય છે, માટે તેને સ્વવાચક સર્વનામ કહે છે. સ્વ એટલે પોતાની જાત.

ટીપઃ—કોઈવાર 'પોતે' ને બદલે **પંડે, જાતે, હાથે, મેળે, આપ, આપોઆપ,** ખુદ આ શબ્દો વપરાય છે, તેને સ્વવાચક સર્વનામમાં ગણવા. કવિતામાં 'પોતે'ના **અર્થમાં નિજ** પણ વપરાય છે. જેમ, "નિજનો પ્રુની જનો ગણી લહે" (જુની સાતમી ચોપડી). કોઈ વાર એ શબ્દોની પૂર્વે છઠ્ઠી વિભક્તિનું નામ કે સર્વનામ વપરાય છે. જેમ, તમારી જાતે કરો.

૪. દર્શક સર્વનામ.

૧. પાંજરામાં આ શું છે?

૨. તમે તો આ સારૂં ને પેલું નઠારૂં એમ જ કર્યા કરો છો.

૩. જુઠું બોલવું એ મહા પાપ છે.

પહેલા વાક્યમાં 'આ' શબ્દ પાંજરામાંની વસ્તુ બતાવીને તેને માટે વાપર્યો છે.

બીજા વાક્યમાં 'આ' અને 'પેલું' શબ્દ કોઈ વસ્તુ અથવા એવું કશું બતાવીને તેને માટે વાપર્યા છે.

ત્રીજા વાક્યમાં 'એ' શબ્દ જુઠું બોલવાને માટે વાપર્યો છે.

બહુ નજીકના પ્રાણીપદાર્થને માટે 'આ', તેનાથી જરા દૂરના પ્રાણીપદાર્થને વાસ્તે 'એ', અને ઘણા આઘેના પ્રાણીપદાર્થને વાસ્તે 'પેલો', 'ઓલ્યો', શબ્દ વપરાય છે.

આ, એ, પેલો, ઓલ્યો, શબ્દ કોઈ પ્રાણીપદાર્થને નજરે બતાવવાની પેઠે ભાસ કરે છે, માટે તેને દર્શક (બતાવનારાં) સર્વનામ કહે છે.

૫. અનિશ્ચિત સર્વનામ.

૧. કોઈ મારી મશ્કરી કરે છે.

૨. તને કાંઈ થયું છે.

૩. અહિં કંઇ પડેલું છે.

૪. અમુકને ગોળ ને અમુકને ખોળ, એમ કેમ?

૫. કશાથી મારૂં માથું ફૂટયું.

૬. પોપટ બીજું કશું ખાય ખરો?

૭. હવે ફલાણાને બોલાવીશું?

૮. કેટલાક તો ગેડીદડે રમે છે.

ઉપલાં વાક્યોમાં કોઈ, કાંઇ, કંઇ, અમુકને, કશાથી, બીજું, કશું, ફલાણાને, કેટલાક, આ શબ્દો કયા પ્રાણીપદાર્થને વાસ્તે વ

રાયલા છે તે નિશ્ચિત–નક્કી–થઈ શકતુ નથી, માટે તે **અનિશ્ચિત સર્વનામ** કહેવાય.

કોઈ–કોઇક–હરકોઇ, કાંઈ–કાંઇક–હરકાંઇ, કંઇ–કંઈક–હરકંઈ, જેકોઇ, અમુક, બીજું, કશું, ફલાણો, કેટલાક, વગેરે. **આ સર્વનામ નિશ્ચિત પ્રાણી કે પદાર્થને બતાવતાં નથી, માટે તેને અનિશ્ચિત સર્વનામ કહે છે.**

૬. સંબંધી સર્વનામ.

૧. જે જશે તે પસ્તાશે.

૨. જેવું વાવશો તેવું લણશો.

૩. જેટલું કરો તેટલું વિચારીને કરો.

૪. જેવડું જોઇએ તેવડું લો.

ઉપલાં વાક્યોમાં પ્રથમનો અર્ધ ભાગ—જે જશે, જેવું વાવશો, જેટલું કરો, જેવડું જોઇએ–બોલીશું, તો ત્યાં બીજું બોલવું બાકી છે એમ સમજાશે.

જે અને જે પરથી થયેલાં જેવું, જેટલું, જેવડું સંબંધી સર્વનામ છે; એ શબ્દો જ્યાં વપરાય, ત્યાં તેમના સંબંધમાં હમેશાં તે, તેવું, તેટલું, તેવડું દર્શક સર્વનામો અનુક્રમે આવે છે જ.

મનોયત્ન ૩.

નીચેનાં વાક્યોમાં **સર્વનામ** ક્યાં છે ? કઈ **જાતનાં** છે ? ને તે કયા નામને બદલે વપરાયાં છે ?

૧. હું બરફી વેચતો નથી, ને તે તું કેમ માગે છે ?

૨. બિલાડી–મારા વહાલા ઉંદર ભાઈ, હું તમને મળવા આવી છું.

૩. તમે જરા દરમાંથી બહાર આવો.

૪. આપણે સારીસારી વાતો કરીએ.

૫. નારે બેન, તમે તમારે ઘેર જાઓ.

૬. ચાલો પહેલો કોણ આવે છે ?
૭. તમે શું ખાધું ?
૮. તમને પોતાને રંગનું ગીત આવડે છે ?
૯. એ બધું શું હશે ?
૧૦. આ તો તળાવના પાણીમાં હોડીઓ તરાવે છે.
૧૧. બીજા કશાના તાર થાય ખરા ?
૧૨. એ કંઈક મારા જેવું બોલે છે.
૧૩. કોઈએ મારી સ્લેટ સંતાડી.
૧૪. મામા જે આપે તે લે.

પાઠ ૪. જાતિ.

છોકરો આવ્યો.	છોકરી આવી.	છોકરૂં આવ્યું.
ઘોડો દોડયો.	ઘોડી દોડી.	ઘોડું દોડયું.
પાડો નાઠો.	પાડી નાઠી.	પાડું નાઠું.
ચકલો ઊડયો.	ચકલી ઊડી.	ચકલું ઊડયું.
પાટડો લીધો.	પાટડી લીધી.	ઘર લીધું.
ગ્લાસ ફૂટયો.	ગોળી ફૂટી.	હાંલ્લું ફૂટયું.
રોટલો ભાંગ્યો.	સ્લેટ ભાંગી.	પુઠું ભાંગ્યું.
નકશો ફાટી ગયો.	ચોપડી ફાટી ગઇ.	અંગરખું ફાટી ગયું.

ઉપલાં વાક્યોમાં છોકરો, ઘોડો, પાડો, ચકલો પ્રાણીનાં નામ છે, ને તે નરનાં છે; પાટડો, ગ્લાસ, રોટલો, નકશો એ પદાર્થનાં નામ છે, ને તે નરની પેઠે બોલાય તેવાં નામ છે.

છોકરી, ઘોડી, પાડી, ચકલી એ પ્રાણીનાં નામ છે, ને તે નારીનાં છે; પાટડી, ગોળી, સ્લેટ, ચોપડી એ પદાર્થનાં નામ છે, ને તે નારીની પેઠે બોલાય તેવાં નામ છે.

છોકરૂં, ઘોડું, પાડું, ચકલું એ પ્રાણીનાં નામ છે; પણ તે નરનાં નામ નથી, તેમ નારીનાં નથી; નર કે નારી બેમાંથી એકનાં છે. ઘર, હાંલ્લું, પુઠું, અંગરખું એ પદાર્થનાં નામ છે, ને તે પણ નર કે નારીની પેઠે બોલાય તેવાં નામ નથી.

જે નામ નરનાં હોય, કે નરની પેઠે બોલાય તેવાં હોય; તેને નર જાતિનાં—વર્ગનાં—નામ કહે છે.

જે નામ નારીનાં હોય, કે નારીની પેઠે બોલાય તેવાં હોય; તેને નારી જાતિનાં કહે છે.

જે નામ નર કે નારીપણું બતાવતાં નથી, અથવા નર કે નારીની પેઠે બોલાતાં નથી; તેને નાન્યતર જાતિનાં નામ કહે છે.

નાન્યતર=(ન=નહિ+અન્યતર=બેમાંથી એક) બેમાંથી એકે નહિ, એટલે નરનારી નહિ તે.

જાતિ ઓળખવાની રીત:—નામને છેડે **કેવો** લાગે તો **નર**, **કેવી** લાગે તો **નારી**, અને **કેવું** લાગે તો **નાન્યતર** જાતિ જાણવી. જેમકે, છોકરો કેવો, જળો કેવી, કબાટ કેવું. *

જાતિદર્શક પ્રત્યયો×:—ઘોડો, પાડો, બકરો, ચકલો, લીમડો, દેગડો, પાટલો, કુહાડો, બંગલો, ઓરડો, આ નામો નરજાતિનાં છે. આ નામોને છેડે 'ઓ' સ્વર છે. ઘણુંકરીને નરજાતિના નામને છેડે 'ઓ' સ્વર હોય છે. 'ઓ' સિવાયના સ્વરવાળાં નામ પણ નરજાતિમાં હોય છે. જેમકે, વાઘ, પાઠ, પિતા, સોની, સાધુ, વગેરે.

---

*નામના સંબંધનાં **ક્રિયાપદ** અને **વિશેષણ** પરથી પણ જાતિ માલમ પડે છે. જેમ, પાડું ઉભું છે, બળદ મોટો છે.

×પ્રત્યય=(પ્રતિ=બાજુ + અય્=જવું + અ=નાર) એક કે વધારે અક્ષરો ધાતુ કે શબ્દને છેડે આવીને તેના અર્થમાં ફેર પાડે છે તે.

ઘોડી, પાડી, બકરી, ચકલી, લીમડી, દેગડી, પાટલી, કુહાડી, બંગલી, ઓરડી આ નામો નારીજાતિનાં છે. આ નામને છેડે 'ઈ' સ્વર છે. ઘણુંકરીને નારીજાતિના નામને છેડે 'ઈ' સ્વર હોય છે. 'ઈ' સિવાયના સ્વરવાળાં નામ પણ નારીજાતિનાં છે. જેમ, લેખણ, વિદ્યા, વસ્તુ, હરડે, ઘો, વગેરે.

ઘોડું, પાડું, બકરૂં, ચકલું, પુઠું, અંગરખું, ધોતિયું, ગાડું આ નામો નાન્યતરજાતિનાં છે. આ નામોને છેડે 'ઉં' સ્વર છે. ઘણુંકરીને નાન્યતરજાતિના નામને છેડે 'ઉં' સ્વર હોય છે. 'ઉં' સિવાયના સ્વરવાળાં નામ પણ નાન્યતરજાતિમાં હોય છે. જેમ, હાટ, ધોળકા, મોતી, તાલે, વસો, મોં, વગેરે.

કેટલાંક નરજાતિનાં નામને નારીજાતિમાં લાવવાને ઈ, આ, અણ, એણ, આણી, ણી, ડી, વગેરે પ્રત્યય લાગે છે. જેમ, પુત્ર–પુત્રી, કાકો–કાકી, બાળ–બાળા, કુંભાર–કુંભારણ, જોગી–જોગણ કે જોગેણ, પટેલ–પટલાણી, ચંડાળ–ચંડાળણી, ભીલ–ભીલડી, વગેરે.

કેટલાંક નરજાતિનાં નામનાં નારીજાતિમાં જુદાં જ નામો હોય છે. જેમ, વર–વહુ, બાપ–મા, પુરૂષ–સ્ત્રી, મરદ–ઓરત, ભાઈ–બેન, ભાઇ–ભોજાઇ, રાજા–રાણી, સસરો–સાસૂ, પાડો–ભેંસ, આખલો–ગાય, મોર–ઢેલ, ઇત્યાદિ.

કેટલાંક નામની જાતિ જુદાજુદા ભાગમાં જુદીજુદી બોલાય છે. જેમ, તપાસ, તંબાકુ, ચાલ, વગેરે નરનારી જાતિમાં બોલાય છે; દિલ્હી, સોપારી, જનોઇ, વગેરે નારી ને નાન્યતર જાતિમાં બોલાય છે, ઈત્યાદિ.

પાઠ ૫. વચન.

છોકરો આવ્યો—છોકરા આવ્યા. આ બે વાક્યના અર્થમાં ફેર છે. છોકરો એટલે એક છોકરો, અને છોકરા એટલે એકથી વધારે. તેવીજ રીતે ઘોડો દોડયો–ઘોડાઓ દોડ્યા, સસલું નાઠું–સસલાં નાઠાં, પાપડ ખાધો–પાપડો ખાધા, બકરી વેચી–બકરીઓ વેચી, લીંબુ કાપ્યું–લીંબુ કાપ્યાં. આ વાક્યોમાં ઘોડો, સસલું, પાપડ, બકરી, લીંબુ એક છે; અને ઘોડાઓ, સસલાં, પાપડો, બકરીઓ, લીંબુ એકથી વધારે છે.

કોઇ નામ બોલતાં તેમાં અર્થ એકપણાનો હોય, તો તે નામ એકવચનનું જાણવું.

કોઇ નામ બોલતાં તેમાં અર્થ એકથી વધારેપણાનો હોય, તો તે નામ બહુવચનનું જાણવું.

વચનના પ્રત્યય:—એકવચનનો પ્રત્યય નથી, પણ નામનું મૂળ રૂપ જ વપરાય છે. બહુવચનમાં નામને ઘણું કરીને '**ઓ**' પ્રત્યય લાગે છે.

ઓકારાંત નરજાતિના નામનું બહુવચન તેને છેડે **ઓ**નો **આ** કરવાથી, કે **ઓ**નો **આ** કર્યા પછી બહુવચનનો **ઓ** પ્રત્યય ઉમેર્યાથી થાય છે. જેમ, છોકરો એનું બહુવચન **છોકરા** અથવા **છોકરાઓ.**

ઉંકારાંત નાન્યતર જાતિના નામનું બહુવચન તેને છેડે ઉં નો **આં** કર્યાથી, અથવા ઉં નો **આં** કર્યા પછી બહુવચનનો **ઓ** પ્રત્યય ઉમેર્યાથી થાય છે. જેમ ઈંડું એનું બહુવચન **ઈંડાં** અથવા **ઈંડાંઓ.**

જે નામને છેડે અ, આ, ઇ, ઉ હોય છે તેમના બહુવચનમાં નામનું મૂળરૂપ રહે છે, કે તે પછી બહુવચનનો **ઓ** પ્રત્યય લગાડાય છે. જેમ:—

એકવચન.	બહુવચન.
વાત.	વાત કે વાતો.
રાજા.	રાજા કે રાજાઓ.
ચોપડી.	ચોપડી કે ચોપડીઓ.
લાડુ.	લાડુ કે લાડુઓ.

ઓકારાંત નારી અને નાન્યતર જાતિના નામને બહુવચનનો પ્રત્યય લાગતો નથી. બંને વચનમાં સરખાં જ રૂપ થાય છે. જેમ, પાંચ જળો, દશ મોં.

ટીપઃ—જ્યાં બહુવચનનો પ્રત્યય લાગેલો નથી હોતો, ત્યાં ક્રિયાપદ પરથી, વિશેષણ પરથી, કે વાક્યના અર્થ પરથી બહુવચન પરખાય છે. જેમ, મેં બળદ **લીધા**, ત્યાં **ચાર** ચોર **છે**, આ **સારા** બળદ **છે**, કાલે જે **આવ્યા હતા** તે આજે જશે.

એકવચનમાં રહેનાર નામો:—પદાર્થવાચક (મૂળ પદાર્થનાં) નામ. જેમકે, ઘી, ખાંડ, ગોળ, સાકર, પાણી, માટી, દેવતા, ભોંય, કપાસ, જીરૂં, હીંગ, મેથી, ખડ, ઘાસ; સોનું, રૂપું, તાંબુ; વિશેષ નામ. જેમ, વાડીલાલ, સુરત; **ભાવવાચક નામો.** જેમકે, નીતિ, ન્યાય, લોભ, પાપ, પુણ્ય, સત્ય.

એકવચનમાં રહેનાર નામોની જુદીજુદી જાત બતાવવી હોય, તો તે નામો બહુવચનમાં વપરાય છે. જેમ, તેણે ઘાટઘાટનાં **પાણી** પીધાં, ઘીકાંટે ચાર જાતનાં **ઘી** મળે છે, મેં તે શાં **પાપ** કર્યાં હશે? (જુદા જુદા પ્રકારનાં પાપ.), કીયા જન્મનાં **વેર** વાળ્યાં. (જુદી જુદી જાતનાં વેર.)

બહુવચનમાં રહેનાર નામો:—ઘઉં, મગ, તલ, અડદ, સુવા, મઠ, ઈત્યાદિ. ધાન્યનાં નામ, તથા સાંસા, વેવલાં, વખાણ, લાડ, ફાંફાં, ઈત્યાદિ, આ નામો તેની પાસે ક્રિયાપદ મૂકી જોવાથી બહુવચનમાં છે એમ માલમ પડશે. જેમ, ઘઉં લીધા.

માન આપતી વખતે એકવચનને બદલે બહુવચન વાપરવાની રીત છે. જેમ, શેઠજી પધાર્યા. પદચ્છેદ કરાવતી વખતે તેવા પ્રસંગમાં નામના વ્યાકરણમાં **માનાર્થે બહુવચન** કહેવરાવવું.

સર્વનામનાં જાતિવચન:—તે જે નામને ઠેકાણે આવ્યાં હોય, તેનાં કહેવાં.

પાઠ ૬. વિભક્તિ.

લલ્લુએ છીંટનો કબજો શીવડાવ્યો. આ વાક્યનો અર્થ આપણે સમજી શકીએ છીએ, એને બદલે લલ્લુ છીંટ કબજો શીવડાવ્યો, આમ બોલીએ તો તેનો અર્થ થતો નથી. લલુ નામ અને શીવડાવ્યો ક્રિયાપદ વચ્ચેનો સંબંધ લલ્લુને 'એ' પ્રત્યય લગાડયાથી સમજાય છે. છીંટ નામ અને કબજો નામ એ બે વચ્ચેનો સંબંધ છીંટને 'નો' પ્રત્યય લગાડયાથી સમજાય છે. કબજો નામ અને શીવડાવ્યો ક્રિયાપદ વચ્ચે-નો સંબંધ બતાવવાને કબજાને કોઇ પણ પ્રત્યય લગાડવો પડયો નથી. ગોળીથી માર્યો. આ વાક્યમાં ગોળી નામ અને માર્યો ક્રિયાપદ વચ્ચેનો સંબંધ ગોળીને 'થી' પ્રત્યય લગાડયાથી સમજાય છે. ગોળી માર્યો કહીએ, તો તેનો અર્થ નથી. પિત્તળનું પવાલું. એમાં પિત્તળ નામ ને પવાલું નામ, એ બે નામ વચ્ચેનો સંબંધ બતાવવાને પિત્તળને 'નું' પ્રત્યય લગાડવો પડે છે. પિત્તળ પવાલું કહીએ, તો તે વચ્ચે કંઈ સંબંધ છે એમ ન કહેવાય.

વાક્યમાં નામ÷ અને ક્રિયાપદ વચ્ચે, અને નામ નામની વચ્ચે અનેક સંબંધ હોય છે, એ સંબંધ બનાવવાને નામનાં

÷નામવત્ શબ્દ એટલે કૃદંતનામ, સર્વનામ, તથા વિશેષ્યની જગોએ વપરાયેલું વિશેષણ પણ નામમાં ગણવું.

પ્રત્યય લાગીને, અથવા લાગ્યા વગર જે રૂપ થાય છે તેને નામની વિભક્તિ કહે છે; અને એ પ્રત્યયોને વિભક્તિના પ્રત્યય કહે છે.

વિભક્તિઓ સાત છે. પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી.

૧. પહેલી વિભક્તિ:—આ વિભક્તિનો પ્રત્યય નથી. અર્થ ઉપરથી માત્ર સમજાય છે. આ વિભક્તિ વડે ક્રિયાનો કરનાર એટલે **કર્ત્તા**,+ **પરિમાણ**, અને **સંબોધન** અર્થે આવેલાં નામ દેખાડાય.

કર્ત્તા:—**મગન** બોલ્યો, **દીવો** છે, **સવાર** થયું, **મનસુખ** કલમ ધડે છે. આમાં મગન, દીવો, સવાર, અને મનસુખ પહેલી વિભક્તિમાં છે.

પરિમાણ (માપ):—લોટવામાં **ઘડો** પાણી માય છે, ગાયને **કલ્લો** ઘાસ નાંખ્યું, મેં **પાલી** ચોખા લીધા, આમાં ઘડો, કલ્લો, ને પાલી પરિમાણ અર્થે વપરાયલાં નામ પહેલી વિભક્તિમાં છે.

સંબોધન (બોલાવવું):—**રામલાલ**, આમ આવ, હે **ઈશ્વર**, તું અમારાં પાપ માફ કર. આમાં રામલાલ અને ઇશ્વર સંબોધનાર્થે વપરાયલાં નામ પહેલી વિભક્તિમાં છે. આ નામો વાક્યના બીજા શબ્દો જોડે કોઈ પણ જાતનો સંબંધ રાખતાં નથી.

૨. બીજી વિભક્તિ:—આ વિભક્તિનો પ્રત્યય નથી. અર્થ ઉપરથી માત્ર સમજાય છે. આ વિભક્તિ વડે **કર્મ** (ક્રિયાનું કર્મ) એટલે ક્રિયાનો કર્ત્તા જે બીજી વસ્તુ પર કામ કરે છે તે દેખાડાય, તથા **સ્થળ અને કાળનો** સંબંધ દેખાડાય છે.

+કર્તા એ **પહેલી** વિભક્તિનો અર્થ ન હોવાથી કર્ત્તાર્થે પહેલી વિભક્તિ કહેવાતી નથી, પણ **નિર્દેશ** અર્થે કહેવાય છે. નિર્દેશ એટલે શબ્દ કહેવો તે.

કર્મઃ—ભગુએ **બોર** ખાધાં, તે **ચોપડી** વાંચે છે, તેણે **મહેનત** કરવી. આ વાક્યમાં બોર, ચોપડી, મહેનત બીજી વિભક્તિમાં છે. કોઇ વખત કર્મને **'ને'** પ્રત્યય લાગે છે, તે વખતે પણ બીજી વિભક્તિ જાણવી. જેમ, છગન **ઢોરને** મારે છે, મહેતાજીએ **લલ્લુને** બોલાવ્યો. આમાં ઢોરને, લલ્લુને બીજી વિભક્તિમાં છે.

સ્થળ:—માણેકલાલ **અમદાવાદ** ગયો, નદી **બે કોશ** વાંકી છે, મગન **બે** ગાઉ ચાલ્યો. આમાં અમદાવાદ, કોશ, ગાઉ બીજી વિભક્તિમાં છે.

કાળ:—હમેશાં **કલાક** વાંચવું. આમાં કલાક બીજી વિભક્તિમાં છે.

૩. ત્રીજી વિભક્તિ:—આ વિભક્તિનો પ્રત્યય **એ** છે. આ વિભક્તિના મુખ્ય અર્થ **કર્ત્તા** ને **કરણ** (ક્રિયા કરવાનું સાધન) છે.

કર્ત્તા:—**ઘોડે** લાત મારી, **ભગુએ** પાઠ વાંચ્યો, **છોકરે** વેલો કાપ્યો. આ વાકયોમાં મારવાની ક્રિયા કરનાર ઘોડો, વાંચવાની ક્રિયા કરનાર ભગુ, અને કાપવાની ક્રિયા કરનાર છોકરો છે, માટે ઘોડે, ભગુએ, અને છોકરે કર્ત્તાર્થે ત્રીજી વિભક્તિ કહેવાય.

કરણ:—સિપાઇએ વાઘને **ગોળીએ** માર્યો, ભગુએ **છરીએ** આંગળી કાપી, તેણે **કલમે** અક્ષર લખ્યા. આ વાકયોમાં મારવાની ક્રિયા ગોળીએ, કાપવાની ક્રિયા છરીએ, અને લખવાની ક્રિયા કલમે થાય છે; માટે ગોળીએ, છરીએ, અને કલમે કરણાર્થે ત્રીજી વિભક્તિ કહેવાય.

તાવે માથું દુખે છે, સાકર પાંચ **રૂપિયે** મણ થશે, તે **પગે** લંગડો છે, આમાં તાવે, રૂપિયે, અને પગે ત્રીજી વિભક્તિમાં છે.

૪. ચોથી વિભક્તિ:—આ વિભક્તિનો પ્રત્યય **ને** છે. આ વિભક્તિનો મુખ્ય અર્થ **સંપ્રદાન** (આપવું) છે.

સંપ્રદાન:—રાજા **બ્રાહ્મણને** દાન આપે છે, મહેતાજી **છોકરાંને** વિદ્યા શિખવે છે, હું **તને** વાત કહું. આ વાક્યોમાં બ્રાહ્મણને, છોકરાંને, તને શબ્દ સંપ્રદાનાર્થે ચોથી વિભક્તિમાં છે.

રાજાને એ કુંવર છે, **પાઘડીને** કસબ છે, **લલ્લુને** પેટમાં દુખે છે, **છગનને** તે ચીજ ગમે છે. આમાં રાજાને, પાઘડીને, લલ્લુને, છગનને ચોથી વિભક્તિમાં છે.

૫. પાંચમી વિભક્તિ:—આ વિભક્તિનો પ્રત્યય **થી, થકી** છે. આ વિભક્તિનો મુખ્ય અર્થ **અપાદાન** (છૂટા પડવું) છે.

અપાદાન:—હું **રાજકોટથી** નીકળ્યો, **માથી** દીકરી જુદી પડી, **ઝાડથી** પાંદડાં પડે છે, મગન **તાવથી** બચ્યો. આ વાક્યોમાં રાજકોટથી, માથી, ઝાડથી, અને તાવથી અપાદાનાર્થે પાંચમી વિભક્તિમાં છે.

વાઘને **ગોળીથી** માર્યો, **છગનથી** મગન મોટો છે, **ગરમીથી** પાણીની વરાળ થાય છે, એ **માસથી** માંદો છે, **વનમાળીથી** દાખલા ગણાશે. આ વાક્યોમાં ગોળીથી, છગનથી, ગરમીથી, માસથી, અને વનમાળીથી પાંચમી વિભક્તિમાં છે.

૬. છઠ્ઠી વિભક્તિ:—આ વિભક્તિના પ્રત્યય **નો, ની, નું, ના, નાં, ને*** છે. કવિતામાં તણો, તણી, તણું; કેરો, કેરી, કેરૂં વગેરે પ્રત્યયો વપરાય છે. આ વિભક્તિનો અર્થ **સંબંધ** છે. સંબધ ઘણી જાતના હોય છે. જેમ, **રાજાનો** મહેલ, **રૂપાની** થાળી, **નદીનું** માછલું, **વિદ્વાનના** શબ્દો, **રાજાનાં** ઘોડાં, **મગનને** કાજે. આમાં રાજાનો, રૂપાની, નદીનું, વિદ્વાનના, રાજાનાં, મગનને છઠ્ઠી વિભક્તિમાં છે.

---

* જેની સાથે આ વિભક્તિ સંબંધ રાખેછે, તેનાં જાતિવચન વગેરેને અનુસરીને આ પ્રત્યય ફરે છે; માટે છઠ્ઠી વિભક્તિના પ્રત્યય ઘણા છે.

ને પ્રત્યય **બીજી, ચોથી,** અને **છઠ્ઠી સાથે ત્રીજી કે સાતમી** વિભક્તિમાં આવે છે. **ને** પ્રત્યયવાળું નામ શુદ્ધ કર્મ તરીકે વપરાયલું હોય તો બીજી વિભક્તિ જાણવી. જેમ, મગન **ગાયને** હાંકે છે, છગન **લલ્લુને** બોલાવે છે. કોઇને કાંઇ વસ્તુ આપવામાં આવતી હોય કે પહોંચતી હોય, તે નામને **ને** પ્રત્યય લાગેલો હોય તો ચોથી વિભક્તિ જાણવી. જેમ, રાજા **બ્રાહ્મણને** દાન આપે છે, **લલ્લુને** ગમત પડી, **છગનને** તાવ આવ્યો. છઠ્ઠી વિભક્તિવાળું નામ જે નામ સાથે સંબંધ રાખતું હોય, તે નામને ત્રીજી કે સાતમી વિભક્તિનો **એ** પ્રત્યય લાગે છે; ત્યારે **નો** કે **નું** પ્રત્યયનો **ને** થઇ જાય છે, ત્યાં છઠ્ઠી સાથે ત્રીજી કે સાતમી વિભક્તિ જાણવી. જેમ, છગનનો હાથ-**છગનને** હાથે વીંટી છે. (છઠ્ઠી સાથે સાતમી). **રાજાને** નોકરે કજીઓ કર્યો. (છઠ્ઠી સાથે ત્રીજી).

ટીપઃ—કાજે, અર્થે, માટે, સારૂ વગેરે નામયોગી અવ્યયની પહેલાં **ને** પ્રત્યય આવે છે, તે **છઠ્ઠી વિભક્તિનો** જ પ્રત્યય જાણવો. એ પ્રત્યય છઠ્ઠી સાથે ત્રીજીનો પ્રત્યય મળવાથી થયેલ છે. જેમ, તેનું કાજ-તેને કાજે; તેનો અર્થ-તેને અર્થે.

૭. **સાતમી વિભક્તિ:**—આ વિભક્તિનો પ્રત્યય **માં** અને **એ** છે. **અધિકરણ** (સ્થળ) એ આ વિભક્તિનો મુખ્ય અર્થ છે. જેમ, **હોડીમાં** બેઠો, **પગમાં** કલ્લાં નથી, **છાપરે** ચડયો, **નદીએ** પૂર આવ્યું છે. આમાં હોડીમાં, પગમાં, છાપરે, નદીએ એ અધિકરણાર્થે સાતમી વિભકિતમાં છે.

હું **પાંચ દિવસમાં** આવીશ, તું **સવારમાં** આવજે, મહેલ **પાંચ વર્ષે** પૂરો થયો, **બપોરે** સુવાની ટેવ છે. આમાં દિવસમાં, સવારમાં, વર્ષે, બપોરે કાળ અર્થે સાતમી વિભકિતમાં છે.

'એ' પ્રત્યય **ત્રીજી ને સાતમી** વિભકિતમાં આવેછે. જો **'એ'**

પ્રત્યયવાળું નામ **સ્થળ** કે **કાળ** બતાવે તો સાતમી વિભક્તિનું જાણવું, બીજે બધે પ્રસંગે ત્રીજી વિભક્તિનું જાણવું. જેમ, તેણે **માથે** ટોપલી ઉચકી છે. આમાં 'માથે' કરણાર્થે ત્રીજી વિભક્તિ છે. માથે=માથાવડે.

કેટલીક વખત એક નામને બે ત્રણ વિભક્તિઓ સાથે લાગે છે. જેમ, **બાગમાંથી** એ સાતમી સાથે પાંચમી વિભક્તિ કહેવાય, **તેમાંનાએ** એ સાતમી ને છઠ્ઠી સાથે ત્રીજી વિભક્તિ કહેવાય, **ઘરમાંની** એ સાતમી સાથે છઠ્ઠી વિભક્તિ કહેવાય.

પાઠ ૭. નામનાં રૂપાખ્યાન.

ઓકારાંત નરજાતિ—ઘોડો.

વિ.	એકવચન.	બહુવચન.
૧.	ઘોડો.	ઘોડા-ઘોડાઓ.
૨.	ઘોડો, ઘોડાને.	ઘોડા, ઘોડાઓ, ઘોડાઓને.
૩.	ઘોડાએ, ઘોડે.	ઘોડાએ, ઘોડાઓએ, ઘોડે.
૪.	ઘોડાને.	ઘોડાને, ઘોડાઓને.
૫.	ઘોડાથી–થકી.	ઘોડાથી-થકી, ઘોડાઓથી–થકી.
૬.	ઘોડાનો–ની–નું–ના–નાં–ને.	ઘોડાનો–ની–નું–ના–નાં–ને; ઘોડાઓનો–ની–નું–ના–નાં–ને.
૭.	ઘોડામાં, ઘોડે.	ઘોડામાં, ઘોડાઓમાં, ઘોડે.

ઉકારાંત નાન્યતર જાતિ—ઈંડું.

	એકવચન.	બહુવચન.
૧.	ઈંડું.	ઈંડાં, ઈંડાંઓ.
૨.	ઈંડું, ઇંડાને.	ઈંડાં, ઈંડાંને, ઈંડાંઓને.

૩.	ઇંડાએ, ઇંડે.	ઈંડાંએ, ઈંડે, ઇંડાંઓએ.
૪.	ઇંડાને.	ઈંડાંને, ઇંડાંઓને.
૫.	ઈંડાથી–થકી.	ઈંડાંથી–થકી, ઈંડાંઓથી–થકી.
૬.	ઇંડાનો–ની–નું–ના–નાં–ને.	ઈંડાંનો–ની–નું–ના–નાં–ને; ઇંડાંઓનો–ની–નું–ના–નાં–ને.
૭.	ઈંડામાં, ઈંડે.	ઈંડાંમાં, ઈંડે, ઈંડાંઓમાં.

અકારાંત નરજાતિ—પગ.

	એકવચન.	બહુવચન.
૧.	પગ.	પગ, પગો.
૨.	પગ, પગને.	પગ, પગો, પગોને.
૩.	પગે.	પગે, પગોએ.
૪.	પગને.	પગને, પગોને.
૫.	પગથી–થકી.	પગથી–થકી, પગોથી–થકી.
૬.	પગનો–ની–નું–ના–નાં–ને.	પગનો–ની–નું–ના–નાં–ને; પગોનો–ની–નું–ના–નાં–ને.
૭.	પગમાં, પગે.	પગમાં, પગે, પગોમાં.

આકારાંત નારીજાતિ—ગંગા.

	એકવચન.	બહુવચન.
૧.	ગંગા.	ગંગા.
૨.	ગંગા, ગંગાને.	ગંગા, ગંગાને.
૩.	ગંગાએ.	ગંગાએ.
૪.	ગંગાને.	ગંગાને.
૫.	ગંગાથી–થકી.	ગંગાથી–થકી.
૬.	ગંગાનો–ની–નું–ના–નાં–ને.	ગંગાનો–ની–નું–ના–નાં–ને.
૭.	ગંગામાં.	ગંગામાં.

ઈકારાંત નારીજાતિ—રાણી.

એકવચન.	બહુવચન.
૧. રાણી.	રાણી, રાણીઓ.
૨. રાણી, રાણીને.	રાણી, રાણીઓ, રાણીઓને.
૩. રાણીએ.	રાણીએ, રાણીઓએ.
૪. રાણીને.	રાણીને, રાણીઓને.
૫. રાણીથી–થકી.	રાણીથી–થકી, રાણીઓથી–થકી.
૬. રાણીનો–ની–નું–ના–નાં–ને.	રાણીનો–ની–નું–ના–નાં–ને; રાણીઓનો–ની–નું–ના–નાં–ને.
૭. રાણીમાં.	રાણીમાં, રાણીઓમાં.

ઉકારાંત નરજાતિ—લાડુ.

એકવચન.	બહુવચન.
૧. લાડુ.	લાડુ, લાડુઓ.
૨. લાડુ, લાડુને.	લાડુ, લાડુઓ, લાડુઓને.
૩. લાડુએ.	લાડુએ, લાડુઓએ.
૪. લાડુને.	લાડુને, લાડુઓને.
૫. લાડુથી–થકી.	લાડુથી–થકી, લાડુઓથી–થકી.
૬. લાડુનો–ની–નું–ના–નાં–ને.	લાડુનો–ની–નું–ના–નાં–ને; લાડુઓનો–ની–નું–ના–નાં–ને.
૭. લાડુમાં.	લાડુમાં, લાડુઓમાં.

ઓકારાંત નારીજાતિ—ઘો.

એકવચન.	બહુવચન.
૧. ઘો.	ઘો.
૨. ઘો, ઘોને.	ઘો, ઘોને.
૩. ઘોએ.	ઘોએ.

૪. ઘોને.	ઘોને.
૫. ઘોથી–થકી.	ઘોથી–થકી.
૬. ઘોનો–ની–નું–ના–નાં–ને.	ઘોનો–ની–નું–ના–નાં–ને.
૭. ઘોમાં.	ઘોમાં.

પાઠ ૮. સર્વનામનાં રૂપાખ્યાન.

પહેલો પુરૂષ (હું).

એકવચન.	**બહુવચન.**
૧. હું.	અમે, અમો.
૨. મને.	અમને, અમોને.
૩. મેં, મારે.	અમે, અમોએ, અમારે.
૪. મને, મારે.	અમને, અમોને, અમારે.
૫. મારાથી–થકી, મજથી–થકી, મુજથી–થકી, હુંથી–થકી.	અમારાથી–થકી, અમથી–થકી, અમોથી–થકી.
૬. મારો–રી–રૂં–રા–રાં–રે, મજ.	અમારો–રી–રૂં–રા–રાં–રે, અમ.
૭. મારામાં, મજમાં, મુજમાં, હુંમાં.	અમારામાં, અમમાં, અમોમાં.

સૂચના:—જે રૂપ એક કરતાં વધારે વિભક્તિમાં આવે છે, તે ઠેકાણે તેની વિભક્તિ નક્કી કરવા માટે ત્યાં નામ મૂકાવવું. એ નામને જે વિભક્તિ લગાડવી પડે, તે વિભક્તિ સર્વનામની જાણવી. આ ટીકા સઘળાં સર્વનામ માટે સમજવી.

અમે (છગન તથા લલ્લુ) ગયા—પહેલી વિભક્તિ.

અમે (છગન તથા લલ્લુએ) પાઠ વાંચ્યો—ત્રીજી વિભક્તિ.

મારે (લલ્લુએ) કામ કરવું—ત્રીજી વિભક્તિ.

મારે (લલ્લુને) બે હાથ છે—ચોથી વિભક્તિ.

મારે (લલ્લુને) વાસ્તે કલમ ઘડ—છઠ્ઠી વિભક્તિ.
મારે (લલ્લુને) હાથે વીંટી છે—છઠ્ઠી સાથે સાતમી.
મારે (લલ્લુને) નોકરે કામ બગાડયું—છઠ્ઠી સાથે ત્રીજી.

પહેલો બીજો પુરૂષ (આપણે).

વિભક્તિ.	બહુવચન.
૧.	આપણ, આપણે.
૨.	આપણને.
૩.	આપણે.
૪.	આપણને, આપણે.
૫.	આપણાથી–થકી.
૬.	આપણો–ણી–ણું–ણા–ણાં–ણે.
૭.	આપણામાં.

આપણે (છગન) લાડુ જમ્યા—પહેલી વિભક્તિ.
આપણે (છગને) કામ કર્યું—ત્રીજી વિભક્તિ.
આપણે (છગનને) બે ભાઈ છે—ચોથી વિભક્તિ.
આપણે (છગનને) માટે પેન લો—છઠ્ઠી વિભક્તિ.

બીજો પુરૂષ (તું).

એકવચન.	બહુવચન.
૧. તું.	તમે, તમો.
૨. તને	તમને, તમોને.
૩. તેં, તારે.	તમે, તમોએ, તમારે.
૪. તને, તારે.	તમને, તમોને, તમારે.
૫. તારાથી–થકી, તજથી-થકી, તુજથી–થકી, તુથી–થકી.	તમારાથી–થકી, તમથી–થકી, તમોથી–થકી.
૬. તારો–રી–રૂં–રા–રાં–રે, તજ.	તમારો–રી–રૂં–રા–રાં–રે, તમ.

૭. તારામાં, તજમાં, તુજમાં, તુમાં. તમારામાં, તમમાં, તમોમાં.

સૂચના:—તમે અને **તારે** ની વિભક્તિ **અમે,** અને **મારે**ની માફક નક્કી થઈ શકે.

માનાર્થે બીજો પુરૂષ (આપ).

બહુવચન.

૧.	આપ.
૨.	આપને.
૩.	આપે.
૪.	આપને.
૫.	આપથી-થકી.
૬.	આપનો-ની-નું-ના-નાં-ને.
૭.	આપમાં.

ત્રીજો પુરૂષ (તે).

એકવચન.	બહુવચન.
૧. તે.	તે, તેઓ.
૨. તેને.	તેમને, તેઓને.
૩. તેણે.	તેમણે, તેઓએ.
૪. તેને.	તેમને, તેઓને.
૫. તેથી-થકી.	તેઓથી-થકી.
૬. તેનો-ની-નું-ના-નાં-ને.	તેમનો-ની-નું-ના-નાં-ને; તેઓનો-ની-નું-ના-નાં-ને.
૭. તેમાં, તેનામાં.	તેમનામાં, તેઓમાં, તેઓનામાં.

પ્રશ્નવાચક સર્વનામ (કોણ).

વિભક્તિ.	બંને વચનમાં.
૧.	કોણ.
૨.	કોને, કેને, કોણને.

૩.	કોણે, કેણે.
૪.	કોને, કેને, કોણુને.
૫.	કોનાથી-થકી, કેનાથી થકી, કોણુથી-થકી.
૬.	{ કોનો-ની-નું-ના-નાં-ને; કેનો-ની-નું-ના-નાં-ને.
૭.	કોનામાં, કેનામાં, કોણુમાં, કેમાં.

શો.

	એકવચન.	બહુવચન.
૧.	શો.	શા.
૨.	શો, શાને, શેને.	શા, શાને, શેને.
૩.	શાણે, શેણે.	શાણે, શેણે.
૪.	શાને, શેને.	શાને, શેને.
૫.	શાથી, શેથી.	શાથી, શેથી.
૬.	{ શાનો-ની-નું-ના-નાં-ને; શેનો-ની-નું-ના-નાં-ને.	{ શાનો-ની-નું-ના-નાં-ને; શેનો-ની-નું-ના-નાં-ને.
૭.	શામાં, શેમાં.	શામાં, શેમાં.

'શી' નું બહુવચન **'શી'** જ થાય છે, તેને વિભક્તિના પ્રત્યય લાગતા નથી.

'શું' નું બહુવચન **'શાં'** થાય છે. બીજી વિભક્તિથી બંને વચનમાં તેનાં રૂપ **'શો'** નાં રૂપ પ્રમાણેજ થાય છે.

કયો—કઈ-કયું એનાં રૂપ છોકરો-છોકરી-છોકરૂં એ નામ પ્રમાણે થાય છે.

સ્વવાચક સર્વનામ (પોતે).

વિભક્તિ.	બંને વચનમાં.
૧.	પોતે.
૨.	પોતાને.

૩.	પોતે.
૪.	પોતાને.
૫.	પોતાથી-થકી.
૬.	પોતાનો-ની-નું-ના-નાં-ને.
૭.	પોતામાં.

દર્શક સર્વનામ (આ).

એકવચન.	બહુવચન.
૧. આ.	આ.
૨. આ, આને.	આ, આમને.
૩. આણે.	આમણે.
૪. આને.	આમને.
૫. આથી-થકી.	આમનાથી-થકી.
૬. આનો-ની-નું-ના-નાં-ને.	આમનો-ની-નું-ના-નાં-ને.
૭. આમાં, આનામાં.	આમનામાં.

'એ'નાં રૂપ 'તે'ના જેવાંજ થાય છે. **પેલો-પેલી-પેલું**, **ઓલ્યો-ઓલી-ઓલ્યું**નાં રૂપ છોકરો-છોકરી-છોકરૂં એ નામ પ્રમાણે થાય છે.

અનિશ્ચિત સર્વનામ (કોઇ).

વિભકિત.	બંને વચનમાં.
૧.	કોઇ.
૨.	કોઈ, કોઇને.
૩.	કોઇએ.
૪.	કોઇને.
૫.	કોઇથી-થકી.
૬.	કોઇનો-ની-નું-ના-નાં-ને.
૭.	કોઈમાં, કોઈનામાં.

કોઇ, કાંઈ, કંઈ, કોઈક, કાંઈક, કંઈક, અમુક એમનાં રૂપ **બંને વચનમા એક જ** રહે છે, ને હરકોઈ, હરકાંઈ, હરકંઈ, જેકોઈ એ **એકવચનમાં** જ વપરાય છે.

બીજું, કશું, ફલાણું, કેટલુંક એ ત્રણ જાતિમાં ફરે એવાં છે. અનિશ્ચિત સર્વનામનાં રૂપ નામ પ્રમાણે થાય છે.

સંબંધીસર્વનામ:—'જે' નાં રૂપ 'તે' પ્રમાણે થાય છે.

પાઠ ૯. ક્રિયાપદના પ્રકાર.

૧. ભગુ જાય છે.	૬. મગન પાઠ વાંચે છે.
૨. ઘોડો દોડે છે.	૭. માળી હાર ગુંથે છે.
૩. છગન નહાય છે.	૮. ગાયે પાણી પીધું.
૪. લલ્લુ રખડે છે.	૯. તું ગાય દોહીશ.
૫. દોરો લટકે છે.	૧૦. વૈદ તેને દવા આપે છે.

આ બધાં વાક્યોમાં ક્રિયાનો અર્થ પૂરો સમજાય છે. પહેલાં પાંચ વાક્યોમાં જાય છે, દોડે છે, નહાય છે, રખડે છે, અને લટકે છે ક્રિયાપદ છે, અને તેના કર્ત્તા અનુક્રમે ભગુ, ઘોડો, છગન, લલ્લુ, અને દોરો છે. આ બધા કર્ત્તા જે ક્રિયા કરે છે તે પોતા પર કરે છે, બીજી વસ્તુ પર કરતા નથી; એટલે આ વાક્યોમાં ક્રિયાપદને કર્મ નથી.

છેલ્લાં પાંચ વાક્યોમાં વાંચે છે, ગુંથે છે, પીધું, દોહીશ, અને આપેછે ક્રિયાપદ છે, અને તેના કર્ત્તા અનુક્રમે મગન, માળી, ગાયે, તું, અને વૈદ છે. આ બધાં વાક્યોમાં કર્ત્તા જે ક્રિયા કરે છે, તે પોતા પર ન કરતાં બીજી વસ્તુ પર કરે છે; એટલે એમાં કર્મ છે. આ વાક્યોમાં અનુક્રમે પાઠ, હાર, પાણી, ગાય, અને તેને દવા કર્મ છે.

આ પરથી ક્રિયાપદની બે જાત થાય છે, **કર્મ વગરનાં,** અને **કર્મવાળાં.**

જે ક્રિયાપદોને કર્મ નથી હોતાં, એવાં ક્રિયાપદોને અકર્મક ક્રિયાપદ કહે છે.

અકર્મક (અ=નહિ+કર્મન્+ક) જેને કર્મ નથી તે, એમાં કર્ત્તાની ક્રિયા કર્ત્તા પર જ લાગુ પડે છે.

જે ક્રિયાપદોને કર્મ હોય, એવાં ક્રિયાપદોને સકર્મક ક્રિયાપદ કહે છે.

સકર્મક (સ=સાથે+કર્મન્+ક) કર્મ સાથે છે જેને તે. એમાં કર્ત્તાની ક્રિયા કોઈ બીજાં પ્રાણી અથવા વસ્તુ પર લાગુ પડે છે.

ક્રિયાપદને ઓળખવાની સહેલી રીતઃ—ક્રિયાપદની પહેલાં **કોણ** અથવા **કોણે**, અને **શું** અથવા **કોને** મૂકી સવાલ પૂછવા. જો બંનેના જવાબ એક જ આવે તો ક્રિયાપદ **અકર્મક** જાણવું, ને જુદાજુદા જવાબ આવે તો **સકર્મક** ક્રિયાપદ જાણવું. જેમ, મગન દોડે છે. એમાં 'દોડે છે' વિષે આમ સવાલ પૂછાય. કોણ દોડે છે? મગન. શું દોડે છે? મગન. માટે 'દોડે છે' અકર્મક ક્રિયાપદ. રાજાએ બ્રાહ્મણને દક્ષિણા આપી. એમાં કોણે આપી? રાજાએ. શું આપી? બ્રાહ્મણને દક્ષિણા. માટે 'આપી' સકર્મક ક્રિયાપદ.

કેટલાંક અકર્મક ક્રિયાપદઃ—તે સંખ્યામાં થોડાં છે. તે **ગતિ** ને **સ્થિતિ** બતાવે છે.

ગતિવાચકઃ—જવું, આવવું. ચાલવું, હીંડવું, દોડવું, નાસવું, પડવું. ચડવું, ઉતરવું, ફરવું, ભમવું, ભટકવું, રખડવું, રઝળવું, આખડવું, ઇત્યાદિ.

સ્થિતિ બતાવનારઃ—હોવું, થવું, રહેવું, વસવું, બેસવું, સુવું, જાગવું, જીવવું, શરમાવું, બળવું, ડૂબવું, ઇત્યાદિ

કેટલાંક અકર્મક ક્રિયાપદ કેટલેક પ્રસંગે પૂર્ણ કહેવાનું બતાવતાં તેની નથી, સાથે કર્ત્તાની સ્થિતિ બતાવનાર શબ્દ આવે, ત્યારે તે

પૂર્ણ કહેવાનું બતાવે છે. એ **ક્રિયાપૂરક** શબ્દને છોકરાં ભૂલથી કર્મ ધારી અકર્મક ક્રિયાપદને સકર્મક ક્રિયાપદ કહે છે, તે પર છોકરાંનું લક્ષ ખેંચવું. એમાં કર્ત્તાની ક્રિયા બીજી વસ્તુ પર થતી નથી માટે સકર્મક ક્રિયાપદ ન કહેવાય. કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દ પહેલી વિભક્તિમાં હોય છે. જેમ, મગનલાલ **મહેનતુ છોકરો** છે, તે **રાજા** થયો, છગન **નોકર** રહ્યો. એમાં મહેનતુ છોકરો, રાજા, અને નોકર ક્રિયા-પૂરક શબ્દ છે.

કેટલાંક સકર્મક ક્રિયાપદઃ—કરવું, ઘડવું, બાંધવું, રચવું, ફેરવવું, શીખવું, મેળવવું, હાંકવું, પાળવું, લખવું, વાંચવું, જાણવું, વેચવું, પાથરવું, કહેવું, ખાવું, દેવું, ખેંચવું, ઇત્યાદિ ઘણાં છે.

દ્વિકર્મક (બે કર્મવાળાં) **ક્રિયાપદઃ**—કેટલાંક સકર્મક ક્રિયાપદને બે કર્મ હોય છે. જેમ, વૈદે **બૈરીને દવા** આપી, ચોરે **તેને લાકડી** મારી. 'બૈરીને' અને 'દવા' એ આપી ક્રિયાપદનાં, અને 'તેને' અને 'લાકડી' એ મારી ક્રિયાપદનાં કર્મ છે. જેના પર આપવાની કે મારવાની ક્રિયા લાગુ થઇ તે **ગૌણ કર્મ**, અને આપવાની કે મારવાની વસ્તુ તે **પ્રધાન કર્મ** કહેવાય છે. આ વાક્યોમાં દવા અને લાકડી પ્રધાન કર્મ છે, અને બૈરીને અને તેને એ ગૌણ કર્મ છે. કોઈ વખત ગૌણ કર્મ પ્રધાન કર્મને ઠેકાણે વપરાય છે. જેમ, ચોરે **તેને** માર્યો. દે, આપ, પા, કહે, બોલ, માર, શિખવ, ભણાવ, જણાવ ઇત્યાદિ ક્રિયાપદો દ્વિકર્મક છે.

પદચ્છેદમાં પ્રધાન કર્મને કર્માર્થે **બીજી**, અને ગૌણ કર્મને સંપ્રદાનાર્થે **ચોથી વિભકિતમાં** ગણવું. જો ગૌણ કર્મ પ્રધાન કર્મને ઠેકાણે વપરાયલું હોય, તો તે પ્રસંગે તેને કર્માર્થે બીજી વિભકિતમાં ગણવું.

પાઠ ૧૦. ક્રિયાપદનો ધાતુ.

લખે છે, લખતો, લખવું, લખ્યું, લખેલું, લખીશ, લખાયું, લખાવશે, આ બધાં ક્રિયાપદોમાં લખવાની ક્રિયા કરવાની છે; અને તે બધાનું મૂળ 'લખ' છે. તેમજ શીખે છે, શીખ્યું, શીખશે, શિખાય છે, શિખવાડી, વગેરેમાં 'શીખ' મૂળ છે.

જે મૂળ ઉપરથી ક્રિયાપદનાં જુદાંજુદાં રૂપ થાય છે, એ મૂળને ધાતુ કહે છે.

ધાતુ શોધવાની સહેલી રીત:—ક્રિયાપદોમાં જે કામ કરવાનું હોય, તેમાંથી 'વાનું' પ્રત્યય કાઢી નાંખેથી ક્રિયાપદનો ધાતુ નીકળેછે. જેમ, નાઠો એમાં નાસવાનું કામ માટે ધાતુ **નાસ,** લીધો એમાં લેવાનું કામ માટે ધાતુ **લે,** હતો હોવાપણું બતાવે માટે ધાતુ **હો,** વગેરે. છે ક્રિયાપદનો ધાતુ છ છે.

પાઠ ૧૧. કાળ.

વખતના ત્રણ સ્વાભાવિક ભાગ:—દિવસના સવાર, બપોર, ને સાંજ એવા ત્રણ મોટા ભાગ પાડેલા છે. અત્યારે બપોર હોય તો સવાર એ ગયો વખત કહેવાય, ને સાંજ એ આવવાનો વખત કહેવાય.

આજે સોમવાર છે તો તે ચાલતો વાર કહેવાય, ગઇ કાલે રવિવાર ગયો તે ગયો વાર કહેવાય, અને આવતી કાલે મંગળવાર આવશે તે આવવાનો વાર કહેવાય.

હમણા ૧૯૧૩ ની સાલ ચાલે છે તે ચાલતું વર્ષ કહેવાય, ૧૯૧૨ ની સાલ ગઇ તે ગયું વર્ષ કહેવાય, અને ૧૯૧૪ ની સાલ આવશે તે આવતું વર્ષ કહેવાય.

વખતના ત્રણ ભાગને ઓળખવાને તેનાં જુદાંજુદાં નામ પાડેલાં છે.

ગયા વખતને ભૂતકાળ કહે છે. (ભૂત=થઇ ગયેલો+કાળ=વખત.) **ચાલતા વખતને વર્ત્તમાનકાળ કહેછે.** (વર્ત્તમાન=ચાલુ કે ચાલતો+કાળ.) **આવવાના વખતને ભવિષ્યકાળ કહે છે.** (ભવિષ્ય=થવાનો કે આવવાનો+કાળ.)

આપણે વાતચીતમાં જે જે વાક્યો બોલીએ છીએ, તેમાં જે જે ક્રિયાપદ વાપરીએ છીએ તે આ ત્રણ કાળમાંના હરકોઈ કાળમાં હોય છે.

વર્ત્તમાનકાળ:—

હું દાખલા ગણુંછું, તે પાઠ વાંચે છે, મગન ગેડીદડે રમે છે, રસોઇ થાય છે. આ વાક્યોમાંનાં ક્રિયાપદનાં રૂપ પરથી સમજાય છે કે ક્રિયા ચાલુ છે.

ચાલતો વખત બતાવનાર ક્રિયાપદ વર્ત્તમાનકાળમાં કહેવાય છે.

ભૂતકાળ:—

મેં દાખલા ગણ્યા, તેણે પાઠ વાંચ્યો, મગન ગેડીદડે રમ્યો, રસોઇ થઇ. આ વાક્યોમાંનાં ક્રિયાપદનાં રૂપ પરથી સમજાય છે કે ક્રિયા થઈ ગઇ છે.

થઇ ગયેલો વખત બતાવનાર ક્રિયાપદ ભૂતકાળમાં કહેવાય છે.

ભવિષ્યકાળ:—

હું દાખલા ગણીશ, તે પાઠ વાંચશે, મગન ગેડીદડે રમશે, રસોઇ થશે. આ વાક્યોમાંનાં ક્રિયાપદનાં રૂપ પરથી સમજાય છે કે ક્રિયા હવે પછી થવાની છે.

આવવાનો વખત બતાવનાર ક્રિયાપદ ભવિષ્યકાળમાં કહેવાય છે.

'લખ' ધાતુનાં ત્રણે કાળનાં રૂપ.

વર્ત્તમાનકાળ.

નર, નારી, નાન્યતરજાતિ.

	એકવચન.	બહુવચન.
પહેલો પુરૂષ.	હું લખું છું.	અમે લખીએ છીએ.
બીજો પુરૂષ.	તું લખે છે.	તમે લખો છો.
ત્રીજો પુરૂષ.	તે લખે છે.	તેઓ લખે છે.

ભૂતકાળ (ત્રણે પુરૂષમાં).

નરજાતિ.	લખ્યો.	લખ્યા.
નારીજાતિ.	લખી.	લખી.
નાન્યતરજાતિ.	લખ્યું.	લખ્યાં.

ભવિષ્યકાળ.

નર, નારી, નાન્યતરજાતિ.

પહેલો પુરૂષ.	હું લખીશ.	અમે લખીશું.
બીજો પુરૂષ.	તું લખશે, લખજે.	તમે લખશો, લખજો.
ત્રીજો પુરૂષ.	તે લખશે.	તેઓ લખશે.

'છ' ધાતુનાં રૂપો.

વર્ત્તમાનકાળ.

નર, નારી, નાન્યતરજાત.

	એકવચન.	બહુવચન.
પહેલો પુરૂષ.	હું છું.	અમે છીએ.
બીજો પુરૂષ.	તું છે.	તમે છો.
ત્રીજો પુરૂષ.	તે છે.	તેઓ છે.

'છ' ધાતુનાં વર્ત્તમાનકાળ સિવાય બીજા કાળમાં રૂપ થતાં નથી, બીજા કાળોમાં 'છ' ને બદલે 'હો' ધાતુનાં રૂપ વપરાય છે.

મનોયત્ન ૪.

(૧). કર, જમ, દોડ, રમ, આવ ધાતુનાં ત્રણે કાળમાં રૂપ બોલો.

(૨). નીચેનાં વાકયોમાં ક્રિયાપદને ભૂતકાળમાં મૂકો.

१. છાકરો દંડો ફેરવે છે.
२. મજૂર દવા વાટે છે.
३. છોકરો દાખલા ગણશે.
४. હું ગીત ગાઉં છું.
५. તું નકશો ચીતરે છે.

(૩). નીચેનાં વાકયોમાં ક્રિયાપદને **વર્ત્તમાનકાળમાં** મૂકો.

१. ભગુએ ચા પીધી.
२. માળી ફૂલ આપશે.
३. તું દોરો પકડજે.
४. છોકરે રમત જોઈ.
५. મણીલાલ ગયા.

પાઠ ૧૨. વાકયપૃથક્કરણ.

૧. વાક્યમાં જે વિષે કહેવામાં આવે તે (કર્ત્તા), અને ક્રિયાપૂરક શબ્દો મુખ્યત્વે નામ હોય છે. જેમ—

१. મગન ગયો.
२. કનુભાઇ બેનને બોલાવી લાવ્યા.
३. ગુલાબે ભિખારીને રોટલો આપ્યો.
४. છગને મનસુખને દાખલો શિખવ્યો.
५. મણીભાઈ દીવાન નીમાયા.
६. બાળક ભાયડો બન્યો.

આ વાક્યમાં મગન, કનુભાઈ, ગુલાબે, છગને, મણીભાઇ, અને બાળક કર્ત્તા છે, અને એ શબ્દો નામ છે.

બેનને, ભિખારીને રોટલો, મનસુખને દાખલો, દીવાન, અને ભાયડો શબ્દ ક્રિયાપૂરક છે; તેમાંના બેનને, ભિખારીને રોટલો, અને

મનસુખને દાખલો આ શબ્દો કર્મ છે, પણ દીવાન અને ભાયડો ક્રિયાપૂરક શબ્દ કર્મ નથી, કેમકે 'નીમાયા' અને 'બન્યો' ક્રિયાપદ પૂર્ણ કહેવાનું નહિ બતાવનાર અકર્મક ક્રિયાપદ છે.

૨. સર્વનામ, નામની જગ્યાએ વપરાતા શબ્દ છે, માટે તે કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. જેમ હું ગયો, તેણે પાઠ વાંચ્યો. આ વાક્યોમાં 'હું' અને 'તેણે' સર્વનામ છે ને કર્ત્તા છે. માવજીએ મને બોલાવ્યો, તે હું છું, આ વાક્યોમાં 'મને' અને 'હું' સર્વનામ છે ને તે ક્રિયાપૂરક છે.

નમુના દાખલ કેટલાંક વાક્યોનું પૃથક્કરણ અમે કરી બતાવીએ છીએ.

વાક્ય.	કોને માટે ?	શું કહ્યું.	
	કર્ત્તા.	ક્રિયાપદ.	ક્રિયાપૂરક.
૧. ફીકાભાઇ વકીલ છે.	ફીકાભાઇ.	છે.	વકીલ.
૨. તે રાજા થયો.	તે.	થયો.	રાજા.
૩. છગન નોકર રહ્યો.	છગન.	રહ્યો.	નોકર.
૪. વાઘે પાડાને ફાડી ખાધું.	વાઘે.	ફાડી ખાધું.	પાડાને.
૫. હું તેને પાન દઉં છું.	હું.	દઉં છું.	પાન(પ્રધાન કર્મ). તેને (ગૌણકર્મ).

મનોયત્ન ૫.

નીચેનાં વાકયનું **પૃથક્કરણ** કરો.

૧. ત્રિકમલાલ શિરસ્તેદાર થયા.
૨. તેણે ગાયને લાકડી મારી.
૩. મેં તને ગુણ કર્યો છે.
૪. ચંડાળે વેપારીને કપડું વેચ્યું.
૫. તેણે મને પાણી પાયું.
૬. તેણે તને હિસાબ બતાવી દીધો.
૭. છોકરાંને તે છેતરતો નથી.
૮. એ તને નખ દેશે.

અત્યાર સુધી કર્ત્તા, ક્રિયાપૂરક અને ક્રિયાપદથી બનતાં વાક્યનું વિવેચન કર્યું. આવાં વાક્યને **અતિટુંકાં** કે **મૂળવાક્ય** કહે છે. દુનિયાનો બધો વ્યવહાર મૂળવાક્યથી ન જ ચાલી શકે એ ખુલ્લું છે. તેથી વ્યવહારમાં જે વાક્યો વપરાય છે, તેમાં એ સિવાયના બીજા ઘણી જાતના શબ્દો આવેલા હોય છે, પણ એ શબ્દો વાક્યનાં ત્રણ અંગ–કર્ત્તા, ક્રિયાપૂરક, અને ક્રિયાપદ–એમાંના હરકોઇ સાથે સંબંધ રાખે છે. જેની સાથે એ શબ્દો સંબંધ રાખે તેનો એ વધારો કહેવાય, ને એ વાક્ય **વધારેલાં** કે **વિસ્તાર પામેલાં** કહેવાય છે.

કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દનો વધારો **વિશેષણથી**, અને ક્રિયાપદનો વધારો **ક્રિયાવિશેષણથી** થાય છે, તે સંબંધી હવે આપણે વિચાર કરીએ.

પાઠ ૧૩. વિશેષણ.

૧. રાતી ગાય આવી.
૨. મહેનતુ છોકરો પાઠ વાંચેછે.
૬. રાજાએ વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા.
૭. લલ્લુએ નવી પાઘડી ફાડી નાંખી.

૩. મોટી કલમ ભાગી ગઈ.
૪. ત્રણ પાવલી પડી ગઈ.
૫. પાંચમી દુકાન સળગી.
૮. તેણે મોટી સ્લેટ ફોડી.
૯. ભરવાડે દશ બકરાં ખરીદ્યાં.
૧૦. મહેતાજી પહેલા નંબરને બોલાવે છે.

પહેલા વાક્યમાં કર્ત્તા 'ગાય' છે તેની પહેલાં 'રાતી' શબ્દ મૂકવાથી ગાય **કેવી** છે તે સમજાય છે, બીજા વાક્યમાં કર્ત્તા 'છોકરો' છે તેની પહેલાં 'મહેનતુ' શબ્દ મૂકવાથી છોકરો **કયો** છે તે સમજાય છે, ત્રીજા વાક્યમાં કર્ત્તા 'કલમ' છે તેની પહેલાં 'મોટી' શબ્દ મૂકવાથી કલમ **કેવડી** છે તે સમજાય છે, ચોથા વાક્યમાં કર્ત્તા 'પાવલી' ની પહેલાં 'ત્રણ' શબ્દ પાવલી **કેટલી** છે તે બતાવેછે, પાંચમા વાક્યમાં કર્ત્તા 'દુકાન'ની પહેલાં 'પાંચમી' શબ્દ દુકાન **કેટલામી** છે તે બતાવે છે.

છઠ્ઠા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'બ્રાહ્મણો' ની પહેલાં 'વિદ્વાન' શબ્દ બ્રાહ્મણો **કેવા** છે તે બતાવે છે, સાતમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'પાઘડી' ની પહેલાં 'નવી' શબ્દ પાઘડી **કઈ** છે તે બતાવે છે, આઠમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'સ્લેટ' ની પહેલાં 'મોટી' શબ્દ સ્લેટ **કેવડી** છે તે બતાવે છે, નવમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'બકરાં' ની પહેલાં 'દશ' શબ્દ બકરાં **કેટલાં** છે તે બતાવે છે, અને દશમા વાક્યમાં ક્રિયાપૂરક શબ્દ 'નંબર' ની પહેલાં 'પહેલો' શબ્દ નંબર **કેટલામો** છે તે બતાવે છે.

જે શબ્દો વસ્તુ કેવી છે, કઈ છે, કેવડી છે, કેટલી છે, કેટલામી છે, વગેરે વિશેષપણું બતાવે છે; તે વિશેષણ છે.

ટીપઃ—જેમ દરેક છોકરાને ઓળખવાને તેનું **વિશેષ નામ** હોય છે, તેમ દરેક વસ્તુમાં કાંઈ વિશેષપણું હોય છે, કે જેથી તે વસ્તુ ઓળખી શકાય છે; એ વિશેષપણું બતાવનારા શબ્દો **વિશેષણ** કહેવાય છે.

મનોયત્ન ૬.

નીચેનાં વાકયોમાં **વિશેષણ** કયાં છે? અને તે શું બતાવે છે?

૧. કાળી માટી લાવો.	૨. લાંબું દોરડું જોઇશે.
૩. કાચાં બોર છે.	૪. મેં બે લાડુ ખાધા.
૫. જૂઠો ચકલો બોલ્યો.	૬. નાની સ્લેટ લાવ.
૭. જક્કી પાડું નાઠું.	૮. મેં પાંચ દાખલા ગણ્યા.
૯. ત્રણ પૈસા જડયા.	૧૦. મોટું પૂર આવ્યું.

પાઠ ૧૪. વિશેષણ, વિશેષ્ય.

મોટું પૂર આવ્યું, ઘણું દૂધ છે, બહુ મજા પડી, લાલ રંગ ચડયો, પાંચ રૂપિયા પડયા છે. આ વાકયોમાં મોટું, ઘણું, બહુ, લાલ, અને પાંચ વિશેષણ છે, ને તે પૂર, દૂધ, મજા, રંગ, અને રૂપિયાના અર્થમાં વધારો (વિશેષ) બતાવે છે, માટે પૂર, દૂધ, મજા, રંગ, અને રૂપિયા એ નામો વધારો (વિશેષ) બતાવવાને યોગ્ય એટલે **વિશેષ્ય** કહેવાય, અને વિશેષ બતાવનારા શબ્દો વિશેષણ કહેવાય.

વિશેષણ જેને લગાડવામાં આવે તે વિશેષ્ય, અને વિશેષ બતાવનારો શબ્દ તે વિશેષણ. જેમ, મોટું પૂર એમાં મોટું એ પૂરનું **વિશેષણ**, અને પૂર એ મોટુંનો **વિશેષ્ય** છે.

મનોયત્ન ૭.

નીચેના વાકયોમાં **વિશેષણ** તથા **વિશેષ્ય** કહો.

૧. મીઠો ભાત હતો.	૨. ખાટી છાશ છે.
૩. ઘણો વરસાદ વરસ્યો.	૪. ગંદુ પાણી આવેછે.
૫. ઊનું પાણી થયું?	૬. નાના છોડ કરમાયા.
૭. ચાર પગ છે.	૮. નાનાં બચ્ચાં ખરીદ્યાં.

પાઠ ૧૫. વિશેષણના પ્રકાર.

ગુણવાચક.

ટાઢો ભાત ન ખાઓ, ગરમ પાણી લાવો, ગંદાં લૂગડાં ન રાખો, મોટી સ્લેટ ફૂટી, ધોળી ગાય આવી. આ વાક્યોમાં ટાઢો, ગરમ, ગંદાં, મોટી, અને ધોળી શબ્દો અનુક્રમે ભાત, પાણી, લૂગડાં, સ્લેટ, અને ગાયનો ગુણ બતાવે છે; માટે તે **ગુણવાચક** વિશેષણ કહેવાય છે.

વસ્તુનો ગુણ બતાવનારાં વિશેષણો ગુણવાચક વિશેષણ કહેવાય છે.

સંખ્યાવાચક.

પંદર તિથિ બોલો, ત્રણ કેરી લાવો, પગે ચચ્ચાર આંગળાં છે, અડધો રૂપિયો પડી ગયો, પાંચમો છોકરો ઉભો થાય. આ વાક્યોમાં પંદર, ત્રણ, ચચ્ચાર, અડધો, અને પાંચમો શબ્દ અનુક્રમે કેરી, તિથિ, આંગળાં, રૂપિયો, અને છોકરાની સંખ્યા બતાવે છે; માટે તે **સંખ્યાવાચક** વિશેષણ કહેવાય છે.

વસ્તુની સંખ્યા બતાવનારાં વિશેષણો સંખ્યાવાચક વિશેષણ કહેવાય છે.

વિકારી વિશેષણ.

રાતો ઘોડો, રાતી ઘોડી, રાતું ઘોડું; ધોળો બગલો, ધોળી બગલી, ધોળું બગલું; મોટો છોકરો, મોટી છોકરી, મોટું છોકરૂં; ગંદો કૂતરો, ગંદી કૂતરી, ગંદું કૂતરૂં. આમાં વિશેષ્યની જાતિ પ્રમાણે વિશેષણોમાં વિકાર–ફેરફાર–થાય છે, માટે તે **વિકારી વિશેષણો** કહેવાય છે.

જે વિશેષણોમાં તેના વિશેષ્યની જાતિ પ્રમાણે વિકાર

થાય છે. એટલે જેને છેડે નરજાતિમાં ઓ, નારીજાતિમાં ઈ, અને નાન્યતર જાતિમાં ઉં પ્રત્યય લાગે છે; તેને વિકારી વિશેષણ કહે છે.

અવિકારી વિશેષણ.

લાલ ઘોડો, લાલ ઘોડી, લાલ ઘોડું; લોભી છોકરો, લોભી છોકરી, લોભી છોકરૂં; આળસુ છોકરો, આળસુ છોકરી, આળસુ છોકરૂં; ધનવાન રાજા, ધનવાન સ્ત્રી, ધનવાન છોકરૂં. આમાં વિશેષ્યની જાતિ પ્રમાણે વિશેષણોમાં વિકાર થતો નથી, માટે તે **અવિકારી વિશેષણ** કહેવાય છે.

જે વિશેષણોમાં તેના વિશેષ્યની જાતિ પ્રમાણે વિકાર થતો નથી, એટલે ત્રણે જાતિમાં એક જ રૂપે રહે છે; તેને અવિકારી વિશેષણ કહે છે.—

અકારાંત:—લાલ, સફેદ, કઠણ, બરડ, અભણ, અડીએલ, ઉંચ, નીચ, વગેરે.

ઈકારાંત:—લોભી, પાપી, ઉદ્યોગી, ઢોંગી, સ્વાર્થી, ન્યાયી, અપરાધી, વગેરે.

ઉકારાંત:—મહેનતુ, આળસુ, કૃપાળુ, દયાળુ, વિશ્વાસુ, વગેરે.

વાન કે માન પ્રત્યયવાળાં:—ધનવાન, બળવાન, બુદ્ધિમાન, મૂર્તિમાન, વગેરે.

વિધિવાચક વિશેષણ.

કેટલાંક અકર્મક ક્રિયાપદની સાથે ક્રિયા પૂરી કરવાને કેટલાંક વિશેષણો આવે છે. જેમ, સાપ **ઝેરી** છે, મગન **મહેનતુ** હતો, છગન **ધનવાન** થયો, તે **ભિખારી** રહ્યાં, છોકરો **બહાદુર** બન્યો, વર્ષ **સારૂં** નીવડયું, અહિં વિશેષણો **વિધિ** કહેનારાં છે માટે **વિધિ-વાચક વિશેષણ** કહેવાય છે.

વિશેષણ તરીકે વપરાએલાં સર્વનામ.

દર્શક, અનિશ્ચિત, અને **સંબંધી** સર્વનામ, નામની સાથે આવે ત્યારે તેનું પદચ્છેદ **વિશેષણ** કરવું. જેમ, **આ** માળી આવે છે, **પેલો** છોકરો દડો લઈ કૂદે છે, **એ** દડો પીળો છે, **તે** બૈરી દવા લે છે, **તેવું** બદન મારે પણ છે, **તેને કંઇ** છોકરૂં નહતું, મેં **કોઇ** વસ્તુ ન ખરીદી, **દરેક** છોકરે ડ્રિલમાં આવવું, **જે** માણસ જશે તે પસ્તાશે, તમારા **જેવી** બેન અહિં આવી હતી. આ વાક્યોમાં આ, પેલો, એ, તે, તેવું, કંઈ, કોઇ, દરેક, જે, જેવી શબ્દો અનુક્રમે માળી, છોકરો, દડો, બૈરી, બદન, છોકરૂં, વસ્તુ, છોકરે, માણસ, બેન એ નામના અર્થમાં વધારો કરે છે; માટે વિશેષણ કહેવાય. **પ્રશ્નાર્થક** સર્વનામ, નામ સાથે આવે ત્યાં તેનું પદચ્છેદ **પ્રશ્નાર્થક વિશેષણ** કરવું. જેમ, તારી **શી** વલે થાત? એ **શા** કામમાં આવે? તમે **કઈ** ચોપડી લીધી? આ વાક્યોમાં શી, શા, અને કઈ પ્રશ્નાર્થક વિશેષણ છે.

પાઠ ૧૬. વિશેષણનાં રૂપાખ્યાન.

વિશેષણ, વિશેષ્યની સાથે આવે છે, ત્યારે તેને વિભક્તિના છૂટા પ્રત્યય લાગતા નથી; પરંતુ એકલાં આવે છે, ત્યારે નામ પ્રમાણે સર્વ વિભક્તિ લાગે છે. જેમ, **ભલા** છોકરાને બોલાવો, **આંધળાથી** થશે નહિ, **વહાલામાં** વિરોધ કરાવ્યો, વગેરે. **વિશેષ્યની જાતિ, વચન ને વિભક્તિ; તેજ વિશેષણની જાતિ, વચન, ને વિભક્તિ ગણાય છે.**

'ભલો છોકરો' નાં રૂપાખ્યાન.

	એકવચન.	બહુવચન.
૧.	ભલો છોકરો.	ભલા છોકરા, ભલા છોકરાઓ.
૨.	ભલો છોકરો, ભલા છોકરાને.	ભલા છોકરા, ભલા છોકરાઓ; ભલા છોકરાને, ભલા છોકરાઓને.
૩.	ભલા છોકરાએ, ભલે છોકરે.	ભલા છોકારાએ, ભલા છોકરાઓએ; ભલે છોકરે.
૪.	ભલા છોકરાને.	ભલા છોકરાને, ભલા છોકરાઓને.
૫.	ભલા છોકરાથી–થકી.	ભલા છોકરાથી–થકી, ભલા છોકરા- ઓથી–થકી.
૬.	ભલા છોકરાનો–ની– નું–ના–નાં–ને.	ભલા છોકરાનો–ની–નું–ના–નાં–ને; ભલા છોકરાઓનો–ની–નું–ના–નાં–ને.
૭.	ભલા છોકરામાં.	ભલા છોકરામાં, ભલા છોકરાઓમાં.

'ભલી છોકરી' નાં રૂપાખ્યાન.

૧.	ભલી છોકરી.	ભલી છોકરી, ભલી છોકરીઓ.
૨.	ભલી છોકરી, ભલી છોકરીને.	ભલી છોકરી, ભલી છોકરીઓ; ભલી છોકરીને, ભલી છોકરીઓને.
૩.	ભલી છોકરીએ.	ભલી છોકરીએ, ભલી છોકરીઓએ.
૪.	ભલી છોકરીને.	ભલી છોકરીને, ભલી છોકરીઓને.
૫.	ભલી છોકરીથી–થકી.	ભલી છોકરીથી–થકી, ભલી છોકરીઓથી–થકી.
૬.	ભલી છોકરીનો–ની– નું–ના–નાં–ને.	ભલી છોકરીનો–ની–નું–ના–નાં–ને; ભલી છોકરીઓનો–ની–નું–ના–નાં-ને.
૭.	ભલી છોકરીમાં.	ભલી છોકરીમાં, ભલી છોકરીઓમાં.

'ભલું છોકરૂં' નાં રૂપાખ્યાન.

૧.	ભલું છોકરૂં.	ભલાં છોકરાં, ભલાં છોકરાંઓ.

૨.	ભલું છોકરૂં, ભલા છોકરાને.	ભલાં છોકરાં, ભલાં છોકરાંઓ; ભલાં છોકરાંને, ભલાં છોકરાંઓને.
૩.	ભલા છોકરાએ, ભલે છોકરે.	ભલાં છોકરાંએ, ભલાં છોકરાંઓએ; ભલ છોકરે.
૪.	ભલા છોકરાને.	ભલાં છોકરાંને, ભલાં છોકરાંઓને.
૫.	ભલા છોકરાથી–થકી.	ભલાં છોકરાંથી–થકી, ભલાં છોકરાંઓથી થકી.
૬.	ભલા છોકરાનો–ની–નું–ના–નાં–ને.	ભલાં છોકરાંનો–ની–નું–ના–નાં–ને; ભલાં છોકરાંઓનો–ની–નું–ના–નાં–ને.
૭.	ભલા છોકરામાં.	ભલાં છોકરાંમાં, ભલાં છોકરાંઓમાં.

'સફેદ લૂગડું' નાં રૂપાખ્યાન.

૧.	સફેદ લૂગડું.	સફેદ લૂગડાં, સફેદ લૂગડાંઓ.
૨.	સફેદ લૂગડું, સફેદ લૂગડાને.	સફેદ લૂગડાં, સફેદ લૂગડાંઓ; સફેદ લૂગડાંને, સફેદ લૂગડાંઓને.
૩.	સફેદ લૂગડાએ, સફેદ લૂગડે.	સફેદ લૂગડાંએ, સફેદ લૂગડાંઓએ; સફેદ લૂગડે.
૪.	સફેદ લૂગડાને.	સફેદ લૂગડાંને, સફેદ લૂગડાંઓને.
૫.	સફેદ લૂગડાથી–થકી.	સફેદ લૂગડાંથી–થકી, સફેદ લૂગડાંઓથી–થકી.
૬.	સફેદ લૂગડાનો–ની–નું–ના–નાં–ને.	સફેદ લૂગડાંનો–ની–નું–ના–નાં–ને; સફેદ લૂગડાંઓનો–ની–નું–ના–નાં–ને.
૭.	સફેદ લૂગડામાં, સફેદ લૂગડે.	સફેદ લૂગડાંમાં, સફેદ લૂગડાંઓમાં; સફેદ લૂગડે.

'નાનો' નાં રૂપાખ્યાન.

૧. નાનો. ૨. નાનો, નાનાને. ૩. નાનાએ, નાને. ૪. નાનાને.
૫. નાનાથી–થકી. ૬. નાનાનો–ની–નું–ના–નાં–ને. ૭. નાનામાં, નાને.

પાઠ ૧૭. ક્રિયાવિશેષણ અવ્યય.

અવ્યય.

ઝટ, ઠીક, સુદ્ધાં, વડે, અને, અથવા, વાહ, અરે, વગેરે કેટલાક શબ્દો એવા છે કે જેને જાતિ, વચન, વિભક્તિ, કાળ, વગેરે કોઇ પણ જાતના પ્રત્યય લાગતા નથી, હમેશાં પોતાને રૂપેજ રહે છે તેને **અવ્યય** કહે છે.

જે શબ્દોના રૂપમાં કાંઇ ફેરફાર ન થતાં હમેશાં પોતાને રૂપે જ રહે છે તેને અવ્યય કહે છે. અવ્યય (અ=નહિ+વ્યય=ફેરફાર.)

ક્રિયાવિશેષણ અવ્યય.

૧. લલ્લુ **હમણા** આવ્યો.
૨. છગન **કાલે** જશે.
૩. ભગુ **નીચે** બેઠો છે.
૪. ગાય **પાછળ** આવે છે.
૫. મગન **હળવે હળવે** બોલે છે.
૬. બંદુક **ફડોફડ** ફૂટી.

પહેલા વાક્યમાં 'હમણા' શબ્દ આવવાની ક્રિયા **ક્યારે** (કયે વખતે) થઈ તે બતાવે છે, બીજા વાક્યમાં 'કાલે' શબ્દ જવાની ક્રિયા **ક્યારે** થશે તે બતાવે છે, ત્રીજા વાક્યમાં 'નીચે' શબ્દ બેસવાની ક્રિયા **ક્યાં** (કયે ઠેકાણે) થઈ છે તે બતાવે છે, ચોથા વાક્યમાં 'પાછળ' શબ્દ આવવાની ક્રિયા **ક્યાં** થાય છે તે બતાવે છે, પાંચમા વાક્યમાં 'હળવે હળવે' શબ્દ બોલવાની ક્રિયા **કેમ** (કેવી રીતે) થાય છે તે બતાવે છે, છઠ્ઠા વાક્યમાં ફડોફડ શબ્દ ફૂટવાની ક્રિયા **કેમ** થાય છે તે બતાવે છે. આ શબ્દો **ક્રિયાના અર્થમાં વધારો** કરે છે, ને **અવ્યયની** જાતના છે, માટે તેને **ક્રિયાવિશેષણ અવ્યય** કહે છે.

વેળા દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય.—હમણા, અત્યારે, એટલામાં, ક્યારે, જ્યારે, ત્યારે, ઝટ, ઝટપટ, નિત્ય, પહોર, પરાર, હમેશાં, વારેવારે, ઇત્યાદિ.

ઠેકાણું દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય.—જ્યાં, જહિં, ત્યાં, તહિં, હ્યાં, અહિં, આગળ, પાસે, નજીક, દૂર, છેટે, વેગળે, પુંઠે, ઉપર, નીચે, મધ્યે, આમ, આણીતરફ, ઇત્યાદિ.

રીત દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યય.—આમ, એમ, જેમ, તેમ, કેમ, આસ્તે, ધીમે, ભલે, ખરેખર, કદાચ, રખે, હા, ના, નવ, નહિ, મા, તડાતડ, ઇત્યાદિ.

સૂચના:—કેટલાક અવ્યય નામને ઠેકાણે વપરાય છે, તેથી તેને વિભક્તિના કોઇ કોઇ પ્રત્યય લાગે છે. જેમ, મેડેથી ખુરસી લાવ, તેને બદલે ઉપરથી ખુરસી લાવ. એમાં 'ઉપર' અવ્યયને પાંચમી વિભક્તિનો પ્રત્યય લાગેલો છે. તેમજ ઉપરનો, કયારનો, અહિંથી, ત્યાંથી, અત્યારમાં, વગેરેમાં કેટલીક વિભક્તિ લાગે છે; પણ તેમને જાતિ, વચન, તેમજ સઘળી વિભક્તિના પ્રત્યય લાગતા નથી માટે તેમને અવ્યયમાં જ ગણવા. **પદચ્છેદમાં વિભક્તિનો લાગેલો પ્રત્યય કહેવરાવવો નહિ.**

ઘોડો ઘણો દોડયો, ઘોડી ઘણી દોડી, ઘોડું ઘણું દોડયું, ઘોડા ઘણા દોડયા, ઘોડાં ઘણાં દોડયાં, આ વાકયોમાં ઘણો, ઘણી, ઘણું, ઘણા, ઘણાં ક્રિયાવિશેષણ છે, તે ક્રિયાપદનાં જાતિવચન પ્રમાણે ફરે છે. આ અને આનાં જેવાં બીજાં વિકારી ક્રિયાવિશેષણોને પણ આ વ્યાકરણમાં **ક્રિયાવિશેષણ અવ્યયમાં** ગણેલા છે. જ્યારે અવ્યયનો શબ્દ હઇને ક્રિયાનો ગુણ બતાવે, ત્યારે **ક્રિયાવિશેષણ અવ્યય,** ને બીજે ઠેકાણે એકલું **ક્રિયાવિશેષણ** કહેવું એમ કેટલાકનો મત છે.

નામથી ક્રિયાનો વધારો:—કેટલીક વખત ક્રિયાપદની પહેલાં ક્યારે, ક્યાં, ક્યારથી, ક્યાંથી, શા વડે, વગેરે મૂકીને સવાલ પૂછીએ તેનો જવાબ **નામ વડે** મળે છે. જેમ, ક્યાં જાઓ છો? **ઘેર.** ક્યારે આવશો? **રાતે.** ક્યારથી ભણે છે? **વર્ષથી.** ક્યાંથી આવ્યો? **વડોદરેથી.** શા વડે કપાઇ? **છરીથી.** આમાં ઘેર, રાતે, વર્ષથી, વડોદરેથી, છરીથી ક્રિયાવિશેષણનું જ કામ કરે છે, માટે **વાક્યપૃથક્કરણમાં** તેમને **ક્રિયાવિશેષણના ખાનામાં** મૂકવાં; પરન્તુ ઘર નામ-પરથી ઘેર, રાત નામ પરથી રાતે, વર્ષ નામ પરથી વર્ષથી, વડોદરા નામ પરથી વડોદરેથી, છરી નામ પરથી છરીથી શબ્દ થયેલા છે, તેથી **પદચ્છેદમાં** તો તે શબ્દોને **નામના વર્ગમાં** જ ગણવા.

મનોયત્ન ૮.

નીચેનાં વાક્યોમાં **ક્રિયાવિશેષણ અવ્યય** ક્યાં છે? તથા ક્રિયા-વિશેષણનું કામ કરનાર **નામ** ક્યાં છે? તથા તે શું બતાવે છે?

૧. નાનાં છોકરાં ઘણું ઉંઘે છે.
૨. ત્યાં ઘણાં છોકરાં રમતાં હતાં.
૩. ગંદી છોડી જલદી નહા.
૪. મૂર્ખ છોકરાં પાછળથી પસ્તાય છે.
૫. છોકરા ખૂબ દોડ્યા.
૬. છોટુ પાછળ રહ્યો.
૭. ચીમન, કાલે આવજે.
૮. છગન, ક્યાં જાય છે?
૯. મોઢું કેમ ઉતરી ગયું?
૧૦. છગનમગનને સારીપેઠે ઓળખે છે.
૧૧. ભરવાડ બકરાંને સીમમાં લઈગયો.
૧૨. ડાહ્યા માણસો વહેલા ઊઠે છે.
૧૩. છગન બે વર્ષથી અંગ્રેજી ભણે છે.
૧૪. સાપ દરમાં છે.
૧૫. બોરડીએ બોર જેઠાં છે.
૧૬. છોકરાં ગેડીદડે રમે છે.
૧૭. અહિં ઘણો તાપ પડે છે.
૧૮. સાદરમાં પૂર આવ્યું છે.
૧૯. મગનનું ઘર આમ છે.
૨૦. છગને સવારમાં દવા પીધી છે.

પાઠ ૧૮. વિશેષણનો ઉપયોગ.

૧. **દયાળુ** મહારાજા પધાર્યા.
૨. ભગુએ **નાના** છોકરાને રમાડયો.
૩. તેણે **જાડી** કલમે અક્ષર લખ્યા.
૪. રાજાએ **પાંચ** બ્રાહ્મણોને દક્ષિણા આપી.
૫. મગન **ભયંકર** તાવથી બચ્યો.
૬. **મોટા** પંડિતોનાં વચનો છે.
૭. હું **નાની** હોડીમાં બેઠો.

ઉપલાં વાક્યમાં દયાળુ, નાના, જાડી, પાંચ, ભયંકર, મોટા, અને નાની વિશેષણો મહારાજા, છોકરાને, કલમે, બ્રાહ્મણોને, તાવથી, પંડિતોનાં, અને હોડીમાં એ નામોના અર્થમાં વધારો કરે છે.

૧. વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે.

૧. મેં **ગરમ** દૂધ પીધું.
૨. મેં **ઘણું** ગરમ દૂધ પીધું.
૩. રામલાલ **હોશિઆર** છે.
૪. રામલાલ **ઘણો** હોશિઆર છે.

પહેલા વાક્યમાં 'ગરમ' એ દૂધનું વિશેષણ છે, બીજા વાક્યમાં તેની પહેલાં 'ઘણું' વિશેષણ આવવાથી ગરમના અર્થમાં વધારો કરે છે; માટે 'ઘણું' એ **વિશેષણનું વિશેષણ** કહેવાય. ત્રીજા વાક્યમાં **હોશિઆર** વિધિવાચક વિશેષણ છે, ચોથા વાક્યમાં તેની પહેલાં ઘણો શબ્દ આવવાથી હોશિઆરના અર્થમાં વધારો થાય છે; માટે 'ઘણો' એ **વિધિવાચક વિશેષણનું વિશેષણ** કહેવાય.

૨. વિશેષણ, વિશેષણના અર્થમાં વધારો કરે છે.

૧. લલ્લુ **મોડો** આવ્યો.
૨. લલ્લુ **ઘણો** મોડો આવ્યો.

પહેલા વાક્યમાં 'મોડો' ક્રિયાવિશેષણ અવ્યય છે, બીજા વાક્યમાં તેની પહેલાં 'ઘણો' શબ્દ આવવાથી તેના અર્થમાં વધારો થાય છે; માટે 'ઘણો' એ **ક્રિયાવિશેષણ અવ્યયનું વિશેષણ** કહેવાય.

૩. વિશેષણ, ક્રિયાવિશેષણ અવ્યયના અર્થમાં વધારો કરે છે.

સૂચના:—વિશેષણ અને ક્રિયાવિશેષણ અવ્યયના વિશેષણનું પદચ્છેદ **ક્રિયાવિશેષણ અવ્યય** કરવું. ઘણું ગરમ, ઘણો હોશિઆર, ઘણો મોડો, એમાં ઘણું, ઘણો, ઘણો ક્રિયાવિશેષણ અવ્યય છે.

પાઠ ૧૯. વાક્યપૃથક્કરણ.

૧. વિશેષણો વિશેષ્ય વિના એકલાં આવે છે, ત્યારે તે નામ તરીકે વપરાય છે; માટે **વિશેષણો** પણ કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દ થઇ શકે. જેમ, **ગાંડો** બકે છે, તેણે **ભલાને** માર્યો. આ વાક્યોમાં 'ગાંડો' કર્ત્તા છે, અને 'ભલાને' ક્રિયાપૂરક (કર્મ) છે.

૨. કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે મુખ્યત્વે **વિશેષણ** વપરાય છે. જેમ, **સારો** છોકરો આવ્યો, મેં **કાળો** ઘોડો લીધો, કાળીદાસ **મોટા** પંડિત ગણાય છે.

૩. કેટલાંક **સર્વનામ,** વિશેષણ તરીકે વપરાય છે, માટે તે કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે વપરાય. જેમ, **કયો** માણસ આવ્યો? **આ** માણસ જાય છે, **જે** માણસ જમતો હતો, **પેલો** ઘોડો તોફાની છે, તમે **શી** વસ્તુ ખરીદી? મેં **એ** ઘર લીધું, **તે** માણસને બોલાવો, તમે **કોઇ** માણસને ન છેડો.

નમુના દાખલ કેટલાંક વાકયોનું

વાકય.	કોને માટે ?	
	કર્ત્તા.	કર્ત્તાનો વધારો.
૧. ગાંડો બકે છે.	ગાંડો.	
૨. તેણે ભલાને માર્યો.	તેણે.	
૩. ડાહ્યાંમાણસો સારાં કામ કરે છે.	માણસો.	ડાહ્યાં.
૪. એ બાઇએ જે સંકટ ખાવ્યું હતું.	બાઇએ.	એ.
૫. મારી માનું માથું દુઃખતું હતું.	માથું.	મારી માનું.
૬. ગુજરાતના મોટા રાજાએ કાશીના વિદ્વાન્ બ્રાહ્મણોને તેડાવ્યા.	રાજાએ.	ગુજરાતના મોટા.
૭. આપણે આજ એક નવી રમત રમીશું.	આપણે.	
૮. અહિં ઢોર પાણી પીએ છે.	ઢોર.	
૯. બેન રતન, તું કેમ રડે છે ?	તું.	
૧૦. ભરવાડ બકરાંને સીમમાં લઈ ગયા.	ભરવાડ.	
૧૧. મગન ઘણો મહેનતુ હતો.	મગન.	
૧૨. સાપ દરમાં છે.	સાપ.	
૧૩. તે ત્યાં નથી.	તે.	
૧૪. ભગુ ઘણો મોડો આવ્યો.	ભગુ.	
૧૫. હું તને બે પતાસાં વધારે આપીશ.	હું.	
૧૬. મોટા ભાઇ, આ શું છે ?	શું.	આ.

પૃથક્કરણ નીચે કરી બતાવીએ છીએ.

શું કહ્યું?		
ક્રિયાપદ.	ક્રિયાપૂરક.	ક્રિયાનો વધારો.
બકે છે.		
માર્યો.	ભલાને.	
કરે છે.	સારાં કામ.	
ખાળ્યું હતું.	જે સંકટ.	
દુખતું હતું.		
તેડાવ્યા.	કાશીના વિદ્વાન્ બ્રાહ્મણોને.	
રમીશું.	એક નવી રમત.	આજ (કાળ).
પીએ છે.	પાણી.	અહિં (સ્થળ).
રડે છે.		કેમ (રીત).
લઇ ગયો.	બકરાંને.	સીમમાં (સ્થળ).
હતો.	ઘણો મહેનતુ.	
છે.	દરમાં.	
નથી.	ત્યાં.	
આવ્યો.		ઘણો મોડો (કાળ).
આપીશ.	એ પતાસાં (પ્રધાન કર્મ.) તને (ગૌણકર્મ.).	વધારે (રીત).
છે.		

૪. **છઠ્ઠી વિભક્તિવાળાં નામ** વિશેષણની પેઠે વપરાય છે, માટે તે કર્ત્તા અને ક્રિયાપૂરક શબ્દનો વધારો થઇ શકે. જેમ, **છોકરાની** સ્લેટ ફૂટી, **મારૂં** અંગરખું કાપ્યું, તેણે **મગનની** ચોપડી ખરીદી, ચીનાઓએ **છાપવાની** કળા શોધી.

૫. **છઠ્ઠી વિભક્તિવાળું નામ અને વિશેષણ** બેઉ સાથે કર્ત્તા અને ક્રિયાપૂરકનો વધારો થઈ શકે. જેમ, **ગુજરાતના મોટા** રાજાએ **કાશીના વિદ્વાન** બ્રાહ્મણોને તેડાવ્યા.

૬. ક્રિયાના વધારા તરીકે મુખ્યત્વે **ક્રિયાવિશેષણ અવ્યય** વપરાય છે. જેમ, તે **કાલે** ગયો (વખત), તે **અહિં** આવશે (સ્થળ), તે **જરા** દોડયો (રીત), તે **નહિ** આવે (નકાર), અમે **કદાચ** આવીએ (સંશય), ઈત્યાદિ.

૭. **ક્રિયાવિશેષણને અર્થે આવતાં વિભક્તિવાળાં નામ, સર્વનામથી** ક્રિયાનો વધારો થઇ શકે છે. તે **સુરત** ગયો (સ્થળ), હું **બે કલાક** સુતો (કાળ), આ કામ **તેનાથી** થશે (કરણ), તે **અમદાવાદથી** આવશે (વિયોગ), તે **ઘરમાં** ગયો (સ્થળ).

૮. **વિધિવાચક વિશેષણો** ક્રિયાપૂરક શબ્દ તરીકેજ વપરાય છે. જેમ, તે **ભિખારી** રહ્યાં, છગન **પૈસાદાર** છે.

૯. **સંબોધનાર્થે આવેલું નામ** વાક્યમાં કોઇ પણ શબ્દ સાથે સંબંધ રાખતું નથી, માટે વાક્યપૃથક્કરણમાં તે નામ છોડી દેવું.

મનોયત્ન ૯.

નીચેનાં વાક્યોનું **પૃથક્કરણ** કરો.

૧. તે ડાહ્યો થયો.
૨. ચંચળે નાનો વીંજણો સારો ભર્યો.
૩. મગન, તેં તારા પાઠ ઘણા સારા કર્યા.
૪. હું તને રજા બહુ વહેલી આપીશ.

૫. મારા બાપ કાશીથી બહુ પુસ્તકો લાવ્યા.
૬. ઈશ્વર, તારી મહેરબાનીથી અમે સંકટો ઓળંગ્યાં.
૭. મેં તેમને ધાન્યના ઢગલા આપ્યા.
૮. આ વાત તમને કોણે કહી ?
૯. આ કૂતરો અજાણ્યા માણસને ઓચિંતો કરડે છે.
૧૦. પેલો છોકરો અંગ્રેજી રોજ બોલે છે.
૧૧. સારા લોક હમેશાં પ્રાર્થના કરે છે.
૧૨. નાનો ભાઈ નિશાળે જાય છે.
૧૩. વાડીમાં છ માણસો મજુરી કરે છે.
૧૪. છોકરે ગજવામાં હાથ ઘાલ્યો હતો.
૧૫. મહેતાજીએ છોકરાઓને છ વાગ્યે રમાડયા.
૧૬. કૂતરીએ સસલીને પાસે આવવા દીધી.
૧૭. આપણા ઘરમાં બિલાડી હોય છે.
૧૮. તું મને તારી ચોપડી આપીશ.
૧૯. તેણે આંધળાને બહાર કાઢયો.
૨૦. રામલાલે જાડી કલમે અક્ષર લખ્યા.

પાઠ ૨૦. પદચ્છેદ.

૧. **નામના** પદચ્છેદમાં તેનો પ્રકાર કહી, જાતિ, વિભક્તિ, વચન કહેવાં. (દરેક વિભક્તિમાં તેનો મુખ્ય અર્થ કહેવરાવવો.)

૨. **સર્વનામનું** પદચ્છેદ નામ પ્રમાણે કરાવવું, પણ સર્વનામ કયા નામને ઠેકાણે છે તે કહેવરાવવું.

૩. **વિશેષણના** પદચ્છેદમાં તેનો પ્રકાર કહી, પછી તેનો વિશેષ્ય કહેવરાવી, તે પ્રમાણે જાતિ, વિભક્તિ, વચન કહેવરાવવાં.

૪. **ક્રિયાપદના** પદચ્છેદમાં પ્રથમ કર્ત્તા, કર્મ (હોય તો) કહી ક્રિયાપદની જાત, પછી ધાતુ, ને તે પછી મુખ્યકાળ કહેવરાવવો.

૫. **ક્રિયાપદ વિશેષણુ અવ્યયના** પદચ્છેદમાં તેનો વાક્યમાં સંબંધ કહેવરાવવો.

૬. **સર્વનામની** જાતિ જણાતી ન હોય ત્યાં સામાન્ય જાતિ કહેવી.

નમુના દાખલ કેટલાંક વાક્યનું પદચ્છેદ નીચે કરી આપીએ છીએ.

૧. ઉનનાં કપડાં વધારે મેલાં થાય છે.

૧. **ઉનનાં:**—સામાન્ય નામ, નાન્યતર જાતિ, છઠ્ઠીનું એકવચન.

૨. **કપડાં:**—સામાન્યનામ, નાન્યતર જાતિ, પહેલીનું બહુવચન. 'થાય છે' ક્રિયાપદનો કર્ત્તા.

૩. **વધારે:**—ક્રિયાવિશેષણુ અવ્યય, મેલાં વિધિવાચક વિશેષણુના અર્થમાં વધારો કરેછે.

૪. **મેલાં:**—વિધિવાચક વિશેષણુ, વિશેષ્ય કપડાં માટે નાન્યતર જાતિ, પહેલીનું બહુવચન.

૫. **થાયછે:**—કર્ત્તા કપડાં, કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, થા ધાતુ, વર્ત્તમાનકાળ.

૨. ભગુએ કહ્યું, તમારી વાત બહુ મજેની છે.

૬. **ભગુએ:**—વિશેષ નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. કહ્યુંનો કર્ત્તા.

૭. **કહ્યું:**—કર્ત્તા ભગુએ, કર્મ આગલું વાક્ય, માટે સકર્મક ક્રિયાપદ, કહે ધાતુ, ભૂતકાળ.

૮. **તમારી:**—બીજો પુરૂષ સર્વનામ, સામાન્યજાતિ, છઠ્ઠીનું બહુવચન.

૯. **વાત:**—સામાન્યનામ, નારીજાતિ, પહેલીનું એકવચન. 'છે' નો કર્ત્તા.

૧૦. **બહુ:**—અવિકારી સંખ્યાવાચક વિશેષણુ, વિશેષ્ય મજેની માટે નારી જાતિ, છઠ્ઠીનું એકવચન.

૧૧. **મજેની:**—ભાવવાચક નામ, નારીજાતિ, છઠ્ઠીનું એકવચન.

૧૨. **છે:**—કર્ત્તા વાત, કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, છ ધાતુ, વર્તમાનકાળ.

૩. આપણે એક કુજામાં થોડું ગરમ પાણી રેડીશું, તો તે ઠંડું થવા માંડશે.

૧૩. **આપણે:**—પહેલોબીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, પહેલીનું બહુવચન. 'રેડીશું' નો કર્ત્તા.

૧૪. **એક:**—અવિકારી સંખ્યાવાચક વિશેષણ, વિશેષ્ય કુજામાં માટે નરજાતી, સાતમીનું એકવચન.

૧૫. **કુજામાં:**—સામાન્યનામ, નરજાતિ, સાતમીનું એકવચન. 'રેડીશું' નું સ્થળ.

૧૬. **થોડું:**—ક્રિયાવિશેષણ અવ્યય. ગરમ ગુણવાચક વિશેષણના અર્થમાં વધારો કરે છે.

૧૭. **ગરમ:**—અવિકારી ગુણવાચક વિશેષણ, વિશેષ્ય પાણી માટે નાન્યતરજાતિ, બીજીનું એકવચન.

૧૮. **પાણી:**—સામાન્યનામ, નાન્યતરજાતિ, બીજીનું એકવચન. 'રેડીશું'નું કર્મ.

૧૯. **રેડીશું:**—કર્ત્તા આપણે, કર્મ પાણી, માટે સકર્મક ક્રિયાપદ, રેડ ધાતુ, ભવિષ્યકાળ.

૨૦. **તે:**—ત્રીજો પુરૂષ સર્વનામ, પાણીને ઠેકાણે છે માટે નાન્યતર જાતિ, પહેલીનું એકવચન. 'થવા માંડશે' નો કર્ત્તા.

૨૧. **ઠંડું:**—વિધિવાચક વિશેષણ, વિશેષ્ય તે માટે નાન્યતર જાતિ, પહેલીનું એકવચન.

૨૨. **થવા માંડશે:**—કર્ત્તા તે, કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, થા ને માંડ ધાતુ, ભવિષ્યકાળ.

૪. મગન, તેં તારા પાઠ ઘણા સારા કર્યા.

૨૩. **મગનઃ**—વિશેષ નામ, નરજાતિ પહેલીનું એકવચન. (સંબોધનાર્થે.)

૨૪. **તેં:**—બીજો પુરૂષ સર્વનામ, મગનને ઠેકાણે માટે નર-જાતિ, ત્રીજીનું એકવચન. 'કર્યા' નો કર્ત્તા.

૨૫. **તારાઃ**—બીજો પુરૂષ સર્વનામ, મગનને ઠેકાણે માટે નરજાતિ, છઠ્ઠીનું એકવચન.

૨૬. **પાઠઃ**—સામાન્ય નામ, નરજાત, બીજીનું બહુવચન. 'કર્યા'નું કર્મ.

૨૭. **ઘણાઃ**—ક્રિયાવિશેષણ અવ્યય. 'સારા' ક્રિયાવશેષણના અર્થમાં વધારો કરે છે.

૨૮. **સારાઃ**—ક્રિયાવિશેષણ અવ્યય. 'કર્યા' ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે.

૨૯. **કર્યાઃ**—કર્ત્તા તેં, કર્મ પાઠ માટે સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, ભૂતકાળ.

૫. તેણે તમને હમણા કાંઇક કહ્યું.

૩૦. **તેણેઃ**—ત્રીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, ત્રીજીનું એકવચન. 'કહ્યું'નો કર્ત્તા.

૩૧. **તમનેઃ**—બીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું બહુવચન. 'કહ્યું'નું ગૌણ કર્મ.

૩૨. **હમણાઃ**—ક્રિયાવિશેષણ અવ્યય. 'કહ્યુ''નો કાળદર્શક.

૩૩. **કાંઇકઃ**—અનિશ્ચિત સર્વનામ, નાન્યતર જાતિ, બીજીનું એકવચન. 'કહ્યુ''નું પ્રધાન કર્મ.

૩૪. **કહ્યુંઃ**—કર્ત્તા તેણે, કર્મ તમને કાંઇક, માટે સકર્મક ક્રિયા-પદ, કહે ધાતુ, ભૂતકાળ.

૬. કોણે આ આંધળાને તળાવમાંથી બહાર કાઢચો?

૩૫. **કોણે:**—પ્રશ્નાર્થ સર્વનામ, સામાન્ય જાતિ, ત્રીજીનું એકવચન. 'કાઢચો' નો કર્ત્તા.

૩૬. **આ:**—અવિકારી ગુણવાચક વિશેષણ, વિશેષ્ય આંધળાને માટે નરજાતિ, બીજીનું એકવચન.

૩૭. **આંધળાને:**—વિકારી વિશેષણ (નામ અર્થે), નરજાતિ, બીજીનું એકવચન. 'કાઢચો' નું કર્મ.

૩૮. **તળાવમાંથી:**—સામાન્ય નામ, નાન્યતરજાતિ, સાતમી સાથે પાંચમીનું એકવચન. (વિયોગ અર્થે.)

૩૯. **બહાર:**—ક્રિયાવિશેષણ અવ્યય. 'કાઢચો'નું સ્થળદર્શક.

૪૦. **કાઢચો:**—કર્ત્તા કોણે, કર્મ આંધળાને, માટે સકર્મક ક્રિયાપદ, કાઢ ધાતુ, ભૂતકાળ.

૭. રામલાલે જાડી કલમે અક્ષર લખ્યા.

૪૧. **રામલાલે:**—વિશેષ નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. 'લખ્યા'નો કર્ત્તા.

૪૨. **જાડી:**—વિકારી ગુણવાચક વિશેષણ, વિશેષ્ય કલમે માટે નારીજાતિ, ત્રીજીનું એકવચન.

૪૩. **કલમે:**—સામાન્ય નામ, નારીજાતિ, ત્રીજીનું એકવચન. (કરણ અર્થે).

૪૪. **અક્ષર:**—સામાન્યનામ, નરજાતિ, બીજીનું બહુવચન. 'લખ્યા'નું કર્મ.

૪૫. **લખ્યા:**—કર્ત્તા રામલાલે, કર્મ અક્ષર, માટે સકર્મક ક્રિયાપદ, લખ ધાતુ, ભૂતકાળ.

૮. મેં જે પૈસા લીધા તે હું ધર્માદામાં નાખીશ.

૪૬. **મેં:**—પહેલો પુરૂષ સર્વનામ, સામાન્યજાતિ, ત્રીજીનું એકવચન. 'લીધા'નો કર્ત્તા.

૪૭. **જે:**—અવિકારી ગુણવાચક વિશેષણ, વિશેષ પૈસા, માટે નરજાતિ, બીજીનું બહુવચન.

૪૮. **પૈસા:**—સામાન્ય નામ, નરજાતિ, બીજીનું બહુવચન. 'લીધા'નું કર્મ.

૪૯. **લીધા:**—કર્ત્તા મેં, કર્મ પૈસા, માટે સકર્મક ક્રિયાપદ, લે ધાતુ, ભૂતકાળ.

૫૦. **તે:**—દર્શક સર્વનામ, પૈસાને બદલે માટે નરજાતિ, બીજીનું બહુવચન. 'નાખીશ'નું કર્મ.

૫૧. **હું:**—પહેલો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, પહેલીનું એકવચન. 'નાખીશ'નો કર્ત્તા.

૫૨. **ધર્માદામાં:**—ભાવવાચક નામ, નરજાતિ, સાતમીનું એકવચન. (સ્થળ).

૫૩. **નાખીશ:**—કર્ત્તા હું, કર્મ તે, માટે સકર્મક ક્રિયાપદ, નાખ ધાતુ, ભવિષ્યકાળ.

પાઠ ૨૧. સવાલો.

૧. સામાન્યનામ, વિશેષનામ, ભાવવાચક નામ એટલે શું? ને તેના પાંચપાંચ દાખલા આપો.

૨. સર્વનામ એટલે શું?

૩. પુરૂષવાચક સર્વનામ કયાં? તે કયા કયા પુરૂષમાં વપરાય છે ને શા માટે?

૪. પ્રશ્નાર્થ, સ્વવાચક, દર્શક, અનિશ્ચિત, અને સંબંધી સર્વનામ એટલે શું? ને તેના દાખલા આપો.

૫. જાતિ કેટલી છે? કઈ કઈ? તેને ઓળખવાની રીત શી?

૬. જાતિના સાધારણ પ્રત્યય કયા?

૭. કેટલાંક નરજાતિનાં નામને નારીજાતિમાં લાવવાના પ્રત્યય કયા ? ને તેના દાખલા આપો.

૮. વચન કેટલાં છે? એકવચન ને બહુવચન કોને કહે છે? બહુવચનનો પ્રત્યય કયો?

૯. કઇ જાતનાં નામ એકવચનમાં રહે છે? ને તેના પાંચ-પાંચ દાખલા આપો.

૧૦. બહુવચનમાં રહેનાર કેટલાંક નામ આપો.

૧૧. વિભક્તિ એટલે શું? તે કેટલી છે? દરેક વિભક્તિના પ્રત્યય કયા?

૧૨. દરેક વિભક્તિનો મુખ્ય અર્થ કયો?

૧૩. પહેલી ને બીજી વિભક્તિ શી રીતે ઓળખવી?

૧૪. **ને** તથા **એ** પ્રત્યય કઈ કઇ વિભક્તિમાં આવે છે ને તે કેમ ઓળખાય?

૧૫. સર્વનામનાં જાતિવચન શા પ્રમાણે કહેવાં?

૧૬. અમે, મારે, અમારે, આપણે, તમે, તારે, તમારે, તે, પોતે, કોને, કઈ કઈ વિભક્તિ ને વચનમાં આવે છે ને તે કેમ ઓળખાય?

૧૭. ક્રિયાપદ કેટલી જાતનાં છે તેનાં નામ, ને તે ઓળખ-વાની રીત શી?

૧૮. દ્વિકર્મક ક્રિયાપદ કોને કહે છે? તેના પાંચ દાખલા આપો.

૧૯. પ્રધાન અને ગૌણકર્મ કઈ કઇ વિભક્તિમાં હોય છે તે દાખલો આપી સમજાવો.

૨૦. ધાતુ એટલે શું? તે ઓળખવાની રીત કઇ?

૨૧. ક્રિયાપદના મુખ્ય કાળનાં નામ ને વ્યાખ્યા આપો; તે ઓળખવાની રીત કઈ?

૨૨. વિશેષણ એટલે શું? એ નામ પાડવાનું કારણ શું?

૨૩. વિશેષ્ય કોને કહે છે તે દાખલો આપી સમજાવો.

૨૪. ગુણવાચક અને સંખ્યાવાચક વિશેષણ કોને કહે છે તે દાખલા આપી સમજાવો.

૨૫. વિકારી અને અવિકારી વિશેષણ કોને કહે છે તે દાખલો આપી સમજાવો.

૨૬. વિધિવાચક વિશેષણો કોને કહે છે? ક્યાં ક્યાં ક્રિયાપદોની સાથે વધિવાચક વિશેષણો આવે છે તે ગણાવો.

૨૭. ક્યાં ક્યાં સર્વનામ, વિશેષણ તરીકે પણ વપરાય છે? એમનું પદચ્છેદ કેમ કરવું?

૨૮. વિશેષણને વિભક્તિના પ્રત્યય ક્યારે લાગે ને ક્યારે ન લાગે?

૨૯. અવ્યય કોને કહે છે?

૩૦. ક્રિયાવિશેષણ કોને કહે છે?

૩૧. વેળા, ઠેકાણું, ને રીત દેખાડનાર ક્રિયાવિશેષણ અવ્યયના દાખલા આપો.

૩૨. ક્રિયાનો વધારો ક્રિયાવિશેષણ સિવાય શા વડે થાયછે તે દાખલા આપી સમજાવો.

૩૩. વિશેષણ કઇ કઇ જાતના શબ્દના અર્થમાં વધારો કરે છે.

૩૪. વિશેષણનું પદચ્છેદ ક્યારે ક્રિયાવિશેષણ અવ્યય થાય?

૩૫. છઠ્ઠી વિભક્તિના પ્રત્યય ઘણા કેમ છે?

૩૬. ક્રિયાપૂરકમાં કર્મ સિવાય નામ, વિશેષણ, ક્રિયાવિશેષણ અવ્યય આવે; એવાં વાક્ય બોલો ને સમજાવો.

ભાગ ત્રીજો. ધોરણ પાંચમા માટે.

આ ધોરણમાં "ક્રિયાપદનાં રૂપાખ્યાન; કૃદંતો અને તેમનો ઉપયોગ; કૃદંતો સાથે કર્મ અને ક્રિયાવિશેષણરૂપી વધારાનો ઉપયોગ; વિભક્તિઓના અર્થ; નામયોગી અને ઉભયાન્વયી અવ્યયોનો ઉપયોગ. ટુંકાં નમુનાનાં વાક્યો બનાવવાં. પદચ્છેદ. કર્ત્તા, કર્મ, વિધેયપક્ષ, તથા તેમના વધારા તરીકે એક એક શબ્દ અને શબ્દસમૂહો આવે એવાં સાદાં વાક્યોનું પૃથક્કરણ તથા રચના. વ્યુત્પત્તિ–સહેલા સામાસિક શબ્દો છૂટા પાડવા" આટલું શિખવવાનું છે, તે નીચેને ક્રમે શિખવવું.

પાઠ ૧. નામયોગી અવ્યય.

૧. છોકરો ઝાડ પર ચઢ્યો.

૨. સોમવતી અમાસે હિંદુ સ્ત્રીઓ પીપળાની આસપાસ ફેરા ફરે છે.

૩. ગંગા ઘર તરફ ગઇ.

૪. ભગુ મારી અગાઉ આવ્યો.

૫. લલ્લુ ભગુની પાછળ પડી ગયો.

૬. હું તેને વાસ્તે અમદાવાદ ગયો.

પહેલા વાક્યમાં 'ઝાડ પર' શબ્દસમૂહ ચઢવાની ક્રિયાનું **સ્થળ** બતાવે છે, બીજા વાક્યમાં 'પીપળાની આસપાસ' એ શબ્દસમૂહ ફરવાની ક્રિયાનું **સ્થળ** બતાવે છે, ત્રીજા વાક્યમાં 'ઘર તરફ' શબ્દ-સમૂહ જવાની ક્રિયાની **દિશા** બતાવે છે, ચોથા વાક્યમાં 'મારી અગાઉ' આવવાની ક્રિયાનો **વખત** બતાવે છે, પાંચમા વાક્યમાં 'ભગુની પાછળ' શબ્દસમૂહ પડી જવાની ક્રિયાનો **વખત** બતાવે છે, છઠ્ઠા વાક્યમાં 'તેને વાસ્તે' શબ્દસમૂહ જવાની ક્રિયાનો **હેતુ** સમજાવે છે. આ બધા શબ્દસમૂહો ક્રિયાના અર્થમાં વધારો કરે છે, માટે વાક્યપૃથક્કરણમાં **ક્રિયાવર્ધકના** ખાનામાં આવે.

વરઘોડો દહેરા પાસે છે, ગાંસડી માથા ઉપર છે. આ વાક્યોમાં દહેરા પાસે, અને માથા ઉપર શબ્દસમૂહો અપૂર્ણ વિધેયવાચક ક્રિયાપદોનું **સ્થળ** બતાવે છે; માટે તે વાક્યપૃથક્કરણમાં ક્રિયાવર્ધકના ખાનામાં ન આવે, પણ **ક્રિયાપૂરકના** ખાનામાં આવે.

આ બધા શબ્દસમૂહોમાં પર, આસપાસ, તરફ, અગાઉ, પાછળ, વાસ્તે, પાસે, ઉપર શબ્દ અવ્યયો છે, ને તે ઝાડ, પીપળાની, ઘર, મારી, ભગુની, તેને, દહેરા, અને માથા શબ્દની સાથે જોડાએલા છે. આ શબ્દો નામ અથવા સર્વનામ છે, વખતે નામના અર્થમાં વપરાતા બીજા શબ્દો હોય છે. આવા અવ્યયો નામની સાથે જોડાય છે, માટે તેમને **નામયોગી** અવ્યય કહે છે.

જે અવ્યયો નામના સાથે જોડાએલા હોય છે, તેને નામયોગી અવ્યય કહે છે.

ઉપરનાં વાક્યો તપાસવાથી માલમ પડશે કે નામયોગી અવ્યય જે નામ સાથે જોડાએલા હોય છે, તે નામને છઠ્ઠી વિભક્તિના **ના, ની, ને** પ્રત્યય લાગેલા હોય છે, અથવા તેનો અધ્યાહાર હોય છે.

જેની પહેલાં 'ના' આવે એવાઃ—કરતાં, વડે, વિના, વિણ, વણ, સિવાય, વગર, સહિત, સમેત, સોત, સુદ્ધાં, સંબંધી, સુધી, વગેરે.

જેની પહેલાં 'ની' આવે એવાઃ—અગાઉ, અગાડી, આગળ, આસપાસ, આરપાર, કને, તળે, નીચે, ઉપર, પાછળ, સામે, સાથે, માંહે, મોઝાર, પહેલાં, વતી, વતે, મારફતે, વગેરે.

જેની પહેલાં 'ને' આવે એવાઃ—અર્થે, કાજે, કારણે, બદલે, સાટે, માટે, લીધે, વિષે, સારૂ.

કરીને નામયોગીની પહેલાં ત્રીજી વિભક્તિનો એ પ્રત્યય, કે પહેલી વિભક્તિ આવે છે. જેમ, **છરીએ** કરીને, **તેણે** કરીને, **મગન** કરીને (નામે).

પદચ્છેદને લગતી સૂચના:—ઘણુાખરા ઠેકાણું ને વખત બતાવનાર નામયોગી અવ્યય ક્રિયાવિશેષણુ અવ્યય તરીકે વપરાય છે. માટે જ્યારે તે અવ્યયો નામની સાથે આવેલા હોય ત્યાં તેનું પદચ્છેદ નામયોગી અવ્યય કરવું, અને નામની સાથે ન આવતાં માત્ર ક્રિયાનો વખત કે ઠેકાણું બતાવે ત્યાં ક્રિયાવિશેષણુ અવ્યય કહેવાય. જેમ, હું તેની **પાછળ** આવ્યો (નામયોગી અવ્યય), હું **પાછળ** આવ્યો (ક્રિયાવિશેષણુ અવ્યય), **પાછળ** બુદ્ધિ બ્રહ્મ (વિશેષણુ).

નામયોગી અવ્યય ક્રિયાવિશેષણુ અવ્યયની સાથે આવે, ત્યાં તે બંનેનું ભેગું પદચ્છેદ ક્રિયાવિશેષણુ અવ્યય કરવું. જેમ ત્યાંઆગળ, હવેપછી, ત્યાંલગણુ, અત્યારસુધી, ત્યાંસુધી, વગેરે.

પાઠ ૨. સાધિત ધાતુ.

કેટલાક અકર્મક ક્રિયાપદના રૂપમાં કાંઇ ફેરફાર કરવાથી તેઓ સકર્મક થાય છે, માટે તેમને **કર્મકરૂપનાં** ક્રિયાપદ કહે છે. જેમ, પડ–પાડ, ચર–ચાર, નમ–નામ, ઉકળ–ઉકાળ, ઉતર–ઉતાર, ઉછર–ઉછેર, ફૂટ–ફોડ, તૂટ–તોડ, ભળ–ભેળ, બેસ–બેસાડ, સુ–સુવાડ, વગેરે.

જ્યારે કર્ત્તા પોતે કામ ન કરતાં બીજા કોઇ પાસે કામ કરાવે છે, ત્યારે ધાતુનું રૂપ **પ્રયોજ્ય** થઇ જાય છે. જેમ, આ ચોપડી તું બીજા પાસે લખાવ. એમાં લખવાની ક્રિયા 'તું' એ કરી નથી, પણ તેણે કોઈ બીજા પાસે કરાવી છે. પ્રયોજ્યરૂપને કોઈ **પ્રેરકરૂપ** પણ કહે છે.

મૂળ ધાતુમાં વચ્ચે કે છેડે **આ** હોય તો તેનો **અ** કરીને છેડે **આવ** કે **વાડ** પ્રત્યય લગાડવાથી પ્રયોજ્યરૂપ થાય છે, જેમ, લખ–લખાવ, માર–મરાવ, મૂક–મૂકાવ, દેખ–દેખડાવ, ખા–ખવડાવ, કહે–કહેવાડ, ૪૦.

પ્રયોજ્યરૂપના પ્રત્યય બેવડવાથી એટલે મૂળ ધાતુને **આવરાવ**

કે આવડાવ પ્રત્યય લગાડવાથી દ્વિત્વ પ્રયોજ્યરૂપ થાય છે. જેમ, લખ-લખાવરાવ, ખા-ખવડાવરાવ, બોલ-બોલાવરાવ કે બોલાવડાવ, વગેરે.

કર્મક ને પ્રેરક રૂપ મૂળ ધાતુને પ્રત્યય લગાડવાથી થાય છે, માટે તેને **સાધિત ધાતુ** કહે છે. સાધિત ધાતુના પદચ્છેદમાં મૂળ ધાતુ કહી જે રૂપ થયું હોય તે કહેવું. જેમ, 'પાડે છે'નો ધાતુ-પડધાતુનું કર્મકરૂપ, 'લખાવ્યું' નો ધાતુ-લખ ધાતુનું પ્રેરકરૂપ, વગેરે.

પાઠ ૩. અર્થ.

ક્રિયા કરનારની મનોવૃત્તિને ક્રિયાપદના અર્થ કહે છે. જેમ, હું આવું છું, આવે કે ન આવે, તું આવજે, તમે આવશો.

મુખ્ય અર્થ ત્રણ છે. ૧ **નિશ્ચયાર્થ**, ૨. **સંશયાર્થ**, ૩. **આજ્ઞાર્થ.**

નિશ્ચયાર્થઃ—કોઈ વસ્તુ થઈ ગઈ, થાય છે, કે થશે એવું જણાવતાં ક્રિયાપદનાં જે રૂપ વપરાય છે તે. જેમ હું **લખુ છું**, હું **લખું**, મેં **લખ્યું**, તે **લખશે**, તેણે **લખેલું છે**, તે **લખવાનો છે.**

સંશયાર્થ:—ઘણે ભાગે સરત, અટકળ, કે શક બતાવે છે; તેટલા માટે તે વારંવાર કોઇ બીજી હકીકતની સાથે આવે છે, અને **જો, રખે,** અથવા **એવા અર્થના બીજા શબ્દથી** શરૂ થાય છે, અથવા તે શબ્દનો અધ્યાહાર હોય છે. જેમ, જો તે **આવશે** તો હું **આવીશ,** જો વરસાદ **વરસશે** તો હું નહિ **આવું**, હું **જાત** તો તે **આવત,** પરીક્ષામાં કદાચ મારી મહેનત બર **આવે,** રખે **અટકતા,** હું પુસ્તક **લખતો હોઉં**, મેં તે કામ **કર્યું હશે.** એમાં **હોઉં**, **હશે**માં **સંશયાર્થ** છે.

તે છોકરો કામ **કરે** (નિશ્ચયાર્થ છે); પણ તે છોકરો એ કામ **કરે** તો સારૂં ફળ મેળવે. એમાં **કરે સંશયાર્થ** છે.

આજ્ઞાર્થ:—હુકમ કરવાના કામમાં આવે છે. જેમ, તું **લખ**, તમે **લખો**; તું **બેસજે**, તમે **બેસજો**; છોકરાએ હમેશાં નિશાળે **આવવું; જતોના, ખાતોમા, આવતા નહિ; રમશોના, દોડીશમા, ખાશો નહિ**, વગેરે.

આજ્ઞાર્થમાં હુકમ કરવા ઉપરાંત **અરજ, કાલાવાલા, પ્રાર્થના, ઉપદેશ, આશિર્વાદ**,અને **શાપ** એ અર્થનો સમાવેશ થાય છે. જેમ, મારે સારૂ જરૂર એક શાલ **લાવજો** (અરજ), ભાઈ કેશવ, મારી એક વાત તું **સાંભળ** (કાલાવાલા), હે ઈશ્વર, તેની જીંદગી **બચાવો** (પ્રાર્થના), ગરીબ માટે નિશાળો **સ્થાપો** (ઉપદેશ), તેનું ભલું **થાઓ** (આશિર્વાદ), તેનું સત્યાનાશ **જજો** (શાપ).

☞ અર્થનો નિશ્ચય કરવામાં ક્રિયાપદનાં રૂપ કરતાં તેના અર્થ પર વધારે ધ્યાન આપવું.

પાઠ ૪. કાળ.

કાળ:—જે વખતમાં ક્રિયા બને, તેને ક્રિયાપદના કાળ **કહે છે.** વખતના ત્રણ સ્વાભાવિક ભાગ છે, તેથી ક્રિયાપદના કાળના પણ ત્રણ ભાગ છે. ૧. વર્ત્તમાનકાળ, ૨. ભૂતકાળ, ૩. ભવિષ્યકાળ.

વર્ત્તમાનકાળ.

ક્રિયા ચાલતી હોય, તો તેને વર્ત્તમાનકાળ કહે છે. જેમ, હું વાંચું, તે વાંચે. વર્ત્તમાનકાળનાં રૂપ નિશ્ચયાર્થ, **સંશયાર્થ**, અને આજ્ઞાર્થમાં વપરાય છે.

વર્ત્તમાનકાળના પ્રત્યય.

નિશ્ચયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન
૧ લો પુરૂષ.	ઉં.	ઈએ.

૨ જો પુરૂષ.	એ (ય), ઉં.	ઓ.
૩ જો પુરૂષ.	એ (ય).	એ (ય).

સંશયાર્થ. (જાતિભેદ નથી.)

૧ લો પુરૂષ.	ઉં.	ઈએ.
૨ જો પુરૂષ.	એ (ય), ઉં.	ઓ.
૩ જો પુરૂષ.	એ (ય).	એ (ય).

આજ્ઞાર્થ. (જાતિભેદ નથી.)

૨ જો પુરૂષ.	પ્રત્યય રહિત.	ઓ.

વિધ્યર્થ વર્તમાન. (પુરૂષભેદ નથી.)

નરજાતિ.	વો.	વા.
નારીજાતિ.	વી.	વી.
નાન્યતરજાતિ.	વું.	વાં.

ભૂતકાળ.

ક્રિયા થઇ ગઈ હોય, તો તેને ભૂતકાળ કહે છે. જેમ, મેં ચોપડી લખી. ભૂતકાળ નિશ્ચયાર્થ અને સંશયાર્થમાં વપરાય છે.

ભૂતકાળના પ્રત્યય.

નિશ્ચયાર્થ. (પુરૂષભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
નરજાતિ.	યો.	યા.
નારીજાતિ.	ઈ.	ઈ, ઈઓ.
નાન્યતરજાતિ.	યું.	યાં.

નિશ્ચયાર્થ ભૂતકાળનો સાધારણ પ્રત્યય યો, ઈ, યું છે. પણ કેટલાંક ક્રિયાપદનાં રૂપ અનિયમિત રીતે થાય છે, **તે** નીચે લખ્યાં છે.

ધાતુ.	**ભૂતકાળ.**	**ધાતુ.**	**ભૂતકાળ.**
હો.	હોતો, હતો.	બેસ.	બેઠો.

સુ.	સુતો.	કર.	કર્યો, કીધો.
ખા.	ખાધો.	મર.	મર્યો, મુઓ–મુવો.
જા.	ગયો.	કહે.	કહ્યો, કીધો.
પી.	પીધો.	બી.	બીન્યો, બીધો.
લે.	લીધો.	દેખ.	દેખ્યો, દીઠો.
દે.	દીધો.	ઉપજ.	ઉપજ્યો, ઉપન્યો.
દીસ.	દીઠો.	નિપજ.	નિપજ્યો, નિપન્યો.
નાસ.	નાઠો.	ભીજ.	ભીજ્યો, ભીન્યો.
પેસ.	પેઠો.	સંતા.	સંતાયો, સંતાણો.

ણો પ્રત્યય કવિતામાં અને કાઠિયાવાડમાં બહુ વપરાય છે, તેમાં વળી કર્ત્તરિ રચના કરતાં કર્મણિ ને ભાવે રચનામાં બહુ વપરાય છે. જેમ, લખાણો, અવાણું, ઇ૦.

સંશયાર્થ ભૂતકાળ:—ત્રણે પુરૂષ, ત્રણે જાતિ, ને બંને વચનમાં 'ત' પ્રત્યય ધાતુને લાગે છે.

ગયા વખતમાં ક્રિયા ચાલતી હતી, એમ બતાવનાર કાળને ચાલુ ભૂતકાળ કહે છે. જેમ, આ છોકરો નિશાળે **ભણતો,** ત્યારે ચોરી કરતો, ને માર **ખાતો.**

ચાલુ ભતકાળ.

નિશ્ચયાર્થ. (પુરૂષભેદ નથી.)

નરજાતિ.	તો.	તા.
નારીજાતિ.	તી.	તી.
નાન્યતરજાતિ.	તું.	તાં.

ભવિષ્યકાળ.

ક્રિયા થવાની હોય, તો તેને ભવિષ્યકાળ કહે છે. જેમ, હું ચોપડી લખીશ. ભવિષ્યકાળ નિશ્ચયાર્થ, સંશયાર્થ, ને આજ્ઞાર્થમાં વપરાય છે.

ભવિષ્યકાળના પ્રત્યય.

નિશ્ચયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
૧લો પુરૂષ.	ઈશ.	ઈશું.
૨જો પુરૂષ.	શે, ઈશ.	શો.
૩જો પુરૂષ.	શે.	શે.

સંશયાર્થ. (જાતિભેદ નથી.)

૧લો પુરૂષ.	ઈશ.	ઈશું.
૨જો પુરૂષ.	શે, ઈશ.	શો.
૩જો પુરૂષ.	શે.	શે.

આજ્ઞાર્થ. (જાતિભેદ નથી.)

૨જો પુરૂષ.	જે.	જો.

પાઠ ૫. ક્રિયાપદનાં રૂપાખ્યાન.

'પડ' મૂળ ધાતુનાં રૂપાખ્યાન.

વર્ત્તમાનકાળ.

નિશ્ચયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
પહેલો પુરૂષ.	હું પડું.	અમે પડીએ.
બીજો પુરૂષ.	તું પડે, પડું.	તમે પડો.
ત્રીજો પુરૂષ.	તે પડે.	તેઓ પડે.

સંશયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
પહેલો પુરૂષ.	(જો) હું પડું.	(જો) અમે પડીએ.

બીજો પુરૂષ.	(જો) તું પડે, પડું.	(જો) તમે પડો.
ત્રીજો પુરૂષ.	(જો) તે પડે.	(જો) તેઓ પડે.

આજ્ઞાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
બીજો પુરૂષ.	તું પડ.	તમે પડો.

વિધ્યર્થ વર્ત્તમાન. (પુરૂષભેદ નથી.)—નાન્યતરજાતિ–પડવું.

ભૂતકાળ.

નિશ્ચયાર્થ. (પુરૂષ ભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
નરજાતિ	પડયો.	પડયા.
નારીજાતિ.	પડી.	પડી, પડીઓ.
નાન્યતર જાતિ.	પડયું.	પડયાં.

સંશયાર્થ. પડત. એ રૂપ બધે ઠેકાણે ચાલે છે.

ચાલુ ભૂતકાળ.

નિશ્ચયાર્થ. (પુરૂષ ભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
નરજાતિ.	પડતો.	પડતા.
નારીજાતિ.	પડતી.	પડતી.
નાન્યતરજાતિ.	પડતું.	પડતાં.

ભવિષ્યકાળ.

નિશ્ચયાર્થ. (જાતિ ભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
પહેલો પુરૂષ.	હું પડીશ.	અમે પડીશું.
બીજો પુરૂષ.	તું પડશે, પડીશ.	તમે પડશો.
ત્રીજો પુરૂષ.	તે પડશે.	તેઓ પડશે.

સંશયાર્થ. (જાતિભેદ નથી.)

એકવચન.		બહુવચન.
પહેલો પુરૂષ.	(જો) હું પડીશ.	(જો) અમે પડીશું.
બીજો પુરૂષ.	(જો) તું પડશે, પડીશ.	(જો) તમે પડશો.
ત્રીજો પુરૂષ.	(જો) તે પડશે.	(જો) તેઓ પડશે.

આજ્ઞાર્થ (જાતિભેદ નથી.)

એકવચન.		બહુવચન.
બીજો પુરૂષ.	તું પડજે.	તમે પડજો.

'પાડ' (કર્મકરૂપ) સાધિત ધાતુનાં રૂપાખ્યાન.

વર્ત્તમાનકાળ.

નિશ્ચયાર્થ. (જાતિભેદ નથી.)

એકવચન.		બહુવચન.
પહેલો પુરૂષ.	હું પાડું.	અમે પાડીએ.
બીજો પુરૂષ.	તું પાડે, પાડું.	તમે પાડો.
ત્રીજો પુરૂષ.	તે પાડે.	તેઓ પાડે.

સંશયાર્થ. (જાતિભેદ નથી.)

એકવચન.		બહુવચન.
પહેલો પુરૂષ.	(જો) હું પાડું.	(જો) અમે પાડીએ.
બીજો પુરૂષ.	(જો) તું પાડે, પાડું.	(જો) તમે પાડો.
ત્રીજો પુરૂષ.	(જો) તે પાડે.	(જો) તેઓ પાડે.

આજ્ઞાર્થ. (જાતિભેદ નથી.)

એકવચન.		બહુવચન.
બીજો પુરૂષ.	તું પાડ.	તમે પાડો.

વિધ્યર્થ વર્ત્તમાન. (પુરૂષભેદ નથી.)

એકવચન.		બહુવચન.
નરજાતિ.	પાડવો.	પાડવા.

નારીજાતિ.	પાડવી.	પાડવી.
નાન્યતરજાતિ.	પાડવું.	પાડવાં.

ભૂતકાળ.

નિશ્ચયાર્થ. (પુરૂષભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
નરજાતિ	પાડયો.	પાડયા.
નારીજાતિ.	પાડી.	પાડી.
નાન્યતરજાતિ.	પાડયું.	પાડયાં.

સંશયાર્થ.—પાડત. એ રૂપ બધે ઠેકાણે ચાલે છે.

ચાલુ ભૂતકાળ.

નિશ્ચયાર્થ. (પુરૂષભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
નરજાતિ.	પાડતો.	પાડતા.
નારીજાતિ.	પાડતી.	પાડતી.
નાન્યતરજાતિ.	પાડતું.	પાડતાં.

ભવિષ્યકાળ.

નિશ્ચયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
પહેલો પુરૂષ.	હું પાડીશ.	અમે પાડીશું.
બીજો પુરૂષ.	તું પાડશે, પાડીશ.	તમે પાડશો.
ત્રીજો પુરૂષ.	તે પાડશે.	તઓ પાડશે.

સંશયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
પહેલો પુરૂષ.	(જો) હું પાડીશ.	(જો) અમે પાડીશું.
બીજો પુરૂષ.	(જો) તું પાડશે, પાડીશ.	(જો) તમે પાડશો.
ત્રીજો પુરૂષ.	(જો) તે પાડશે.	(જો) તેઓ પાડશે.

આજ્ઞાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
બીજો પુરૂષ.	તું પાડજે.	તમે પાડજો.

પડાવ (પ્રેરકરૂપ), **પડાવરાવ** (દ્વિત્ર પ્રેરકરૂપ) **સાધિત** ધાતુનાં રૂપ **'પાડ'** સાધિત ધાતુ પ્રમાણેજ થાય છે.

અપૂર્ણ ક્રિયાપદ.—જે ક્રિયાપદને બધા કાળ લાગતા નથી, તે અપૂર્ણ ક્રિયાપદ કહેવાય છે. જેમ, હો, જોઇએ, ઉભો.

'હો' મૂળ ધાતુનાં રૂપાખ્યાન.

વર્તમાનકાળ.

નિશ્ચયાર્થમાં **'છ'** મૂળ ધાતુનાં રૂપ વપરાય છે.

સંશયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
પહેલો પુરૂષ.	(જો) હું હોઉં.	(જો) અમે હોઈએ.
બીજો પુરૂષ.	(જો) તું હોય, હોઉં.	(જો) તમે હો.
ત્રીજો પુરૂષ.	(જો) તે હોય.	(જો) તેઓ હોય.

ભૂતકાળ.

નિશ્ચયાર્થ. (પુરૂષભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
નરજાતિ.	હતો.	હતા.
નારીજાતિ.	હતી.	હતી.
નાન્યતરજાતિ.	હતું.	હતાં.

સંશયાર્થ.—હોત. એ રૂપ બધે ઠેકાણે ચાલે છે.

ભવિષ્યકાળ.

નિશ્ચયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	**બહુવચન.**
પહેલો પુરૂષ.	હું હોઇશ.	અમે હોઇશું.

બીજો પુરૂષ.	તું હશે, હઈશ, હોઇશ.	તમે હશો.
ત્રીજો પુરૂષ.	તે હશે.	તેઓ હશે.

સંશયાર્થ. (જાતિભેદ નથી.)

	એકવચન.	બહુવચન.
પહેલો પુરૂષ.	(જો) હું હોઇશ.	(જો) અમે હોઈશું.
બીજો પુરૂષ.	(જો) તું હશે, હઈશ, હોઇશ.	(જો) તમે હશો.
ત્રીજો પુરૂષ.	(જો) તે હશે.	(જો) તેઓ હશે.

જોઈએનાં રૂપ. ધાતુ જો.

	નિશ્ચયાર્થ.	સંશયાર્થ.
વર્તમાનકાળ.	જોઈએ.	જોઈએ.
ભૂતકાળ.	...	જોત (જોઈઅત).
ભવિષ્યકાળ.	જોઈશે.	જોઈશે.

ઉભ ધાતુનાં ફક્ત ભૂતકાળમાં ઉભો, ઉભી, ઉભું, ઉભા, ઉભાં; અને વિશેષ ભૂતકાળમાં ઉભેલો, ઉભેલી, ઉભેલું, ઉભેલા, ઉભેલાં એવાં રૂપ થાય છે. બીજા કાળમાં એનાં રૂપ થતાં નથી.

પાઠ ૬ ક્રિયાનાથ.

ક્રિયાનાથ:—ક્રિયાપદનાં જાતિવચન કે પુરૂષવચન જે શબ્દ પ્રમાણે બદલાય છે તેનું નામ ક્રિયાનાથ. જેમ, **છોકરો** આવ્યો, **છોકરી** આવી, **છોકરૂં** આવ્યું, **છોકરા** આવ્યા, **છોકરાં** આવ્યાં. આમાં આવ્યો, આવી, આવ્યું, આવ્યા, અને આવ્યાં ક્રિયાપદનો ક્રિયાનાથ અનુક્રમે છોકરો, છોકરી, છોકરૂં, છોકરા, ને છોકરાં છે; કેમકે તેનાં જાતિવચન ક્રિયાપદને લાગેલાં છે. **હું** જાઉંછું, **અમે** જઈએ છીએ, **તું** જાયછે, **તમે** જાઓછો, **તે** જાયછે, **તેઓ** જાયછે. આમાં જાઉંછું, જઈએ છીએ, જાયછે, જાઓછો, જાય છે, અને જાયછે ક્રિયાપદનો ક્રિયાનાથ અનુક્રમે હું, અમે, તું, તમે, તે, અને તેઓ છે; કેમકે તેનાં પુરૂષવચન ક્રિયાપદને લાગેલાં છે.

કર્ત્તા કર્મ એકજ જાતિવચનમાં હોય, ત્યારે ક્રિયાનાથ નક્કી કરવા વિષે:—તે વખતે કર્ત્તા કર્મને બદલી જોવાં, ને જેના પ્રમાણે ક્રિયાપદ ફરે તે ક્રિયાનાથ છે એમ જાણવું. જેમ, છોકરો લાડુ જમતો. આ વાક્યમાં કર્ત્તા ક્રિયાનાથ છે, કેમકે છોકરાને બદલે છોકરી મૂકીએ તો છોકરી લાડુ જમતી થાય.

જ્યારે નામ ક્રિયાનાથ હોય છે, ત્યારે ક્રિયાપદ ત્રીજા પુરૂષમાં જાય છે; કેમકે સઘળાં નામ ત્રીજા પુરૂષમાં છે. જેમ, **છોકરો** જાય છે. એમાં 'જાયછે' ત્રીજા પુરૂષમાં છે. એમાં છોકરાને ઠેકાણે હું મૂકીએ, તો જાઉં છું થાય; માટે છોકરો ક્રિયાનાથ છે.

પાઠ ૭. પ્રયોગ.

પ્રયોગ:—પ્રયોગ શબ્દનો અર્થ વપરાશ છે. ક્રિયાપદનો પ્રયોગ એટલે તેનું કર્ત્તાના, કર્મના, કે ભાવના (ક્રિયાના) અર્થમાં વપરાવું. આ પરથી પ્રયોગ ત્રણ છે. ૧. **કર્ત્તરિ**, ૨. **કર્મણિ**, ૩. **ભાવેપ્રયોગ.**

કર્ત્તરિપ્રયોગ:—કર્ત્તા ક્રિયાનાથ હોય એટલે કર્ત્તાનાં જાતિવચન કે પુરૂષવચન ક્રિયાપદને લાગે, ત્યારે ક્રિયાપદનો પ્રયોગ કર્ત્તરિ કહેવાય છે. જેમ, હું **જાઉંછું**, તે **આવેછે**, તમે ચોપડી **લખોછો**, હું પાઠ **વાંચીશ**, તમે **જશો**, મગન વાત **કરાવેછે.** અહિં ક્રિયાપદનાં વપરાએલાં રૂપો કર્ત્તાનો બોધ કરે છે, માટે ક્રિયાપદનો પ્રયોગ કર્ત્તરિ કહેવાય.

કર્ત્તરિ પ્રયોગ ક્યારે થાય તે વિષે:—(૧). અકર્મક કે સકર્મક ક્રિયાપદમાં કર્ત્તા પહેલી વિભક્તિમાં હોય છે, ત્યારે કર્ત્તા ક્રિયાનાથ થઈ ક્રિયાપદ કર્ત્તરિ પ્રયોગમાં આવે છે. જેમ, તે જાયછે, હું પાઠ વાંચું છું, તું યશ મેળવીશ, હું દાખલા લખાવું છું, વગેરે.

(૨). અકર્મક ક્રિયાપદ વિધ્યર્થ વર્તમાનકાળ સિવાય, અને સકર્મક ક્રિયાપદ વિધ્યર્થ વર્ત્તમાન ને ભૂતકાળ સિવાય બધા કાળમાં **કર્ત્તરિ રચના***માં કર્ત્તરિ પ્રયોગમાં હોય છે.

કર્મણિ પ્રયોગ:—કર્મ ક્રિયાનાથ હોય, એટલે કર્મનાં જાતિવચન કે પુરૂષવચન ક્રિયાપદને લાગે, ત્યારે ક્રિયાપદનો પ્રયોગ કર્મણિ કહેવાય છે. જેમ, છોકરીએ પાઠ **વાંચ્યો,** તેણે કાગળ **લખ્યો,** રાજાએ દાન **આપવું,** ગંગાએ મગનને **બોલાવ્યો,** ભગુએ ગંગાને **હસાવી,** મારાથી પુસ્તક **લખાયું,** મારાથી કામ **કરાશે.** અહિં વપરાએલાં બધાં ક્રિયાપદોનાં રૂપો કર્મનો બોધ કરે છે, માટે ક્રિયાપદોનો પ્રયોગ કર્મણિ કહેવાય.

કર્મણિ પ્રયોગ ક્યારે થાય તે વિષે:—(૧) સકર્મક ક્રિયાપદમાં કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય છે, ત્યારે કર્મ ક્રિયાનાથ થઈ ક્રિયાપદ કર્મણિપ્રયોગમાં આવે છે. જેમ, તેણે સ્લેટ ફોડી, મેં ચોરને માર્યો. મેં દાખલા લખાવ્યા, વગેરે. કોઇ વખત ચોથી વિભક્તિમાં કર્ત્તા હોય છે. જેમ, અકબરને લડાઈ કરવી પડી.

(૨). કર્મણિ રચનામાં મૂળનો કર્ત્તા પાંચમી વિભક્તિમાં કર્ત્તાથેં આવી કર્મ ક્રિયાનાથ થઈ ક્રિયાપદ કર્મણિપ્રયોગમાં આવે છે. જેમ,

---

* **મૂળભેદ** અને **સહ્યભેદ** આ વ્યાકરણમાં રાખેલ નથી. જેમ કર્મક અને પ્રેરકરૂપ ભેદનો પ્રકાર નથી, પણ ધાતુનો પ્રકાર–સાધિતધાતુ–છે; તેમ મૂળભેદ અને સહ્યભેદ એ પણ ધાતુનો પ્રકાર છે. મૂળભેદ એ **કર્ત્તરિરચના** છે, અને સહ્યભેદ એ **કર્મણિ કે ભાવે રચના** છે. કર્ત્તરિ રચનામાં મૂળધાતુને કાળના પ્રત્યય લાગે છે. જેમ, હું આવુંછું, તે જાય છે, તું આવજે, વગેરે. કર્મણિ કે ભાવે રચનામાં મૂળધાતુને કાળના પ્રત્યય ન લાગતાં ધાતુને છેડે 'આ' કે 'વા' વધી પછી તેને કાળના પ્રત્યય લાગે છે. જેમ, મારાથી વાત કરાય છે, તેનાથી દવા પીવાઈ; તેનાથી દોડાયું, મગનથી જવાશે; વગેરે.

મારાથી વાત કરાય, તારાથી વાત કરાઈ,* તેનાથી વાત કરાશે; મારાથી કામ કરાવાયું. આ વખતે કર્મ પહેલી વિભક્તિમાં આવે છે, કેમકે એ કર્મ ક્રિયાથી ઉક્ત–કહેવાએલું–હોય છે. કર્ત્તરિ રચનામાં જેમ હમેશાં વાક્યમાં કર્ત્તાને ઉદ્દેશીને વાત કરાય છે, તેમ કર્મણિ રચનામાં હમેશાં વાક્યમાં કર્મને ઉદ્દેશીને વાત થાય છે. કર્ત્તરિ રચનામાં કર્ત્તાની, અને કર્મણિ રચનામાં કર્મની પ્રથમા વિભક્તિ **નિર્દેશવાચક** કહેવાય છે. નિર્દેશ એટલે શબ્દ કહેવો તે.

(૩). સકર્મક ક્રિયાપદનો વિધ્યર્થ વર્તમાન અને ભૂતકાળ સિવાય બીજા કોઈપણ કાળમાં કર્મણિ પ્રયોગ થતો નથી. જેમ, મેં પાઠ વાંચ્યો, તેણે કામ કરવું.

અપવાદ:—अ. કેટલાક સકર્મક ધાતુનાં ક્રિયાપદનો કર્ત્તા ભૂતકાળે ત્રીજી વિભક્તિમાં ન આવતાં પહેલી વિભક્તિમાં રહે છે, તેથી તેવાં ક્રિયાપદો ભૂતકાળે કર્ત્તરિપ્રયોગમાં આવે છે. ઉદાહરણ— અડ, અડક, ચૂક, જમ, પામ, બોલ, ભણ, લાવ, વળગ, શીખ, સમજ, ધાવ, બબડ, મળ, વદ, વિસર, ઇત્યાદિ. જેમ, હું વાત ચૂક્યો, છોકરો રોટલી જમ્યો.

ब. કેટલાક સકર્મક ધાતુનાં ક્રિયાપદનો કર્ત્તા ભૂતકાળે પહેલી અગર ત્રીજી વિભક્તિમાં આવે છે, તેથી એમાં ક્રિયાપદનો કર્ત્તા

---

* 'તારાથી વાત કરાઇ'ને બદલે તારાથી વાત બની (થઈ) કોઇક પ્રસંગે વપરાય છે, તેવે ઠેકાણે બની, થઈ અકર્મક ક્રિયાપદ છે. માટે વાત કર્ત્તા લેઈ મારાથી **કરણાર્થે પાંચમી વિભક્તિ** લેવરાવવી. તેવી જ રીતે 'મારાથી પાઠ કરાય છે'ને બદલે 'મારાથી પાઠ કરવામાં આવે છે' (બધાં કર્મણિવાચ્ય ક્રિયાપદો એમ વાપરી શકાય. લવાયું=લાવવામાં આવ્યું) વપરાય તો આવ ધાતુ અકર્મક હોઈ પાંચમી વિભક્તિ કરણાર્થે લેવરાવવી, કેમકે એ ક્રિયાસિદ્ધિનું સાધન છે.

પહેલી વિભક્તિમાં હોય તો કર્ત્તરિ, ને ત્રીજી વિભક્તિમાં હોય તો કર્મણિપ્રયોગ થાય. ઉદાહરણુ—ઓચર, કરડ, જીત, ડશ, તજ, પરણ, ભાખ, ભૂલ, રમ, સાંખ, હાર, ઈત્યાદિ. જેમ, હું વાત ઓચર્યો (કર્ત્તરિ), સાપે ગંગાને કરડી (કર્મણિ).

ભાવેપ્રયોગ:—કર્ત્તા અથવા કર્મ ક્રિયાનાથ ન હોય પણ ક્રિયાપદનો ભાવ ક્રિયાનાથ હોય, એટલે કર્ત્તા અથવા કર્મનાં પુરૂષ, જાતિ, વચન ક્રિયાપદને ન લાગે પણ ક્રિયાપદના ભાવ (ક્રિયા)નાં પુરૂષ, જાતિ, વચન ક્રિયાપદને લાગે; ત્યારે ક્રિયાપદનો પ્રયોગ ભાવે કહેવાય છે. જેમ, છોકરાથી **અવાયું** (આવવાનું કે આવવું થયું), મારાથી **અવાશે** છોકરાએ ત્યાં **આવવું**, મારે ત્યાં **જવું**, પેટમાં **દુખેછે**, મને **ગમે છે**, તમને **ગમતું નથી**. આ બધાં ક્રિયાપદોનાં રૂપો પરથી કર્ત્તા કે કર્મનો બોધ થતો નથી, માત્ર ક્રિયાનો બોધ થાય છે માટે ક્રિયાપદોનો પ્રયોગ ભાવે કહેવાય. ક્રિયાનો ભાવ ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચનમાં હોય છે.

ભાવે પ્રયોગ ક્યારે થાય તે વિષે:—(૧). ભાવે રચનામાં મૂળનો કર્ત્તા પાંચમી વિભક્તિમાં આવે છે, અને ક્રિયાપદનો ક્રિયાનાથ ભાવ થઈ ક્રિયાપદ ભાવે પ્રયોગમાં આવેછે. જેમ, છોકરાથી દોડાયું, મારાથી અવાય છે.

(૨). અકર્મક ક્રિયાપદનો કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોયછે, ત્યારે ક્રિયાપદ ભાવે પ્રયોગમાં આવે છે. તે વખતે ક્રિયાપદ વિધ્યર્થ વર્ત્તમાનકાળમાં હોયછે. જેમ, છોકરે આવવું. કોઇ વખત ચોથી વિભક્તિમાં કર્ત્તા હોય છે. જેમ મગનને જવું છે, તેને જવું પડયું.

(૩). કેટલાંક અકર્મક ક્રિયાપદને કર્ત્તા હોતો નથી, ત્યારે તે **ભાવકર્તૃક** ક્રિયાપદ કહેવાય છે. એવે પ્રસંગે ક્રિયાનો ભાવ કર્ત્તા માનવામાં આવેછે. જેમ, પેટમાં દુખે છે, મને રાજકોટમાં **ગમે** છે,

ધણીધણીઆણીને **બનેછે.** આવાં ક્રિયાપદના પદચ્છેદમાં ભાવ કર્ત્તા કહી ભાવે પ્રયોગ કહેવો. કેટલેક પ્રસંગે આવાં ક્રિયાપદોમાં કર્ત્તા સ્પષ્ટ જણાય છે, ત્યારે પદચ્છેદમાં ભાવ કર્તા કહેવાની જરૂર નથી. જેમ, પેટમાં **ગાંઠ** દુખે છે, મને આ **ચોપડી** ગમે છે, માઠો **બનાવ** બન્યો.

મનોયત્ન.

નીચેનાં કર્ત્તરિ રચનાવાળાં વાકયોને **ભાવે** કે **કર્મણિ રચનામાં** લાવી બતાવ્યાં છે.

(૧). મગન દોડે છે. (મગનથી દોડાય છે.)
(૨). મગન પાઠ વાંચે છે. (મગનથી પાઠ વંચાય છે)
(૩). મેં દવા પીધી. (મારાથી દવા પીવાઈ.)
(૪). મગન રોટલી જમ્યો. (મગનથી રોટલી જમાઈ.)
(૫). મજૂરે ઝાડ પાડયું. (મજૂરથી ઝાડ પડાયું.)
(૬). અમે આંક લખાવીએ છીએ. (અમારાથી આંક લખાવાય છે.)
(૭). તેણે ભીંત પડાવરાવી. (તેનાથી ભીંત પડાવરાવાઈ)
(૮). છગને મનસુખને દાખલો શિખવ્યો. (છગનથી મનસુખને દાખલો શિખવાયો.)
(૯). ચંડાળે વેપારીને કપડું વેચ્યું. (ચંડાળથી વેપારીને કપડું વેચાયું.)
(૧૦). તેણે મને પાણી પાયું. (તેનાથી મને પાણી પવાયું.)

નીચેનાં ભાવે કે કર્મણિ રચનાવાળાં વાકયોને **કર્ત્તરિ રચનામાં** લાવી બતાવ્યાં છે.

(૧). તેનાથી અવાશે. (તે આવશે.).
(૨). મારાથી ઝાડે ચઢાયું. (હું ઝાડે ચઢયો.)
(૩). મગનથી દાખલો ગણાય છે. (મગન દાખલો ગણે છે.)
(૪). મારાથી તેને બે બોલ બોલાયા. (હું તેને બે બોલ બોલ્યો.)
(૫). શિક્ષકથી છોકરાંને નવી ચોપડી મંડાવાઈ. (શિક્ષકે છોકરાંને નવી ચોપડી મંડાવી.)
(૬). તારાથી મને ગુણ કરાયો છે. (તેં મને ગુણ કર્યો છે.)

પાઠ ૮. શુદ્ધ કાળનાં ક્રિયાપદોનું પદચ્છેદ.

શુદ્ધકાળના ક્રિયાપદના પદચ્છેદમાં પ્રથમ કર્ત્તા, કર્મ (હોય તો) કહી ક્રિયાપદની જાત, પછી ધાતુ, રૂપ (હોય તો), અર્થ, કાળ, ક્રિયાનાથ કહી તેનાં પુરૂષ, જાતિ, વચન, અને છેવટે પ્રયોગ કહેવો. ઉદાહરણ—

૧. તે છોકરો ગામ જાય.

'જાય':—કર્ત્તા તે છોકરો, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, જા ધાતુ, નિશ્ચાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા 'તે છોકરો' ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિપ્રયોગ.

૨. તે ત્યાં છે.

'છે':—કર્ત્તા તે, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, છ ધાતુ, નિશ્ચયાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા 'તે', ત્રીજો પુરૂષ, એકવચન, અકર્મક કર્ત્તરિપ્રયોગ.

૩. લલ્લુ, નકશો ચીતર.

'ચીતર':—કર્ત્તા તું (અધ્યાહાર), કર્મ નકશો માટે સકર્મક ક્રિયાપદ, ચીતર ધાતુ, આજ્ઞાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા તું, બીજો પુરૂષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

૪. માવજીએ બાવળ પાડયો.

'પાડયો'—કર્ત્તા માવજીએ, કર્મ બાવળ માટે સકર્મક ક્રિયાપદ, પડ ધાતુનું કર્મકરૂપ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ કર્મ બાવળ, ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, કર્માણુપ્રયોગ.

૫. લલ્લુએ લખીને પુછાવ્યું.

'પુછાવ્યું':—કર્ત્તા લલ્લુએ, કર્મ પૂછવાનું (આગલું વાક્ય) માટે સકર્મક ક્રિયાપદ, પૂછ ધાતુનું પ્રેરકરૂપ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ કર્મ પૂછવાનું, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, કર્મણિપ્રયોગ.

૬. ભગુ ચાર આંક શીખ્યો.

'શીખ્યો':—કર્ત્તા ભગુ, કર્મ આંક માટે સકર્મક ક્રિયાપદ, શીખ ધાતુ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ કર્ત્તા ભગુ, ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

. મારાથી બેસાયું.

'બેસાયું':—કર્ત્તા મારાથી, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, બેસ ધાતુ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુરૂષ, નાન્ય· તરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૮. છોકરાંએ હમેશાં નિશાળે આવવું.

'આવવું':—કર્ત્તા છોકરાંએ, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, આવ ધાતુ, આજ્ઞાર્થ, વિધ્યર્થ વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૯. તેને બનશે.

'બનશે':—કર્ત્તા ક્રિયાનો ભાવ, કર્મ નથી માટે અકર્મક ક્રિયા પદ, બન ધાતુ, નિશ્ચયાર્થ, ભવિષ્યકાળ, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવેપ્રયોગ.

૧૦. તેનાથી આ હિસાબ નહિ ગણાય.

'ગણાય':—કર્ત્તા તેનાથી, કર્મ હિસાબ માટે સકર્મક ક્રિયાપદ, ગણ ધાતુ, નિશ્ચયાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્મ હિસાબ, ત્રીજો પુરૂષ નરજાતિ, એક વચન, કર્મણિ પ્રયોગ.

૧૧. મેં ત્રણ દાખલા ગણાવરાવ્યા.

'ગણાવરાવ્યા':—કર્ત્તા મેં, કર્મ દાખલા માટે સકર્મક ક્રિયા- પદ, ગણ ધાતુનું દ્વિત પ્રેરકરૂપ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ કર્મ દાખલા, ત્રીજો પુરૂષ, નરજાતિ, બહુવચન, કર્મણિપ્રયોગ.

૧૨. તમે મને રજા આપો.

'આપો':—કર્ત્તા તમે, કર્મ રજા માટે સકર્મક ક્રિયાપદ, આપ ધાતુ, આજ્ઞાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા તમે, બીજો પુરૂષ, બહુવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

૧૩. જ્યારે તમે આવશો ત્યારે હું જઈશ.

'આવશો':—કર્ત્તા તમે, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, આવ ધાતુ, સંશયાર્થ, ભવિષ્યકાળ, ક્રિયાનાથ કર્ત્તા તમે, બીજો પુરૂષ, બહુવચન, અકર્મક કર્ત્તરિપ્રયોગ.

પાઠ ૯. કૃદંત.

૧. આ છોકરાનું વાંચવું ઠીક છે.
૨. તેને ખાવું ગમે છે.
૩. આ દુનિઆમાં સાચું બોલનારા થોડા છે.
૪. દોડતો ઘોડો પડયો.
૫. લખી વાત મિથ્યા ન થાય.
૬. ખાધેલું અન્ન પચ્યું નહિ.
૭. આ ઘણું સુંદર ગાયન ગાનારી બાઈ જાય છે.
૮. હું મુંબઈ જવાનો છું.
૯. આ છોકરો ચોપડો લખીને જતો રહ્યો.
૧૦. છોકરાં ગેડીદડે રમીને થાક્યાં.

પહેલા વાક્યમાં 'વાંચવું' શબ્દ 'છે' ક્રિયાપદનો કર્ત્તા છે, બીજા વાક્યમાં 'ખાવું' શબ્દ 'ગમે છે' ક્રિયાપદનો કર્ત્તા છે, અને ત્રીજા વાક્યમાં 'બોલનારા' શબ્દ 'છે' ક્રિયાપદનો કર્ત્તા છે. વાંચવું, ખાવું, અને બોલનારા શબ્દમાં ક્રિયા સાથે નામનો અર્થ રહેલ છે.

ચોથા વાક્યમાં 'દોડતો' શબ્દ ઘોડાનું, પાંચમા વાક્યમાં

'લખી' શબ્દ વાતનું, છઠ્ઠા વાક્યમાં 'ખાધેલું' શબ્દ અન્નનું, ને સાતમા વાક્યમાં 'ગાનારી' શબ્દ બાઇનું વિશેષણ છે. એ શબ્દોમાં ક્રિયા સાથે વિશેષણનો અર્થ રહેલો છે. આઠમા વાક્યમાં 'જવાનો' શબ્દ 'છું' ક્રિયાપદનું પૂરક છે. એ વિધિવાચક વિશેષણ છે, એમાં ક્રિયા સાથે વિશેષણનો અર્થ રહેલો છે.

નવમા વાક્યમાં 'લખીને' શબ્દ 'જતો રહ્યો' ક્રિયાપદનું ક્રિયાવિશેષણ છે, એટલે એમાં ક્રિયા સાથે અવ્યયનો અર્થ રહેલો છે; તેમજ દશમા વાક્યમાં 'રમીને' શબ્દમાં ક્રિયા સાથે અવ્યયનો અર્થ રહેલો છે.

જે શબ્દમાં ક્રિયા સાથે નામ, વિશેષણ, કે અવ્યયનો અર્થ રહેલો હોય તેને કૃદંત કહે છે.

કૃદંત અને ક્રિયાપદમાં ફેર એટલોજ કે ક્રિયાપદથી વાક્ય બને, પણ કૃદંતથી ન બને; તોપણ ક્રિયાપદને જેમ કર્મ, ક્રિયાવિશેષણ, કે ક્રિયાવિશેષણના અર્થમાં વપરાતાં નામ લાગે છે, તેમ કૃદંતને પણ લાગે છે. ઉપલાં વાક્યમાં તે આપણે તપાસીએ.

પહેલા વાક્યમાં 'વાંચવું' કૃદંતનામનો વધારો 'આ છોકરાનું' શબ્દથી થયેલ છે. ત્રીજા વાક્યમાં 'બોલનારા' કૃદંતનામનો વધારો 'સાચું' ક્રિયાવિશેષણથી થયેલ છે. સાતમા વાક્યમાં 'ગાનારી' કૃદંતવિશેષણનું 'ગાયન' કર્મ છે, 'સુંદર' 'ગાયન'નું વિશેષણ છે, 'ઘણું' 'સુંદર'નું વિશેષણ છે, 'ઘણું સુંદર ગાયન ગાનારી' આ શબ્દસમૂહ કર્ત્તા 'બાઈ'નો વધારો છે. આઠમા વાક્યમાં 'મુંબઈ' શબ્દ 'જવાનો' કૃદંત વિશેષણનું સ્થળ બતાવે છે. નવમા વાક્યમાં 'ચોપડો' શબ્દ 'લખીને' કૃદંત અવ્યયનું કર્મ છે, 'ચોપડો લખીને' શબ્દસમૂહ કાળદર્શક ક્રિયાવર્ધક છે. દશમા વાક્યમાં 'ગેડીદડે' શબ્દ 'રમીને' કૃદંતઅવ્યયનો વધારો (નામથી થયેલ) છે, 'ગેડીદડે રમીને' શબ્દસમૂહ કારણદર્શક ક્રિયાવર્ધક છે.

કાળ પ્રમાણે કૃદંતના પ્રકાર.

(૧). **વર્ત્તમાનકૃદંત:**—ખાતો, ખાતી, ખાતું.		
(૨). **ભૂતકૃદંત:**—ખાધો, ખાધી, ખાધું.		
(૩). **ભવિષ્યકૃદંત:**–ખાવાનો, ખાવાની, ખાવાનું.	}	**વિશેષણ.**
(૪). **વિશેષભૂતકૃદંત:**—ખાધેલો, ખાધેલી, ખાધેલું, ખાધેલ.		
(૫). **સામાન્યકૃદંત:**—ખાવો, ખાવી, ખાવું.	}	**નામ.**
(૬). **કર્ત્તૃવાચક કૃદંત:**—ખાનારો, ખાનારી, ખાનારૂં, ખાનાર.		
(૭). **સંબંધક ભૂતકૃદંત:**—ખાઈ, ખાઇને.		**અવ્યય.**

વર્ત્તમાન કૃદંત ચાલતો, ભૂતકૃદંત ગયો, અને ભવિષ્યકૃદંત આવવાનો વખત બતાવે છે. વિશેષભૂતકૃદંત ક્રિયા ઘણા વખત પહેલાંની થઇ ચૂકેલી છે એમ બતાવે છે. સામાન્યરૂપ કૃદંતના રૂપ પરથી ચોકસ કાળ જણાતો નથી. કર્ત્તૃવાચક કૃદંત કર્ત્તાના અર્થમાં વપરાય છે. 'ખાઇને જઇશ' એ રૂપ 'ખાઈશ અને જઈશ' નું ટુંકું છે. 'ખાઇને' કૃદંત, ખાવાની અને જવાની ક્રિયાને સાંધે છે, માટે એને 'સંબંધક ભૂતકૃદંત' કહે છે. 'ખાઇને' એનો અર્થ 'ખાધા પછી' એવો થાય છે.

કૃદંત નામ.

ધાતુ પર સામાન્ય કૃદંતના પ્રત્યય વો, વી, વું; અને કર્ત્તૃવાચક કૃદંતના પ્રત્યય નારો, નારી, નારૂં, નાર લગાડવાથી **કૃદંત નામ** બને છે. જેમ, કર ધાતુ પરથી કરવો, કરવી, કરવું; કરનારો, કરનારી, કરનારૂં, ને કરનાર.

કૃદંત નામને જાતિ, વચન, ને વિભક્તિ લાગે છે. જેમ, કરવું, કરવા, કરવાને, કરનારનું, ઈત્યાદિ.

પદચ્છેદને લગતી સૂચનાઃ—

(૧) વો, વી, વું, પ્રત્યયથી કૃદંતનામ તથા ક્રિયાપદ બને છે. જો વાક્યને છેડે આવે તો ક્રિયાપદ, ને અંદર આવે તો કૃદંત નામ. જેમ, તેનું **વાંચવું** સારૂં નથી (કૃદંત નામ), હમેશાં વહેલાં ઊઠીને **વાંચવું** (ક્રિયાપદ).

(૨). વો, વી, વું, પ્રત્યયવાળાં કૃદંતનામ જ્યારે પહેલી વિભક્તિમાં હોય છે, ત્યારે તેને તેના ક્રિયાનાથનાં જાતિવચન લાગે છે. જેમ, ચોપડી **લખવી** સારી છે, પણ જ્યારે પહેલી સિવાય બીજી હરકોઈ વિભક્તિમાં હોય છે, ત્યારે તે નાન્યતરજાતિના એકવચનમાં છે. જેમ, ગંગા ચોપડી **લખવા** બેઠી.

(૩). વો, વી, વું પ્રત્યયવાળાં કૃદંતનામને છઠ્ઠી વિભક્તિનો **ને** પ્રત્યય ઘણી વખત અધ્યાહાર રહે છે. જેમ, તે પાણી **પીવા** ગયો (પીવાને સારૂ).

કાજે, માટે, લીધે, અર્થે, સારૂ શબ્દો જે નામ સાથે જોડાયા હોય, તે નામ ખરૂં જોઇએ તો ચોથી વિભક્તિમાં છે; પણ કાજે, માટે વગેરે અવ્યયો નામયોગી છે, તેથી જે નામને તે અવ્યયો લાગેલા હોય, તે નામ **છઠ્ઠી** વિભક્તિમાં લેવાય છે. 'પીવાને સારૂ' એમાં 'પીવાને' છઠ્ઠી વિભક્તિમાં છે, ને 'સારૂ' નામયોગી અવ્યય છે, પણ 'પીવાને સારૂ' શબ્દ સમુદાય તો **ચોથી** વિભક્તિમાંજ લેવાય. 'પીવાને સારૂ' ને બદલે 'પીવા' અગર 'પીવાને' વપરાય, ને 'સારૂ' નામયોગીનો અધ્યાહાર હોય; તો 'પીવા' અગર 'પીવાને' **ચોથી** વિભક્તિમાં લેવાય.

૪. કર્તૃવાચક કૃદંત પછી વિશેષ્ય આવેલો હોય, તો તેનું પદચ્છેદ કૃદંત વિશેષણ કરવું. જેમ, માબાપનું કહ્યું ન **માનનારાં** બાળક દુખી થાય છે. કર્તૃવાચક કૃદંત વાક્યને છેડે આવે તો તેનું પદચ્છેદ ક્રિયાપદ થાય, જેમ હું તો ત્યાં **જનારો** (ભવિષ્યકાળાર્થે).

(૫). કૃદંત નામમાં જ્યારે ક્રિયાનો અર્થ ન જણાય, ત્યારે તેને ફક્ત નામ કહેવાં. જેમ, માર, રહેંણી, ભણુતર, દળામણ, ખાનપાન, મરણ, ઘેરો, ચરાઈ, ઈત્યાદિ.

કૃદંત વિશેષણ.

ધાતુ પર વર્ત્તમાન કૃદંતના પ્રત્યય તો, તી, તું; ભૂતકૃદંતના પ્રત્યય યો, ઈ, યું; ભવિષ્ય કૃદંતના પ્રત્યય વાનો, વાની, વાનું; અને વિશેષભૂત કૃદંતના પ્રત્યય એલો, એલી, એલું, એલ લગાડવાથી **કૃદંત વિશેષણ** બને છે. જેમ, કર ધાતુ પરથી કરતો, કરતી, કરતું; કર્યો, કરી, કર્યું; કરવાનો, કરવાની, કરવાનું; કરેલો, કરેલી, કરેલું, કરેલ.

કૃદંત વિશેષણને તેના વિશેષ્યનાં જાતિવચન લાગે છે, પણ વિભક્તિના છૂટા પ્રત્યય લાગતા નથી. જ્યારે તે તેના વિશેષ્ય વિના એકલાં આવે છે, ત્યારે સર્વે વિભક્તિઓ તેને લાગે છે. જેમ, **છાપેલા** કાગળને, **સુતેલાને** ન જગાડો, ઈ૦.

પદચ્છેદને લગતી સૂચના:—

(૧). સઘળી જાતનાં કૃદંત વિશેષણો વિશેષ્યની સાથે આવે તો કૃદંત વિશેષણ, એકલાં આવે તો કૃદંત નામ, અને વાક્યને છેડે આવે તો ક્રિયાપદ થાય છે. ઉદાહરણ.—

કોઈ **ચાલતા** બળદને આર ન દે, **લખી** વાત મિથ્યા ન થાય, તે કાલે **આવવાનો** છે, સરકારમાં **છાપેલી** અરજી મોકલવી. આ વાક્યોમાં ચાલતા, લખી, આવવાનો, અને છાપેલી કૃદંત વિશેષણ છે.

સૌને **ખાતાં** આવડે (કર્ત્તાર્થે), છોકરૂં **બોલતાં** શીખ્યું (કર્માર્થે), કામ **કર્યાથી** ફાયદો થશે, મને **લખવાનું** ગમે છે, **થુંકેલું** ન ગળાય. આ વાક્યોમાં ખાતાં, બોલતાં, કર્યાથી, લખવાનું અને થુંકેલું કૃદંત નામ છે. કેટલાક **છાપવાની** કળા, **લખવાની** શાહી, **વાંચ-**

વાની બાધા. એમાં છાપવાની, લખવાની. અને વાંચવાની કૃદંત વિશેષણમાં લે છે, પરંતુ તે ઠેકાણે તે કૃદંત નામ જ છે. વિશેષણ જેવો અર્થ સંબંધ બતાવનાર છઠ્ઠી વિભક્તિ લાગવાથી તેમાં આવે છે. કૃદંત વિશેષણ જ્યારે કૃદંત નામના અર્થમાં વપરાય છે, ત્યારે તે ન્યાયતરજાતિના એકવચનમાં આવે છે.

તે હમેશાં ચાર પાઠ **વાંચતો,** ગંગા કાશી **ગઈ,** આ કામ તો તું જ **કરવાનો,** આ ચોપડી તેણે **લખેલી.** આમાં વાંચતો, ગઈ, કરવાનો, અને લખેલી કૃદંતો, ક્રિયાપદ તરીકે વપરાયલા છે.

(૨). સંસ્કૃતમાં **ત** અથવા **ક્ત** પ્રત્યય ધાતુ પર આવવાથી ભૂતકૃદંત બને છે, એવાં કેટલાંક ભૂતકૃદંત ગુજરાતી ભાષામાં કૃદંત તરીકે વપરાય છે, તેનું વ્યાકરણ કૃદંતવિશેષણ કરવું. જેમ, ગત, મોહિત, ચકિત, દત્ત, ઉત્પન્ન, ઇ૦.

(૩). કૃદંત વિશેષણમાં જ્યારે ક્રિયાનો અર્થ ન જણાય ત્યારે તેને ફક્ત વિશેષણ કહેવાં. જેમ, કરડકણો (કૂતરો), મારકણો (સાંઢ), લડકારી (વહૂ), સુધરેલી (પ્રજા), અડીએલ (ઘોડો).

કૃદંત અવ્યય.

ધાતુ પર સંબંધક ભૂતકૃદંતના ઈ અને ઈને પ્રત્યય લગાડવાથી **કૃદંત અવ્યય** બને છે. જેમ કર ધાતુપરથી કરી, કરીને.

પદચ્છેદને લગતી સૂચના:—

(૧). **ઈ, યાં, તાં** પ્રત્યયથી કૃદંત વિશેષણ અને કૃદંત અવ્યય બને છે. જો તે તેના વિશેષ્ય પ્રમાણે ફરતાં હોય તો કૃદંત વિશેષણ, અને ન ફરતાં હોય તો કૃદંત અવ્યય જાણવાં. જેમ, **ગઈ** તિથિ બ્રાહ્મણ ન વાંચે, મને **કર્યાં** કર્મ નડે છે, મેં **દોડતાં** ઘોડાં જોયાં. આ વાક્યોમાં ગઈ, કર્યાં, અને દોડતાં કૃદંત વિશેષણ છે. આ છોકરો

ચોપડો **લખી** જતો રહ્યો, તે વાત **વાંચ્યાં** કરે છે, ગંગા કામ **કરતાં** થાકી ગઈ. આ વાક્યોમાં લખી, વાંચ્યાં, અને કરતાં કૃદંત અવ્યય છે.

(૨). કૃદંત વિશેષણને એ પ્રત્યય લાગી ક્રિયાપદનો ગુણ બતાવે છે, ત્યારે તે કૃદંત અવ્યય થાય છે. જેમ, આ કામ **રહેતે રહેતે** થશે, તું **બોલ્યે** જા.

(૩). કૃદંત અવ્યયમાં જ્યારે ક્રિયાનો અર્થ ન જણાય, ત્યારે તેને ફક્ત અવ્યય કહેવાં. જેમ, **કરતાં** મુકાબલો કરવામાં વપરાય છે તે નામયોગી અવ્યય છે, **કરીને** વડે (છરીએ કરીને કપાયું) અથવા નામે (મગન કરીને છોકરો હશે) ના અર્થમાં વપરાય છે, ત્યાં તે નામયોગી અવ્યય છે. લીધે, લગણ, વળી, વળતી, છો, છોને એ ધાતુ-પરથી થયેલા અવ્યયો છે.

મૂળ ધાતુ પરથી કર્ત્તરિ રચનામાં જેમ કૃદંતો થાય છે, તેમ પ્રેરક અને ભાવે કે કર્મણિ રચનામાં પણ કૃદંતનાં રૂપો થાય છે. જેમકે:—

	કર્ત્તરિ.	ભાવે.	કર્મણિ.
મૂળ રૂપ જા.	જતો.	જવાતું.	...
મૂળ રૂપ લખ.	લખતો.	...	લખાતો.
પ્રેરક રૂપ લખાવ.	લખાવતો.	...	લખાવાતો.

અપૂર્ણ ધાતુ:—'છ' ધાતુ પરથી છતો, છતી, છતું, છતા, છતાં; **'હો'** ધાતુ પરથી, હોવો, હોવી, હોવું, હોનારો, હોનારી, હોનારૂં, હોનાર, હોઈ, હોઇ ને, હોતાં; **'જો'** ધાતુ પરથા જોઈતો, જોઈતી, જોઈતું, જોઈતા, જોઈતાં; અને ' **ઉભ** ' ધાતુપરથી ઉભો, ઉભી, ઉભું, ઉભા, ઉભાં, ઉભેલો, ઉભેલી, ઉભેલું, ઉભેલા, ઉભેલાં, ઉભેલ કૃદંત થાય છે.

પાઠ ૧૦. મિશ્રકાળ.

સાહાય્યકારક ક્રિયાપદ:—કાળમાં મદદ કરવાને એક ક્રિયાપદની જોડે બીજાં ક્રિયાપદ આવે છે, એ જોડે આવનાર ક્રિયાપદને સાહાય્યકારક ક્રિયાપદ કહે છે. જેમ, કરતો હોઉં, કર્યું છે, કરવાનો હું, કરેલું હતું, કરવું હતું. એમાં હોઉં, છે, હું, હતું, અને હતું સાહાય્યકારક ક્રિયાપદ છે.

સાહાય્યકારક ક્રિયાપદ જેની જોડે આવે છે, તેને **મુખ્ય ક્રિયાપદ** કહે છે. ઉપલાં ઉદાહરણમાં કરતો, કર્યું, કરવાનો, કરેલું, કરવું એ મુખ્ય ક્રિયાપદ છે.

'છ' અને **'હો'** ધાતુનાં ક્રિયાપદ કાળમાં મદદ (**મિશ્રકાળ**) કરવાને આવે છે. જેમ, રમવું **છે**, લખ્યો **છે**, લખવાનો **છું**, વાંચેલું છે, લખ્યો **હતો**, લખતો **હોઉં**, લખવાના **હશો**, ઇત્યાદિ.

હમેશાં મુખ્ય ક્રિયાપદ પહેલું અને સાહાય્યકારક ક્રિયાપદ પછી આવે છે, પણ કોઈ વખત સાહાય્યકારક ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદની પહેલાં આવે છે. જેમ, તે નથી આવવાનો. આમાં 'નથી' સાહાય્યકારક ક્રિયાપદ ને 'આવવાનો' મુખ્ય ક્રિયાપદ છે.

વર્તમાન, ભૂત, ભવિષ્ય, વિશેષભૂત, અને સામાન્ય કૃદંતની સાથે **છ** અને **હો** ધાતુનાં સાહાય્યકારક ક્રિયાપદ આવવાથી **મિશ્રકાળ** બને છે. તેવા મિશ્રકાળ મુખ્ય પંદર છે, તે નીચે પ્રમાણે.

૧. **દ્વિત્વ વર્તમાન.** કરતો હોય. (વર્તમાન કૃદંત+હો ધાતુનો વર્તમાનકાળ.)

૨. **વર્તમાનભૂત.** કરતો હતો. (વર્તમાન કૃદંત+હો ધાતુનો ભૂતકાળ.)

૩. **વર્તમાનભવિષ્ય.** કરતો હશે. (વર્તમાન કૃદંત+હો ધાતુનો ભવિષ્યકાળ.)

૪. **ભૂતવર્ત્તમાન.** કર્યો છે. (ભૂત કૃદંત+છ ધાતુનો વર્ત્તમાન કાળ.)

૫. **દ્વિત્વભૂત.** કર્યો હતો. (ભૂત કૃદંત+હો ધાતુનો ભૂતકાળ.)

૬. **ભૂતભવિષ્ય.** કર્યો હશે. (ભૂત કૃદંત+હો ધાતુનો ભવિષ્યકાળ.)

૭. **ભવિષ્યવર્ત્તમાન.** કરવાનો છે. (ભવિષ્ય કૃદંત+છ ધાતુનો વર્ત્તમાનકાળ.)

૮. **ભવિષ્યભૂત.** કરવાનો હતો. (ભવિષ્ય કૃદંત+હો ધાતુનો ભૂતકાળ.)

૯. **દ્વિત્વભવિષ્ય.** કરવાનો હશે. (ભવિષ્ય કૃદંત+હો ધાતુનો ભવિષ્યકાળ.)

૧૦. **વિશેષભૂત વર્ત્તમાન.** કરેલો છે. (વિશેષભૂત કૃદંત+છ ધાતુનો વર્ત્તમાનકાળ.)

૧૧. **વિશેષ દ્વિત્વભૂત.** કરેલો હતો. (વિશેષભૂત કૃદંત+હો ધાતુનો ભૂતકાળ.)

૧૨. **વિશેષભૂત ભવિષ્ય.** કરેલો હશે. (વિશેષભૂત કૃદંત+હો ધાતુનો ભવિષ્યકાળ.)

૧૩. **વિધ્યર્થ દ્વિત્વવર્ત્તમાન.** કરવો છે. (વિધ્યર્થ કૃદંત+છ ધાતુનો વર્ત્તમાનકાળ.)

૧૪. **વિધ્યર્થ વર્ત્તમાન ભૂત.** કરવો હતો. (વિધ્યર્થ કૃદંત+હો ધાતુનો ભૂતકાળ.)

૧૫. **વિધ્યર્થ વર્ત્તમાન ભવિષ્ય.** કરવો હશે. (વિધ્યર્થ કૃદંત+હો ધાતુનો ભવિષ્યકાળ.)

ઉપર બતાવેલા પંદર મિશ્રકાળોમાં જેને છેડે ભવિષ્યકાળ આવે છે, તે ઘણુંકરીને સંશયાર્થમાં વપરાય છે; બાકીના મિશ્રકાળો બંને અર્થમાં વપરાય છે.

સંબંધક ભૂત કૃદંતની સાથે સાહાય્યકારક ક્રિયાપદ આવી શકતું નથી.

'જા' ધાતુનાં મિશ્રકાળનાં રૂપાખ્યાન.

દ્વિત્વ વર્ત્તમાનકાળ.

નિશ્ચયાર્થ.		સંશયાર્થ.	
હું જાઉંછું.	અમે જઇએ છીએ.*	હું જતો હોઉં.	અમે જતા હોઇએ;
તું જાય છે.	તમે જાઓ છો.	તું જતો હોય.	તમે જતા હો.
તે જાય છે.	તેઓ જાય છે.	તે જતો હોય.	તેઓ જતા હોય.

વર્ત્તમાન ભૂતકાળ.

હું જતો હતો.	અમે જતા હતા.	હું જતો હોત.	અમે જતા હોત.
તું જતો હતો.	તમે જતા હતા.	તું જતો હોત.	તમે જતા હોત.
તે જતો હતો.	તેઓ જતા હતા.	તે જતો હોત.	તેઓ જતા હોત.

વર્ત્તમાન ભવિષ્યકાળ.

		હું જતો હોઇશ.	અમે જતા હોઇશું.
		તું જતો હશે.	તમે જતા હશો.
		તે જતો હશે.	તેઓ જતા હશે.

ભૂત વર્ત્તમાનકાળ.

હું ગયો છું.	અમે ગયા છીએ.	હું ગયો હોઉં.	અમે ગયા હોઇએ.
તું ગયો છે.	તમે ગયા છો.	તું ગયો હોય.	તમે ગયા હો.
તે ગયો છે.	તેઓ ગયા છે.	તે ગયો હોય.	તેઓ ગયા હોય.

દ્વિત્વ ભૂતકાળ.

હું ગયો હતો.	અમે ગયા હતા.	હું ગયો હોત.	અમે ગયા હોત.

---

* ચોથા ધોરણમાં સરળતા ખાતર દ્વિત્વ વર્ત્તમાનકાળને વર્ત્તમાનકાળ કહ્યો છે.

તું ગયો હતો. તમે ગયા હતા. તું ગયો હોત. તમે ગયા હોત.
તે ગયો હતો. તેઓ ગયા હતા. તે ગયો હોત. તેઓ ગયા હોત.

ભૂત ભવિષ્યકાળ.

હું ગયો હોઇશ. અમે ગયા હોઇશું.
તું ગયો હશે. તમે ગયા હશો.
તે ગયો હશે. તેઓ ગયા હશે.

ભવિષ્ય વર્ત્તમાનકાળ.

હું જવાનો છું. અમે જવાના છીએ. હું જવાનો હોઉં.
અમે જવાના હોઇએ.
તું જવાનો છે. તમે જવાના છો. તું જવાનો હોય.
તમે જવાના હો.
તે જવાનો છે. તેઓ જવાના છે. તે જવાનો હોય.
તેઓ જવાના હોય.

ભવિષ્ય ભૂતકાળ.

હું જવાનો હતો. અમે જવાના હતા. હું જવાનો હોત.
અમે જવાના હોત.
તું જવાનો હતો. તમે જવાના હતા. તું જવાનો હોત.
તમે જવાના હોત.
તે જવાનો હતો. તેઓ જવાના હતા. તે જવાનો હોત.
તેઓ જવાના હોત.

દ્વિત્વ ભવિષ્યકાળ.

હું જવાનો હોઇશ. અમે જવાના હોઇશું.
તું જવાનો હશે. તમે જવાના હશો.
તે જવાનો હશે. તેઓ જવાના હશે.

વિશેષભૂત વર્ત્તમાનકાળ.

હું ગયેલો છું. અમે ગયેલા છીએ. હું ગયેલો હોઉં. અમે ગયેલા હોઇએ.
તું ગયેલો છે. તમે ગયેલા છો. તું ગયેલો હોય. તમે ગયેલા હો.
તે ગયેલો છે. તેઓ ગયેલા છે. તે ગયેલો હોય. તેઓ ગયેલા હોય.

વિશેષ દ્વિત્વભૂતકાળ.

હું ગયેલો હતો. અમે ગયેલા હતા. હું ગયેલો હોત. અમે ગયેલા હોત.
તું ગયેલો હતો. તમે ગયેલા હતા. તું ગયેલો હોત. તમે ગયેલા હોત.
તે ગયેલો હતો. તેઓ ગયેલા હતા. તે ગયેલો હોત. તેઓ ગયેલા હોત.

વિશેષભૂત ભવિષ્યકાળ.

હું ગયેલો હોઇશ. અમે ગયેલા હોઈશું.
તું ગયેલો હશે. તમે ગયેલા હશો.
તે ગયેલો હશે. તેઓ ગયેલા હશે.

વિધ્યર્થ દ્વિત્વ વર્ત્તમાનકાળ.

મારે જવું છે. અમારે જવું છે. મારે જવું હોય. અમારે જવું હોય.
તારે જવું છે. તમારે જવું છે. તારે જવું હોય. તમારે જવું હોય.
તેને જવું છે. તેઓને જવું છે. તેને જવું હોય. તેઓને જવું હોય.

વિધ્યર્થ વર્ત્તમાન ભૂતકાળ.

મારે જવું હતું. અમારે જવું હતું. મારે જવું હોત. અમારે જવું હોત.
તારે જવું હતું. તમારે જવું હતું. તારે જવું હોત. તમારે જવું હોત.
તેને જવું હતું. તેઓને જવું હતું. તેને જવું હોત. તેઓને જવું હોત.

વિધ્યર્થ વર્ત્તમાન ભવિષ્યકાળ.

મારે જવું હશે. અમારે જવું હશે.
તારે જવું હશે. તમારે જવું હશે.
તેને જવું હશે. તેઓને જવું હશે.

ભાવે રચના.

	૩. પુ. નિશ્ચયાર્થ.	૩. પુ. સંશયાર્થ.
દ્વિત્વ વર્ત્તમાન.	જવાય છે.	જવાતું હોય.
વર્ત્તમાનભૂત.	જવાતું હતું.	જવાતું હોત.
વર્ત્તમાનભવિષ્ય.	... ...	જવાતું હશે.
ભૂતવર્ત્તમાન.	જવાયું છે.	જવાયું હોય.
દ્વિત્વભૂત.	જવાયું હતું.	જવાયું હોત
ભૂતભવિષ્ય.	... ...	જવાયું હશે.
ભવિષ્યવર્ત્તમાન.	જવાવાનું છે.	જવાવાનું હોય.
ભવિષ્યભૂત.	જવાવાનું હતું.	જવાવાનું હોત.
દ્વિત્વભવિષ્ય.	... ...	જવાવાનું હશે.
વિશેષભૂત વર્ત્તમાન.	જવાએલું છે.	જવાએલું હોય.
વિશેષદ્વિત્વભૂત.	જવાએલું હતું.	જવાએલું હોત.
વિશેષભૂત ભવિષ્ય.	... ...	જવાએલું હશે.

અપૂર્ણ ક્રિયાપદ.

'હો' ધાતુનો દ્વિત્વ વર્ત્તમાનકાળ.

નિશ્ચયાર્થ.

૧. પુ.	હું હોઉં છું.	અમે હોઈએ છીએ.
૨. પુ.	તું હોય છે.	તમે હો છો.
૩. પુ.	તે હોય છે.	તેઓ હોય છે.

'હો' ધાતુનાં મિશ્રકાળમાં બીજાં રૂપ થતાં નથી.

'જો' ધાતુનાં મિશ્રકાળનાં રૂપ.

	નિશ્ચયાર્થ.	સંશયાર્થ.
દ્વિત્વ વર્ત્તમાન.	જોઈએ છે.	જોઈતું હોય.

વર્ત્તમાન ભૂત.	જોઈતું હતું.	જોઈતું હોત.
વર્ત્તમાન ભવિષ્ય...	...	જોઇતું હશે.

'જો' ધાતુનાં મિશ્રકાળમાં બીજાં રૂપ થતાં નથી.

નિષેધાર્થ રૂપ.

સઘળાં ક્રિયાપદોનું નિષેધાર્થ રૂપ તેની સાથે **ન, ના, નહિ, નવ,** અને **મા** એ નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યયો આવવાથી થાય છે. જેમ, 'કર'નું નિષેધાર્થ રૂપ ન કર, 'બેસ'નું ના બેસ, 'ખાઇશ'નું ખાઇશ નહિ. 'જા'નું જા મા, ઇત્યાદિ. આ બધા નકાર બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યયો ક્રિયાપદથી છૂટા બોલાય છે, માટે તેમનું પદચ્છેદ જુદું કરાય છે; પણ—

नास्ति (સં. શ.) પરથી નથી. (**न**=નહિ+**अस्ति**=છે) છે નહિ=નથી. એમાંથી ન અવ્યય છૂટો પાડી શકાતો નથી, માટે તેમનું પદચ્છેદ ભેગું થાય છે. **નથી** ક્રિયાપદ ત્રણે પુરૂષ, ત્રણે જાતિ, અને બંને વચનમાં વપરાય છે. જેમ, હું નથી, અમે નથી; તું નથી, તમે નથી; તે નથી, તેઓ નથી; છોકરા નથી, ઇત્યાદિ. પદચ્છેદ કરતી વખતે 'છે' ક્રિયાપદનું પદચ્છેદ કરવું, ને કાળમાં નિષેધાર્થ વર્ત્તમાનકાળ કહેવો.

લખતો નથી (લખતો છે નહિ)—નિષેધાર્થ દ્વિત્વ વર્ત્તમાનકાળ.

લખ્યું નથી (લખ્યું છે નહિ)—નિષેધાર્થ ભૂત વર્ત્તમાનકાળ.

લખવાનો નથી (લખવાનો છે નહિ)—નિષેધાર્થ ભવિષ્ય વર્ત્તમાનકાળ.

લખવું નથી (લખવું છે નહિ)—નિષેધાર્થ વિધ્યર્થ દ્વિત્વ વર્ત્તમાનકાળ.

મિશ્રકાળનાં ક્રિયાપદોના પદચ્છેદમાં નીચેના નિયમો યાદ રાખવા.

अ. મુખ્ય અને સાહાય્યકારક ક્રિયાપદનું પદચ્છેદ ભેગું કરવું.

ब. ધાતુ મુખ્ય ક્રિયાપદનો કહેવો.

क. કાળ મિશ્ર જે હોય તે કહેવો.

ઉદાહરણ—૧. હું આ કામ કરવાનો છું.

'કરવાનો છું':—કર્ત્તા હું, કર્મ કામ માટે સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, નિશ્ચયાર્થ, ભવિષ્ય વર્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા હું, પહેલો પુરૂષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિપ્રયોગ.

૨. તેણે તે પુસ્તક લખેલું નથી.

'લખેલું નથી':—કર્ત્તા તેણે, કર્મ પુસ્તક, માટે સકર્મક ક્રિયાપદ, લખ ધાતુ, નિષેધાર્થ, વિશેષભૂત વર્તમાનકાળ, ક્રિયાનાથ કર્મ પુસ્તક, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, કર્મણિપ્રયોગ.

પાઠ ૧૧. સંયુક્ત ક્રિયાપદ.

સંયુક્ત ક્રિયાપદ:—જ્યારે બે અથવા વધારે ક્રિયાપદો સાથે આવી તેમના મળી જવાથી જુદીજુદી ક્રિયાનો અર્થ જતો રહી એક નવી સંયુક્ત ક્રિયાનો અર્થ દેખાડે તો તેને સંયુક્ત ક્રિયાપદ કહે છે. જેમ, લખી ચૂક્યો એમાં 'લખી' ક્રિયાપદ લખવાનો, અને 'ચૂક્યો' ક્રિયાપદ ભૂલવાનો અર્થ દેખાડે છે; પણ 'લખી ચૂક્યો' ક્રિયાપદ લખવાની ક્રિયા પૂર્ણ થઇ છે એવો અર્થ દેખાડે છે. 'દોડયા કર' ક્રિયાપદ દોડવાની ક્રિયાનું જારીપણું બતાવે છે. 'બોલી દે' ક્રિયાપદ એકદમ બોલ એવો અર્થ દેખાડે છે; માટે તે સંયુક્ત ક્રિયાપદ છે. પરન્તુ તેઓ ત્યાં જઈ વસ્યા. એમાં 'જઇ વસ્યા' સંયુક્ત ક્રિયાપદ નથી, કેમકે તેનો અર્થ ગયા અને વસ્યા એવો છે.

સંયુક્ત ક્રિયાપદમાં જોડે આવનાર ક્રિયાપદને **સાહાય્યકારક ક્રિયાપદ** કહે છે, કેમકે તેમાંથી તેનો મૂળનો અર્થ જતો રહી મુખ્ય ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે, અથવા બીજો ફેરફાર કરે છે.

સંયુક્ત ક્રિયાપદમાં મુખ્ય ક્રિયાપદ સંબંધક ભૂતકૃદંત, ભૂતકૃદંત, વર્તમાન કૃદંત, કે સામાન્ય કૃદંત હોય છે. જેમ, બેસી જા, મારી પાડ, ધોઈ નાખ, ખાઈ લે, કળી શક્યો, લખ્યાં કર, ચાલતો થા, બોલવા દે, ઇત્યાદિ. આમાં સંબંધક ભૂત કૃદંત 'ઈ' પ્રત્યયવાળાં રૂપ ઘણાં વપરાય છે.

સંયુક્ત ક્રિયાપદનાં કાળનાં રૂપ લેવામાં મુખ્ય ક્રિયાપદ આખું ને સાહાય્યકારક ક્રિયાપદનો ધાતુ લઈ રૂપ કરવાં. જેમ, લખી ચૂક્યો ક્રિયાપદમાં 'લખી ચૂક' ધાતુ લઈ રૂપ બનાવાય.

શુદ્ધકાળો:—લખી ચૂકું, લખી ચૂકે, લખી ચૂક્યો, લખી ચૂકત, લખી ચૂકીશ, વગેરે.

મિશ્રકાળો:—લખી ચૂકું છું, લખી ચૂકતો હોઉં, લખી ચૂક્યો હતો, લખી ચૂક્યો હોત, લખી ચૂક્યો હશે, લખી ચૂકવાનો હતો, વગેરે.

કર્મણિ રચના:—લખી ચૂકાય છે, લખી ચૂકાણો, લખી ચૂકાશે, વગેરે.

કૃદંત:—લખી ચૂકતો, લખી ચૂક્યો, લખી ચૂકવાનો, લખી ચૂકેલો, લખી ચૂકનાર, લખી ચૂકીને, વગેરે.

સંયુક્ત ક્રિયાપદના પદચ્છેદમાં નીચેના નિયમો યાદ રાખવા.

अ. મુખ્ય અને સાહાય્યકારક ક્રિયાપદો મળી જે સંયુક્ત ક્રિયાપદ બને, તેનું પદચ્છેદ ભેગું કરવું.

ब. જે જે ધાતુનું સંયુક્ત ક્રિયાપદ બન્યું હોય, તે તે ધાતુ કહેવા.

क. સંયુક્ત ક્રિયાપદ બે, ત્રણ, ને વખતે ચાર ક્રિયાપદો મળીને બને છે, તેમાં જાત મુખ્ય ક્રિયાપદની અને કાળ સાહાય્યકારક ક્રિયાપદનો કહેવો.

ड. **સંયુક્ત ક્રિયાપદમાં સઘળાં ક્રિયાપદોનો ક્રિયાનાથ એક જ** હોય છે, તે કર્ત્તાની વિભક્તિ પરથી માલમ પડશે. (પ્રયોગમાં આપેલા નિયમ પૃષ્ટ ૯૦, ૯૧, ૯૩ મે જુઓ.)

ઉદાહરણ—(૧). તમારે હિસાબ ગણાવવો જોઇએ.

'ગણાવવો જોઇએ':—કર્ત્તા તમારે, કર્મ હિસાબ માટે સકર્મક ક્રિયાપદ, ગણ ધાતુનું પ્રેરક રૂપ અને જો ધાતુ, વિધ્યર્થ વર્તમાનકાળ, ક્રિયાનાથ કર્મ હિસાબ, ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

(૨). છોકરો પાઠ વાંચી ચૂકયો.

'વાંચી ચૂકયો':—કર્ત્તા છોકરો, કર્મ પાઠ માટે સકર્મક ક્રિયાપદ, વાંચ અને ચૂક ધાતુ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ કર્ત્તા છોકરો, ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્તરિ પ્રયોગ.

(૩). તે જતો રહ્યો હશે.

'જતો રહ્યો હશે':—કર્ત્તા તે, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, જા અને રહે ધાતુ, સંશયાર્થ, ભૂતભવિષ્યકાળ, ક્રિયાનાથ કર્ત્તા તે, ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્તરિ પ્રયોગ.

(૪). છોકરે બેસી રહેવું જોઈતું હતું.

'બેસી રહેવું જોઈતું હતુ':—કર્ત્તા છોકરે, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, બેસ, રહે અને જો ધાતુ, વિધ્યર્થ વર્ત્તમાન ભૂતકાળ, ક્રિયાનાથ ભાવ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

જોઈએ.

'જોઈએ' ક્રિયાપદમાં નજરે જોવાનો અર્થ હોય છે, ત્યારે એ ક્રિયાપદ પૂર્ણ છે. જેમ, અમે ચિત્ર જોઈએ છીએ. પરન્તુ 'જોઈએ' એમાં જરૂર કે ફરજનો અર્થ હોય ત્યારે તે ક્રિયાપદ અપૂર્ણ છે. જેમ, મારે લાડુ જોઈએ, એટલે મારે લાડુની જરૂર છે. 'જોઈએ'

ક્રિયાપદ મૂળે સકર્મક કર્મણિ છે. (**मया मोदकःअपेक्ष्यते.**) મિશ્ર-કાળોમાં એનો પ્રયોગ કર્મણિ સાફ માલમ પડે છે. જેમ મારે લાડુ જોઈતો હતો. ગુજરાતી ભાષામાં નામની સાથે અને ત્રીજા પુરૂષમાં એનો કર્ત્તા ચોથી વિભક્તિમાં વપરાય છે. જેમ, ગંગાને લાડુ જોઈએ, તેને લાડુ જોઈએ. પહેલા અને બીજા પુરૂષમાં કર્ત્તા ત્રીજી વિભક્તિમાં આવે છે. જેમ, મારે, અમારે, તારે કે તમારે લાડુ જોઈએ.

'જોઈએ' ક્રિયાપદ સામાન્ય કૃદંતની સાથે જોડાય છે, ત્યારે તેનો કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય છે. જેમ, મારે, અમારે, તારે, તમારે, તેણે કે તેમણે જવું જોઈએ; છોકરાંએ માબાપની આજ્ઞા માનવી જોઈએ. 'જવું જોઈએ' એટલે જવાની ફરજ છે. માનવી જોઈએ એટલે માનવાની ફરજ છે.

પદચ્છેદ.

મારે લાડુ **જોઈએ:**—કર્ત્તા મારે, કર્મ લાડુ માટે સકર્મક ક્રિયાપદ, જો ધાતુ, નિશ્ચયાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્મ લાડુ, ત્રીજો પુરૂષ, નરજાતિ એકવચન, કર્મણિ પ્રયોગ.

પાઠ ૧૨. ઉભયાન્વયી અવ્યય.

૧. મગન નિશાળેથી આવ્યો **અને** તે આંક લખવા બેઠો.
૨. શાસ્ત્રમાં કહેલું છે કે જુઠું બોલવામાં બહુ પાપ છે.
૩. છગન મને રમાડે છે **કેમકે** હું તેને રમાડું છું.
૪. લલ્લુ નિશાળે મોડો આવ્યો **માટે** મહેતાજીએ તેને શિક્ષા કરી.
૫. તમે પરીક્ષામાં પાસ થશો **તો** ઈનામ મળશે.
૬. છગન આવ્યો **પણ** મગન ન આવ્યો.
૭. છગન **યા** મગન આવે.
૮. વર **અને** કન્યાનું સુશોભિત જોડું છે.
૯. બે **ને** બે મળી ચાર થાય.

પહેલા વાક્યમાં 'મગન નિશાળેથી આવ્યો' ને 'તે આંક લખવા બેઠો' એ બે વાક્યો **અને** અવ્યયથી જોડાએલાં છે. તેજ પ્રમાણે ૨, ૩, ૪, ૫, ૬ ઠું વાક્ય **કે, કેમકે, માટે, તો, અને પણ** અવ્યયથી જોડાએલાં છે. સાતમા વાક્યમાં **યા** અવ્યય 'છગન' અને 'મગન' શબ્દને જોડે છે, પણ ખરી રીતે જોતાં તે બે વાક્યને જોડે છે; કેમકે છગન યા મગન આવે તે વાક્ય છગન આવે યા મગન આવે આ બે વાક્ય સંકોચાવાથી થએલું છે. આઠમા અને નવમા વાક્યમાં **અને** તથા **ને** અવ્યય **બે શબ્દને જ** જોડે છે.

જે અવ્યય બે વાક્યને કે બે શબ્દને જોડે છે, તેને ઉભયાન્વયી (ઉભય=બે વાક્ય કે શબ્દ+અન્વયી=જોડનાર) **અવ્યય કહે છે.** નીચે ઉભયાન્વયી અવ્યયના દાખલા આપ્યા છે.

અને, ને, તથા; કે, જે, વળી, વળતી, હવે, પછી; કાંકે, કેમકે, કારણકે; માટે, એટલે, તેથી; જો-તો, જ્યારે-ત્યારે, નહિતો, નીકર; પણ, પરન્તુ, સામું, ઉલટું, તથાપિ, તોપણ; કિંવા, વા, અથવા, અગર, યાતો; વગેરે.

ઉભયાન્વયી અવ્યયના સાત પ્રકાર કરી શકાય.

(૧). **સંઘદર્શકઃ**—અને, ને, તથા.

(૨). **વાક્યવર્ધકઃ**—કે, જે, વળી, હવે, પછી, ત્યારબાદ.

(૩). **કારણદર્શકઃ**—કેમકે, કેમજે, કાંકે, કાંજે, કારણકે, કારણજે.

(૪). **પરિણામદર્શકઃ**—માટે, એટલે, તેથી, એથી, તેથી કરીને, તેમાટે.

(૫). **સંકેતબોધકઃ**—જો-તો, જોકે-તોપણ, અગરજો-તોપણ, જ્યારે-ત્યારે, જેમ-તેમ, નહિતો, નીકર.

(૬). **વિકલ્પદર્શકઃ**—કિંવા, અથવા, વા, અગર, કે, યાતો.

(૭). **વિરૂદ્ધાર્થદર્શકઃ**—પણ, પરંતુ, સામું, ઉલટું, તથાપિ, તોપણ.

ઉપલા સાત પ્રકારમાંના પહેલા પાંચ **સમાનાર્થદર્શક**, ને છેલ્લા બે **ભિન્નાર્થદર્શક** છે.

પદચ્છેદને લગતી સૂચના:—પણ અને **તો** એ વાક્યને જોડવાનું કામ ન કરતાં વાક્યની અંદર આવી કોઈ શબ્દની સાથે સંબંધ રાખે, ત્યાં તેનું પદચ્છેદ માત્ર **અવ્યય** કરવું. જેમ, હું **પણ** આવીશ, તમે **તો** આવજો. **એ, બી, જ, માત્ર, ફક્ત, વળી** એ એવા જ અવ્યય છે. ઉદાહરણ–હું **એ** આવીશ, તું **બી** આવજે, તે મારી **જ** છત્રી છે, **માત્ર** પાણી ચોખ્ખું છે, હું **ફક્ત** દૂધ પીને રહું છું, **વળી** વધારે ખાઈશ. આ અવ્યયો જે શબ્દને લાગેલા હોય, તે શબ્દના અર્થમાં વધારો કરે છે, માટે વાક્યપૃથક્કરણમાં તે શબ્દ સાથે જાય; પણ ઉભયાન્વયી અવ્યય વાક્યમાં કોઈ શબ્દ સાથે સંબંધ ન રાખતાં, બે વિચારને જોડી અલગ રહે છે, માટે વાક્યપૃથક્કરણમાં તેમને મૂકી દેવા.

કેટલાક અવ્યય ક્રિયાવિશેષણ, નામયોગી, અને ઉભયાન્વયી અવ્યય તરીકે વપરાય છે, માટે હમેશાં કોઇ પણ અવ્યય શું કામ કરે છે, તે પરથી તેની જાત નક્કી કરવી. ક્રિયાપદનો ગુણ બતાવે તો ક્રિયાવિશેષણ, નામ સાથે જોડાએલો હોય તો નામયોગી, અને વાક્યોને જોડે તો ઉભયાન્વયી અવ્યય કહેવો. ઉદાહરણ–તું **પછી** આવજે (ક્રિયાવિશેષણ અવ્યય), તું તેના **પછી** આવજે (નામયોગી અવ્યય), તે ગયો **પછી** આ બનાવ બન્યો (ઉભયાન્વયી અવ્યય).

પાઠ ૧૩. વિભક્તિના અર્થ.

સાતે વિભક્તિઓ ક્રિયાપદ વગેરે સાથે કઈ કઈ જાતનો સંબંધ રાખે છે તે બતાવવું, તેને **વિભક્તિના અર્થ** કહે છે. અર્થ=કામ, ઉપયોગ.

છઠ્ઠી વિભક્તિ સિવાય સઘળી વિભક્તિઓ ક્રિયાપદ સાથે સંબંધ રાખે છે, માટે તે **કારક** કહેવાય છે.

પહેલી વિભક્તિ.

નિર્દેશ (શબ્દ કહેવો તે) વાચક, પરિમાણવાચક, અને સંબોધનવાચક શબ્દો **પહેલી વિભક્તિમાં** હોય છે.

૧. નિર્દેશવાચક પ્રથમા:—

अ. કર્ત્તરિ રચનામાં **કર્ત્તા** નિર્દેશવાચક પહેલી વિભક્તિમાં હોય છે. જેમ, **છોકરો** નિશાળે ગયો, **છગન** હિસાબ ગણે છે, **તે** કલમ ઘડાવે છે.

ब. કર્મણિ રચનામાં **કર્મ** નિર્દેશવાચક પહેલી વિભક્તિમાં આવે છે.* જેમ, રામથી **રાવણ** મરાણો, ચંડાળથી વેપારીને **કપડું** વેચાણું, શિક્ષકથી છોકરાને નવી **ચોપડી** મંડાવાઈ, મગનથી **કાગળ** વંચાય છે.

क. અકર્મક ક્રિયાપદવાળા વાકયમાં **ક્રિયાપૂરક** શબ્દ નિર્દેશવાચક પહેલી વિભક્તિમાં આવે છે. જેમ, તે **રાજા** થયો, મગન **નોકર** રહ્યો.

ड. કર્ત્તાનાં સમાનાર્થ નામ કે કર્ત્તાનાં નામોને બદલે વપરાયેલાં સર્વનામ કે વિશેષણ નિર્દેશવાચક પહેલી વિભક્તિમાં આવે છે. જેમ, મગનલાલ **મહેતાજી** પધાર્યા, **તે** દયાળુ છે, **ચોર** નાઠો.

૨. પરિમાણવાચક પ્રથમા:—જેમકે,

૧. તેણે પાંચ **મણ** ચોખા લીધા.

૨. મેં એક **લોટો** પાણી પીધું.

---

* ગુજરાતી ભાષામાં કેટલાંક સકર્મક ક્રિયાપદ એવાં છે કે તેનાં કર્મને બીજી વિભક્તિનો 'ને' પ્રત્યય લાગે છે તે કર્મણિ રચનામાં પણ કાયમ રહે છે. જેમ, તે મને અડયો–તેનાથી મને અડાયું, છોકરો ગાયને મારે છે–છોકરાથી ગાયને મરાય છે, હું છોકરાને મોકલું છું–મારાથી છોકરાને મોકલાય છે. આવે પ્રસંગે કર્મને **બીજી વિભક્તિમાં** લેવું.

૩. **પાલી** ચોખાથી બ્રાહ્મણો જમાડયા.

૩. સંબોધનાર્થે પ્રથમા:—જેમકે,

૧. હે **કૃપાનાથ**, તું અમારી અરજ સાંભળ.

૨. **બચ્ચા**, ફિકર ન કર.

સંબોધનને કેટલાક આઠમી વિભક્તિ ગણે છે, કેમકે પહેલી વિભક્તિના એકવચનમાં શબ્દનું મૂળ રૂપ જ રહે છે; પણ ઓકારાંત નર અને ઉંકારાંત નાન્યતર જાતિનું નામ સંબોધનાર્થે વપરાય, તો તેને છેડે ઓ કે ઉં હોય છે તેને બદલે **આ** થઈ જાય છે. જેમ, હે **છોકરા**, તું આમ આવ.

બીજી વિભક્તિ.

કર્મ, સ્થળ, કાળ જણાવનારા શબ્દને બીજી વિભક્તિ હોય છે.

૧. કર્મ:—જેમકે, તે **ચોપડી** વેચે છે, તે **મને** મારે છે, રણછોડે **કાગળ** લખ્યો, તેણે **ગાયને લાકડી** મારી (ગાયને=ગૌણ કર્મ ચોથી વિભક્તિમાં, ને લાકડી=પ્રધાન કર્મ બીજી વિભક્તિમાં), તેણે **છોકરાને** બોલાવ્યો.

'કાગળ' અને 'લાકડી'ની ખરી રીતે જોઈએ તો પહેલી વિભક્તિ નિર્દેશવાચક છે, કેમકે એ વાકયોમાં ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં છે; પરન્તુ 'તેણે છોકરાને બોલાવ્યો' આ વાકયમાં ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં છતાં કર્મ ' છોકરાને ' બીજી વિભકિત લાગી છે, માટે 'કાગળ' અને 'લાકડી' ની બીજી વિભક્તિ ગણવી ઠીક પડશે.

૨. **સ્થળ:**—જેમ, હું **કપડવણંજ** જવાનો છું, તે **કાશી** ગયો, નદી **ગાઉ** વાંકી છે. (ઘણુંકરીને અકારાંત ને ઈકારાંત સ્થળનાં નામ બીજી વિભક્તિમાં આવે છે.)

૩. કાળ:—જેમ, તે બે માસ માંદો રહ્યો, તે રાત્રે બે કલાક વાંચે છે.

ત્રીજી વિભક્તિ.

કર્ત્તા, કરણ, હેતુ, મૂલ્ય, પરિમાણ, અંગવિકાર, સાહિત્ય, વગેરે જણાવનાર શબ્દને ત્રીજી વિભક્તિ હોય છે.

૧. કર્ત્તા:—કર્મણિ પ્રયોગમાં કર્ત્તા ત્રીજી વિભક્તિમાં હોય છે. જેમ, **તેણે** પાઠ કરવો, **લલ્લુએ** ઘડું લીધો, **તેણે** વાર્ત્તા લખાવી, આ નાટક **તેણે** લખેલું છે, **ગૃહસ્થે** અપંગને પાળવાં જોઈએ.

અકર્મક ક્રિયાપદનો કર્ત્તા વિધ્યર્થ વર્ત્તમાનકાળે ત્રીજી વિભક્તિમાં આવે છે. જેમ, **તેણે** જવું, **મારે** બેસવું, **તેણે** દોડવું, **મારે** નહાવું, વગેરે.

૨. કરણ:—જેમ, મેં **પેનસિલે** કાગળ લખ્યો, વાઘ **ગોળીએ** મરાણો, પાપી **પાપે** મરશે, તેઓ **પગરસ્તે** રાજકોટ ગયા, તે આ દાદરે માળે ચઢયો, તેણે **માથે** ટોપલો ઉચક્યો છે.

કરીને નામયોગી અવ્યયની પહેલાંના, અને **વિના, વગર** પછીના નામને કરણાર્થે ત્રીજી વિભક્તિ લાગે છે. જેમ, **વેપારે કરીને** મુંબઈ ધનાઢ્ય થઈ, **વિના કારણે** કોઈને પીડવો નહિ, **વગર વિચારે** કામ ન કરવું.

૩. હેતુ:—કારણ અથવા સબબ. જેમાંથી કાર્ય ઉત્પન્ન થાય તે. જેમ, **તાવે** ઘણાં માણસ મરી ગયાં, **ઉજાગરે** માથું દુખે છે.

૪. મૂલ્ય:—ભાવ, કિમ્મત. ઘોડો ૫૦ **રૂપિયે** વેચ્યો, **ટકે** શેર, **રૂપિયે** તોલો.

૫. પરિમાણ:—આગગાડી **કલાકે** ૩૦ માઇલ ચાલે છે, દૂધપાકમાં **મણે** ૭ શેરીકી ખાંડ નંખાય છે, સોળ **આને** રૂપિયો થાય.

૬. અંગવિકાર:—શરીરની ખોડ. જેમ, **આંખે** આંધળો છે, તે **કાને** બહેરો છે.

૭. સાહિત્ય:—સામગ્રી. સાહિત્યને સાથે કે સહિત નામયોગી અવ્યય લાગેલો હોય, ત્યારે સાહિત્યને છઠ્ઠી વિભક્તિ લાગે છે; પણ નામયોગી અવ્યય લાગેલો ન હોય, તો ત્રીજી વિભક્તિ લાગે છે. જેમ, રાજા ચારસેં **ઘોડે** આવ્યા (રાજા ચારસેં **ઘોડા** સહિત આવ્યા). તે બસેં **માણસે** ચઢયો.

ચોથી વિભક્તિ.

સંપ્રદાન (ગૌણકર્મ), **સંબંધ, હેતુ અને કોઈવાર કર્ત્તાને ચોથી વિભક્તિ હોય છે.**

૧. સંપ્રદાન:—જેમ, હું **તને** વાત કહું, મહેતાજી **છોકરાંને** વિદ્યા શિખવે છે, રાજા **બ્રાહ્મણને** દાન આપે છે, મારાથી **તેને** વાત કરાઈ.

૨. સંબંધ:—લાગતું, વગળતું, જોડાવું. જેમ, **રાજાને** બે કુંવર છે, **પાઘડીને** કસબ છે, **તેને** ઉધરસ થઈ છે, **મને** ભૂખ લાગી, **તેને** લાભ રહ્યો, **એને** રંગ ચઢશે, **બકરીને** સાત બચ્ચાં થયાં, **ગોંડળને** અને **ધોળાજીને** ૩૦ માઇલનું અંતર છે.

ભાવકર્તૃક ક્રિયાપદ સાથે સંબંધી નામ કે સર્વનામ ચોથી વિભક્તિમાં આવે છે. જેમ, **મને** પેટમાં દુઃખે છે, **તમને** જે ગમે તે કરો.

૩. હેતુ:—નામને અર્થે, કાજે, બદલે, સાટે, માટે, વાસ્તે, સારૂ, લીધે, કારણે નામયોગી અવ્યય લાગેલા હોય, તો તે શબ્દ-સમૂહ હેતુ અર્થે ચોથી વિભક્તિમાં ગણાય છે. જેમ, હું **તેને સારૂ** ટોપી લાવ્યો, **મારે વાસ્તે** પાણી લાવો, તું **તેને લીધે** અમદાવાદ ગયો. (વિશેષ ખુલાસો પૃષ્ઠ ૧૦૦ મે કૃદંત નામના પાઠમાં જુઓ.)

૪. **કર્ત્તા:**—વિધ્યર્થ વર્તમાન કાળના મુખ્ય ક્રિયાપદ પછી સાહાય્યકારક ક્રિયાપદ આવે છે, ત્યારે મુખ્ય ક્રિયાપદનો કર્ત્તા કેટલીક વખત ચોથી વિભક્તિમાં આવે છે. જેમ, **અકબરને** લડાઈ કરવી પડી, **મગનને** જવું પડયું.

પાંચમી વિભકિત.

અપાદાન, હેતુ, મર્યાદા, કર્ત્તા, કરણ અને ન્યૂનાધિકતા વગેરે જણાવનારા શબ્દને પાંચમી વિભકિત હોય છે. અપાદાન એ સંપ્રદાનથી ઉલટું છે. સંપ્રદાનમાં મળવું થાય, અને અપાદાનમાં છૂટું પડવું થાય.

૧. **અપાદાન:**—છૂટા પડવું. સ્થળ, ભય, આદિથી વિયોગ બતાવે છે. જેમ, હું **રાજકોટથી** નીકળ્યો, તે **તાવથી** બચ્યો, **માથી** દીકરી જુદી પડી.

તે ઝાડ **પરથી** પડયો. એમાં 'પરથી' નામયોગી અવ્યય છે, ને 'ઝાડ' છઠ્ઠી વિભક્તિમાં છે; પરન્તુ 'ઝાડ પરથી' શબ્દસમુદાય પાંચમી વિભક્તિના અપાદાનાર્થે છે.

૨. **હેતુ:**—**પુણ્યથી** સુખ મળે છે, **ગરમીથી** માથું દુખે છે.

૩. **મર્યાદા:**—સીમા, હદ. સ્થળાંતર કે કાળાંતર બતાવવાના કામમાં આવે છે. જેમ, **અમદાવાદથી** કપડવણુંજ વીશ ગાઉ છે, તે બે **માસથી** માંદો છે.

૪. **કર્ત્તા:**—ભાવે કે કર્મણિ રચનામાં કર્ત્તા પાંચમી વિભક્તિમાં આવે છે. જેમ, **તેનાથી** નહિ ચલાય, **મારાથી** દાખલા ગણાયા, **રામથા** રાવણ મરાયો.

૫. **કરણ:**—તે **લાકડીથી** મરાણો, **છરીથી** શાક સમાર્યું.

૬. **ન્યૂનાધિકતા:**–(ન્યૂન=નાનું+અધિકતા=મોટાપણું) નાના-મોટાપણું. જેમ, **નડીઆદથી** કપડવણુંજ નાનું છે, **અમદાવાદથી** મુંબઈ મોટું છે.

છઠ્ઠી વિભકિત.

ઘણી જાતના સંબંધ બતાવવામાં છઠ્ઠી વિભકિત વપરાય છે. જેમ, **મગનનો** ભાઈ (સગાઇ), **રાજાનો** મહેલ (માલીકી), **નદીનું** માછલું (આધાર), **રૂપાનો** લોટો, **ચોપડીનું** કદ, **મારૂં** બનાવેલું, **તાવની** ગરમી, **પાઘડીનો** તોરો, **લખવાની** શાહી.

છઠ્ઠી વિભક્તિ પાંચમીના અર્થમાં પણ વપરાય છે. જેમ, તે ત્રણ **દિવસનો** (ત્રણ દિવસથી) ભૂખ્યો છે. **રાતનો** જાગે છે. એમાં બે અર્થ છે. પાંચમીને બદલે છઠ્ઠી એટલે **રાતથી** જાગે છે, સાતમીને બદલે છઠ્ઠી એટલે **રાતે** જાગે છે.

સાતમી વિભકિત.

અધિકરણ (સ્થળ) **અને કાળ બતાવનાર શબ્દને સાતમી વિભકિત હોય છે.**

૧. સ્થળઃ—જેમ, **હોડીમાં** બેઠો, **ગળપણમાં** આ ગોળ સરસ છે, હું **કપડવણંજમાં** રહું છું; **છાપરે** ચઢયો, **ઘરે** આવ્યો, **ધોળકે** ગયો, **માથે** પાઘડી છે, **ભીંતે** કાગળ ચોડ.

૨. કાળઃ—હું પાંચ **દિવસમાં** આવીશ, તું **સવારમાં** આવજે, મહેલ પાંચ **વર્ષે** પૂરો થયો, **બપોરે** સુવાની ટેવ છે, નિશાળમાં ધોરણ બાર **માસે** બદલાય છે.

કેટલીક વખત વિભક્તિના બેવડા તેવડા પ્રત્યય લાગી દરેક વિભક્તિના અર્થનો ભાસ કરે છે. જેમ, હિંદુમાંથી સંપ ગયો, એમાં સ્થળ ને વિયોગનો અર્થ છે. **તેમનામાંથી** એક જણે વાત કરી, એમાં સંબંધ, સ્થળ, ને વિયોગનો અર્થ છે.

સાતે વિભક્તિના અર્થપર વિચાર કરવાથી માલમ પડશે કે

કર્ત્તા પહેલી, ત્રીજી, ચોથી ને પાંચમી વિભક્તિમાં આવે છે; **કર્મ** પહેલી ને બીજી વિભક્તિમાં આવે છે; **પરિમાણ** પહેલી ને ત્રીજી વિભક્તિમાં આવે છે; **સ્થળ** બીજી ને સાતમી વિભક્તિમાં આવે છે; **કાળ** બીજી ને સાતમી વિભક્તિમાં આવે છે; **કરણ** અને **હેતુ** ત્રીજી ને પાંચમી વિભક્તિમાં આવે છે; અને **સંબંધ** ચોથી ને છઠ્ઠી વિભક્તિમાં આવે છે.

જે શબ્દને **સ્થળ, કાળ, કરણ, હેતુ, મૂલ્ય, સાહિત્ય, સંબંધ** (ચોથી વિભક્તિમાં), **અપાદાન, મર્યાદા, ન્યૂનાધિકતા** એ વગેરે અર્થે વિભક્તિઓ લાગેલી હોય, તેવા શબ્દનો અધિકાર **ક્રિયાવિશેષણ** જેવો છે; કેમકે ક્રિયાવિશેષણો જેમ ક્રિયાનું સ્થળ, કાળ, રીત, વગેરે બતાવે છે, તેમ આ શબ્દો બતાવે છે; માટે તે શબ્દો વાક્યપૃથક્કરણમાં **વિધેયપક્ષમાં વિધેયવર્ધકમાં** જાય. જેમ, તે **અમદાવાદ** ગયો (સ્થળ), તે ચાર **કલાક** પાઠ કરે છે (કાળ), તે **તાવે** મુઓ (રીત).

વિભક્તિના અર્થ નક્કી કરવા વિષે:—પ્રથમ આખું વાક્ય વાંચી જવું, ને તેમાં શી ક્રિયા કરવાની છે તે નક્કી કરવું. પછી—

૧. **કર્ત્તા, કર્મ** પૃષ્ઠ ૧૩, ૧૪ મે કહ્યા મુજબ શોધી કાઢવાં.

૨. ક્રિયાપદની પહેલાં **કેટલો, કેટલી, કેટલું** મૂકી પ્રશ્ન પૂછવાથી **પરિમાણ** માલમ પડશે. જેમ, તેણે કેટલા ચોખા લીધા? પાંચ મણ (પહેલી વિભક્તિ), કેટલું પાણી પીધું? એક લોટો (પહેલી), કેટલે વખતે ૩૦ માઇલ ચાલે છે? કલાકે (ત્રીજી).

૩. ક્રિયાપદની પહેલાં **ક્યાં** મૂકી પ્રશ્ન પૂછવાથી **સ્થળ** માલમ પડશે. જેમ, ક્યાં ગયો? કાશી (બીજી), ક્યાં બેઠો? હોડીમાં (સાતમી), ક્યાં ગયો? ઘેર (સાતમી).

૪. **ક્યારે, ક્યારથી, ક્યાંસુધી** એ શબ્દો ક્રિયાપદની

પહેલાં મૂકી **પ્રશ્ન** પૂછવાથી **કાળ** માલમ પડશે. જેમ, ક્યાંસુધી માંદો રહ્યો ? બે માસ (બીજી), ક્યારે આવીશ ? પાંચ દિવસે (સાતમી).

૫. ક્રિયાપદની પહેલાં **શાવડે** મૂકી સવાલ પૂછવાથી **કરણ** માલમ પડશે. જેમ, શાવડે કાગળ લખ્યો ? પેનસિલે (ત્રીજી), શાવડે મરાણો ? લાકડીથી (પાંચમી).

૬. ક્રિયાપદની પહેલાં **શાથી** મૂકી સવાલ પૂછવાથી **હેતુ** માલમ પડશે ? જેમ, શાથી માથું દુખે છે ? ઉજાગરે (ત્રીજી), શાથી સુખ મળે છે ? પુણ્યથી (પાંચમી).

૭. ક્રિયાપદની પહેલાં **કેટલે** મૂકી સવાલ પૂછવાથી **મૂલ્ય** માલમ પડશે. જેમ, કેટલે વેચ્યો ? ૫૦ રૂપિયે (ત્રીજી).

૮. ક્રિયાપદની પહેલાં **સાથે કોણ** મૂકી સવાલ પૂછવાથી **સાહિત્ય, કોને** મૂકી સવાલ પૂછવાથી **સંપ્રદાન** કે **સંબંધ** (ચોથી વિભક્તિનો), **ક્યાંથી** મૂકી સવાલ પૂછવાથી **વિયોગ, ક્યાંથી** કે **ક્યારથી** મૂકી સવાલ પૂછવાથી મર્યાદા, અને **કોનાથી** મૂક્યાથી **ન્યૂનાધિકતા** માલમ પડશે. છઠ્ઠી વિભક્તિ કયા નામ જોડે સંબંધ રાખે છે, તે તો શોધી કાઢવું સહેલ છે; કેમકે તેનું રૂપ વિકારી વિશેષણ જેવું છે. જેમ, શાનો લોટો ? રૂપાનો, કોનો ભાઇ ? મગનનો, વગેરે.

પાઠ ૧૪. વાક્યપૃથક્કરણ.

દરેક વાક્યમાં ઓછામાં ઓછાં બે વાનાં જોઇએ. ૧. **જેની** આપણે વાત કરતા હોઇએ તે, ૨. તેના વિષે **જે વાત** કરીએ તે. પહેલાને **ઉદ્દેશ્ય** અને બીજાને **વિધેય** કહે છે. જેમ, 'છોકરો રમે છે' આ વાક્યમાં આપણે છોકરાને ઉદ્દેશીને–મનમાં લાવીને–વાત કરીએ છીએ, માટે 'છોકરો' ઉદ્દેશ્ય છે; અને છોકરા વિષે **'રમેછે'**

એ કહ્યું માટે 'રમેછે' એ વિધેય (કહેવા યોગ્ય) છે. 'તું નાસ' એમાં 'તું' ઉદ્દેશ્ય છે અને '**નાસ**' વિધેય છે. 'તું નાસ' ને બદલે 'નાસ' કહીએ છીએ, એમાં 'તું' નો અધ્યાહાર છે. આજ્ઞાર્થ વાક્યમાં ઉદ્દેશ્યનો અધ્યાહાર રહે છે. 'ઘોડો દોડતો નથી' આ વાક્યમાં '**ઘોડો**' ઉદ્દેશ્ય છે ને '**દોડતો નથી**' એ વિધેય છે, કેમકે ઘોડાને વિષે 'દોડતો નથી' એ કહ્યું છે. મગન પાઠ વાંચે છે' આ વાક્યમાં '**મગન**' ઉદ્દેશ્ય છે ને '**પાઠ વાંચે છે**' એ વિધેય છે; કેમકે મગનને વિષે 'વાંચે છે' એટલું કહ્યું નથો, પણ 'પાઠ વાંચે છે' એટલું કહ્યું છે. હમેશાં સકર્મક ક્રિયાપદવાળાં વાક્યમાં કર્મ સહિત ક્રિયાપદ વિધેય થાય છે. 'છગન છે' આ વાક્યમાં '**છગન**' ઉદ્દેશ્ય ને '**છે**' વિધેય છે, કેમકે તે છગનનું અસ્તિત્વ બતાવે છે. 'છગન હોશિઆર છે' આ વાક્ય '**છગન**' ઉદ્દેશ્ય ને '**હોશિઆર છે**' વિધેય છે, કેમકે છગનને વિષે તેના અસ્તિત્વનું કહેવું તે નથી, પણ 'હોશિઆર છે' એ કહેવું છે; માટે 'હોશિઆર છે' એ વિધેય છે. મગન મહેનતુ હતો. ત્રિકમલાલ શિરસ્તેદાર થયા. રામસિંહ ઠાકોર બન્યો, તે ભિખારી રહ્યાં, છોકરો મૂર્ખ નીવડયો, આ વાકયોમાં મગન, ત્રિકમલાલ, રામસિંહ, તે, અને છોકરો ઉદ્દેશ્ય છે; અને મહેનતુ હતો, શિરસ્તેદાર થયા, ઠાકોર બન્યો, ભિખારી રહ્યાં, અને મૂર્ખ નીવડયો એ વિધેય છે. **હોવું, થવું, બનવું, રહેવું, નીવડવું** વગેરે અકર્મક ક્રિયાપદો પૂર્ણ વિધેયવાચક નથી, એટલે જેટલું કહેવા યોગ્ય તેટલું બધું નહિ દર્શાવનારાં છે. તેની સાથે કેટલાક શબ્દો આવે, ત્યારે તે પૂર્ણ વિધેયવાચક થાય છે; માટે આવાં ક્રિયાપદો પૂરક શબ્દ સહિત વિધેય થાય છે.

જે વાક્ય માત્ર ઉદ્દેશ્ય ને વિધેય બે પદનાં જ બનેલાં હોય, અને તેમાં પૂરક શબ્દ સિવાય બીજા શબ્દ આવેલ ન હોય; તેને **મૂળવાક્ય** કહે છે.

મૂળ વાક્યની પૃથક્કૃતિમાં મુખ્ય બે ભાગ પાડવા. ૧. **ઉદ્દેશ્ય**, ૨. **વિધેય.** વિધેયમાં બે પેટા ભાગ પાડવા. ૧. **ક્રિયાપદ**, ૨. **ક્રિયાપૂરક.**

ઉદ્દેશ્ય **અને** ક્રિયાપૂરકનો વધારો **વિશેષણથી**, અને વિધેયનો વધારો **ક્રિયાવિશેષણથી** થાય છે. જેમ, **તે** વાઘે **કેટલાંએક** બકરાં **ત્યાં** મારી નાંખ્યાં. એમાં **'તે'** એ વાઘે ઉદ્દેશ્યનું વિશેષણ છે, **'કેટલાંએક'** એ બકરાં ક્રિયાપૂરક શબ્દનું વિશેષણ છે, **અને 'ત્યાં'** ક્રિયાવિશેષણ 'કેટલાંએક બકરાં મારી નાંખ્યાં' એ વિધેયના **અર્થમાં** **વધારો કરે છે માટે એ વિધેયવર્ધક** છે.

વધારેલાં વાક્યની પૃથક્કૃતિમાં મુખ્ય બે ભાગ પાડવા. **ઉદ્દેશ્યપક્ષ**, ને **વિધેયપક્ષ.** ઉદ્દેશ્યપક્ષના બે ભાગ પાડવા. ૧. **ઉદ્દેશ્ય**, ૨. **ઉદ્દેશ્યવર્ધક.** વિધેયપક્ષના બે ભાગ પાડવા. ૧. **વિધેય**, ૨. **વિધેયવર્ધક.** વિધેયના બે પેટા ભાગ પાડવા. ૧. **ક્રિયાપદ**, ૨. **ક્રિયાપૂરક.**

કેટલાંક ક્રિયાપદને બે કર્મ હોય છે. **પ્રધાનકર્મ** અને **ગૌણકર્મ.** પ્રધાનકર્મ બીજી વિભક્તિમાં અને ગૌણકર્મ ચોથી વિભક્તિમાં હોય છે. જેમ, મેં **તેને વાત** કહી એમાં **'તેને'** ગૌણકર્મ અને **'વાત'** પ્રધાનકર્મ છે. દ્વિકર્મી ક્રિયાપદો બે કર્મ સાથે વિધેયવાચક થાય છે. પૃથક્કરણમાં બંને કર્મ ક્રિયાપૂરકના ખાનામાં મૂકાય.

કર્મણિ રચનામાં દ્વિકર્મી ક્રિયાપદોનો કર્ત્તા પાંચમી વિભક્તિમાં આવે છે, ગૌણકર્મ એમનું એમ કાયમ રહે છે, અને પ્રધાનકર્મ પહેલી વિભક્તિમાં આવે છે. જેમ, રાજાથી બ્રાહ્મણને દાન અપાય છે, મારાથી તેને વાત જણાવાઇ. આ વાક્યોમાં **'રાજાથી'** અને **'મારાથી'** કર્ત્તાર્થે પાંચમી વિભક્તિમાં છે, અને **'દાન'** તથા **'વાત'** પ્રધાનકર્માર્થે પહેલી વિભક્તિમાં છે.

વાક્યમાં બહુધા ઉદ્દેશ્ય જ **કર્ત્તા** હોય છે, પણ કર્મણિ રચનામાં **કર્મ** ઉદ્દેશ્ય થાય છે. સબબ વાક્યપૃથક્કરણમાં કર્ત્તાને બદલે ઉદ્દેશ્ય શબ્દ વાપરવો ઉચિત છે. જેમ, મારાથી કામ કરાયું એમાં 'કામ'ને ઉદ્દેશીને જ વાત થાય છે માટે **'કામ'** ઉદ્દેશ્ય છે, ને 'મારાથી કરાયું' વિધેયપક્ષ છે. પૃથક્કરણમાં 'કરાયું' ક્રિયાપદના ખાનામાં ને 'મારાથી' વિધેયવર્ધકના ખાનામાં કરણાર્થે લેવાય. પદચ્છેદમાં તો 'મારાથી' કર્ત્તાર્થે પાંચમી, 'કામ' કર્માર્થે પહેલી, ને 'કરાયું' કર્મણિ પ્રયોગમાં લેવાય.

ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક તરીકે વપરાતા શબ્દો:—

૧. ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દો મુખ્યત્વે **નામ** હોય છે. જેમ, **મગન** ગયો, **લલ્લુએ** પાઠ વાંચ્યો, **લલ્લુથી** અવાશે, મજુરોથી **તળાવ** ખોદાયું; છોકરો **કલમ** ઘડે છે, માવજીએ **રામજીને** બોલાવ્યો, ફીકાભાઇ **વકીલ** છે. આમાં મગન, લલ્લુએ, લલ્લુથી, અને તળાવ ઉદ્દેશ્ય છે; અને કલમ, રામજીને, અને વકીલ ક્રિયાપૂરક છે.

૨. **સર્વનામ** નામની જગ્યાએ વપરાતા શબ્દ છે, માટે તે ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. જેમ, **હું** ગયો, **તેણે** પાઠ વાંચ્યો, **તેનાથી** અવાશે; માવજીએ **મને** બોલાવ્યો, તે **હું** છું.

૩. **વિશેષણો** વિશેષ્ય વિના એકલાં આવે છે, ત્યારે તે નામ તરીકે વપરાય છે; માટે વિશેષણો પણ ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. જેમ, **ગાંડો** બકે છે; તેણે **ભલાને** માર્યો.

૪. **કૃદંત** પણ નામ તરીકે વપરાય છે; માટે તે પણ ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દ થઈ શકે. જેમ, **વાંચવું** છે, **છપાવનાર** જડયો નહિ, સૌને **ખાતાં** આવડે; તેણે **લખવું** શરૂ કર્યું, છગને **છપાવનારને** બોલાવ્યો, તેણે **થુંકેલું** ગળ્યું, **ડૂબતાને** તારો.

ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે વપરાતા શબ્દો:—

૧. ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે મુખ્યત્વે **વિશેષણો** વપરાય છે. જેમ, **સારો** છોકરો આવ્યો; મેં **કાળો** ઘોડો લીધો, કાળીદાસ **મોટા** પંડિત ગણાય છે.

૨. કેટલાંક **સર્વનામ** વિશેષણ તરીકે વપરાય છે; માટે તે ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે વપરાય. જેમ, **કયો** માણસ આવ્યો ? **આ** માણસ જાય છે, **જે** માણસ જમતો હતો, **પેલો** ઘોડો તોફાની છે? તમે **શી** વસ્તુ ખરીદી ? મેં **એ** ઘર લીધું, **તે** માણસને બોલાવો, તમે **કોઇ** માણસને ન છેડો.

૩. કેટલાંક **કૃદંત,** વિશેષણ તરીકે વપરાય છે, માટે તે ઉદ્દેશ્ય ને ક્રિયાપૂરક શબ્દનો વધારો થઈ શકે. જેમ, **દોડતો** ઘોડો પડયો, **કર્યાં** કર્મ પીડે છે; તમે **મરતા** માણસને મારો મા, **કોહેલી** કેરી ખાશો મા.

૪. **છઠ્ઠી વિભકિતવાળાં નામ** વિશેષણની પેઠે વપરાય છે, માટે તે ઉદ્દેશ્ય ને ક્રિયાપૂરક શબ્દનો વધારો થઈ શકે. જેમ, **છોકરાની** સ્લેટ ફૂટી, **મારૂં** અંગરખું ફાટયું; તેણે **મગનની** ચોપડી ખરીદી, વાઈસરાયે દિલ્હી દરબારમાં **વર્ત્તમાનપત્રના** અધિપતિને નોતર્યા, તમે **ઉપરની** ખુરશી લાવો, પ્રથમ ચીનાઓએ **છાપવાની** કળા શોધી.

૫. **સમાનાર્થ નામ** ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દને ઓળખાવે છે, માટે તે તેનો વધારો થઈ શકે. જેમ, **રામજી** માસ્તરે પેનશન લીધું; સરકારે **સયાજીરાવ** ગાયકવાડને ગાદી આપી.

૬. **પરિમાણ બતાવનાર નામ** ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક શબ્દનો વધારો થઈ શકે છે. જેમ, **હજાર મણ** ચોખા બળી ગયા, તેણે **ઘડો** પાણી પીધું

વિધેય તરીકે વપરાતા શબ્દો:—

૧. એકલાં ક્રિયાપદ:—તે આવે છે, હું જઇશ.

૨. એકલાં કૃદંત:—તે જવાનો, અમે નાઠા.

૩. શબ્દયુક્ત ક્રિયાપદ:—

अ. નામ:—મગનલાલ મહેતાજી છે, અમદાવાદ શહેર છે, તાપી નદી છે, મણીભાઇ દીવાન થયા, તે રાજા બન્યો, તે પ્રધાન નીમાયો.

ब. સર્વનામ:—તે હું છું, આ કોણ છે, છપાવનાર અમે હતા.

क. વિધિવાચક વિશેષણ:—તે તોફાની છે, ઔરંગઝેબ કપટી હતો, શિવાજી બહાદુર હતો, છોકરો વિચારવંત છે, દેવ મામલતદાર ધર્માત્મા હતા, તે આળસુ રહ્યો, વર્ષ સારૂં નીવડ્યું.

ड. છઠ્ઠી વિભક્તિવાળા શબ્દ:—મોવિયા ગામ ઠાકોર સાહેબનું છે, આ ઘર અમારૂં છે, તે તેનું નથી.

इ. કૃદંત:—શાક સડેલું છે, તે પતિત થયો, આ માણસ ગાનાર છે.

फ. ક્રિયાવિશેષણ અવ્યય:—લલ્લુભાઈ ત્યાં હતા, તે ઉપર છે.

વિધેયનો વધારો કરનાર શબ્દો:—

૧. ક્રિયાવિશેષણો:—તે કાલે ગયો (વખત), તે અહિં આવશે (સ્થળ), તે જરા દોડ્યો (રીત), તે નહિ આવે (નકાર), અમે કદાચ આવીએ (સંશય), તે સાથે લેજો (સાહિત્ય), ઈત્યાદિ.

૨. ક્રિયાવિશેષણને અર્થે આવતાં વિભક્તિવાળાં નામ, સર્વનામ, વિશેષણ, અને કૃદંત:—તે સુરત ગયો (સ્થળ), હું

બે **કલાક** સુતો (કાળ), આ કામ **તેનાથી** થશે (કરણ), છોકરો **બોલવે** વાચાળ છે (સ્થળ), તે **ચાલવાથી** માંદો પડયો (હેતુ), તે **અમદાવાદથી** આવશે (વિયોગ), ઇત્યાદિ.

૩. **નામયોગી અવ્યયની સાથેનાં નામ, સર્વનામ, વિશેષણ, અને કૃદંતઃ—તેની પાસે** બેસીશ (સ્થળ), **અકબર પછી** ઔરંગઝેબ પાદશાહ થયો (કાળ), તમે આ કામ **એને વાસ્તે** કરો (હેતુ), તમને **લખવા માટે** બોલાવ્યા છે (હેતુ).

૪. **કૃદંત અવ્યયઃ**—જયશિખર **લડતાં** મુઓ (હેતુ).

ઉદ્દેશ્ય, ક્રિયાપૂરક, અને વિધેયનો શબ્દાવળી*થી વધારો.

ઉદાહરણ—

ઉદ્દેશ્યનો શબ્દાવળીથી વધારો.

૧. **બુદ્ધના પૂર્વ જન્મો વિષેની વાર્તાઓનું એક** પુસ્તક છે.

૨. **રામની પ્રજામાંના કેટલાક** લોકે સીતાની નિંદા કરી.

૩. **તેની પાસે બેઠેલો** માણસ ક્યાં ગયો?

૪. **ઉપજ કરતાં ખર્ચ વધારે રાખવાની** ટેવ બહુબહુ રીતે પડે છે.

ક્રિયાપૂરકનો શબ્દાવળીથી વધારો.

૧. ઋષભદેવજીએ **આત્માના કલ્યાણનો ઉત્તમ** બોધ બધે ફેલાવ્યો.

---

* શબ્દો એક બીજા સાથે કાંઈ સંબંધે બંધાએલા હોય, પણ તેમાં કાંઈ **કર્ત્તા** કે **ક્રિયાપદ** ન હોય તો તે શબ્દ સમુદાયને **શબ્દાવળી** કહે છે. જેમ, તમારા વર્ગનો તોફાની, તમારા દીકરાનો, રાત્રે બહુ વાંચવાથી, ભુવડ સાથે લડતાં, આ બધા શબ્દસમુદાયમાં કર્ત્તા ને ક્રિયાપદ નથી માટે તે શબ્દાવળી કહેવાય.

૨. તેં **ભૂખે મરી રહેલ** ભિખારીને માર્યો.
૩. ચંડાળે હરિશ્ચંદ્રને **મુડદાં ઉપરનાં લૂગડાં એકઠાં કરવાનું** કામ સોંપ્યું.
૪. દુર્યોધને યુધિષ્ઠરને જુગટું રમાડી **રાજપાટ છીનવી લેવાની** યુક્તિ રચી.

વિધેયનો શબ્દાવળીથી વધારો.

૧. મેં **લોઢાની લેખણ વડે** કાગળ લખ્યો.
૨. **જનોઇ પહેરી, સૂર્યનો મંત્ર લઇ,** વિદ્યાર્થી **ગુરૂને ઘેર** રહે છે.
૩. યુરોપના ઘણા વહાણવટીઓ **હિંદુસ્તાન પહોંચવાનો દરિયાઇ માર્ગ શોધવાને** મથી રહ્યા હતા.
૪. તેના શેઠે **તેના હાથમાં દીવો ન જોવાથી** પૂછ્યું.

સાદા વાકયનું પૃથક્કરણ કરવાની રીત.

જો વાકયમાં એક જ ક્રિયાપદ હોય, તો **સાદું વાકય** જાણવું. મુખ્ય અને સાહાય્યકારક ક્રિયાપદો મળી **એકજ** ક્રિયાપદ ગણવું. વાકયની અંદર આવેલાં કૃદંતને ક્રિયાપદમાં ન ગણાય. જેમ–પ્રથમ સાદા સંચા **નીકળ્યા** પછી વરાળયંત્ર નીકળ્યાં. સત્યવતી દેવી દરવર્ષે શિયાળામાં ગરીબોને ગરમ કપડાં **આપી** તેઓનું કષ્ટ નિવારણ કરતી. પહેલા વાક્યમાં 'નીકળ્યા' અને બીજા વાકયમાં 'આપી' કૃદંત છે, માટે બંને સાદાં વાકય કહેવાય.

સાદા વાકયના પૃથક્કરણને માટે નીચેને ક્રમે કામ કરવું.

अ. પ્રથમ પૃષ્ઠ ૧૨૬ મે જણાવ્યા મુજબ કોઠો તૈયાર કરવો.

ब. ક્રિયાપદના ખાનામાં મુખ્ય ને સાહાય્યકારક ક્રિયાપદો ખોળી કાઢી લખવાં.

क. વાક્યનો ઉદ્દેશ્ય (કર્તરિ રચનામાં કર્તા, ને કર્મણિ રચનામાં કર્મ) ખોળી ઉદ્દેશ્યના ખાનામાં, ને તેનો વધારો ખોળી તેના વધારાના ખાનામાં લખવો.

ड. ક્રિયાપૂરક શબ્દો (ગૌણકર્મ, પ્રધાનકર્મ, અને શબ્દયુક્ત ક્રિયાપદમાં ક્રિયાપદ સાથેના શબ્દો પૃષ્ઠ ૧૨૯મે બતાવ્યા મુજબ) અને તેનો વધારો ખોળી કાઢી ક્રિયાપૂરકના ખાનામાં લખવો.

इ. વિધેયનો વધારો (ક્રિયાવિશેષણો કે તેના જેવું કામ કરનાર શબ્દ કે શબ્દાવળી) ખોળી વિધેયવર્ધકના ખાનામાં લખવો.

फ. ઉદ્દેશ્ય કે બીજું હરકોઈ પદ અધ્યાહાર રૂપે રહેલ હોય, તો તે ગણત્રીમાં લેવું. સંબોધનાર્થે આવેલું નામ છોડી દેવું.

દરેક શબ્દ વાક્યમાં શું કામ કરે છે તે તપાસવાને નીચેની ટીપ અનુકૂળ પડશે.

(૧). **નામ સર્વનામઃ**—વાક્યમાં ઉદ્દેશ્ય અને ક્રિયાપૂરક થાય છે. સમાનાર્થે બીજા નામને ઓળખાવે છે, છઠ્ઠી વિભક્તિ લાગી હોય તો વિશેષણ જેવું કામ કરે છે, બાકીની વિભક્તિઓ કે નામયોગી અવ્યય લઈ ક્રિયાવિશેષણ તરીકે ક્રિયાપદ કે કૃદંતનો વધારો કરે છે.

(૨). **વિશેષણ સર્વનામઃ**—વિશેષણ જેવું કામ કરે છે.

(૩). **વિશેષણઃ**—ઉદ્દેશ્ય, ક્રિયાપૂરક, કે બીજા નામનો વધારો કરે છે. વિશેષ્ય વિના એકલાં આવી ઉદ્દેશ્ય, ક્રિયાપૂરક, કે નામનાં બીજાં કામ કરે છે. ક્રિયાવિશેષણ તરીકે વપરાઈને ક્રિયાપદ કે કૃદંતનો વધારો કરે છે.

(૪). **ક્રિયાપદઃ**—વિધેયપદ થાય છે.

(૫). **કૃદંતઃ**—એકલાં આવી ક્રિયાપદ બને છે, જોડે સહાયકારી ક્રિયાપદ આવવાથી મિશ્રકાળ બનાવે છે. નામ તરીકે વપરાઇ નામનાં, વિશેષણ તરીકે વપરાઇ વિશેષણનાં, અને ક્રિયાવિશેષણ તરીકે વપરાઈ ક્રિયાવિશેષણનાં બધાં કામ કરે છે.

(૬). **ક્રિયાવિશેષણ**:—ક્રિયાપદ કે કૃદંતનો વધારો કરે છે.

(૭). **નામયોગી અવ્યય**:—નામ સાથે આવી ક્રિયાપદ કે કૃદંતનો વધારો કરે છે. (સાદા વાક્યનું પૃથક્કરણ પૃષ્ઠ ૧૩૪-૧૩૫ મે જુઓ.)

પાઠ ૧૫. પદચ્છેદ.

૧. છગનથી મનસુખને દાખલો શિખવાયો.

૧. **છગનથી**:—વિશેષ નામ, નરજાતિ, પાંચમીનું એકવચન. શિખવાયોનો કર્તા.

૨. **મનસુખને**:—વિશેષનામ, નરજાતિ, ચોથીનું એકવચન. શિખવાયોનું ગૌણ કર્મ.

૩. **દાખલો**:—સામાન્ય નામ, નરજાતિ, **પહેલીનું** એક વચન. શિખવાયોનું પ્રધાનકર્મ. (કર્મણિ રચના છે.)

૪. **શિખવાયો**:—કર્તા છગનથી, કર્મ મનસુખને દાખલો, માટે સકર્મક ક્રિયાપદ, શીખ ધાતુનું પ્રેરક રૂપ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ કર્મ દાખલો, ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

૨. મગન મહેનતુ છોકરો છે.

૫. **મહેનતુ**:—અવિકારી ગુણવાચક વિશેષણ, વિશેષ્ય છોકરો માટે નરજાતિ, પહેલીનું એકવચન.

૬. **છોકરો**:—સામાન્ય નામ, નરજાતિ, પહેલીનું એકવચન. છે ક્રિયાપદનું પૂરક.

૩. નરભેરામ મહેતાજીને પેનશન મળ્યું.

૭. **નરભેરામ**:—વિશેષનામ, નરજાતિ, 'મહેતાજીને' એની સમાનાર્થે વિભક્તિ.

૮. **મહેતાજીને**:—સામાન્ય નામ, નરજાતિ, ચોથીનું માનાર્થે બહુવચન. 'મળ્યું' ક્રિયાપદ સાથે સંબંધ.

વાક્ય.	ઉદ્દેશ્ય પક્ષ.	
	ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્યવર્ધક.
૧. સોમવતી અમાસે હિંદુ સ્ત્રીઓ પીપળાની આસપાસ ફેરા ફરે છે.	સ્ત્રીઓ.	હિંદુ.
૨. ચંડાળથી વેપારીને કપડું વેચાણું.	કપડું.	
૩. મોવિયા ગામ ઠાકોર સાહેબનું છે.	ગામ.	મોવિયા.
૪. રામજી માસ્તરે પેનશન લીધું.	માસ્તરે.	રામજી.
૫. હજાર મણ ચોખા બળી ગયા.	ચોખા.	હજાર મણ.
૬. બકરીને સાત બચ્ચાં થયાં.	બચ્ચાં.	સાત.
૭. તું તેને લીધે અમદાવાદ ગયો.	તું.	
૮. તે ઝાડ પરથી પડયો.	તે.	
૯. ઘણા જૂના વખતમાં મધ્ય એશિયા તરફથી દક્ષિણમાં ઉતરી આવી કેટલાક લોકો વાયવ્ય ખુણાને માર્ગે હિંદુસ્તાનમાં પેઠા.	લોકો.	કેટલાક.

પૃથક્કરણનો નમુનો.

વિધેય પક્ષ.		
વિધેય.		વિધેયવર્ધક.
ક્રિયા.	ક્રિયાપૂરક.	
ફરે છે.	ફેરા.	સોમવતી અમાસે (કાળદર્શક). પીપળાની આસપાસ (સ્થળદર્શક).
વેચાણું.	વેપારીને.	ચંડાળથી (કરણાર્થે).
છે.	ઠાકોર સાહેબનું.	
લીધું.	પેનશાન.	
બળી ગયા.		
થયાં.		બકરીને (સંબંધ દર્શક).
ગયો.		તેને લીધે (હેતુ). અમદાવાદ (સ્થળ).
પડયો.		ઝાડ પરથી (વિયોગાર્થે).
પેઠા.		ઘણા જૂના વખતમાં (કાળદર્શક). મધ્ય એશિયા તરફથી દક્ષિણમાં ઊતરી આવી (કાળદર્શક). વાયવ્યખુણાને માર્ગે (કરણાર્થે). હિંદુસ્તાનમાં (સ્થળદર્શક).

૯. **પેનશનઃ**—સામાન્ય નામ, નાન્યતરજાતિ, પહેલીનું એક-વચન, મળ્યુંનો કર્ત્તા.

૪. પાલી ચોખાથી તેણે બ્રાહ્મણોને જમાડયા.

૧૦ **પાલીઃ**—સામાન્ય નામ, નારીજાતિ, પહેલીનું એકવચન. ચોખાથીના પરિમાણાર્થે.

૧૧. **ચોખાથીઃ**—સામાન્ય નામ, નરજાતિ, પાંચમીનું બહુવ-ચન. જમાડયાનું કરણ.

૧૨. **જમાડયાઃ**—કર્ત્તા તેણે, કર્મ બ્રાહ્મણોને, માટે સકર્મક ક્રિયાપદ, જમ ધાતુનું પ્રેરક રૂપ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ કર્મ બ્રાહ્મણોને, ત્રીજો પુરૂષ, નરજાતિ, બહુવચન, કર્મણિ પ્રયોગ.

૫. નદી ગાઉ વાંકી છે.

૧૩. **ગાઉઃ**—સામાન્ય નામ, નરજાતિ, બીજીનું એકવચન. વાંકી છે વિધેયનું સ્થળ.

૧૪. **વાંકીઃ**—વિધિવાચક વિશેષણ, વિશેષ્ય નદી માટે નારી જાતિ, પહેલીનું એકવચન.

૬. તાવે ઘણાં માણસ મરી ગયાં.

૧૫. **તાવેઃ**—સામાન્ય નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. મરી ગયાંનો હેતુ.

૭. આગગાડી કલાકે ૩૦ માઇલ ચાલે છે.

૧૬. **કલાકેઃ**—સામાન્ય નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. ૩૦ માઇલિ ચાલે છેનું પરિમાણ.

૧૭. **ત્રીશઃ**—અવિકારી સંખ્યાવાચક વિશેષણ, વિશેષ્ય મા-ઇલિ માટે નરજાતિ, પહેલીનું બહુવચન.

૧૮. **માઇલિઃ**—સામાન્ય નામ, નરજાતિ, પહેલીનું બહુવચન. ચાલે છેનું પરિમાણ.

૮. મહારાજા ચારસેં ઘોડા સહિત પધાર્યા.

૧૯. ચારસેં:—અવિકારી સંખ્યાવાચક વિશેષણ, વિશેષ્ય ઘોડા માટે નરજાતિ, છઠ્ઠીનું બહુવચન.

૨૦. ઘોડા:—સામાન્ય નામ, નરજાતિ, છઠ્ઠીનું બહુવચન. સહિત સાથે સંબંધ.

૨૧. સહિત:—નામયોગી અવ્યય. ઘોડા સાથે જોડાએલો.

૯. તારે ઘોડે તેને લાત મારી.

૨૨. તારે:—બીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, છઠ્ઠી સાથે ત્રીજીનું એકવચન. ઘોડા સાથે સંબંધ.

૨૩. ઘોડે:—સામાન્ય નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. મારીનો કર્ત્તા.

૨૪. તેને:—ત્રીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું એકવચન. મારીનું ગૌણ કર્મ.

૨૫. લાત:—સામાન્ય નામ, નારીજાતિ, બીજીનું એકવચન. મારીનું પ્રધાન કર્મ.

૨૬. મારી:—કર્ત્તા ઘોડે, કર્મ તેને લાત, માટે સકર્મક ક્રિયાપદ, મર ધાતુનું કર્મક રૂપ, નિશ્ચયાર્થ, ભૂતકાળ, ક્રિયાનાથ કર્મ લાત, માટે ત્રીજો પુરૂષ, નારીજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

૧૦. મારે ને તેને બને છે.

૨૭. મારે:—પહેલો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું એકવચન. બને છે ક્રિયાપદ જોડે સંબંધ.

૨૮. ને:—ઉભયાન્વયી અવ્યય. મારે ને તેને એ બે શબ્દને જોડે છે.

૨૯. તેને:—ત્રીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું એકવચન. બને છે ક્રિયાપદ જોડે સંબંધ.

૩૦. બને છે:—કર્ત્તા ક્રિયાનો ભાવ, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, બન ધાતુ, નિશ્ચયાર્થ, દ્વિત્વ વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ ક્રિયાનો ભાવ માટે ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવેપ્રયોગ.

૧૧. તમે મારે વાસ્તે પાણી લાવો.

૩૧. મારે:—પહેલો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, છઠ્ઠીનું એકવચન. વાસ્તે સાથે સંબંધ.

૩૨. વાસ્તે:—નામયોગી અવ્યય, મારે સાથે સંબંધ.

૧૨. મગનને જવું છે.

૩૩. મગનને:—વિશેષ નામ, નરજાતિ, ચોથીનું એકવચન. જવું છેનો કર્ત્તા.

૩૪. જવું છે:—કર્ત્તા મગનને, કર્મ નથી, માટે અકર્મક ક્રિયાપદ, જા ધાતુ, નિશ્ચયાર્થ, વિધ્યર્થ દ્વિત્વ વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ ક્રિયાપદનો ભાવ માટે ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૧૩. અલી બેન, તું તાવથી બહુ ગભરાય છે.

૩૫. અલી:—વિકારી વિશેષણ, વિશેષ્ય બેન માટે નારી જાતિ, પહેલીનું એકવચન.

૩૬. બેન:—સામાન્ય નામ, નારી જાતિ, સંબોધનાર્થે પહેલીનું એકવચન.

૩૭. તું:—બીજો પુરૂષ સર્વનામ, બેનને ઠેકાણે માટે નારી જાતિ, પહેલીનું એકવચન. ગભરાય છેનો કર્ત્તા.

૩૮. તાવથી:—સામાન્ય નામ, નરજાતિ, પાંચમીનું એકવચન. ગભરાય છેનો હેતુ.

૩૯. બહુ:—ક્રિયાવિશેષણ અવ્યય. ગભરાય છેની રીત દર્શક.

૪૦. ગભરાય છેઃ—કર્ત્તા તું, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, ગભરા ધાતુ, નિશ્ચયાર્થ, દ્વિત્વ વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા તું માટે બીજો પુરૂષ, નારીજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૪. તમારાથી દાખલો ગણાવાય તો ગણાવો, નહિતો હું ગણાવું.

૪૧. તમારાથીઃ—બીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, પાંચમીનું બહુવચન. ગણાવાયનો કર્ત્તા.

૪૨. દાખલોઃ—સામાન્ય નામ, નરજાતિ, પહેલીનું એકવચન. ગણાવાયનું કર્મ. (કર્મણિ રચના છે.)

૪૩. ગણાવાયઃ—કર્ત્તા તમારાથી, કર્મ દાખલો માટે સકર્મક ક્રિયાપદ, ગણ ધાતુનું પ્રેરક રૂપ, સંશયાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્મ દાખલો માટે ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, કર્મણિ પ્રયોગ.

૪૪. તોઃ—ઉભયાન્વયી અવ્યય. તમારાથી દાખલો ગણાવાય અને ગણાવો આ બે વાકયને જોડે છે.

૪૫. ગણાવોઃ—કર્ત્તા તમે, કર્મ દાખલા માટે સકર્મક ક્રિયાપદ, ગણ ધાતુનું પ્રેરક રૂપ, આજ્ઞાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા તમે માટે બીજો પુરૂષ, સામાન્ય જાતિ, બહુવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૪૬. નહિ તોઃ—ઉભયાન્વયી અવ્યય, ગણાવો અને હું ગણાવું એ બે વાક્યને જોડે છે.

૪૭. હુંઃ—પહેલો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, પહેલીનું એકવચન. ગણાવુંનો કર્ત્તા.

૪૮. ગણાવું—કર્ત્તા હું, કર્મ દાખલો માટે સકર્મક ક્રિયાપદ, ગણ ધાતુનું પ્રેરકરૂપ, નિશ્ચયાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા હું માટે પહેલો પુરૂષ, સામાન્ય જાતિ, એકવચન, સકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૫. તે ઘેર હોવો જોઇએ.

૪૯. તે:—ત્રીજો પુરૂષ સર્વનામ, નરજાતિ, પહેલીનું એકવચન. હોવો જોઇએનો કર્ત્તા.

૫૦. ઘેર:—સામાન્ય નામ, નાન્યતર જાતિ, સાતમીનું એકવચન. હોવો જોઇએનું સ્થળદર્શક.

૫૧. હોવો જોઇએ:—કર્ત્તા તે, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, હો અને જો ધાતુ, નિશ્ચાયાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા તે માટે ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૬. ભલા, વિદ્વાન, એમની પાસે હમેશાં બેસવું જોઇએ.

૫૨. ભલા:—વિકારી ગુણવાચક વિશેષણ (નામ અર્થે), નરજાતિ, 'એમની' એની સમાનાર્થે વિભક્તિ.

૫૩. વિદ્વાન:—અવિકારી ગુણવાચક વિશેષણ (નામ અર્થે), નરજાતિ, 'એમની' એની સમાનાર્થે વિભક્તિ.

૫૪. એમની:—દર્શક સર્વનામ, ભલા અને વિદ્વાનને દર્શાવે છે માટે નરજાતિ, છઠ્ઠીનું બહુવચન. પાસે જોડે સંબંધ.

૫૫. પાસે:—નામયોગી અવ્યય. એમની સાથે જોડાએલો.

૫૬. હમેશાં:—ક્રિયાવિશેષણ અવ્યય. બેસવું જોઇએનો કાળદર્શક.

૫૭. બેસવું જોઇએ:—કર્ત્તા બેસનાર, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, બેસ અને જો ધાતુ, નિશ્ચયાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ ક્રિયાપદનો ભાવ માટે ત્રીજો પુરૂષ, નાન્યતર જાતિ, એકવચન, ભાવે પ્રયોગ.

૧૭. મગન ઘણો તોફાની છે.

૫૮. ઘણો:—ક્રિયાવિશેષણ અવ્યય. તોફાની વિધિવાચક વિશેષણના અર્થમાં વધારો કરે છે.

૫૯. તોફાની:—વિધિવાચક વિશેષણ, વિશેષ્ય મગન માટે નરજાતિ, પહેલીનું એકવચન.

૧૮. આપણે તો જવાના.

૬૦. આપણે:—પહેલો બીજો પુરૂષ સર્વનામ, નરજાતિ, પહેલીનું બહુવચન, જવાનાનો કર્ત્તા.

૬૧. તો:—અવ્યય. આપણેના અર્થમાં વધારો કરે છે.

૬૨. જવાના:—કર્ત્તા આપણે, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, જા ધાતુ, નિશ્ચયાર્થ, ભવિષ્યકાળ, ક્રિયાનાથ કર્ત્તા આપણે માટે પહેલો બીજો પુરૂષ, નરજાતિ, બહુવચન, અકર્મક કર્તરિ પ્રયોગ.

૬૩. અમે રાજકોટ **ગયા હતા:**—કર્ત્તા અમે, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, જા ધાતુ, નિશ્ચયાર્થ, દ્વિત્વ ભૂતકાળ, ક્રિયાનાથ કર્ત્તા અમે માટે પહેલો પુરૂષ, નરજાતિ, બહુવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૬૪. તેનાથી **રમાય છે:**—કર્ત્તા તેનાથી, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, રમ ધાતુ, નિશ્ચયાર્થ, દ્વિત્વ વર્તમાનકાળ, ક્રિયાનાથ ક્રિયાપદનો ભાવ માટે ત્રીજો પુરૂષ, નાન્યતર જાતિ, એકવચન, ભાવેપ્રયોગ.

૬૫. ઝાડ **પડયું હોત:**—કર્ત્તા ઝાડ, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, પડ ધાતુ, સંશયાર્થ, દ્વિત્વ ભૂતકાળ, ક્રિયાનાથ કર્ત્તા ઝાડ માટે ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૬૬. હું મેડીપર **ચઢતો હઈશ:**—કર્ત્તા હું, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, ચઢ ધાતુ, સંશયાર્થ, વર્ત્તમાન ભવિષ્યકાળ, ક્રિયાનાથ કર્ત્તા હું માટે પહેલો પુરૂષ, નરજાતિ, એકવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૯. તમારા કહેવાથી તે પોતાનો નંબર ઉપર રાખવાનો નથી.

૬૭. કહેવાથીઃ—સામાન્ય કૃદંત નામ, નાન્યતર જાતિ, પાંચમીનું એકવચન. રાખવાનો નથીનું કરણ.

૬૮. ઉપરઃ—ક્રિયાવિશેષણ અવ્યય. રાખવાનો નથીનું સ્થળ દર્શક.

૬૯. રાખવાનો નથીઃ—કર્ત્તા તે, કર્મ નંબર, માટે સકર્મક ક્રિયાપદ, રાખ ધાતુ, નિશ્ચયાર્થ, નિષેધાર્થ ભવિષ્ય વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્તા તે માટે ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, સકર્મક કર્તરિ પ્રયોગ.

૨૦. માબાપનું કહ્યું ન માનનારાં બાળક અંતે દુઃખી થાય છે.

૭૦. કહ્યુંઃ—ભૂતકૃદંતનામ, નાન્યતર જાતિ, બીજીનું એકવચન. માનનારાં કૃદંતનું કર્મ.

૭૧. માનનારાંઃ—કર્તૃવાચક કૃદંતવિશેષણ, વિશેષ્ય બાળક માટે નાન્યતર જાતિ, પહેલી બહુવચન.

૭૨. દુઃખીઃ—વિધિવાચક વિશેષણ, વિશેષ્ય બાળક માટે નાન્યતર જાતિ, પહેલીનું બહુવચન.

૨૧. પોપટ બોલતાં શીખે છે.

૭૩. બોલતાંઃ—વર્ત્તમાન કૃદંતનામ, નાન્યતર જાતિ, બીજીનું એકવચન. શીખે છેનું કર્મ.

૨૨. મામા, હાથે કરીને પીડા શું કરવા વહોરો છો ?

૭૪. હાથેઃ—સામાન્ય નામ, નરજાતિ, ત્રીજીનું એકવચન. કરીને સાથે સંબંધ.

૭૫. કરીનેઃ—નામયોગી અવ્યય. હાથે સાથે જોડાએલો.

૭૬. **શું**:—પ્રશ્નાર્થ સર્વનામ, નાન્યતર જાતિ, બીજીનું એક-વચન. કરવા કૃદંતનું કર્મ.

૭૭. **કરવા**:—કૃદંતનામ, નાન્યતર જાતિ, ચોથીનું એકવચન. વહોરો છોના હેતુઅર્થે.

૨૩. વગર કારણે પીડા ઉભી ન કરો.

૭૮. **વગર**:—નામયોગી અવ્યય. કારણે સાથે જોડાએલો.

૭૯. **કારણે**:—ભાવવાચક નામ, નાન્યતર જાતિ, ત્રીજીનું એક વચન. ઉભી ન કરોનું કરણ.

૮૦. **ઉભી ન કરો**:—કર્ત્તા તમે, કર્મ પીડા માટે સકર્મક ક્રિયાપદ, ઉભ અને કર ધાતુ, આજ્ઞાર્થ, નિષેધાર્થ વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા તમે માટે બીજો પુરૂષ, સામાન્ય જાતિ, બહુવચન, કર્ત્તરિ પ્રયોગ.

૨૪. તેઓ માત્ર ઉઘરાણી સારૂ જ જતા આવતા રહેતા.

૮૧. **માત્ર**:—અવ્યય. ઉઘરાણીના અર્થમાં વધારો કરે છે.

૮૨. **જ**:—અવ્યય. ઉઘરાણી સારૂના અર્થમાં વધારો કરે છે.

૮૩. **જતા આવતા રહેતા**:—કર્ત્તા તેઓ, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, જા, આવ, અને રહે ધાતુ, નિશ્ચયાર્થ, ચાલુ ભુતકાળ, ક્રિયાનાથ તેઓ માટે ત્રીજો પુરૂષ, નરજાતિ, બહુવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ

૨૫. શું! એમ કરાય કે?

૮૪. **શું!**:—કેવળપ્રયોગી અવ્યય.

૮૫. **એમ**:—ક્રિયાવિશેષણ અવ્યય. કરાયનું રીતદર્શક.

૮૬. **કરાય**:—કરનાર કર્ત્તા, કર્મ કરવાનું માટે સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, સંશયાર્થ, વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્મ કરવાનું માટે ત્રીજોપુરૂષ, નાન્યતર જાતિ, એક વચન, કર્મણિ પ્રયોગ.

૮૭. **કે?**:—અવ્યય. કરાયના અર્થમાં વધારો કરે છે.

૮૮. **કરતાં**:—છોકરાં કામ **કરતાં** (ક્રિયાપદ), છોકરાં કામ **કરતાં** હતાં (ક્રિયાપદ, નિશ્ચયાર્થ વર્તમાન ભૂતકાળ), તે કામ **કરતા** થાકી ગયો (કૃદંત અવ્યય), મગન **કરતાં** તે ડાહ્યો છે (નામયોગી અવ્યય).

૮૯. **છતાં**:—**છતાં** માણસે ભવાઈ (વર્તમાન કૃદંત વિશેષણ), હું **છતાં** કામ બગડે (કૃદંત અવ્યય), મારા આવવા **છતાં** તમારે આવવું પડયું (નામયોગી અવ્યય), તમે આવ્યા, **છતાં** કામ બગડયું (ઉભયાન્વયી અવ્યય).

૯૦. **ઉભો**:—ત્યાં જઈને **ઉભો** (ક્રિયાપદ), ત્યાં જઇ ને **ઉભો** રહ્યો (સંયુક્ત ક્રિયાપદ, નિશ્ચાર્થ ભૂતકાળ).

૯૧. **શું**:—**શું** કહો છો? (પ્રશ્નાર્થ સર્વનામ), **શું** કામ કરો છો? (પ્રશ્નાર્થક વિશેષણ), **શું**! તે ગયા (કેવળપ્રયોગી અવ્યય).

૯૨. **ઉતાવળા**:—આ **ઉતાવળા** છોકરા છે (વિશેષણ), છોકરા **ઉતાવળા** ચાલે છે (ક્રિયાવિશેષણ અવ્યય), **ઉતાવળા** સો બાવરા ધીરા સો ગંભીર (વિશેષણ નામ અર્થે).

૯૩. **માટે**:—માંદા છો **માટે** ન આવો (ઉભયાન્વયી અવ્યય). તેને **માટે** ચાલો (નામયોગી અવ્યય).

૯૪. **વારૂ**:—**વારૂ**, તમે આવશો? (કેવળપ્રયોગી અવ્યય), ત્યાં જજો, **વારૂ**. (ક્રિયાવિશેષણ અવ્યય).

૯૫. **તે**:—**તે** ગયો (પુરૂષ સર્વનામ), **તે** છોકરો (વિશેષણ), રાજકોટથી **તે** નવાનગર સુધી રેલવે થઈ (ઉભયાન્વયી અવ્યય), તેમાં **તે** શું? (અવ્યય).

કવિતાનું પદચ્છેદ.

પદ્યમાં શબ્દરચનાનો કાંઈ મેળ નથી. એટલુંજ નહિ પણ શબ્દ પ્રત્યય વગેરે અધ્યાહાર મૂકવાની કવિને છૂટ છે, માટે કવિ-

તામાં જે શબ્દ પ્રત્યયનો અધ્યાહાર હોય તે ઉમેરી તેનો બરાબર અન્વય કરવો. પછી ચરણમાં જે ક્રમે શબ્દો હોય તે ક્રમે શબ્દો લઇ પદચ્છેદ કરવું. ચરણમાંના શબ્દોમાં કાંઈ અધ્યાહાર હોય તો પ્રથમ ચરણનો શબ્દ લખવો, ને તેની પાસે કૌંસમાં અધ્યાહાર ભાગ લખી તેનું પદચ્છેદ કરવું. જેમઃ—

કૃતિ ભારી નિર્ખી જન દૂર ખસેછે મથીમથી.

(હે ઇશ્વિર, તારી) ભારી કૃતિ નિર્ખી જન મથીમથી-

(ને) દૂર ખસે છે.

૯૬. કૃતિ:—ભાવવાચક નામ, નારીજાતિ, બીજીનું એકવચન. નીરખી કૃદંતનું કર્મ.

૯૭. ભારી:—અવિકારી ગુણવાચક વિશેષણ, વિશેષ્ય કૃતિ માટે નારીજાતિ, બીજીનું એકવચન.

૯૮. નિર્ખી:—સંબંધક ભૂતકૃંદત અવ્યય.

૯૯. જન:—સામાન્ય નામ, નાન્યતરજાતિ, પહેલીનું બહુવચન. ખસે છેનો કર્ત્તા.

૧૦૦. દૂર:—ક્રિયાવિશેષણ અવ્યય. ખસે છેનું સ્થળદર્શક.

૧૦૧. ખસે છે:—કર્ત્તા જન, કર્મ નથી માટે અકર્મક ક્રિયાપદ, ખસ ધાતુ, નિશ્ચયાર્થ, દ્વિત્વ વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ કર્ત્તા જન માટે ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, બહુવચન, અકર્મક કર્ત્તરિ પ્રયોગ.

૧૦૨. મથીમથી (ને):—સંબંધક ભૂત કૃદંત અવ્યય.

પાઠ ૧૬ સવાલો.

૧. નામયોગી અવ્યય કોને કહે છે ?

૨. જેની પહેલાં ના, ની, ને આવે, એવા નામયોગી અવ્યયના દાખલા આપો.

૩. કર્મક અને પ્રેરક રૂપ એટલે શું? પ્રેરક રૂપ શી રીતે બને? ખા ધાતુનું દ્વિત્વ પ્રેરક રૂપ શું?

૪. અર્થ કેટલા છે? કયા કયા? દરેકના બબ્બે દાખલા આપો.

૫. મુખ્ય કાળ કયા? તેના પ્રત્યય કયા? દરેક મુખ્ય કાળ કયા કયા અર્થમાં વપરાય છે?

૬. વિધ્યર્થ વર્ત્તમાન અને ચાલુ ભૂતકાળના પ્રત્યય કયા?

૭. ક્રિયાનાથ એટલે શું?

૮. કર્ત્તા કર્મ એકજ જાતિવચનમાં હોય, ત્યારે ક્રિયાનાથ શી રીતે નક્કી કરાય?

૯. પ્રયોગ એટલે શું?

૧૦. કર્ત્તરિ, કર્મણિ અને ભાવે પ્રયોગ ક્યારે થાય?

૧૧. અકર્મક અને સકર્મક ક્રિયાપદ કયા કયા પ્રયોગમાં આવે?

૧૨. સકર્મક ક્રિયાપદ ભૂતકાળે કર્ત્તરિ પ્રયોગમાં આવે, એવાં પાંચ વાક્ય બનાવો.

૧૩. સકર્મક ક્રિયાપદ ભૂતકાળે કર્ત્તરિ તથા કર્મણિ પ્રયોગમાં આવે, એવાં ત્રણ ત્રણ વાક્ય બનાવો.

૧૪. કૃદંત એટલે શું?

૧૫. કૃદંતના કાળ પ્રમાણે પ્રકાર કેટલા? તેનાં નામ અને તેના પ્રત્યય કયા?

૧૬. કૃદંતનામ, વિશેષણ અને અવ્યયના પ્રત્યય કયા?

૧૭. સાહાય્યકારક ક્રિયાપદ કોને કહે છે?

૧૮. મિશ્રકાળ શી રીતે બને છે?

૧૯. પંદર મુખ્ય મિશ્રકાળનાં નામ બોલો ને તે શી રીતે બને?

૨૦. કર ધાતુનાં નિશ્ચયાર્થ ને સંશયાર્થમાં મિશ્રકાળનાં રૂપ કહો.

૨૧. નિષેધાર્થ રૂપ શી રીતે બને ?

૨૨. સંયુક્ત ક્રિયાપદ કોને કહે છે ?

૨૩. અપૂર્ણ ક્રિયાપદ કોને કહે છે ?

૨૪. ઉભયાન્વયી અવ્યય એટલે શું ? અને તેના દાખલા આપો.

૨૫. **પણ** અને **તો** વાક્યની અંદર આવે, ત્યાં તેનું પદચ્છેદ શું કરવું ? એ અર્થમાં બીજા કયા કયા અવ્યય વપરાય છે ?

૨૬. **પછી** અવ્યય કઇ કઈ જાતમાં વપરાય છે તે દાખલા સાથે કહો.

૨૭. કર્ત્તા, કર્મ, પરિમાણ, સ્થળ, કાળ, કરણ, હેતુ, મૂલ્ય, અંગવિકાર, સાહિત્ય, સંબંધ, અપાદાન, મર્યાદા, ન્યૂનાધિકતા એ અર્થે કઇ કઈ વિભક્તિ આવે છે તે દાખલા સાથે કહો.

૨૮. ઉદ્દેશ્ય અને વિધેય કોને કહે છે ?

૨૯. સકર્મક કર્તરિ રચનાવાળાં વાક્યોને કર્મણિ રચનામાં લાવવાનો નિયમ દાખલા સાથે આપો.

૩૦. ઉદ્દેસ્ય અને ક્રિયાપૂરક તરીકે કયા શબ્દો વપરાય છે તે દાખલા સાથે કહો.

૩૧. ઉદ્દેસ્ય અને ક્રિયાપૂરક શબ્દના વધારા તરીકે કયા શબ્દો વપરાય છે તે દાખલા સાથે કહો.

૩૨. વિધેય તરીકે વપરાતા શબ્દો કયા તે દાખલા સાથે કહો.

૩૩. વિધેયવર્ધક તરીકે કયો શબ્દો વપરાય છે તે દાખલા સાથે કહો.

૩૪. શબ્દાવળી કોને કહે છે તે દાખલા સાથે કહો.

૩૫. ઉદ્દેશ્ય. ક્રિયાપૂરક, અને વિધેયનો વધારો શબ્દાવળીથી કર્યાનાં બબ્બે ઉદાહરણ આપો.

પાઠ ૧૭. સમાસ.

બે કે વધારે શબ્દો મળીને એક શબ્દ બને, ત્યારે તે શબ્દોનો **સમાસ** થયો કહેવાય છે; અને તે બનેલ શબ્દ **સામાસિક** કહેવાય. જેમ, માબાપ, ભક્તિમાર્ગ.

સમાસમાં આવેલા શબ્દોને જુદા પાડી તેનો અર્થ કહી બતાવવો, તેને **સમાસનો વિગ્રહ** કરવો કહે છે. જેમ, દૂધભાત=દૂધ અને ભાત.

સમાસના પહેલા શબ્દને **પૂર્વપદ**, છેલ્લા શબ્દને **ઉત્તરપદ**, અને તે બેની વચ્ચે હોય તેને **મધ્યમપદ** કહે છે. જેમ કાળીદાસકૃત–નાટક. એમાં **કાળીદાસ** પૂર્વપદ, **કૃત** મધ્યમપદ, અને **નાટક** ઉત્તરપદ છે.

સમાસ સાત જાતના છે. ૧. દ્વંદ્વ, ૨. તત્પુરૂષ, ૩. કર્મધારય, ૪. દ્વિગુ, ૫. મધ્યમપદ લોપી, ૬. બહુવ્રીહિ, અને ૭ અવ્યયી ભાવ.

૧. દ્વંદ્વ સમાસ:—સમાસનો વિગ્રહ કરતાં વચ્ચે **અને** અથવા **કે** ઉમેરવો પડે, તે દ્વંદ્વ સમાસ કહેવાય છે. દ્વંદ્વ=જોડું. એમાં આવેલાં સઘળાં નામ એક જ વિભક્તિમાં હોય, પરન્તુ વિભક્તિનો પ્રત્યય છેલ્લા નામને લાગે છે. ઉદાહરણ–રામલક્ષ્મણ (રામ અને લક્ષ્મણ), માબાપ (મા અને બાપ), દશબાર (દશ કે બાર), દીકરો-દીકરી (દીકરો કે દીકરી), અહોનિશ, ઉંચનીચ, ચલનવલન, દેવદાનવ, ભસ્તીઓટ, મરણપરણ, માલવિકાગ્નિમિત્ર (માલવિકા+અગ્નિમિત્ર), વર્ણાશ્રમ (વર્ણ+આશ્રમ), વિક્રમોર્વશી (વિક્રમ+ઉર્વશી), શ્વાસોચ્છ્વાસ (શ્વાસ+ઉચ્છ્વાસ).

૨. તત્પુરૂષ સમાસ:—સમાસનો વિગ્રહ કરતાં વચ્ચે વિભક્તિનો પ્રત્યય ઉમેરવો પડે, તે તત્પુરૂષ સમાસ કહેવાય છે. તત્પુરૂષ શબ્દ જ જાતે તત્પુરૂષ સમાસ છે. તત્પુરૂષ=તેનો પુરૂષ. તત્પુરૂષ સમા-

સમાં પહેલી સિવાય બીજી હરકોઇ વિભક્તિનો અધ્યાહાર રહે છે, તે પરથી તેની ૭ જાત ઠરે છે.

(૧). **દ્વિતિયા તત્પુરૂષ:**—અન્નદાતા (અન્નને આપનાર), ઉભયાન્વયી (ઉભય+અન્વયી), કુંભકાર, કૃષ્ણાર્પણ (કૃષ્ણ+અર્પણ), ગ્રંથકાર, જ્વરનાશક, દિગ્પાલ (દિક્+પાલ), દિવાકર (અજવાળું કરનાર=સૂર્ય), નિશાકર (રાત્રિ કરનાર=ચંદ્ર), પતિતોદ્ધાર (પતિત+ઉદ્ધાર), પરવશ, પારદર્શક, પુષ્ટિકારક, પ્રાણહર, બ્રાહ્મણશાસ્ત્રકાર, ભૂધર (પૃથ્વીને ધરનાર), યશોધરા, સર્વદમન, સુધાકર (અમૃતને કરનાર=ચંદ્ર), સૂક્ષ્મદર્શક, હર્ષવર્ધન, હિતેચ્છુ (હિત+ઇચ્છુ).

(૨). **તૃતીયા તત્પુરૂષ:**—અહમદાબાદ (અહમદશાહે વસાવેલું), દેવદત્ત (દેવે આપેલું), નામાંકિત (નામ+અંકિત=નામવડે ઓળખાએલ), બ્રહ્મદત્ત, હસ્તકૃત (હાથે કરેલું), હૈદ્રાબાદ, હોપકૃત.

(૩). **ચતુર્થી તત્પુરૂષ:**—કીર્તિસ્તંભ (કીર્તિને માટે થાંભલો), ગૌશાળા (ગાયને માટે શાળા,) ચરણોદક (ચરણ+ઉદક= ચરણને માટે પાણી), ટંકશાળ, તપોવન, દેશદાઝ, પાઠશાળા, પ્રાણવાયુ, વરમાળ, વાચનમાળા, શ્વાનભાગ.

(૪). **પંચમી તત્પુરૂષ:**—આચારવિરૂદ્ધ (આચારથી વિરૂદ્ધ), ક્રોધોન્મત્ત (ક્રોધ+ઉન્મત્ત), ગદાયુદ્ધ, જાતિભ્રષ્ટ.

(૫). **ષષ્ઠી તત્પુરૂષ:**—અજશાવ (બકરીનું બચ્ચું), અરબસ્તાન (અરબ લોકોનું ઠેકાણું), આર્યોદય (આર્ય+ઉદય), આર્યપુત્ર, આશીર્વાદ, ઋગ્વેદસંહિતા, કોલસાવાયુ, ક્રિયાવિશેષણ, ગ્રહનિરીક્ષણ, જગદીશ (જગત્+ઈશ) જીર્ણોદ્ધાર (જીર્ણ+ઉદ્ધાર), ઝાલાવાડ (ઝાલાઓનું રહેઠાણ), દીનોનાથ, દેવાલય (દેવ+આલય=દેવનું ઠેકાણું), દેવસ્થાન, દંડકારણ્ય (દંડક+અરણ્ય), ધર્મોપદેશક (ધર્મ+ઉપદેશક), નાગ-

રવાડો (નાગરોનું રહેઠાણ), નાટારંભ (નાટ+આરંભ), ન્યાયાસન, પરોપકાર, બીજાશય (બીજ+આશય), બીજાંડ (બીજ+અંડ), બ્રહ્માંડ, રાજેંદ્ર (રાજ+ઇંદ્ર), રાજપુત્ર, રામાયણ (રામ+અયન), વજ્રપાત, વનસ્પતિ, વાગ્દોષ (વાક્+દોષ), વાતાવરણ (વાત+આવરણ), વિદ્યાર્થી (વિદ્યા+અર્થી), વિદ્યાભ્યાસ (વિદ્યા+અભ્યાસ), વિદ્યાલય (વિદ્યા+આલય), વિશ્વેશા (વિશ્વ+ઈશા), સુભટોપરિ (સુભટ+ઉપરિ), સૂર્યોદય (સૂર્ય+ઉદય), હિતાર્થે, હિંદુસ્તાન.

ઘણી વિભક્તિઓના અર્થ ગુજરાતીમાં છઠ્ઠી વિભક્તિથી જણાય છે. જેમ, વ્યાઘ્રભય=વાઘથી ભય કે વાઘનો ભય. અશ્વઘાસ= અશ્વને માટે ઘાસ કે અશ્વનું ઘાસ. માટે આ સમાસ કહેતાં પહેલાં ખુબ વિચાર કરવો, બીજી કોઇ વિભક્તિમાં ન આવે, ત્યાં જ આ વિભાક્તમાં લેવો.

(૬). **સપ્તમી તત્પુરૂષ:**—ઉત્તરાયણ (ઉત્તર+અયન=સૂર્યનું ઉત્તરમાં જવું), ખગ, ગૃહસ્થ (ઘરમાં રહેનાર), જળચર, તરૂવર, દેશાટન (દેશ+અટન), ભૂચર, મતભેદ, મધ્યસ્થ, માથેલો, વનવાસ, વિદ્યાચતુર, વિહંગ (વિહં+ગ=આકાશમાં ચાલનાર-પક્ષી) સ્વર્ગવાસ, સામંતશિરોમણી.

અલુક્ તત્પુરૂષ સમાસ:—જે સમાસમાં વિભક્તિના પ્રત્યયનો લોપ થયો નથી હોતો, તેને અલુક્ (અ=નહિ+લુક્=પ્રત્યયનો લોપ) તત્પુરૂષ સમાસ કહે છે. ઉદાહરણ-કર્ત્તરિ (કર્ત્તામાં) પ્રયોગ, કર્મણિ (કર્મમાં) પ્રયોગ, ખેચર, ગળેપડુ, ઘોડેસ્વાર, પગેલાગણ, ભાવે (ભાવમાં) પ્રયોગ, યુધિષ્ઠિર (યુધિ=યુદ્ધમાં+ષ્ઠિર=સ્થિર), વટેમાર્ગુ.

નઞ્ તત્પુરૂષ સમાસ:—જે સમાસમાં પૂર્વપદ નકારવાચક હોય છે, તે નઞ્ તત્પુરૂષ સમાસ કહેવાય છે. જેમ, અકળિત, અચળ, અનાથ, અન્યાય, અપૂર્વ, અભાવ, અલૌકિક, અસત્ય, અહિત, અના·

ચાર (અન્+આચાર), અનુપ (અન્+ઉપ), અનુપયોગી (અન્+ઉપ-યોગી), અણુબનાવ, અણુહદ.

૩. કર્મધારય સમાસ:—જે સમાસમાં પૂર્વપદ વિશેષણુ હોય, અથવા પહેલું કે બીજું પદ સરખામણી (ઉપમા) બતાવનારૂં હોય, અથવા રૂપક (એજ છે એવું બતાવનાર) હોય, તો તે કર્મધારય સમાસ કહેવાય છે. જેમ, મહાદેવ (મોટો દેવ), ચંદ્રમુખ (ચંદ્ર જેવું મુખ), સંસારસાગર (સંસાર એજ સાગર); આરસપહાણુ, આદિ-નાથ, ઉપગ્રહ, ઉપવન, કમઅખ્ત (ઓછું નશીબ), કરૂણુરવ, કવિજન, કૃષ્ણુપક્ષ, ખુબસુરત (ખુબ=સારી+સુરત=શિકલ–સારી શિકલ), જાત-બુદ્ધિ, જુનાગઢ, દેશાવર, દીર્ધદષ્ટિ, પરમાત્મા (પરમ+આત્મા), પરમે-શ્વર (પરમ+ઈશ્વિર), પરેશા (પર+ઈશા), પુણ્યકર્મ, પુરૂષોત્તમ (પુરૂષ+ઉત્તમ–ઉત્તમ પુરૂષ), પુંકેસર, બદઓ (ખરાબ વાસ), મનહરપુરી, મ-હાત્મા (મહા+આત્મા), મહર્ષિ (મહા+ઋષિ), મહારાજ, મિષ્ટાન્ન (મિષ્ટ+અન્ન), લંબચોરસ, વર્નાકયુલરસોસાયટી, શ્વેતસમુદ્ર, સદભિમાન (સત્+અભિમાન), સદાચાર (સત્+આચાર), સદ્દગુણુ (સત+ગુણુ), સ્ત્રીકેસર, સ્વામીનારાયણુ, હાઇકોરટ; અમૃતપાક (અમૃત જેવો પાક), કમળનેત્ર, કુટુંબપ્રીતિ, દેવરૂપ, નરસિંહ (સિંહ જેવો નર), મૃગાક્ષ, મૃગલોચન, મુસળધાર; ભવજળ (ભવ એજ જળ), હ્રદયકમળ.

૪. દ્વિગુ સમાસ:—જે સમાસમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશે-ષણુ હોય, તે દ્વિગુ સમાસ કહેવાય છે. આ સમાસ કર્મધારય સમા-સનો પેટા ભાગ છે. દ્વિગુ શબ્દમાં દ્વિ સંખ્યાવાચક વિશેષણુ હોવાથી આ સમાસ યાદ રાખવો સહેલ પડે છે. ઉદાહરણુ–અર્ધાંકાયા (સ્ત્રી), એકનિષ્ઠા, એકલપંથી, દ્વિઅર્થ, દ્વિજાતિ, દુપટો, દોદશ (બંને બાજુ), ત્રિગુણુ, ત્રિદોષ, ત્રિભુવન (ત્રિ+ભુવન=લોક), ત્રિલોક (ત્રિ=ત્રણુ–સ્વર્ગ, મૃત્યુ, પાતાળ–+લોક), ચતુરંગ (ચતુર્+અંગ), ચતુર્ભુજ, ચતુર્વેદ, ચો-

પાસ, ચોમાસું, પંચાગ્નિ (પંચ+અગ્નિ), પંચાંગ (પંચ+અંગ), પંચગવ્ય, પંચમહાલ, પંચરાત્રિ, પંચવટી, પંચશીળ, ષટરસ, ષટકર્મ, સપ્તર્ષિ (સપ્ત+ઋષિ), અષ્ટાવધાન (અષ્ટ+અવધાન), અઠવાડીઉં, દશાંશ (દશ+અંશ), ષોડશોપચાર (ષોડશ+ઉપચાર), શતકાય.

૫. મધ્યમપદલોપી સમાસ:—સમાસનો વિગ્રહ કરતાં વચ્ચે બીજા શબ્દો ઉમેરવા પડે, તે મધ્યમપદલોપી સમાસ કહેવાય છે. આ સમાસમાં મધ્યમપદનો લોપ હોય છે માટે તેનું નામ મધ્યમપદલોપી પડેલ છે. ઉદાહરણ—આગગાડી (આગના જોરથી ચાલનાર ગાડી), આગબોટ, કામધેનુ, ક્રિયાપદ (ક્રિયા બતાવનાર પદ), ગોરજ, ગોળપાપડી, ગુરૂત્વાકર્ષણ (ગુરૂત્વ+આકર્ષણ-ભાર ઉત્પન્ન કરનાર આકર્ષણ), જામનગર (જામે વસાવેલું નગર), જ્ઞાનતંતુ (જ્ઞાન આપનાર તંતુ), ધર્મદારા, પવનચક્કી, પાયદળ, બ્રહ્મચર્ય, મધમાખી, લક્કડકામ, લોકવખાણ, વરાળયંત્ર (વરાળથી ચાલતું યંત્ર), વિરામચિહ્ન (વિસામો લેવાનો બતાવનાર નિશાની), વિષુવવૃત્ત, શિલાલેખ, સિંહાસન (સિંહ+આસન—સિંહના આકારનું આસન), સ્વયંવર, હોકાયંત્ર (હોકા=દિશા+યંત્ર; દિશા બતાવનાર યંત્ર).

૬. બહુવ્રીહિ સમાસ:—જો કોઈ સમાસ વિશેષણ તરીકે વપરાઈને તેના વિશેષ્યનો બોધ કરે છે, તેને બહુવ્રીહિ સમાસ કહે છે. આ સમાસ છોડતાં તેને છેડે "જેને છે તે" ઉમેરવા પડે છે. બહુવ્રીહિ શબ્દ જ પોતે બહુવ્રીહિ સમાસ છે. બહુવ્રીહિ=બહુ છે વ્રીહિ (ડાંગર) જેની પાસે તે. ઉદાહરણ—મૃગલોચનનો અર્થ મૃગ જેવાં લોચન થતો હોય તો કર્મધારય સમાસ, પણ મૃગલોચની (સ્ત્રી) =મૃગ જેવાં લોચન જેને છે તે બહુવ્રીહિ સમાસ છે. અકર્મક, એકદળ, અશરણશરણ, અષ્ટખૂણ, કબીરપંથી, કાળજ્ઞાની, ષટપદ, ખુશમિજાજી, ચોખૂણ, ચોઘડીયાં, ચોપડી, ચંદ્રવંશી, જવાળામુખી,

ત્રિકોણ, ત્રિભુવન, ત્રિરાશિ (ત્રિ=ત્રણ+રાશિ=પદ–ત્રણ પદ જેને છે તે), દિગંબર (દિક્=દિશા+અંબર=વસ્ત્ર-દિશારૂપી વસ્ત્ર જેને છે તે), દિગ્વિજયી (દિક્+વિજયી), દીર્ઘસૂત્રી, નિમકહલાલ, પતિવ્રતા, પરકંમાવાસી, પરદેશી, પીતાંબર (પીત=પીળું+અંબર; પીળું વસ્ત્ર જેને છે તે—વિષ્ણુ), પંચમુખી (હનુમાન), બ્રહ્મચારી, મિથ્યાભિમાની (મિથ્યા+અભિમાની), મહાજ્ઞાની, વનવાસી, વીસભૂજ (વીસ હાથ જેને છે તે—રાવણ), શતપત્રી, શ્વેતાંબર (શ્વેત+અંબર), સકર્મક, સર્વવ્યાપી, સર્વશક્તિમાન, સિંહાસનબત્રીસી, હરિણાક્ષિ (હરિણ+અક્ષિ–હરણ જેવી આંખ જેને છે તે, સ્ત્રી).

૭. અવ્યયીભાવ સમાસ:—જે સમાસમાં પૂર્વપદ અવ્યય હોય, અને આખો શબ્દ ક્રિયાવિશેષણ અવ્યય તરીકે વપરાતો હોય, તે અવ્યયીભાવ સમાસ કહેવાય છે. ઉદાહરણ—નિઃસંશય, પ્રતિદિન, પ્રતિવર્ષ, બેશક, યથાવિધિ, યથાશક્તિ, હરઘડી, હરમાસે.

મનોયત્ન.

નીચેના શબ્દનો **સમાસ** કહો અને છોડો.

ઓછાવત્તો, તાણાવાણા, નિશદિન, પાણીબાણી, ભવાનીશંકર, રિદ્ધિ-સિદ્ધિ; ઇંદ્રજીત, ગરમીમાપક, નુકસાનકારક; પરદુઃખભંજન, ભયાનક, મનોહર, વાયુશોષક, સ્થિતિસ્થાપક; બ્રહ્મદત્ત, હોપકૃત; અશ્વઘાસ, ગૌગ્રાસ, ચેનબાજી, પુસ્તકશાળા, યજ્ઞભૂમિ; આનંદભર્યા, પદભ્રષ્ટ; અજસુત, ઉદ્દેશ્ય-પક્ષ, કાષ્ટઔષધિ, પર્ણકુટી, પિતૃગૃહ (પિયેર), ભૂગોળવિદ્યા, વિધેયપક્ષ, સામુદ્રધુની; ક્ષણભંગુર, જળચર, દક્ષિણાયન, લોકપ્રિય, વિશ્વવિખ્યાત; અરૂણપ્રકાશ, દઢમાજક, પૂર્ણાંક, વર્તમાનકાળ, સંયોગીભૂમિ; ચોસઠકળા; જળકૂકડી; નામયોગી, હસમુખો; દરમાસે.

ભાગ ચોથો. ધોરણ છઠ્ઠા માટે.

આ ધોરણમાં "વ્યાકરણ પૂરું, વાક્યવિચાર સાથે, નમુનાનાં વાક્યો રચવાં, પદચ્છેદ. મિશ્રવાક્યોનું પૃથક્કરણ તથા રચના. વ્યુત્પત્તિ–ઉપસર્ગો અને પ્રત્યયો, દૃષ્ટાન્તો સાથે. પ્રત્યયો લગાડીને નામ, વિશેષણ, તથા ક્રિયાપદ ઉપરથી નામ બનાવવાં; નામ ઉપરથી ક્રિયાપદ તથા વિશેષણ બનાવવાં; સર્વનામ પરથી વિશેષણ તથા ક્રિયાવિશેષણ બનાવવાં; વગેરે." આટલું શિખવવાનું છે તે નીચેને ક્રમે શિખવવું.

પાઠ ૧. કેવળપ્રયોગી અવ્યય.

અત્યારસુધી આપણે જે શબ્દોનો વિચાર ચલાવ્યો, તે વાક્યમાં એક બીજા સાથે સંબંધ રાખે છે; પણ કેટલાક શબ્દો એવા છે, કે તે વાક્યમાં કોઈ પણ શબ્દ સાથે સંબંધ રાખતા નથી; મનમાં એકાએક હરખ થઈ જવાથી, દુઃખ લાગી આવવાથી, ગભરાટ થઈ જવાથી, નવાઈ લાગવાથી, તિરસ્કાર આવવાથી, કે બીજા કોઈ મનોવિકારથી બોલી દેવાય છે. જેમકે—

૧. આહા! શું સુંદર પક્ષી હતું!
૨. અરે! સીતા દેવીને શું થયું?
૩. હાયહાય! લોક ખાતર રામે તજ્યાં.
૪. ઓહો! શું એનું રૂપ છે!
૫. અધધધ! આવડો મોટો નાગ!
૬. બાપરે! હવે આપણાથી ઘરમાં કેમ જવાશે?

આ વાક્યોમાં આહા, અરે, હાયહાય, ઓહો, અધધધ, બાપરે શબ્દો છૂટા વપરાયેલા છે, અને તે અવ્યયની જાતના છે; માટે તેમને **કેવળપ્રયોગી અવ્યય** કહે છે. આ અવ્યયને વાક્યપૃથક્કરણમાં પડતા મૂકવા.

મનમાં હરખ, શોક, ગભરાટ, નવાઇ, તિરસ્કાર વગેરે ઉપજ્યાથી જે બોલ છૂટા બોલાય છે; તેમને કેવળપ્રયોગી અવ્યય કહે છે. જેમકે, આહા, અહા, હાશ, હાશાશ; અં, અઃ, અરે, અરેઅરે, અરેરે, ઓય, ઓયઓય, ઓયરે, હાય, હાયહાય, હાયહાયરે; ઓહો, હે, વાહ, વાહવાહ, વાહરે, વાહરેવાહ, અધધધ, ઓહોહોહો; થુઃ, ફટ, ફટફટ, ધિક્, ધિક્‌ધિક્, હત, છટ, છીટ, છીઃ; સાચે, ખરે, ખરેખર, ખરેખાત, ચૂપ, જોઃ, પોઇસ, બસ, ભલે, ધન્ય, ધન્યધન્ય, સાબાશ, વારૂ, વારૂવારૂ, હાઉ, હાં, સ્વસ્તિ, કલ્યાણ, જયજય, એ, કાં, બસ, બસઅસ, ચૂપચૂપ, બરાબર, વગેરે.

કોઈવાર શોક, દુઃખ આદિ મનોવિકાર થઈ આવવાથી નામ, ક્રિયાપદ વગેરે પણ એવી જ રીતે બોલાઇ જાય છે. જેમકે—

નામઃ—રામરામ, શિવશિવ, હરિહરિ, બાપરે, ભાઇરે, અરેબાપ, અરેરામ, નસીબ, કપાળ, કિસ્મત, ભોગ, મોકણ.

વિશેષણઃ—શું, બેશ, ઠીક, ખબરદાર, બેવકુફ, ભલે.

ક્રિયાપદઃ—જો, જોજે, જાણ્યું, છોરહ્યું, સમજ, રો, મેર.

પાઠ ૨. વાક્યના પ્રકાર—મિશ્રવાક્ય.

જે વાક્ય બીજા વાક્ય સાથે મળીને એક વાક્ય કરવાના કામમાં આવે છે, તેને **ગૌણવાક્ય** કહે છે. જેમ—

૧. કોઈ કોઈ વાર તો આપણે એવી વાતો સાંભળીએ છીએ, કે ફલાણું ઘર તો વેધવાળું છે.

૨. જે મહેનત કરે તે ધન મેળવે.

૩. કાશીમાં મરવાથી મોક્ષ મળે છે, એમ તીર્થવાસીઓ માને છે.

પહેલા વાક્યમાં 'ફલાણું ઘર તો વેધવાળું છે' એ ગૌણવાક્ય 'સાંભળીએ છીએ' ક્રિયાપદનું કર્મ છે, બીજા વાક્યમાં 'જે મહે-

નત કરે’ એ ગૌણવાક્ય ‘તે’નું વિશેષણ છે, ત્રીજા વાક્યમાં ‘કાશીમાં મરવાથી મોક્ષ મળે છે’ એ ગૌણવાક્ય ‘એમ’ ક્રિયાવિશેષણ અવ્યયના વધારા તરીકે આવેલું છે. ગૌણ વાક્યો બીજાં વાક્યો પર આધાર રાખનારાં હોય છે. જે વાક્યો પર ગૌણ વાક્યો આધાર રાખે, તે **મુખ્ય વાક્ય** કહેવાય છે.

પહેલા વાક્યમાં ‘કોઈ કોઈ વાર તો આપણે એવી વાતો સાંભળીએ છીએ,’ બીજા વાક્યમાં ‘તે ધન મેળવે,’ ત્રીજા વાક્યમાં ‘એમ તીર્થવાસીઓ માને છે’ એ **મુખ્ય કે પ્રધાન** વાક્યો છે.

જે વાક્યમાં એક મુખ્ય વાક્ય, અને એક અથવા અનેક ગૌણ વાક્ય હોય તેને **મિશ્રવાક્ય** કહે છે. મિશ્રવાક્યમાં બે કે તેથી વધારે ઉદ્દેશ્ય અને ક્રિયાપદો હોય છે.

ગૌણ વાક્ય ત્રણ જાતનાં હોય છે. ૧. **નામરૂપ**, ૨. **વિશેષણરૂપ**, ૩. **ક્રિયાવિશેષણરૂપ.**

નામરૂપ ગૌણ વાક્ય.

નામરૂપ ગૌણ વાક્ય અને મુખ્ય વાક્યની વચ્ચે **એ, તે, કે,** એવા દર્શક શબ્દો આવે છે. જ્યારે વચમાં **એ, તે** આવે છે, ત્યારે ગૌણ વાક્ય પહેલું અને મુખ્ય વાક્ય પછી આવે છે; અને વચમાં કે આવે છે, ત્યારે મુખ્ય વાક્ય પહેલું ને ગૌણ વાક્ય પછી આવે છે.

નામરૂપ ગૌણ વાક્ય, નામના ધર્મ પ્રમાણે મુખ્ય વાક્યનાં **કર્ત્તા, કર્મ,** કે **ક્રિયાપૂરક** વગેરે બને છે.

(૧). **કર્ત્તાઃ**—૧. રજપુતો લડાઈમાં પાછા હઠે એ સંભવિત નથી, ૨. પરમેશ્વરે આપણને સઘળી ઇંદ્રિયો આપી છે તે બહુ કામની છે, ૩. એ ઉઘાડું છે કે પાણીથી અગ્નિ ઓલવાય છે. પહેલા વાક્યમાં ‘રજપુતો લડાઈમાં પાછા હઠે’ એ ગૌણ વાક્ય ‘નથી’ ક્રિયા-

પદનો કર્ત્તા અથવા ' એ 'ની સમાન વિભક્તિમાં છે. બીજા વાક્યમાં 'પરમેશ્વરે આપણને સઘળી ઇંદ્રિયો આપી છે' એ ગૌણ વાક્ય 'છે' ક્રિયાપદનો કર્ત્તા અથવા 'તે'ની સમાન વિભક્તિમાં છે, ત્રીજા વાક્યમાં 'પાણીથી અગ્નિ ઓલવાય છે' એ ગૌણ વાક્ય 'છે' ક્રિયાપદનો કર્ત્તા છે.

(૨). **કર્મ:**—૧. નાનાં બાળક બોલતાં કેમ શીખે છે એ તું જાણતો નથી, ૨. મુંબઈથી મરકીવાળાં માણસ આવ્યાં છે તેમને ગામમાં પેસવા દેશો નહિ, ૩. તેણે કહ્યું કે તમે ખોટા છો, ૪. બિલાડીએ બોલી જે આ રોટલાને વાસ્તે વાંધો પડયો છે. પહેલા વાક્યમાં 'નાનાં બાળક બોલતાં કેમ શીખે છે' એ ગૌણ વાક્ય 'જાણતો નથી' ક્રિયાપદનું કર્મ અથવા 'એ'ની સમાન વિભક્તિમાં છે. બીજા વાક્યમાં 'મુંબઈથી મરકીવાળાં માણસ આવ્યાં છે' એ ગૌણ વાક્ય 'પેસવા દેશો નહિ' ક્રિયાપદનું કર્મ અથવા 'તેમને' ની સમાન વિભક્તિમાં છે. ત્રીજા વાક્યમાં 'તમે ખોટા છો' એ ગૌણ વાક્ય 'કહ્યું' ક્રિયાપદનું કર્મ છે. ચોથા વાક્યમાં 'આ રોટલાને વાસ્તે વાંધો પડયો છે' ગૌણ વાક્ય 'બોલી' ક્રિયાપદનું કર્મ છે.

(૩). **ક્રિયાપૂરક:**—૧. નાનાં બાળકનો ધર્મ છે કે માબાપની આજ્ઞા માનવી, ૨. તેનું માનવું હતું કે કૃષ્ણ ફતેહમંદ થાય, ૩. મારી સલાહ એ છે કે હમણા તમારે ભણવું. પહેલા વાક્યમાં 'માબાપની આજ્ઞા માનવી' એ ગૌણ વાક્ય 'છે' ક્રિયાપદનું, બીજા વાક્યમાં 'કૃષ્ણ ફતેહમંદ થાય' એ ગૌણ વાક્ય 'હતું' ક્રિયાપદનું, અને ત્રીજા વાક્યમાં 'હમણા તમારે ભણવું' એ ગૌણ વાક્ય 'છે' ક્રિયાપદનું પૂરક છે.

વિશેષણરૂપ ગૌણવાક્ય.

વિશેષણરૂપ ગૌણ વાક્યને આરંભે ***જે, જેવું, જેટલું, જેવડું*** એવાં સંબંધી સર્વનામ આવે છે, અને ગૌણ વાક્ય પૂરું થઈ રહે

ત્યારે અનુક્રમે **તે, તેવું, તેટલું, તેવડું** એવાં દર્શક સર્વનામ આવે છે.

વિશેષણરૂપ ગૌણ વાક્ય તેના ધર્મ પ્રમાણે મુખ્ય વાક્યનાં કર્ત્તા, કર્મ, ક્રિયાપૂરકનો વધારો થાય છે. જેમ—

૧. જે માણસ પોતાનો ગુસ્સો દબાવે તે ડાહ્યો છે.

૨. જેવું વાવશો તેવું લણશો.

૩. જેટલું પાણી જોઇએ તેટલું ભરી લો.

૪. તમારે જેવડી સ્લેટ જોઈએ તેવડી લો.

૫. આ કાગળ મારે જેવડો જોઈએ તેવડો છે.

પહેલા વાક્યમાં 'જે માણસ પોતાનો ગુસ્સો દબાવે' એ ગૌણ વાક્ય 'તે' કર્ત્તાનું વિશેષણ છે. બીજા વાક્યમાં 'જેવું વાવશો' એ ગૌણ વાક્ય 'તેવું' કર્મનું વિશેષણ છે. ત્રીજા વાક્યમાં 'જેટલું પાણી જોઇએ, એ ગૌણ વાક્ય 'તેટલું' કર્મનું વિશેષણ છે. ચોથા વાક્યમાં 'તમારે જેવડી સ્લેટ જોઇએ' એ ગૌણ વાક્ય 'તેવડી' કર્મનું વિશેષણ છે. પાંચમા વાક્યમાં 'મારે જેવડો જોઇએ' એ ગૌણ વાક્ય 'તેવડો' ક્રિયાપૂરકનું વિશેષણ છે.

નામરૂપ ગૌણ વાક્ય પછી આવનાર **'એ', 'તે'** ને છઠ્ઠી વિભક્તિના પ્રત્યય લાગે, ત્યારે તે વિશેષણરૂપ ગૌણ વાક્ય બને છે. જેમ, બહુ વરસાદ વરસ્યો તેનું પરિણામ લીલો કાળ છે. આ વાક્યમાં 'બહુ વરસાદ વરસ્યો' એ ગૌણ વાક્ય 'તેનું' નું વિશેષણ છે, અને 'બહુ વરસાદ વરસ્યો તેનું' એ મુખ્ય વાક્યના કર્ત્તા 'પરિણામ' નો વધારો છે.

ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય.

ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્યને આરંભે **જ્યાં, જ્યારે, જેમ, જો** એવા શબ્દ આવે છે, અને ગૌણ વાક્ય પૂરું થાય તે ઠેકાણે **ત્યાં, ત્યારે, તેમ, તો** એવા શબ્દ આવે છે.

ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય મુખ્ય વાક્યના વિધેયનું **સ્થળ, કાળ, રીતિ, કારણ, સંકેત,** વગેરે બતાવે છે.

(૧). **સ્થળ:**—'જ્યાં પુનર્લગ્નનો ચાલ નથી, ત્યાં' બાળલગ્ન ન જ જોઇએ.

'જ્યાં જશો ત્યાં' નશીબ બે ડગલાં આગળનું આગળ જ છે.

(૨). **કાળ:**—'જ્યારે ફકીરને સજા કરવા માંડી, ત્યારે' તે બોલ્યો.

'જ્યારે સસલી મોટી થઇ, ત્યારે' દુધ પીતાં શીખી.

(૩). **રીતિ:**—'જેમ નજરમાં આવે છે, તેમ' વર્ત્તો છો.

'જેમજેમ વહેલો આવશે, તેમતેમ' સુખી થશે.

(૪). **કારણ:**—હું તેને ચાહુંછું કેમકે 'તે માયાળુ છે.'

અહિં ઉભા ન રહો કેમકે 'ટ્રેન ચૂકશો.'

'તે મને ગાળો દેતો હતો' માટે તેને માર્યો.

(૫). **સંકેત**—'જો તમે જાઓ' તો હું આવું.

નામરૂપ ગૌણ વાક્ય પછી આવનાર **એ, તે** શબ્દને, અથવા તેના વિશેષ્યને વિભક્તિના પ્રત્યય અથવા નામયોગી અવ્યય લાગે; તો તે ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય થઇ જાય છે. જેમ–

'જે વખતે કોલેરા ચાલે, તે વખતે' ભોંયે ન સૂવું. (કાળ.)

'હું સ્ટેશને પહોંચ્યો, તે પહેલાં' ગાડી ઉપડી ગઇ. (કાળ.)

'તમે જે વાત કહો છો, તેમાં' હું સચ્ચાઇ માનતો નથી. (સ્થળ.)

'પાઠમાં રસ પડે, તે રીતેજ' શિખવો. (રીતિ.)

'લુચ્ચા દુકાનદારો ઘરાકને છેતરે છે, તે કારણને લીધે' ઘરાકી ઘટે છે. (કારણ.)

'હું છું તેના કરતાં' તે હોશિયાર છે. (મુકાબલો.)

વિશેષણરૂપ ગૌણ વાક્ય પછી આવનાર **તે, તેવું, તેટલું, તેવડું** એવા શબ્દને, કે તેના વિશેષ્યને વિભક્તિના પ્રત્યય અથવા નામયોગી અવ્યય લાગે; તો તે ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય થઇ જાય છે. જેમ—

'હું જે મહોલ્લામાં રહું છું, તે મહોલ્લામાં' ઉંદરો મરે છે. (સ્થળ.)

'જે છોકરા સદ્વર્ત્તનથી વર્ત્તે, તે માટે' ઇનામ રાખો. (કારણ.)

મિશ્ર વાક્યમાં ગૌણ વાક્ય કોઇ વખત મુખ્ય વાક્યના કૃદંતનો પણ વધારો કરે છે. જેમ, 'જ્યાં મેં જગ્યા ખરીદી, ત્યાં' જગ્યા ખરીદીને તેમણે બંગલો બંધાવ્યો. આમાં ક્રિયાવિશેષણરૂપ ગૌણ વાક્ય મુખ્ય વાક્યની વૃદ્ધિ કરનાર કૃદંતનું સ્થળ બતાવે છે.

મિશ્ર વાકયનું પૃથક્કરણ.

મિશ્ર વાક્યનું પૃથક્કરણ સાદા વાકયની રીતે જ કરવું. પ્રથમ વાક્ય સામે તેનો પ્રકાર જણાવી તેમાંના મુખ્ય વાક્યનું પૃથક્કરણ કરવું, ને તેમાં ગૌણ વાકયો જે જે કામ બજાવતાં હોય તે તે પ્રમાણે તેને ગોઠવવાં. ઉદાહરણ (પૃષ્ઠ ૧૬૨–૧૬૫ જુઓ.)

પાઠ ૩. વાકયરચનાના કેટલાક નિયમો.

૧. ઘણું કરીને વાક્યમાં પહેલો કર્ત્તા, પછી કર્મ ને છેલ્લે ક્રિયાપદ આવે છે. જેમ, ગાય બરાડે છે, છોકરો ચોપડી વાંચે છે.

૨. **વિશેષણ:**—વિશેષણ પહેલું ને વિશેષ્ય પછી આવે છે. જેમ, **સારો** છોકરો વખતસર નિશાળે આવે છે.

કોઇના ગુણનું વર્ણન કરવું હોય, કે સ્થિતિ બતાવવી હોય; તો વિશેષણ, વિશેષ્યની પછી આવે છે; એ વખતે તે ક્રિયાપૂરક બને છે. જેમ, ઇશ્વર **મહા કૃપાળુ** છે, છોકરો **માંદો** છે.

વિશેષણ, **સર્વનામનો** ગુણ બતાવે ત્યારે તો વિશેષણ, સર્વનામ-ની પછી જ આવે છે. જેમ, તે **ડાહ્યો** છે, તમે **સારા** થાઓ. આમાં 'ડાહ્યો' અને 'સારા' ક્રિયાપૂરક છે.

છઠ્ઠી વિભક્તિવાળું નામ કે સર્વનામ-જેની સાથે સંબંધ રાખતું હોય, તેની પહેલાં આવે છે. જેમ, **રાજાનો** કુંવર **પોતાના** પાઠ સારા કરે છે.

છઠ્ઠી વિભક્તિવાળું નામ કે સર્વનામ, અને વિશેષણ બેઉ કોઇ નામની સાથે સંબંધ રાખે, તો છઠ્ઠી વિભક્તિવાળો શબ્દ પહેલો આવે છે. જેમ, **રાજાનો** વડો કુંવર **પોતાના** પાઠ સારા કરે છે.

૩. **ક્રિયાવિશેષણઃ**-ક્રિયાનું ઠેકાણું, વખત, રીત વગેરે દેખાડ-નારાં ક્રિયાવિશેષણો ક્રિયાપદની પહેલાં આવે છે. જેમ, તે **આજે** જશે.

નકારવાચક શબ્દો કોઇ પ્રાંતમાં ક્રિયાપદની પહેલાં, ને કોઇ પ્રાંતમાં ક્રિયાપદની પછી બોલાય છે, જેમ, **ન** કરતો, કરતો **નહિ**, **મા** કરીશ, કરીશ **મા**.

૪. **કૃદંતઃ**—કૃદંત ને ક્રિયાપદ જોડે આવે તો **હમેશાં** કૃદંત પહેલું ને ક્રિયાપદ પછી આવે છે. જેમ, તે ચોપડી **લખતો** હતો. કૃદંતની સાથે નિષેધાર્થ ક્રિયાપદ આવે તો વખતે નિષેધાર્થ ક્રિયાપદ પહેલું ને કૃદંત પછી આવે છે. જેમ, તે નહોતો **જતો**, મેં નથી **કર્યું**.

૫. **પ્રશ્નાર્થ શબ્દોઃ**—**શું** અને **વારૂ** એ વાકયના કોઇ પણ શબ્દની સાથે સંબંધ ન રાખે, ત્યારે વાકયની પહેલાં અગર છેલ્લે આવે છે. જેમ, **શું**! વાત એવી હોય? એવી વાત હોય **શું**? **વારૂ**! એમ કરવું જોઇએ? એમ કરવું જોઇએ **વારૂ**? એનું કારણ એ છે કે કેવળપ્રયોગી અવ્યય વાક્યની પહેલાં કે પછી આવે છે.

મિશ્ર વાક્યની

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય ઉદ્દેશ્ય.
૧. રજપુતો લડાઇમાં પાછા હઠે એ સંભવિત નથી.	મિશ્રવા''	રજપુતો લડાઈમાં પાછા હઠે, એ.
(રજપુતો લડાઇમાં પાછા હઠે.)	નામરૂપ વાક્ય ('સંભવિત નથી' માંના 'નથી' નો કર્ત્તા અથવા 'એ'ની સમાન વિભક્તિમાં)	રજપુતો.
૨. નાનાં બાળક બોલતાં કેમ શીખે છે તે તું જાણતો નથી.	મિશ્રવાક્ય.	તું.
(નાનાં બાળક બોલતાં કેમ શીખે છે.)	નામરૂપ વાક્ય ('જાણતો નથી'નું કર્મ, અથવા 'તે'ની સમાન વિભક્તિમાં.)	બાળક.
૩. નાનાં બાળકનો ધર્મ છે કે માબાપની આજ્ઞા માનવી.	મિશ્રવાક્ય.	ધર્મ.
(માબાપની આજ્ઞા માનવી.)	નામરૂપ વાક્ય ('છે' ક્રિયાપદનું પુરક.)	બાળકે (અધ્યાહાર).

પૃથક્કૃતિનો નમુનો.

પક્ષ.	વિધેયપક્ષ.		
	વિધેય.		
ઉદ્દેશ્યવર્ધક.	ક્રિયા.	ક્રિયાપૂરક.	વિધેયવર્ધક.
...	નથી.	સંભવિત.	...
...	ઉઠે.	પાછા.	લડાઇમાં (સ્થળ).
...	જાણુતો નથી. (નિષેધવાચક.)	નાનાં બાળક બોલતાં કેમ શીખે છે, તે.	...
નાનાં.	શીખે છે.	બોલતાં.	કેમ (રીત).
નાનાં બાળકનો.	છે.	માબાપની આજ્ઞા માનવી.	...
...	માનવી.	માબાપની આજ્ઞા.	...

૪. જે છોકરો આળસુ હોયછે તે છોકરો મોડો આવેછે.	મિશ્રવાક્ય.	છોકરો.
(જે છોકરો આળસુ હોયછે.)	વિશેષણરૂપ વાક્ય. ('તે' વિશેષ્ય.)	છોકરો.
૫. જ્યારે સસલી મોટી થઈ ત્યારે તે દૂધ પીતાં શીખી.	મિશ્રવાક્ય.	તે.
(જ્યારે સસલી મોટી થઈ.)	(ક્રિયાવિશેષણરૂપવાક્ય	સસલી.
૬. જ્યાં મેં જગ્યા ખરીદી ત્યાં જગ્યા ખરીદીને તેમણે બંગલો બંધાવ્યો.	મિશ્રવાક્ય.	તેમણે.
(જ્યાં મેં જગ્યા ખરીદી.)	ક્રિયાવિશેષણરૂપવાક્ય ('ખરીદીને' કૃદંતનું સ્થળ.)	મેં.
૭. જોસફની બાયડી બોલી કે જ્યારે મારો ધણી છાપરે ચડેલો હતો ત્યારે બરફનો એક ડુંગર ઢળી પડતો સાંભળ્યો.	મિશ્રવાક્ય.	બાયડી.
(બરફનો એક ડુંગર ઢળી પડતો સાંભળ્યો.)	નામરૂપ વાક્ય. ('બોલી' નું કર્મ.)	જોસફની બાયડી-એ. (અધ્યાહાર.)
(જ્યારે મારો ધણી છાપરે ચડેલો હતો.)	ક્રિયાવિશેષણરૂપ વાક્ય.	ધણી.

જે છોકરો આ-ળસુ હોય છે, તે.		...	(કાળ).
જે.	હોય છે.	આળસુ.	...
...	પીતાં શીખી.	દૂધ.	જ્યારે સસલી મોટી થઈ, ત્યારે (કાળ).
...	થઈ.	મોટી.	જ્યારે (કાળ).
...	બંધાવ્યો.	બંગલો.	જ્યાં મેં જગ્યા ખરી-દી ત્યાં (સ્થળ), જગ્યા ખરીદીને (કાળ).
...	ખરીદી.	જગ્યા.	જ્યાં (સ્થળ).
જોસફની.	બોલી.	બરફનો એક ડુંગર ઢળી પડતો સાંભ-ળ્યો (કર્મ).	જ્યારે મારો ધણી છાપરે ચડેલો હતો ત્યારે (કાળ).
...	ઢળી પડતો સાંભળ્યો.	બરફનો એક ડુંગર.	...
મારો.	ચડેલો હતો.	...	જ્યારે (કાળ). છાપરે (સ્થળ).

૬. **સંબોધન:**—કર્ત્તાની પહેલાં, અને કર્મની પહેલાં કે વખતે પછી આવે છે. જેમ, **હે ઇશ્વિર,** તું અમારાં પાપ ક્ષમા કર. આપનાં અંગી માણસોનો દોષ, **હે મહેરબાન** સાહેબ, આપની પાસે કોણ કાઢશે ?

૭. **ક્રિયાપદ તથા ક્રિયાનાથ:**—(૧). ક્રિયાપદને પુરૂષ, જાતિ, ને વચન ક્રિયાનાથ પ્રમાણે લાગે છે. જેમ, **હું જાઉં છું,** છોકરે **પુસ્તક ખરીદ્યું.**

(૨). એક જ જાતિના એકથી વધારે ક્રિયાનાથ હોય, અને તેઓ **તથા, અને** કે **ને** અવ્યયથી જોડાએલા હોય, તો ક્રિયાપદ **તેજ જાતિના બહુવચનમાં** આવે છે. જેમ, છગન, મગન, અને લલ્લુ **આવ્યા હતા.**

(૩). જુદી જુદી જાતિના એકથી વધારે ક્રિયાનાથ હોય, અને તેઓ **તથા, અને** કે **ને** અવ્યયથી જોડાએલા હોય, તો ક્રિયાપદ ઘણુંખરૂં **નાન્યતર જાતિના બહુવચનમાં** આવે છે; અને કદી ક્રિયાપદની પહેલાં **'એ સર્વે,'** કે **'સર્વ'** એવા શબ્દ મૂકવામાં આવે છે. જેમ, મગન, છગન, કાશી, એ સર્વે **આવ્યાં હતાં.**

(૪). જુદી જુદી જાતિના એકથી વધારે ક્રિયાનાથ હોય, અને તેઓ **તથા, અને** કે **ને** અવ્યયથી જોડાએલા હોય, તો ઘણી વખત પાસેના ક્રિયાનાથ પ્રમાણે પણ ક્રિયાપદનાં જાતિવચન થાય છે. જેમ, મેં ગાય, ઘોડો, ને **ગાડી લીધી.**

(૫). ક્રિયાનાથ ઘણા હોય, અને તેઓ **અથવા,** કે અવ્યયથી છૂટા પડતા હોય, તો ક્રિયાપદનું રૂપ પાસેના ક્રિયાનાથ પ્રમાણે થાય છે. જેમ, તેણે ગાડી કે **સરસામાન વેચાતો લીધો,** પણ કેટલીક વખત ક્રિયાનાથ પછી **એમાંનું** કાંઇ એવા શબ્દ લગાડી ક્રિયાપદ નાન્યતર

જાતિના એકવચનમાં મૂકવાનો ચાલ છે. જેમ, કાશી કે મગન એમાંનું કોઈ **આવ્યું નથી,** ભૂગોળ કે ઇતિહાસ એમાંનું કાંઈ **કર્યું નથી.**

(૬). ક્રિયાનાથ જુદા જુદા પુરૂષ સર્વનામ હોય, ત્યારે જો પહેલો પુરૂષ તેમાં હોય તો ક્રિયાપદ પહેલા પુરૂષના બહુવચનમાં આવે છે. જેમ, હું, તું, ને તે કાલે જઈશું, હું ને મગન **આવીશું,** હું ને તે **વાંચીએ છીએ,** હું ને તું **વાંચીએ છીએ.**

પણ પહેલો પુરૂષ ન હોતાં બીજા ત્રીજા પુરૂષનું સર્વનામ હોય તો ક્રિયાપદ બીજા પુરૂષના બહુવચનમાં આવે છે. જેમ, તું ને મગન કાલે **આવજો,** તું ને તે **જજો.**

(૭). માન આપવા સારૂ ક્રિયાનાથ નરજાતિના એકવચનમાં હોવા છતાં ક્રિયાપદ નરજાતિના બહુવચનમાં આવે છે. જેમ, ગુરૂજી **પધાર્યા.**

ક્રિયાનાથ નારીજાતિના એકવચનમાં હોય, તો ક્રિયાપદ નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે. જેમ, વહૂજી મહારાજ **પધાર્યાં.**

૮. **વિશેષણ અને વિશેષ્ય:**—(૧). વિકારી વિશેષણને તેના વિશેષ્ય પ્રમાણે જાતિ, વચન, ને વિભક્તિ લાગે છે, પણ વિભક્તિના છૂટા પ્રત્યય વિશેષણને લાગતા નથી. અવિકારી વિશેષણનાં રૂપ બદલાતાં નથી. વિશેષ્ય એક હોય ને વિશેષણ એકથી વધારે હોય તોપણ આ જ નિયમ રહે છે. જેમ, ભલા, શાણા, તથા વિદ્વાન માણસની પાસે હમેશાં બેસવું.

(૨). એકથી વધારે વિશેષ્ય જુદી જુદી જાતિના હોય, અને તે **તથા, અને, ને** અવ્યયથી જોડાએલા હોય; તો તેમનાં વિશેષણ ઘણુંકરીને વિધેયપક્ષમાં નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે. જેમ, ભાત, દાળ, ને શાક **સારાં** હતાં; અંગરખું, દુપટો, ને પાઘડી **સારાં** છે.

(૩). એકથી વધારે વિશેષ્ય જુદી જુદી જાતિના કે એક જ જાતિના હોય, અને તે **અથવા,** કે અવ્યયથી છૂટા પડતા હોય, તો તેમનું વિશેષણ પાસેના વિશેષ્યનું રૂપ લે છે. જેમ, **સારી** પાઘડી કે સેલું લાવજો, છોકરો કે છોકરી **ડાહી** હોય.

ઘણી વખત ઉપર પ્રમાણે મેળ રહેતો નથી, પણ અર્થની સ્પષ્ટતાને સારૂ દરેક વિશેષ્યની જાતિ પ્રમાણે જુદું જુદું વિશેષણ મૂકવામાં આવે છે. જેમ, **સારી** પાઘડી કે **સારૂં** સેલું લાવજો.

(૪). માન આપવા સારૂ વિશેષ્ય નરજાતિના એકવચનમાં હોવા છતાં વિશેષણ નરજાતિના બહુવચનમાં આવે છે. જેમ, ગુરૂજી **ભલા** છે.

વિશેષ્ય નારી જાતિના એકવચનમાં હોવા છતાં વિશેષણ નાન્યતર જાતિના બહુવચનમાં આવે છે. જેમ, માજી **ભલાં** છે.

૯. **વિભક્તિ:**—(૧). એક અથવા વધારે નામ કોઈ નામને ઓળખાવવાને તેની સાથે આવી તેનીજ વિભક્તિમાં હોય છે, પણ તેને વિભક્તિના પ્રત્યય લાગતા નથી. તે વખતે તે ઓળખાવનારાં નામ ઓળખાનાર નામની સમાનાર્થે વિભક્તિ કહેવાય છે.

જેમ, **રામજી** મહેતાજીને મોકલો. આમાં રામજીની વિભક્તિ 'મહેતાજીને' સમાનાર્થે કહેવાય. હું **પટેલ** શંભુલાલની પાસે પચાસ રૂપિયા માગું છું, **સ્કોલર** દામોદરે પહેલો નંબર મેળવ્યો.

(૨). સામાસિક શબ્દમાં છેલ્લા શબ્દને વિભક્તિના પ્રત્યય લાગે છે. જેમ, **માબાપની** આજ્ઞા માનવી.

(૩). ઉભયાન્વયી અવ્યયથી બે કે અધિક નામ જોડાયાં હોય, તો વિભક્તિના પ્રત્યય ઘણુંકરીને છેલ્લા નામને લાગે છે, અથવા કોઇવાર નામને જુદાં જુદાં દર્શાવવાને દરેક નામને લાગે છે. જેમ,

તમે મગન, છગન, અને **લલ્લુને** તેડી લાવજો, અથવા તમે **મગનને, છગનને,** અને **લલ્લુને** તેડી લાવજો. ભલા અને ભુંડાનો વિચાર કરવો.

ટીકાઃ—જ્યારે છેલ્લા નામને વિભક્તિના પ્રત્યય લાગે છે, ત્યારે પહેલાંનાં નામમાં વિભક્તિના પ્રત્યય લાગતાં જે ફેરફાર થવો જોઇએ, તે તો થાય છેજ.

(૪). જ્યારે ઘણાં નામ ઉભયાન્વયી અવ્યયથી જોડાએલાં હોય, અને તેમને ઓળખાવનાર દર્શક સર્વનામનું **એ,** અથવા તે નામોની પછી **વગેરે, ઇત્યાદિ** એ શબ્દો આવે; તો સઘળાં નામ પહેલી વિભક્તિમાં રાખીને વિભક્તિના પ્રત્યય **એ દર્શક સર્વનામનું બહુવચન, વગેરે, ઇત્યાદિ** એમને લાગે છે. જેમકે, લુચ્ચા, ઠગારા, જુઠા, ચોર, **એમની** સાથે વાતચીત કરવી નહિ; તમે કાળિદાસ, તેમના ભાઈ, **વગેરેને** તેડીને આવજો.

(૫). જ્યારે ઘણાં સર્વનામ ઉભયાન્વયી અવ્યયથી જોડાતાં હોય, તો દરેક સર્વનામને વિભક્તિના પ્રત્યય લાગે છે. જેમ, ત્યાં **મને, તમને,** અને **તેમને** બોલાવે છે; આ કામ **મારાથી, તમારાથી,** અને **તેમનાથી** નહિ થાય. કોઇવાર રૂપ ન ફરે તો વિભક્તિનો પ્રત્યય છેડે પણ આવે. જેમ, આ કામ હું, તું, અને **તેથી** નહિ થાય.

પાઠ ૪. અક્ષર વિચાર.

સ્થાન પ્રમાણે અક્ષરોનું કોષ્ટક.

	વ્યંજન.	સ્વર.
કંઠસ્થાની—	ક, ખ, ગ, ઘ, ઙ, હ,	અ, આ.
તાલુસ્થાની—	ચ, છ, જ, ઝ, ञ, ય, શ,	ઇ, ઈ.
મૂર્ધાસ્થાની—	ટ, ઠ, ડ, ઢ, ણ, ર, ષ, ળ,	ઋ.

દંતસ્થાની—ત, થ, દ, ધ, ન, લ, સ,..................

ઓષ્ઠસ્થાની–પ, ફ, બ, ભ, મ,..........................ઉ, ઊ.

વ દંતોષ્ઠ્ય છે, કેમકે તેનો ઉચ્ચાર ઘણે ભાગે ઉપલા દાંત નીચલા હોઠની સાથે અડાડવાથી થાય છે. **એ, ઐ** કંઠતાલવ્ય, અને **ઓ, ઔ** કંઠોષ્ઠ્ય છે.

કંઠસ્થાની અક્ષર ગળામાંથી બોલાય છે, તાલુસ્થાની અક્ષરો જીભને તાળવે અડાડવાથી બોલાય છે, મૂર્ધાસ્થાની અક્ષરો જીભનું ટેરવું ઉપલા દાંતની અંદરના અવાળુને અડાડવાથી બોલાય છે, દંતસ્થાની અક્ષરો જીભનું ટેરવું ઉપલા દાંતને અડાડવાથી બોલાય છે, અને ઓષ્ઠસ્થાની અક્ષરો બોલતાં બે હોઠ ભેગા કરવા પડે છે.

અર્ધસ્વર:—ય્, ર્, લ્, વ્ વ્યંજનોનો ઉચ્ચાર કંઇક સ્વર જેવો થાય છે, માટે તે અર્ધ સ્વર કહેવાય છે.

ઘોષ વ્યંજન:—ગ, જ, ડ, દ, બ; ઘ, ઝ, ઢ, ધ, ભ; ઙ, ઞ, ણ, ન, મ; ય, ર, લ, વ, હ, ળ.

અઘોષ વ્યંજન:—ક, ચ, ટ, ત, પ; ખ, છ, ઠ, થ, ફ; શ, ષ, સ.

અલ્પ પ્રાણ:—જેનો ઉચ્ચાર કરતાં થોડો શ્વાસ ખેંચવો પડે છે તે. ક, ચ, ટ, ત, પ; ગ, જ, ડ, દ, બ; ય, ર, લ, વ, ળ.

મહા પ્રાણ:—જેનો ઉચ્ચાર કરતાં વધારે શ્વાસ ખેંચવો પડે છે તે. ખ, છ, ઠ, થ, ફ; ઘ, ઝ, ઢ, ધ, ભ; શ, ષ, સ, હ.

અનુનાસિક:—જેનો ઉચ્ચાર નાકમાંથી થાય છે તે. ઙ, ઞ, ણ, ન, મ.

પાઠ ૫. સંધિ.

સંધિ:—જ્યારે બે અક્ષરો પાસે આવી તેમાં ફેરફાર થાય છે, ત્યારે સંધિ થયો કહેવાય છે. (સં=સાથે+ધા=ધારણ કરવું—સાથે ધારણ કરવું; સંધિ એટલ સંધાણ).

ગુજરાતી થઇ ગયેલા શબ્દોમાં સંધિ થતો નથી, પણ ઘણા શુદ્ધ સંસ્કૃત શબ્દો સંધિ થયેલા વાપરીએ છીએ, માટે સ્વર અને વ્યંજન સંધિના કેટલાક અગત્યના નિયમ નીચે આપીએ છીએ.

સ્વર સંધિ.

(૧). જો અ કે આ ની પછી અ કે આ આવે, તો તે બંને મળીને આ થાય છે.

અ+અ=આ. ઉદાહરણ–ઉત્તરાયણ (ઉત્તર+અયન), ઉભયાન્વયી (ઉભય+અન્વયી), કૃષ્ણાર્પણ, જોડાક્ષર, દક્ષિણાયન, દેશાટન, દેશાવર, ધર્માધ્યક્ષ, નાન્યતર, પકવાન્ન, પરમાર્થ, પંચાગ્નિ, બારાક્ષરી, ભિન્નાભિન્નતા, મિષ્ટાન્ન, રામાયણ, વસ્ત્રાલંકાર, શબ્દાર્થ, સ્વાર્પણ, હિમાચળ, અષ્ટાંગ, દશાંશ, દેશાંતર, પીતાંબર, પૂર્ણાંક, પંચાંગ, રૂપાંતર, સર્વાંગ.

અ+આ=આ. ઉદાહરણ–અહમદાબાદ (અહમદ+આબાદ), ઉપાખ્યાન (ઉપ+આખ્યાન), ગુરૂત્વાકર્ષણ, ગોળાકાર, દેવાલય, ધર્માચાર્ય, ધર્માત્મા, નાસ્તિક, પરાધીન, પરમાત્મા, પરમાનંદ, બીજાશય, રસાલ, વર્ણાશ્રમ, વાતાવરણ, શરણાગત, સિંહાસન, સ્વાધીન, સ્વાશ્રય.

આ+અ=આ. ઉદાહરણ–તથાપિ (તથા+અપિ), તથાસ્તુ (તથા +અસ્તુ), વિદ્યાર્થી (વિદ્યા+અર્થી), વિદ્યાભ્યાસ (વિદ્યા+અભ્યાસ).

આ+આ=આ. ઉદાહરણ–કૃપાલુ (કૃપા+આલુ), ચિંતાતુર (ચિંતા+આતુર), દયાળુ, માયાળુ, વાચાળ, વિદ્યાલય (વિદ્યા+આલય).

(૨). ઇ કે ઈ પછી ઇ કે ઈ આવે તો તે બંને મળીને ઈ થાય છે. ઉદાહરણ—હરીચ્છા (હરિ+ઇચ્છા), કવીશ્વર (કવિ+ઈશ્વર), યોગીંદ્ર (યોગી+ઇંદ્ર), યોગીશ્વર (યોગી+ઈશ્વર), પરીક્ષા (પરિ+ઇક્ષા).

(૩). ઉ કે ઊ પછી ઉ કે ઊ આવે તો તે બંને મળીને ઊ થાય છે. જેમ, ભાનૂદય (ભાનુ+ઉદય).

(૪). **અ** કે **આ** પછી ઇ કે ઈ આવે તો તે બેઉ મળીને **એ** થાય છે. ઉદાહરણ--એકેશ્વર (એક+ઈશ્વર), ઈશ્વરેચ્છા (ઈશ્વર+ઇચ્છા), જીતેંદ્રિય, પરેશા, પરમેશ્વર, મહેશ્વર (મહા+ઈશ્વર), રાજેંદ્ર, વિશ્વેશા, સેંદ્રિય, હિતેચ્છુ.

(૫). **અ** કે **આ** પછી ઉ કે ઊ આવે તો તે બેઉ મળીને **ઓ** થાય છે. ઉદાહરણ—અન્નોદક (અન્ન+ઉદક), આર્યોદય (આર્ય+ઉદય), આનંદોત્સવ, ઉત્તરોત્તર, ક્રોધોન્મત્ત, ચરણોદક, જીર્ણોદ્ધાર, જ્ઞાનોદય, ધર્મોપદેશક, પતિતોદ્ધાર, પરોપકાર, પુરૂષોત્તમ, પ્રશ્નોત્તર, મદોન્મત્ત, શાળોપયોગી, શ્વાસોચ્છ્વાસ, ષોડશોપચાર, સહોદર, સુભદ્રોપરિ, સૂર્યોદય, હિતોપદેશ.

(૬). **અ** કે **આ** પછી **ઋ** આવે તો તે મળીને **અર્** થાય છે. જેમ, દેવર્ષિ (દેવ+ઋષિ), મહર્ષિ (મહા+ઋષિ), સપ્તર્ષિ (સપ્ત+ઋષિ).

(૭). **અ** કે **આ** પછી **એ**, **ઐ** આવે તો **ઐ**; અને **ઓ**, **ઔ** આવે તો **ઔ** થાય છે. જેમ, એકૈક (એક+એક), નૈક (ન+એક), પરમૈશ્વર્ય (પરમ+ઐશ્વર્ય), મહૈશ્વર્ય (મહા+ઐશ્વર્ય), ઉત્તમૌષધિ (ઉત્તમ+ઔષધિ).

(૮). **હ્રસ્વ** કે દીર્ઘ **ઇ**, ઉ, **ઋ** પછી કોઇપણ વિજાતીય સ્વર આવે તો અનુક્રમે ઈનો **ય્**, ઉનો **વ્**, ને ઋનો **ર્** થાય છે, અને પછી તેમાં પાછળનો સ્વર ભળે છે. ઉદાહરણ—અત્યંત (અતિ+અંત), અત્યાચાર (અતિ+આચાર), અભ્યાગત, અભ્યુદય, પર્યટન, પ્રત્યય, પ્રત્યાઘાત, પ્રત્યુત્તર, પ્રત્યેક, વ્યય, વ્યાખ્યાન, વ્યુત્પત્તિ; અન્વય (અનુ+અય), મન્વાદિ (મનુ+આદિ), સ્વલ્પ (સુ+અલ્પ); પિત્રાદિ (પિતૃ+આદિ).

(૯). **એ, ઐ, ઓ, ઔ** પછી કોઈ પણ સ્વર આવે તો અનુક્રમે **અય્, આય્, અવ્, આવ્** થાય છે, પછી પાછળનો સ્વર તેમાં ભળે છે. જેમ, નયન (ની-ને+અન), નાયક (નૈ+અક), ગાયન (ગૈ+અન), નાવિક (નૌ+ઇક), શ્રાવક (શ્રૌ+અક).

વ્યંજન સંધિ.

(૧૦). પહેલાને અંતે અઘોષ વ્યંજન, અને બીજાની આદિએ ઘોષ વ્યંજન કે સ્વર આવે, તો તે અઘોષ બદલાઇ જઇને તેને ઠેકાણે તેના પોતાના સ્થાનનો ત્રીજો અક્ષર થાય છે. જેમકે ઉત્+અય=ઉદય, જગત્+અંબા=જગદંબા, જગત્=આધાર=જગદાધાર, જગત્+ઈશ=જગદીશ, જગત્+ગુરૂ=જગદ્ ગુરૂ, દિક્+અંબરી=દિગંબરી, દિક્+વિજય=દિગ્વિજય, ભગવત્+ગીતા=ભગવદ્ગીતા, વાક્+દાન=વાગ્દાન, વાક્+દોષ=વાગ્દોષ, ષટ્+ગુણ=ષડ્ ગુણ, ષટ્+રિપુ=ષડ્રિપુ, સત્+આચાર=સદાચાર, સત્+ગુણ=સદ્ગુણ.

(૧૧). પહેલાને અંતે અઘોષ વ્યંજન, અને બીજાની આદિએ અનુનાસિક અક્ષર આવે, તો તે અઘોષને ઠેકાણે તે વર્ગનો અનુનાસિક અક્ષર થાય છે. જેમકે, ઉત્+મત્ત=ઉન્મત્ત, જગત્+નાથ=જગન્નાથ. દિક્+મૂઢ=દિઙ્મૂઢ ષટ્+માસ=ષણ્માસ, સત્+માર્ગ=સન્માર્ગ.

(૧૨). જો દંતસ્થાની અક્ષર પછી તાળુસ્થાની, મૂર્ધાસ્થાની કે લ આવે. તો પોતે તેવાજ થઈ જાય. જેમકે, ઉત્+લાસ=ઉલ્લાસ, તત્+ટીકા=તટ્ટીકા, તત્+લીન=તલ્લીન, સત્+ચિત્+આનંદ=સચ્ચિદાનંદ, સત્+ચરિત્ર=સચ્ચરિત્ર, સત્+જન=સજ્જન.

(૧૩). ત વર્ગના કોઈ અક્ષર પછી શ્ આવે, તો ત વર્ગના અક્ષરને ઠેકાણે ચ્, ને શ્ નો છ્ થાય છે. જેમ, અધ્+શેર=અચ્છેર, ઉત્+શ્વાસ=ઉચ્છ્વાસ, સત્+શાસ્ત્ર=સચ્છાસ્ત્ર.

પાઠ ૬ વિરામચિહ્ન.

બોલતાં બોલતાં શ્વાસ લેવા સારૂ, તથા સાંભળનાર માણસ સહેલથી સમજી શકે, તેટલા સારૂ અટકીએ છીએ. લખાણમાં એવી અટકવાની જગોએ કેટલીક નિશાનીઓ કરાય છે, તેને **વિરામ-ચિહ્ન** (વિ+રમ્=થોભવું, અટકવું) કહે છે. એમાંનાં મુખ્ય નીચે આપ્યાં છે.

(૧) , અલ્પવિરામ, (૨) ; અર્ધવિરામ, (૩) : ગુરૂવિરામ, (૪) . પૂર્ણવિરામ, (૫) ? પ્રશ્નચિહ્ન, (૬) ! ઉદ્દગારચિહ્ન, (૭) ' ' કે " " અવતરણચિહ્ન, (૮) [ ] કે ( ) કૌંસ, (૯) - સંયોગ રેખા, (૧૦] — વર્ણન કે ઉદાહરણ રેખા, (૧૧) — — અપસારણ ચિહ્ન.

અલ્પવિરામ.

૧. બે શબ્દ ઉભયાન્વયી અવ્યયથી જોડાય, તો તેની વચમાં કાંઈ નહિ; પણ તેની વચમાં ઉભયાન્વયી અવ્યયનો અધ્યાહાર હોય, તો વચમાં અલ્પવિરામ મૂકાય છે. જેમ, છગન અને મગન ગયા, છગન, મગન ગયા. તે આવ્યો ને ગયો.

૨. બેથી વધારે શબ્દ જોડાય, તો છેલ્લા શબ્દ સિવાય સઘળા શબ્દ પછી અલ્પવિરામ મૂકાય છે. જેમ, તે ડાહ્યો, મહેનતુ, અને ભલો છે. તે આવ્યો, બેઠો, અને ચાલ્યો ગયો.

૩. સંબોધનવાળું નામ વાક્યની આરંભમાં આવે તો તેની પછી, અને વાક્યની વચમાં આવે તો તેની બંને તરફ અલ્પવિરામ મૂકાય છે. જેમ હે ઈશ્વર, અમારાં પાપ ક્ષમા કર. અમારાં પાપ, હે ઈશ્વર, ક્ષમા કર.

૪. શબ્દાવળી બેજ હોય, તોપણ તેની વચ્ચે હમેશાં અલ્પ-વિરામ મૂકાય જ. જેમ તે છોકરો કામ કરવે ચાલાક, અને ભણવા ગણવામાં હોશિયાર છે.

૫. પૂર્વસ્થાનના શબ્દને ઓળખાવનાર શબ્દાવળીની બંને બાજુએ અલ્પવિરામ મુકાય છે. જેમ, સયાજીરાવ, વડોદરાના મહા-રાજા, હવા ખાવા મહાબળેશ્વર પધાર્યા છે.

૬. ગૌણ વાક્યની પછી અલ્પવિરામ મૂકાય છે; પણ જો બહુ નાનું ગૌણ વાક્ય હોય, તો કાંઈ પણ ચિહ્ન મૂકાતું નથી. જેમ, તે આજે અમદાવાદ જવાનો છે, એ હું જાણતો નથી. તે જવાનો છે એ હું જાણતો નથી. પોતાના માબાપની આજ્ઞામાં રહેવું, અને તેમની મર્યાદા રાખવી, એ કામ સપુત છોકરાનું છે.

૭. સંયુક્ત વાક્યમાં સહગામી વાક્યોની પછી વખતે અલ્પવિ-રામ મૂકાય છે. જેમ બાગમાં નારંગી, લીંબુ, દાડમ, તાડ, અને બીજી અનેક પ્રકારની વનસ્પતિ છે, અનેક ખીલી રહેલાં ફૂલોની વાસ ચારે તરફ ફેલાઇ રહી છે, અને માછલાંથી ભરેલા હોજ અને ફુવારા આવી રહ્યા છે.

૮. જે શબ્દો પછી તેના સમાનાર્થે **એ, તે, સર્વે, એ સર્વે,** ઇત્યાદિ, વગેરે એવા શબ્દો આવે, તો તે દરેક શબ્દની પછી અલ્પ-વિરામ મૂકાય છે. જેમ, છગન, લલ્લુ, એમને બોલાવીને વહેલો આવ. કપડવણંજમાં કાચ, સાબુ, વગેરે બને છે.

૯. હા, ના, હવે, વળી, બીજું, છેવટે, ટુંકામાં, વગેરે એવા અર્થના કેટલાક શબ્દની પછી અલ્પવિરામ મૂકાય છે. જેમ, વળી, હું તમને કહું છું.

અર્ધવિરામ.

ગૌણ વાક્યની અંદર પેટાવાક્ય આવેલાં હોય, તો ગૌણવાક્યને છેડે અર્ધવિરામ મૂકાય છે. જેમ, અભ્યાસમાં જેવી કાળજી હોય, તેનું તેવું ફળ મળે; એમાં સંદેહ શો?

સહગામી વાક્યોમાં બે કે વધારે ગૌણવાક્યો હોય, અને તે ગૌણવાક્યો અલ્પવિરામ વડે જુદાં પડતાં હોય; તો સહગામી વાક્યો વચ્ચે અર્ધવિરામ આવે. જેમ, એવા લોકને ત્યાં કોઇ પરદેશી જઇ ચઢયો હોય, તો તેઓ તેને ઉતારાની અને ખાવાપીવાની સોઈ કરી આપવામાં આનંદ માને છે; અને એ પરદેશી જેની પાસેથી દૂધ વગેરે ચીજો વેચાતી મેળવી શકતો નથી, તેની જ પાસેથી તે ચીજો મેમાન થઇને મફત પામે છે. (નવી સાતમી).

સહગામી વાક્યોમાં ગૌણવાક્ય ન હોય, પણ અલ્પવિરામ કરતાં વધારે અટકવાની જરૂર હોય તો સહગામી વાક્યો વચ્ચે અર્ધવિરામ મૂકાય. જેમ, જનોઇ પહેરી સૂર્યનો મંત્ર લેઇ વિદ્યાર્થી ગુરૂને ઘેર રહે છે; ભિક્ષા માગીને ગુજરાન ચલાવે છે; ગુરૂની સેવા કરે છે; અને વિદ્યા ભણે છે. (નવી સાતમી).

ગુરૂવિરામઃ–સરખા અધિકારનાં મુખ્ય વાક્યોને જોડનાર ઉભયાન્વયી અવ્યય પડતો મૂકાય, તો ત્યાં ગુરૂવિરામ મૂકાય છે. જેમ, આળસ તજોઃ આળસ સમાન બીજો વેરી નથી. ‘એમાંના કેટલાકના કવિ દલપતરામ આ પ્રમાણે વર્ગ કરે છેઃ પહેલો શામળ ને બીજો પ્રેમાનંદ, ૪૦’ (નર્મગદ્ય). આ ચિહ્ન એકલું બહુ વપરાતું નથી. વર્ણનરેખા સાથે વપરાય છે.

પૂર્ણવિરામ.

૧. રચના અને અર્થમાં જ્યાં વાક્ય પૂરૂં થાય, ત્યાં પૂર્ણવિરામ મૂકાય છે. જેમ, તે ગયો. જો ચાકરી કરીએ તો ભાખરી મળે.

૨. આજ્ઞા આપતી વખતે કે આશીર્વાદ આપતી વખતે વાક્યને છેડે પૂર્ણવિરામ મૂકાય છે. જેમ લક્ષ્મણજીને રામચંદ્રજીએ કહ્યું કે ભાઇ, માતા, પિતા, અને ગુરૂની સેવા કરજે. ભગવાન તારી રક્ષા કરો.

૩. કોઈ નામ કે શબ્દને માટે સંક્ષેપ નિશાની વાપરીએ, ત્યાં પૂર્ણવિરામ મૂકાય છે. જેમ, લલ્લુ હરિભાઈ=લ. હ. મહેરબાન=મે. મિસ્તર=મિ.

પ્રશ્નચિહ્ન.

જે વાક્યમાં સવાલ કરેલો હોય છે, તે વાક્યને છેડે પ્રશ્નચિહ્ન મૂકાય છે. જેમ, તમે ક્યાં જાઓ છો ? તમારો ધર્મ શો ?

જ્યારે પ્રશ્નાર્થ વાક્ય પેટા વાક્ય હોય છે, ત્યારે ત્યાં પ્રશ્નચિહ્ન મૂકાય નહિ. જેમ, તમે કયાં જાઓછો એમ તેણે મને પૂછયું.

ઉદ્‌ગાર ચિહ્નઃ—કેવળ પ્રયોગી અવ્યય, અથવા તે અર્થે વપરાએલા કોઈ પણ શબ્દ કે શબ્દાવળીની પછી ઉદ્‌ગાર ચિહ્ન મૂકાય, અને ઉભરાનો ભાવ ઓછો હોય તો અલ્પ વિરામ મૂકાય. જેમ, અરે ! શિવશિવ ! આ તે શો ગજબ ! અરે, મારૂં માથું દુખે છે.

અવતરણ ચિહ્નઃ—કોઇના કહેલા કે લખેલા શબ્દો તેના તેજ રૂપમાં લખી બતાવવા હોય, તો તે શબ્દોની પહેલાં અને પછી " " આવાં અવતરણ ચિહ્ન મૂકાય છે; જો વાક્ય નાનું સરખું હોય તો ' ' આવાં ચિહ્ન કરાય છે. જેમ, શ્રી કૃષ્ણે ભગવદ્ ગીતામાં કહ્યું છે કે " અજ્ઞાનીના મનને ચલાવી નાખવું નહિ. "

કૌંસઃ—અર્થની સ્પષ્ટતા કે ખુલાસાને માટે કાંઈ વિશેષ જણાવવાનું હોય, તે [ ] આવા અથવા ( ) આવા કૌંસમાં લખાય છે. કૌંસમાં લખેલી બાબત કાઢી લેતાં મૂળ અર્થ તૂટતો નથી. જેમ, ઇ. (અય્)=જવું.

સંયોગરેખા:—જ્યાં લીટી પૂરી થાય ત્યાં શબ્દ અધુરો રહે ત્યારે, અથવા બે પદને એક જેવાં બતાવવાં હોય ત્યાં સંયોગરેખા વપરાય છે. જેમ ગુજરાતી-ઇંગ્રેજી ડીક્ષનેરી.

વર્ણન કે ઉદાહરણ રેખા:—વાક્યમાં ઉદાહરણ તથા કહેલા વિષયનું વર્ણન છે, એ જણાવવાને જરા લાંબી લીટી કાઢવામાં આવે છે; તેને વર્ણન કે ઉદાહરણ રેખા કહે છે. કોઇવાર મહાવિરામ અને વર્ણનરેખા (:—) આ પ્રમાણે સાથે પણ લખાય છે.

અપસારણ ચિહ્‌ન:—હકીકત લખતાં લખતાં તેને વધારે સ્પષ્ટ કરવાને, અથવા વચમાં સૂઝી આવેલા વિચારોને દર્શાવવા તેની પહેલાં—આવું અને પછી પણ—આવું ચિહ્‌ન કરાય છે તેને અપસારણ ચિહ્‌ન કહે છે. જેમ, દેહ જાળવવાનો નિયમ—બ્રહ્મચર્ય, સારો ખોરાક, શુદ્ધ જીવન, વગેરે—બરાબર પળાય તો ૮૦, ૯૦ વર્ષ સહેજ જીવાય.

પાઠ ૭. પ્રત્યય.

જે અક્ષર અથવા અક્ષરો ધાતુ અથવા શબ્દને છેડે આવીને તેના અર્થમાં ફેરફાર કરે તેને **પ્રત્યય** કહે છે. છૂટા પ્રત્યયમાં કાંઈ અર્થ હોતો નથી.

પ્રત્યયની બે જાત છે. ૧. **કૃદંત પ્રત્યય**, ૨. **તદ્ધિત પ્રત્યય.**

કૃદંત પ્રત્યય:—જે પ્રત્યય ધાતુને છેડે આવીને નામ વિશેષણાદિક ઉત્પન્ન કરે છે, તેને કૃદંત પ્રત્યય કહે છે. જેમ, **मृ** મરવું+**अन** ક્રિયા=**मरण**. મરવાની ક્રિયા, મરવું.

તદ્ધિત પ્રત્યય:—નામ વિશેષણાદિક પર પ્રત્યય લાગીને બીજાં નામ વિશેષણાદિક ઉત્પન્ન થાય, તે પ્રત્યયને તદ્ધિત પ્રત્યય કહે છે. જેમ, **वर्ष+इक**(વાળો)=**वार्षिक**.

ગુજરાતી તદ્ધિત પ્રત્યય.

નામ પરથી નામ કરનાર પ્રત્યય.

आटो—ગપાટો (ગપ+આટો), ધુમાટો.

आरुं સ્થળવાચક છે—પાણીઆરૂં (પાણી+આરૂં).

क-ઠંડક (ઠંડ+ક), ટાઢક, સ્થાનક.

गाळो મોસમ બતાવે છે—લગ્નગાળો (લગ્ન+ગાળો), આંબાગાળો, કેરીગાળો.

डो, डी, डुं લઘુતાદર્શક છે—વાછરડો-ડી-ડું, પલંગડી, આંબડી, મુખડું.

लो, ली લઘુતાદર્શક છે—પાટલો (પાટ+લો), ખાટલો, ઘડુલી.

वट, टो, टुं ધંધો, આચરણ, કે સ્થિતિ બતાવે છે—વહીવટ (વહી=ચોપડો+વટ), નાણાવટ, બહારવટું; ઘરવટ, સાચવટ, શાહવટ; દેશવટો, ભોગવટો.

वटी રાખનાર—કંકાવટી (કંકુ+વટી), માથાવટી.

वाड-वाडो રહેઠાણ બતાવે છે-ઝાલાવાડ, મારવાડ, નાગરવાડો, કુંભારવાડો.

વિશેષણ પરથી નામ કરનાર પ્રત્યય.

आई—ઉંચાઇ (ઉંચું+આઈ), મોટાઈ, મિઠાઈ, વડાઈ, લંબાઈ.

आण—ઉંડાણ (ઉંડું+આણ), નીચાણ, પોલાણ.

आश—ખટાશ (ખાટું+આશ), તિખાશ, મિઠાશ, કડવાશ, રતાશ, પિળાશ.

प—ભોળપ (ભોળું+પ), મોટપ, છોટપ.

पण-पणुं-ગાંડપણ(ગાંડું+પણ), શાણપણ, મોટાપણું, અદેખાપણું.

નામ પરથી વિશેષણ કરનાર પ્રત્યય.

आई—ચીનાઈ (ચીન+આઈ), રૂશિઆઈ.

आउ—વગડાઉ (વગડો+આઉ).

आरो-री-रुं—રંગારો, (રંગ+આરો), રંગારી, ગળીઆરો-રી-રૂં, સુનારો.

आळ-आळु-इयाळ—જીવાળ, લોહીઆળ, રેતાળ, શરમાળ, વાચાળ, કૃપાળુ, દયાળુ, રમતિયાળ, ગમતિયાળ.

इयेल—ગુણિયેલ.

इयो—કાપડિયો, તેલિયો, વાગડિયો.

ई—પોરબંદરી, કચ્છી, સુરતી, ખંભાતી, પરદેશી, સ્વદેશી.

ईको—મણીકો, શેરીકો.

ईलो-ली-लुं—હઠીલો, જાતીલી, રસીલું, ખોડીલો.

उ—લાલચુ, વિશ્વાસુ, ખેડુ.

कणो—મારકણો, બોલકણો, લાડકણો

को-की-कुं—લાડકો-કી-કું.

वटी—નાણાવટી, વહાણુવટી.

वान—ગાડીવાન, બાગવાન, બળવાન.

वाळो-ळी-ळुं—ઘીવાળો, દૂધવાળી, પાણીવાળું.

સર્વનામ પરથી થતાં સર્વનામ ને ક્રિ૰ વિ૰ અવ્યય.

સર્વનામ.	ક્રિ. વિ. અવ્યય.
આ પરથી આવું, આટલું, આવડું.	આમ, અહિં, અત્યારે.
એ પરથી એવું, એટલું, એવડું.	એમ, અહિં, અત્યારે.
તે પરથી તેવું, તેટલું, તેવડું.	તેમ, તહિં, ત્યાં, ત્યારે.
જે પરથી જેવું, જેટલું, જેવડું.	જેમ, જહિં, જ્યાં, જ્યારે.
કો પરથી કેવું, કેટલું, કેવડું.	કેમ, કહિં, ક્યાં, ક્યારે.

ફારસી તદ્ધિત પ્રત્યયો.

નામ કે વિશેષણ પરથી નામ કરનાર પ્રત્યય.

ઈ પણું—દીવાની (દીવાન+ઈ) કારકુની, ફોજદારી, સાહેબી, બાદશાહી, જહાંગીરી, ગુલામી; બહાદુરી, તાબેદારી, ખબરદારી, હરામખોરી, મહેરબાની.

ગીરી પણું—મહેતાગીરી, ગુલામગીરી, દીવાનગીરી, આલમગીરી.

ખાનું ઠેકાણું—કેદખાનું, હાથીખાનું, તોપખાનું, દવાખાનું, કારખાનું, બબરચીખાનું.

દાન-દાની ઠેકાણું—પાનદાન, કલમદાન, કદરદાન; ચાહેદાની, ગુલાબદાની, અત્તરદાની, મચ્છરદાની.

નામ પરથી વિશેષણ કરનાર પ્રત્યય.

ખોર ખાનાર કે કરનાર—હરામખોર, હલાલખોર, દારૂખોર; દગાખોર, મસ્તીખોર, પતરાજીખોર, શેખીખોર.

ગર-ગરો-ગરી-ગરું કરનાર—જાદુગર, ચુડગર, કારીગર; કજીઆગરો-રી-રું, કાજગરો-રી-રું, વાતગરો-રી-રું.

ગાર-ગારો કરનાર—ગુનેહગાર, જુલમગાર, મદદગાર, પરહેજગાર, કામણગારો.

બાજ કરનાર—કસરતબાજ, કુસ્તીબાજ, દગલબાજ.

ગીર જીતનાર—જહાંગીર, આલમગીર, તમાશગીર.

ચી રાખનાર—ખજાનચી, મશાલચી, તબલચી, પખાલચી.

દાર વાળો—લેણદાર, દેણદાર, આબરૂદાર, દુકાનદાર, જમીનદાર, મજમૂદાર, છડીદાર, કામદાર, વહીવટદાર, થાણદાર, મોજણીદાર, ફોજદાર, મામલતદાર.

બાન-વાન વાળો—મહેરબાન, દરવાન, પહેલવાન.

मंद वाळो—અક્કલમંદ, દોલતમંદ, દાનેશમંદ.

वार भरेलो—ઉમેદવાર, તપસીલવાર, બાબતવાર, વિગતવાર.

સંસ્કૃત તદ્ધિત પ્રત્યયો.

નામ પરથી નામ બનાવનાર પ્રત્યય.

अ તે પરથી બનેલું—કૌરવ (કુરૂ+અ), પાંડવ (પાંડુ+અ), યાદવ (યદુ+અ), રાઘવ (રઘુ+અ), વાસુદેવ (વસુદેવ+અ), પૌત્ર (પુત્ર+અ), દાનવ (દનુ+અ).

य તે પરથી બનેલું—દૈત્ય (દિતિ+ય), આદિત્ય (અદિતિ+ય), ગાર્ગ્ય (ગર્ગ+ય).

क લઘુતાવાચક પ્રત્યય—બાલક (બાલ+ક), દીપક, અંશક.

વિશેષણ પરથી નામ બનાવનાર પ્રત્યય.

अ પણું-શૌચ (શુચિ+અ), ગૌરવ (ગુરૂ+અ), યૌવન (યુવન્+અ), લાઘવ (લઘુ+અ).

ता પણું—મમતા (મમ=મારૂં+તા), દુષ્ટતા, ક્રુરતા, કઠોરતા, સુજનતા, ભિન્નતા, અપૂર્ણતા.

त्व પણું—દાસત્વ (દાસ+ત્વ), ગુરૂત્વ, જડત્વ, મહત્વ, મમત્વ, લઘુત્વ.

य પણું—શૌર્ય (શુર+ય), ધૈર્ય (ધીર+ય), સૌંદર્ય (સુંદર+ય), આતિથ્ય (અતિથિ+ય).

क સમુદાયવાચક પ્રત્યય—પંચક (પંચ+ક), સપ્તક, અષ્ટક, દશક, શતક.

નામ પરથી વિશેષણ બનાવનાર પ્રત્યય.

अ વાળો—જૈન(જિન+અ), વૈષ્ણવ(વિષ્ણુ+અ), શૈવ(શિવ+અ).

आल-आलु વાળો-વાચાલ, રસાલ; દયાલુ, માયાલુ, કૃપાલુ.

इक વાળો—દૈનિક (દિન+ઇક), માસિક, વાર્ષિક (વર્ષ+ઇક), ભાવિક, ધાર્મિક (ધર્મ+ઇક), શારીરિક (શરીર+ઇક), નાગરિક, સ્વાભાવિક.

ई (સં. **इन्** પરથી) **વાળો**-સુખી, દુઃખી, રોગી, ભોગી, શાસ્ત્રી.

मत्-मंत, मान् વાળો—ધીમત્ (ધી=બુદ્ધિ+મત્), શ્રીમત્; ધીમંત, શ્રીમંત, બુદ્ધિમંત; શ્રીમાન્, બુદ્ધિમાન્, મતિમાન્, ભક્તિમાન્, શક્તિમાન્.

वत्-वंत, वान् વાળો—ભગવત્ (ભગ=શક્તિ+વત્); ધનવંત, ગુણવંત, ભગવંત, તનવંત; ધનવાન્, ગુણવાન્, ભગવાન્, તનવાન્, લક્ષ્મીવાન્.

वी (સં. **विन्** પરથી) **વાળો**—યશસ્વી(યશસ્=યશ+વી=વાળો), તેજસ્વી, તપસ્વી, મનસ્વી.

ईय તેપરથી બનેલું—સજાતીય(સજાતિ+ઈય), દેશીય, વર્ગીય.

मय ભરેલું—સુખમય (સુખ+મય), દુઃખમય, જળમય, તન્મય.

નામપરથી ક્રિયાવિશેષણ અવ્યય બનાવનાર પ્રત્યય.

वत् પેઠે—દંડવત્ (દંડ=લાકડી+વત્), શાસ્ત્રવત્, માતૃવત્.

સર્વનામ કે વિશેષણ પરથી ક્રિયાવિશેષણ અવ્યય બનાવનાર પ્રત્યય.

त्र ઠેકાણે—સર્વત્ર (સર્વ+ત્ર), યત્ર, તત્ર, અત્ર.

था રીતે—સર્વથા (સર્વ+થા), યથા, તથા.

दा વખતે—સર્વદા (સર્વ+દા), યદા, તદા, કદા.

धा રીતે—બહુધા (બહુ+ધા), સહસ્ત્રધા, નવધા, લક્ષધા.

ગુજરાતી કૃદંત પ્રત્યય.

ધાતુ (ક્રિયાપદ) પરથી નામ બનાવનાર પ્રત્યય.

अण—આંજણ (આંજ+અણ), ગંઠણ, જમણ, પાલણ, લાંઘણ, લીંપણ, વહેણ, શીવણ, લેણ, દેણ, કહેણ.

अणी—બાંધણી (બાંધ+અણી), કાપણી, માપણી, શીવણી, લખણી, ગળણી, ખાંડણી, ચાળણી.

अणु—છૂંદણું (છૂંદ+અણું), માગણું, ભરણું, દળણું, રાંધણું, ગળણું.

अत—રમત (રમ+અત), ગમત, લખત, ખમત, મૂકત, મળત.

आट—ગડગડાટ (ગડગડ+આટ), સડસડાટ, બડબડાટ, વળવળાટ, ચળકાટ.

आण—લખાણ, મુકાણ, વંચાણ, દબાણ, ભંગાણ.

आमण—લખામણ, વળામણ, ઘડામણ, રંધામણ, શીવડામણ, ગભરામણ.

आरो—લવારો, ધ્રુજારો, કંપારો, ઘટારો, વધારો.

आव—અટકાવ, ચડાવ, ઉઠાવ, પડાવ.

तर—ભણતર, ચણતર, વણતર, કળતર.

वानुं—લખવાનું, ગણવાનું, છાપવાનું, ભણવાનું.

वुं—ભણવું, ગણવું, લખવું, ખાવું, જવું.

ધાતુ પરથી વિશેષણ બતાવનાર પ્રત્યય.

आउ—ગળાઉ (ગળ+આઉ), ઊડાઉ, ચડાઉ, ખરચાઉ, વેચાઉ,

कणो—કરડકણો, વઢકણો.

સંસ્કૃત કૃદંત પ્રત્યયો.

ધાતુ પરથી નામ બનાવનાર પ્રત્યય.

अ કરનાર—કર (કૃ+અ), જન, દેવ, ભૂધર, નટ, ગોપ, નૃપ, અમર, વર, શાક, વિઘ્નહર.

अ કરવું તે—ચાલ, છેદ, જય, તોલ, નાશ, પાક, પાઠ, બંધ, ભય, માન, મોહ, રંગ, રૂપ, વાસ, શોધ, સ્તંભ.

अक करनार—ग्राहक (ग्रह्+अक), छेदक, दर्शक, नाटक, पाठक, पातक, पालक, बोधक, भाजक, भक्षक, रंजक, रक्षक, लेखक, अवाचक, वर्धक, वाहक, प्रवेशक, शोधक, शोषक, सेवक.

अन करनार—चरण (चर् + अन), नयन, पालन, पवन, मदन, मोहन, लोचन, वदन.

अन करवुं ते—अटन, कथन, खंडन, दान, पतन, पान, भजन, मरण, रक्षण, वलण, सहन, ज्ञान.

ति करवुं ते—कृति, गति, प्रीति, भक्ति, भ्रान्ति, मुक्ति, रति, शान्ति, स्थिति.

तृनोता करनार—कर्ता (कृ+तृनोता), त्राता, दाता, धाता, पिता, भोक्ता, माता, वेत्ता, श्रोता, होता, हर्ता, ज्ञाता.

य, त्य योग्य—कार्य (कृ+य), गुण्य, भाज्य, भार्या (भृ+य+आ); कृत्य.

त्र साधन—गात्र (गम्+त्र), पात्र, पुत्र, मात्रा, यंत्र, वस्त्र, शास्त्र.

धातु परथी विशेषण बनावनार प्रत्यय.

त, इत भूत कृदंतनो प्रत्यय—कृत, जित, भूत, मृत, सिद्ध, खंडित, पतित, मोहित, वर्धित, साधित, लब्ध, शुद्ध, स्तब्ध, मत, मुक्त, शान्त, भ्रष्ट.

य योग्य—गम्य, रम्य, साध्य, ब्रह्मचर्य, दिव्य, पूज्य, भक्ष्य, हास्य.

पाठ ८. आद्यय.

जे अक्षर के अक्षरो शब्दनी पहेलां आवीने तेना अर्थमां फेरफार करे छे तेने **आद्यय** (आदि=पहेलां+अय=आवनार) कहे छे. जेमके अज्ञान=(अ=नहि+ज्ञान) ज्ञान नहि ते अज्ञान, एमां 'अ' आद्यय कहेवाय.

ગુજરાતી આદ્યય.

अण (સં. માં **अन्**) **નહિ**—અણકસબી (અણ=નહિ+કસબી–કસબી નહિ તે), અણગમતું, અણઘડ, અણછતું, અણદીઠું, અણધાર્યું, અણબનાવ, અણરાગ, અણસમજુ, અણહદ.

क (સં. માં **कु**) **નઠારૂં**—કછોરૂં (ક=નઠારૂં+છોરૂં=છોકરૂં–નઠારૂં છોકરૂં), કજાત, કજોડ, કપૂત, કઢંગું, કભારજા, કરૂપ, કવેળા, કસુવાવડ.

स (સં. માં **सु**) **સારૂં**—સકરમી (સ=સારો+કરમી=નશીબવાળો–સારા નશીબવાળો), સકાળ, સજાત, સપૂત, સવેળા.

स (સં. માં **सु**) **ઘણું**—સકુમાર (સ=ઘણો+કુમાર=નાનું, કોમળ–ઘણું કોમળ), સકોમળ.

સંસ્કૃત આદ્યય.

अ નહિ—અકર્મક (અ=નહિ+કર્મક–કર્મ નથી જેને તે), અકર્મી, અકલિત, અખંડ, અગણિત, અચળ (ચાલી શકે નહિ તે–પર્વત), અદૃશ્ય, અધર્મ, અનાથ, અનિત્ય, અનીતિ, અન્યાય, અપવિત્ર, અપારદર્શક, અપ્રીતિ, અપુષ્પ, અપૂર્ણાંક, અપૂર્વ (આગળ નહિ થયેલું એવું), અબળા, અભય, અભાગી, અમર્યાદ, અમર (નહિ મરનાર–દેવતા), અયોગ્ય, અરાજ્ય, આરોગ્ય (અ+રોગ+ય), અલૌકિક (અ+લોક+ઇક), અવિચળ, અવિનાશી, અવિવેક, અશક્ય, અસત્ય, અસહ્ય, અસંખ્ય, અસ્થિર, અહિત, અહિંસા.

अन् નહિ—અનાચાર (અન્=નહિ+આચાર=આચાર નહિ તે), અનાદર (અન્+આદર), અનાદિ (અન્+આદિ–જેની પહેલાં કોઈ નહિ તે, જુનું), અનારોગ્ય (અન્+આરોગ્ય), અનાવૃષ્ટિ (અન્+આ–વૃષ્ટિ), અનુચિત (અન્+ઉચિત), અનુપમ (અન્+ઉપમા), અનેક (અન્+એક), અનંત (અન્+અંત–જેનો છેડો નહિ તે).

વ્યંજનથી શરૂ થતા શબ્દની પહેલાં अ, અને સ્વરથી શરૂ થતા શબ્દ પહેલાં अन् આવે છે; अण આદ્યય તો ઘણું કરીને વ્યંજનની પહેલાં મૂકાય છે.

अंतर માંહે, વચમાં—અંતઃકરણ (માંહેથી કરનાર-મન), અંતર્ગોળ, અંતર્દૃષ્ટિ, અંતર્ધ્યાન, અંતઃપુર (જનાનો), અંતર્યામી (માંહેથી રોકનાર-પરમાત્મા); અંતઃપટ (વચ્ચેનું લુગડું-પડદો).

अति ઘણું, પેલીતરફ—અતિઆહાર (ઘણો આહાર), અતિ-દુઃખ, અતિદુષ્ટ, અતિદોષ, અતિનિદ્રા, અતિમોહ, અતિરોગ, અતિ-લોભ, અતિવૃષ્ટિ, અતિસાર, અતિસ્નેહ; અત્યંત (અતિ+અંત-છેડાની પેલીતરફ, ઘણું જ).

अधि ઉપર, અધિક—અધ્યક્ષ (અધિ+અક્ષ-ઉપર નજર રાખનાર, ઉપરી), અધિકરણ (જેના ઉપર કરાય તે, સ્થળ), અધિકાર, અધિપતિ, અધિરાજ (ઉપર પ્રકાશનાર, રાજા).

अनु સાથે, મળતું, પછી—અનુપાન (સાથે પીવાનું, વૈદે દવા સાથે જે પીવાનું કહ્યું હોય તે), અનુયાયી (સાથે જનાર, સેવક વગેરે), અનુનાસિક (અનુ=સાથે+નાસિકા=નાક-નાકમાંથી બોલાતા વ્યંજન); અનુકરણ (મળતું કરવું તે-નકલ), અનુક્રમ (મળતો ક્રમ, એક પછી એક), અનુમતિ (મળતો વિચાર, પરવાનગી), અનુરૂપ (મળતું રૂપ, આબેહુબ), અનુસરવું (મળતા આવવું); અનુચર (પાછળ ચાલનાર, સેવક), અનુકૂળ (પાછળ બંધન, મદદગાર), અનુકંપા (પાછળ કંપવું તે, દયા), અનુભવ (પાછળ થવું તે), અનુસંધાન (પાછળ સાંધણ).

अप ખોટું, નઠારૂં, ઉલટું—અપકાર (ખોટું કરવું તે, ગુણને બદલે અવગુણ કરવો તે), અપંગ (અપ+અંગ-ખોટો અવયવ છે જેનો), અપભ્રંશ (ખોટી રીતે પડવું તે, મૂળ શબ્દનું ખોટું રૂપાંતર); અપકીર્તિ (નઠારી આબરૂ), અપલક્ષણ, અપશબ્દ, અપશુકન; અપમાન

(માનથી ઉલટું, તિરસ્કાર), અપયશ, અપરાધ (પ્રસન્ન કરવાથી ઉલટું, ગુન્હો), અપવાદ (ઉલટું બોલવું તે).

अभि પાસે, તરફ, ઘણું—અભ્યાગત (અભિ=પાસે+આગત=આવેલો–અતિથિ, પરૂણો); અભિવંદન (કોઈના તરફ નમસ્કાર), અભિલાષા (કોઈના તરફ ચાહના),અભિષેક (તરફ છાંટવું તે); અભ્યુદય (અભિ=ઘણી + ઉદય=ચઢતી–ઘણી ચઢતી), અભિમાન, અભિરૂચિ.

अव નીચે, નઠારૂં—અવતાર (નીચે ઉતરવું તે, જન્મ), અવલોકન (નીચે જોવું તે); અવકૃપા (નઠારી મહેરબાની), અવગણના, અવગતિ, અવગુણ, અવદશા.

आ મર્યાદા—આકાર (મર્યાદા કરનાર, હદ),આગ્રહ, આઘ્રાત (મર્યાદામાં મારવું તે), આચરણ, આચાર્ય, આજ્ઞા, આધાર, આરડવું.

उत् ઉંચે, ઉપર, બહાર, ઘણું—ઉત્કંઠા (ઉંચી ડોક થવી, આતુરતા); ઉદય (ઉત્+અય–ઉપર આવવું તે, ચઢતી); ઉદ્યોગ (ઉત+યોગ–બહાર જોડાવું તે, કામ), ઉત્પત્તિ (ઉત્ + પદ્ + તિ–બહાર પેદા થવું તે–પેદાશ), ઉચ્છ્વાસ (ઉત+શ્વાસ–બહાર શ્વાસ ફેંકવો તે); ઉન્મત્ત (ઉત્+મત્ત–ઘણો છકેલો, ગાંડો), ઉત્કૃષ્ટ (ઉત્+કૃષ્ટ–ઘણું ખેંચાએલું, ચઢીઆતું).

उप પાસે, નાનું—ઉપયોગ (પાસે જોડાવું તે, ખપ), ઉપસર્ગ (પાસે જવું તે–ધાતુની પહેલાં આવનાર, આઘય), ઉપમા (પાસે માપવું તે–સરખામણી), ઉપકાર (ઉપ + કૃ=ભલું કરવું + અ=ક્રિ. બ. પ્ર. કોઇનું ભલું કરવું તે, પાડ); ઉપસાગર (નાનો સાગર), ઉપાખ્યાન ઉપ=નાની + આખ્યાન=કથા–નાની કથા, આડકથા), ઉપગ્રહ (નાનો ગ્રહ–મોટા ગ્રહની આસપાસ ફરનારા નાના ગ્રહ), ઉપનામ, ઉપનેત્ર (ચશ્મા), ઉપમંત્રી, ઉપવન (બાગ), ઉપવાસ, ઉપશિક્ષક, ઉપસંહાર.

कु નઠારૂં—કુકર્મ (નઠારૂં કામ), કુચાલ, કુતર્ક, કુદષ્ટિ, કુપાત્ર (નઠારૂં વાસણુ-નઠારો માણુસ), કુબોધ, કુમાર્ગ, કુવાક્ય.

दुस्, दुः, दुर् નઠારૂં, મુશ્કેલીથી, ઓછું—દુરાચરણ (દુર્+આચરણુ-નઠારાં આચરણુ),દુષ્કર્મ,દુષ્કાળ, દુર્ગતિ, દુર્ગુણુ, દુર્ગંધ, દુર્જન, દુર્મતિ; દુર્લભ (મુશ્કેલીથી મેળવી શકાય તે);દુર્બળ(ઓછું બળ).

न નહિ—નાન્યતર (ન=નહિ+અન્યતર=એમાંથી એક-નર કે નારી જાતિ નહિ તે), નાસ્તિક (ન+અસ્તિ=છે-પરમેશ્વરને નહિ માનનારા જે છે તે), નકામું, નજીવું, નમાલું.

नि માંહે, પાછળ—નિપાન (માંહે પીવાનું હોય તે-નવાણુ), નિબંધ (માંહે બાંધવું તે-કોઈ વિષયને મર્યાદાપૂર્વક લખવો તે), નિવાસ (માંહે રહેઠાણુ-ઘર, મંદિર, વગેરે); નિદાન (પાછળ આપવું તે, વૈદ્ય રોગની પરીક્ષા કર્યા પછી જે અભિપ્રાય આપે તે); નિષેધ (નિ+સિધ્=મના કરવી+અ=કરવું તે-મના કરવી તે).

निस्, निः, निर् નહિ, બહાર, નક્કી—નિસ્તેજ (તેજવિના), નિસ્સંશય, નિષ્કપટ, નિષ્કામ (ઇચ્છા વગરની ભક્તિ), નિશ્ચિંત, નિષ્ફળ, નિરંકુશ (નિર્+અંકુશ), નિરાધાર (નિર્+આધાર), નિરાશ, નિર્ગત (નબળો), નિર્જીવ, નિર્દય, નિર્દોષ, નિર્ધનતા, નિર્બળ, નિર્ભય, નિર્મળ, નીરોગી (નિર્+રોગી); નિરીક્ષા (નિર્+ઇક્ષા-દૂરબીનમાંથી તારા વગેરે બહાર જોવા); નિર્ણય (નિર્=નક્કી+નય=દોરી જવું તે-વિચારને નક્કી દોરી જવા તે-ઠરાવ).

पर પારકું, મોટો—પરાધીન (પર+આધીન-પારકાને તાબે), પરોપકાર (પર+ઉપકાર-પારકા પર ઉપકાર કરવો તે), પરકાયા, પરતંત્ર, પરદેશ, પરધર્મ, પરરાજ્ય, પરલોક, પરાર્થ (મોટો અર્થ).

परा મોટું, ઉલટું, પાછું—પરાક્રમ (મોટાં ડગલાં ભરવાં

તે-બહાદુરી); પરાજય (જયથી ઉલટું), પરાભવ (ઉલટું થવું તે-હાર); પરાવર્તન (પાછું વળવું તે).

परि ચોતરફ, ઘણું—પર્યટન (પરિ+અટન=ચોતરફ ફરવું તે, મુસાફરી), પરીક્ષા (પરિ+ઈક્ષા-ચોતરફ જોવું તે), પરિણામ (પરિ+નમ્+અ=ચોતરફથી નમવું તે, ફળ), પરિમાણ (ચોતરફનું માપ), પરિમિતિ (ચોતરફનું માપ); પરિચય (ઘણું એકઠું થવું તે, ઓળખાણ), પરિતાપ (ઘણું દુઃખ), પરિપક્વ (ઘણું પાકેલું), પરિપૂર્ણ (ઘણું પૂર્ણ, પૂરેપૂરૂં), પરિશ્રમ (ઘણી મહેનત).

पुनर् ફરીથી—પુનરૂપિ (પુનર્+અપિ-ફરીથી પણ), પુનરાવર્ત્ત (પુનર્+આવર્ત્ત-ફરીથી આવવું તે), પુનરૂક્તિ (પુનર્+ઉક્તિ-ફરીથી બોલવું તે), પુનરૂદ્ધાર (પુનર્+ઉદ્ધાર), પુનર્જન્મ, પુનર્લગ્ન, પુનર્વિવાહ, પુનઃસંસ્કાર.

प્ર આગળ, શ્રેષ્ઠ, વિશેષ—પ્રચાર (આગળ ચાલવું તે, ચાલ), પ્રપૌત્ર (પુત્રના પુત્રથી આગળ એટલે દીકરાના દીકરાનો દીકરો), પ્રવાસી (આગળ વસવાવાળો, મુસાફર), પ્રવાહ (આગળ વહેવું તે); પ્રણામ (શ્રેષ્ઠ નમવું તે), પ્રતાપ (શ્રેષ્ઠ તપવું તે, તેજ), પ્રબળ, પ્રભાત (શ્રેષ્ઠ પ્રકાશેલું, સવાર), પ્રભુ (શ્રેષ્ઠ હોનાર), પ્રમાણ (શ્રેષ્ઠ માપ, આધાર), પ્રમુખ (શ્રેષ્ઠ મુખ જેનું છે તે, ઉપરી); પ્રખ્યાત (વિશેષ વખાણાએલો), પ્રફુલ્લ, પ્રયત્ન, પ્રયોગ, પ્રસિદ્ધ, પ્રસ્તાવના.

પ્રતિ સામું, દરેક—પ્રત્યાઘાત (પ્રતિ+આઘાત-સામો આઘાત થાય તે), પ્રત્યુત્તર (પ્રતિ+ઉત્તર-સામો જવાબ), પ્રતિકૂળ (સામા પક્ષનું), પ્રતિધ્વની, પ્રતિપક્ષી, પ્રતિબિંબ, પ્રતિવાદી, પ્રતિસ્પર્ધી, પ્રત્યય (પ્રતિ+અય-છેડે આવનાર); પ્રતિપળ (દરેક પળ), પ્રતિક્ષણ, પ્રતિદિન, પ્રતિવર્ષ, પ્રત્યેક (પ્રતિ+એક-દરેક).

वि વિશેષ, વિના, ઉલટું—વ્યુત્ક્રમ (વિ=વિશેષ+ઉત્=ઉલટો+ક્રમ-વિશેષે કરીને ઉલટો ક્રમ, સામેનું), (વ્યુત્પત્તિ (વિ+ઉત્પત્તિ-વિશેષે કરી શબ્દની ઉત્પત્તિ જણાવવી તે), વિક્રમ (વિશેષ પગલાં ભરનાર, એક બહાદુર રાજાનું નામ),વિખ્યાત, વિજય, વિધાતા (બ્રહ્મા), વિનાશ, વિભક્તિ (વિ=વિશેષ+ભક્તિ=ભાગવું તે-વાક્યમાં શબ્દોની વચ્ચે જુદા જુદા પ્રકારનો સંબંધ હોય છે તે), વિભાગ, વિરામ (વિશેષ શોભવું તે), વિશેષણ (વિ=વિશેષ+શેષ્=બાકી રહેવું+અન=કરનાર-વિશેષ બાકી રહેલ અર્થ બતાવનાર શબ્દ), વિસ્તાર (વિશેષ પથરાવું તે), વિજ્ઞાન; વ્યર્થ (વિ=વિના+અર્થ-અર્થ વગર, ફોકટ), વિદેહી, વિધવા (વિ=વિના+ધવ=ધણી+આ=નારી જાતિનો પ્રત્યય-ધણી વગરની), વિ-મળ, વિયોગ, વિરાગ (પ્રીતિ નહિ તે), વિસ્મૃતિ; વ્યસ્ત (વિ=ઉલટું+અસ્=હોવું+ત=ભૂ. કૃ. પ્ર. -ઉલટું પ્રમાણ હોય તે), વિકાર, વિકૃતિ, વિચિત્ર, વિજાતિ, વિદેશ, વિપરીત (વિ=ઉલટું+પરિ=ચોતરફ+ઇ=જવું+ત=ભૂ. કૃ. પ્ર.-ચોતરફથી ઉલટું ગયેલું તે, નુકસાનકારક), વિમુખ (પ્રતિકૂળ), વિશ્રામ (મહેનત કરવાથી ઉલટું તે, વિસામો).

स, सह સાથે, સરખું—સેંદ્રિય (સ=સાથે+ઇંદ્રિય-ઇંદ્રિયવાળાં), સકર્મક, સગુણ, સજીવન, સટીક, સધીર, સપ્રમાણ, સપુષ્પ, સફળ, સબળ, સરસ, સવા, સહકુટુંબ, સહગમન, સહવાસ; સજાતિ (સરખી જાતનું), સરૂપ, સવર્ણ, સહધર્મી (સરખા-એક ધર્મના), સહોદર (સહ=સરખું+ઉદર=પેટ-એક માતાને પેટ જન્મેલાં બાળકો).

सम् સાથે, સારૂં, પૂર્ણ—સંગમ (સમ્ સાથે+ગમ=જવું તે-સાથે જવું તે), સંતોષ, સંબંધ, સંયુક્ત, સંયોગ, સંવાદ; સંકલ્પ (સમ્=સારૂં+કલ્પ=યોજના કરવી તે-સારી યોજના કરવી તે, વિચાર), સંબોધન (સમ્=સારૂં+બોધન=જણાવવું તે-સારી રીતે જણાવવું તે), સં-સ્કૃત (સમ્=સારી+કૃત=કરેલી-સારી કરેલી-સુધારેલી ભાષા), સમર્પણ

(સમ્=સારૂં+અર્પણ=આપવું તે–સારી રીતે આપવું તે), **સંશોધન** (સારી રીતે શોધવું તે); સંપૂર્ણ (પૂરેપૂરૂં પૂર્ણ), સંરક્ષણ (પૂર્ણ રક્ષણ), સંહાર (સમ્+હ=નાશ કરવો+અ=ક્રિ. બ. પ્ર.–નાશ કરવો તે, નાશ).

સુ સારૂં, ઘણું—સુકૃત (સારૂં કરેલું), સુકીર્ત્તિ, સુજન, સુનીતિ, સુપુત્ર, સુબિંબ, સુબુદ્ધિ, સુબોધ, સુવાસિત, સુસ્વરૂં; સ્વલ્પ (સુ=ઘણું+અલ્પ=થોડું–ઘણું થોડું), સુશોભિત (ઘણું શોભિતું).

સ્વ પોતાનું—સ્વાર્થ (સ્વ=પોતાનું+અર્થ=કામ–પોતાનું કામ), સ્વાર્પણ (સ્વ=પોતાનું+અર્પણ=આપવું તે–જાતનો ભોગ આપવો તે), સ્વાશ્રય (સ્વ+આશ્રય), સ્વજાતિ, સ્વતંત્ર (પોતાને તાબે), સ્વદેશ, સ્વધર્મ, સ્વધામ, સ્વપરાક્રમ, સ્વભાવ (પોતાના ગુણ), સ્વભાષા, સ્વરાજ્ય.

સત્ સારૂં—સદાચાર (સત્=સારો+આચાર=ચાલ–સારી ચાલ), સત્કર્મ, સદ્ગ્રંથ, સદ્ગુણી, સદ્વસ્તુ.

ફારસી આદ્યય.

કમ ઓછું–કમઅક્લ (ઓછી બુદ્ધિવાળો), કમજોર, કમતર (ઘણો ઓછો), કમતરીન (સૌથી ઓછો) સંસ્કૃત **તર** અને **તમ** પ્રત્યયના અર્થના ફારસીમાં **તર** અને **તરીન** પ્રત્યય છે. કમતાકાત, કમનસીબ, કમબખ્ત (કમ=ઓછું+બખ્ત=નસીબ–ઓછું નસીબ જેનું છે તે, ભાગ્યહીન), કમજાત (નઠારી જાતનો).

ખુશ સારૂં—ખુશખબર, ખુશબો (સારી વાસ), ખુશમિજાજ.

ગેર નહિ, ઉલટું, નઠારૂં—ગેરહાજર(હાજર નહિ તે),ગેરમરજી(મરજી નહિ તે); ગેરઆબરૂ (આબરૂથી ઉલટું), ગેરઇન્સાફ (ઇન્સાફથી ઉલટું), ગેરકાયદો, ગેરફાયદે, ગેરવાજબી, ગેરસમજ; ગેરબંદોબસ્ત (નઠારો બંદોબસ્ત), ગેરમહેરબાની, ગેરવર્તણુક, ગેરવલ્લે (નઠારી હાલત જેની છે તે, ખોવાએલું).

ना नहि—નાઉમેદ (ઉમેદ–આશા–વિનાનો), નાખુશ, નાદાન (ના=નહિ+દાના=ડાહ્યો–ડાહ્યો નહિ તે), નાપસંદ, નાપાક, નામર્દ, નારાજ, નાલાયક, નાહક્ક, નાહિમ્મત.

नेक पवित्र, अदल—નેકનામદાર (પવિત્ર નામવાળા), નેકનજર, નેકઈન્સાફ (અદલ ઈન્સાફ).

बद् खराब—બદકામ (ખરાબ કામ), બદચાલ, બદદાનત, બદનામ, બદફેલ (ખરાબ કામ), બદબો (ખરાબ વાસ), બદશિકલ, બદસુરત (ખરાબ શિકલ).

बिन विना—બિનઅપરાધ, બિનગુનાહ, બિનતકરાર, બિન-રોજગાર, બિનવારસ, બિનસમજ.

बे विना, उलटुं, नठारुं—બેઅદબ (અદબ વિનાનો), બેઈમાન, બેકેદ, બેદરકાર, બેનમુન (નમુના વિનાનું, જેની બરોબર બીજો નમુનો નથી તે, ઘણુંજ સુંદર), બેભાન, બેવકુફ (સમજ વિનાનો), બેશરમ, બેહદ, બેકાયદે (કાયદાથી ઉલટું), બેઆબરૂ, બેસમજ; બેહાલ (નઠારી હાલતવાળો), બેડોળ, બેઢંગું.

ला विना-લાઇલાજ(લા=વિના+ઇલાજ=ઉપાય–ઉપાય વિનાનો).

सर माथुं—સરસુબો (મુખ્ય સુબો), સરકારકુન.

ભાગ ૫ મો. ધોરણ ૭ મા માટે.

આ ધોરણમાં "વ્યાકરણ અને વાક્ય પૃથક્કૃતિ પૂરાં, સંપૂર્ણ પદચ્છેદ સાથે, વ્યુત્પત્તિ–મુખ્ય સંસ્કૃત ધાતુઓ, તેમાંથી બનેલા શબ્દો સાથે; અને ઉત્સર્ગના મુખ્ય નિયમો." આટલું શિખવવાનું છે તે નીચેને ક્રમે શિખવવું.

પાઠ ૧. વાક્યના વર્ગ–સંયુક્ત વાક્ય.

પાછલા ભાગોમાં આપણે સાદાં અને મિશ્રવાક્યો વિષે વિવેચન

કર્યું. સાદાં વાક્યોમાં એક ઉદ્દેશ્ય અને એક ક્રિયાપદ હોય છે. મિશ્ર અને સંયુક્ત વાક્યોમાં એકથી વધારે ઉદ્દેશ્ય અને ક્રિયાપદો હોય છે; પણ તે બંને વચ્ચે મોટો તફાવત એ છે કે મિશ્રવાક્યમાં એક જ મુખ્ય વાક્ય હોય છે, ને બાકીનાં બધાં તેના પર આધાર રાખનારાં વાક્યો હોય છે; અને સંયુક્ત વાક્યમાંનાં સઘળાં વાક્યો એક બીજાથી તદ્દન સ્વતંત્ર હોય છે. એટલે એક વાક્યનો આધાર બીજા વાક્ય પર બિલકુલ હોતો નથી, માત્ર ઉભયાન્વયી અવ્યયથી તેઓ જોડાએલાં હોય છે.

સરખા અધિકારનાં બે અથવા વધારે સહગામી (જોડે ગાવ-નાર) મુખ્ય વાક્યો ઉભયાન્વયી અવ્યયથી જોડાઈને જે વાક્ય બને તેને **સંયુક્ત વાક્ય** કહે છે. જેમકે, એક બાયડીએ એક નાનું સસ-લાનું બચ્ચું વેચાતું લીધું, ને તેની ટેવ જોવાને પાળ્યું.

સંયુક્ત વાક્યના મુખ્ય વાક્યમાં કોઈ વખત ગૌણ વાક્યો હોય છે, છતાં બે અથવા વધારે મુખ્ય વાક્યો હોવાથી આખા વાક્યને સંયુક્ત વાક્ય કહે છે. જેમ, ત્યાં **જે કામ કરવાનું હતું** તે કર્યું, અને પાછો પોતાને ગામ જવાને નીકળ્યો.

સંકોચિત સંયુક્ત વાક્ય—સંયુક્ત વાક્યમાં મુખ્ય વાક્યનાં કર્ત્તા, કર્મ, ક્રિયાપદ સામાન્ય હોય છે, ત્યારે ઘણુંકરીને તેની પુન-રૂક્તિ કરવામાં આવતી નથી, એવાં વાક્ય સંકોચિત સંયુક્ત વાક્ય કહેવાય છે. જેમ—

(૧). ગાય અને ઘોડો ચરે છે—ગાય ચરે છે અને ઘોડો ચરે છે. એમાં 'ચરે છે' ક્રિયાપદ સામાન્ય છે.

(૨). લલ્લુ દોડયો અને પડયો—લલ્લુ દોડયો અને લલ્લુ પડયો. એમાં 'લલ્લુ' કર્ત્તા સામાન્ય છે.

(૭). તેણે પાઠ કર્યો અને કરાવ્યો–તેણે પાઠ કર્યો અને તેણે પાઠ કરાવ્યો. એમાં 'તેણે' કર્ત્તા અને 'પાઠ' કર્મ સામાન્ય છે.

સંયુક્ત વાકયનું પૃથક્કરણ:—મિશ્રવાક્યની માફક સંયુક્ત વાકયનું પૃથક્કરણ કરવું.

સંકોચિત સંયુક્ત વાક્યમાં પ્રકટ ક્રિયાપદ એક દેખાય, પણ અધ્યાહાર રૂપે ઘણાં હોય છે; તેથી એવાં વાકયને દેખાવ પરથી સાદાં વાક્યમાં ન ગણવાં. ઉદાહરણ (પૃષ્ઠ ૧૫૬–૧૫૭ જુઓ.)

પાઠ ૨. સિદ્ધ અને સાધિત શબ્દો.

કોઇએક મૂળ શબ્દ પરથી થોડોઘણો ફેરફાર થઇને તેને મળતા અર્થના ઘણા જુદા જુદા શબ્દો થાય છે, એ પરથી શબ્દના બે વર્ગ થાય. સિદ્ધ અને સાધિત.

સિદ્ધ શબ્દ:—જે શબ્દ કોઇ બીજા શબ્દ પરથી ઉત્પન્ન થયા નથી, પણ પોતે મૂળ શબ્દ છે અથવા જેનું મૂળ જાણાતું નથી; તે સિદ્ધ શબ્દ કહેવાય. જેમકે, કૃ, કર, વદ, ઊઠ, ઇત્યાદિ. સિદ્ધ શબ્દની અંદર બધા મૂળ ધાતુ અને નામ વગેરે બીજા વર્ગમાંના કેટલાક શબ્દ આવે.

સાધિત શબ્દ:—જે સિદ્ધ શબ્દ પરથી ઉત્પન્ન થાય છે, તેમને સાધિત શબ્દ કહે છે. ભાષામાં સિદ્ધ શબ્દો ઘણા થોડા છે, તેમાં વધારો થતો નથી; પણ તે પરથી પ્રત્યય, આદ્યય, અને સમાસ વડે ઘણા સાધિત શબ્દ ઉત્પન્ન કરાય છે, તેનું વર્ણન નીચે આપ્યું છે.

મૂળ ધાતુ અને તે પરથી થતા સાધિત શબ્દો.

૧. **अंज् આંજવું:**—અંજન (આંજણ, કાજળ), નિરંજન (કાજળ વિનાનું નેત્ર વગેરે, પરમાત્મા), વ્યંજન, અંજલી; આંજણી.

વાક્ય.	પ્રકાર.	ઉદ્દેશ્ય ઉદ્દેશ્ય.
૧. એક બાયડીએ એક નાનું સસલાનું બચ્ચું વેચાતું લીધું, ને તેની ટેવ જોવાને પાળ્યું.	સંયુક્ત વાક્ય.	
(એક બાયડીએ એક નાનું સસલાનું બચ્ચું વેચાતું લીધું.)	સાદું વાક્ય.	બાયડીએ.
(તેની ટેવ જોવાને પાળ્યું).	સાદું વાક્ય.	,,
૨. જો એક વેળામાં માત્ર એક કામ કરશો, તો આખા દહાડામાં દરેક કામ કરવાને તમને પૂરતો વખત મળશે; પણ જો એકજ વખતે બે કામ લઈ બેસશો, તો બધું વર્ષ પણ પહોંચી નહિ વળો.	સંયુક્ત વાક્ય.	
જો એક વેળામાં...પૂરતો વખત મળશે;	મિશ્ર વાક્ય.	વખત.
(જો એક વેળામાં માત્ર એક કામ કરશો).	ક્રિયાવિશેષણ વાક્ય.	તમે(અધ્યાહાર).
જો એકજ વખતે બે કામ... પહોંચી નહિ વળો.	મિશ્ર વાક્ય.	તમે(અધ્યાહાર).
(જો એકજ વખતે બે કામ લઇ બેસશો).	ક્રિયાવિશેષણ વાક્ય.	તમે(અધ્યાહાર).

પૃથક્કરણનો નમુનો.

પક્ષ.	વિધેયપક્ષ.		
	વિધેય.		
ઉદ્દેશ્ય વર્ધક	ક્રિયા.	ક્રિયાપૂરક.	વિધેયવર્ધક.
એક.	વેચાતું લીધું.	એક નાનું સસલાનું બચ્ચું.	...
,,	પાળ્યું.	,,	તેની ટેવ જોવાને (હેતુ).
પૂરતો.	મળશે.	તમને.	જો એક વેળામાં માત્ર એક કામ કરશો તો (સંકેત). આખા દહાડામાં(કાળ)દરેક કામ કરવાને(હેતુ).
...	કરશો.	માત્ર એક કામ.	એક વેળામાં (કાળ).
...	પહોંચી નહિ વળો (નિષેધવાચક).	...	જો એકજવખતે બે કામ લઇ બેસશો તો(સંકેત)બધું વર્ષ પણું(કાળ).
...	લઈ બેસશો.	બે કામ.	એકજ વખતે (કાળ).

૨. अट् જવું, ભટકવું:—અટન (જવું, ભટકવું), દેશાટન, પર્યટન (પરિ+અટન–ચોતરફ ભમવું), અટવી (જંગલ); આંટી.

૩. अस् હોવું, થવું:—અસ્તિ (હયાતી અને સ્થિતિ બતાવનાર અવ્યય), અસ્તિત્વ (હોવાપણું, હયાતી), અસ્તુ (હો, થાઓ), તથાસ્તુ (તેમ થાઓ), સ્વસ્તિ (સુ+અસ્તિ–આશીર્વાદ), આસ્તિક, નાસ્તિક, સમાસ, અભ્યાસ (ફરી ફરી કરવું), અસ્ત (આથમેલ), વ્યસ્ત (ઉલટું), વ્યસન (મદ્યપાન વગેરેનો દોષ).

૪. इ (अय्) જવું:—અય (ઇ+અ–જવું), અન્વય (અનુ+અય–વાંસે જવું, પદ્યના શબ્દોને ગદ્યને ક્રમે ગોઠવવા), ઉદય (ઉત્+અય), અભ્યુદય (અભિ+ઉદય–આબાદી, વૃદ્ધિ), ઉપાય, પ્રત્યય (પ્રતિ+અય), વ્યય, અવ્યય; સહાયક; અયન (ઇ+અન–જવું), ઉત્તરાયણ, દક્ષિણાયન, પરાયણ (અત્યંત આસક્તિ, વિષ્ણુ), પારાયણ (ગ્રંથનો આદિથી અંત લગી પાઠ કરવો તે), રામાયણ; ઇત (ગયેલ), અતીત અતિ+ઇત), વિપરીત (વિ+પરિ+ઇત); અધ્યાય (અધિ+ઇ+ભણવું+અ–અભ્યાસ, પુરાણ વગેરેનો એક ભાગ), સહાધ્યાયી (સહ+અધ્યાય+ઈ–સાથે ભણવાવાળા), અધ્યયન (ભણવું).

૫. इष् (इच्छ्) ઇચ્છવું:—ઇચ્છા, હિતેચ્છુ, ઇષ્ટ (ઇષ્+ત–ઇચ્છેલું).

૬. ईक्ष् જોવું:—અપેક્ષા (અપ+ઈક્ષ્+અ+આ–ઇચ્છા), ઉપેક્ષા (ઉપ+ઈક્ષા–ત્યાગ), નિરીક્ષા (નિર્+ઈક્ષા–નીરખવું, તપાસવું, નીરખ), પરીક્ષા, પરીક્ષક (પારેખ).

૭. कथ् કહેવું:—કથન (કહેણુ), કથની (કૂથલી), કથા, કથિતપાઠ; કહેવત.

૮. कम् ચાહવું:—કામ (ઇચ્છા, કામદેવ), કામદુધા (અભીષ્ટ પદાર્થ આપનારી સ્વર્ગની ગાય, કામધેનુ), નિષ્કામ (ઇચ્છા

વગરનું), સકામ (ઇચ્છાવાળું), મનઃકામના (મનની ઇચ્છા), કામિની (કામી સ્ત્રી, સ્ત્રી), કંત (ધણી), કાન્તા (સ્ત્રી), કાન્તિ (શોભા).

૯. **कुप् કોપવું**:—કોપ, પ્રકોપ (વાત, પિત્ત, કફ વગેરેનો અત્યંત ક્ષોભ), કોપિત (કોપ પમાડેલું), કોપાયમાન.

૧૦. **कृ કરવું**:—કર (કૃ+અ–કરનાર, હાથ), શંકર (શં=સુખ+કર–સુખ કરનાર, મહાદેવ), સંકર (એક જાતના પુરૂષથી તેનાથી ભિન્ન જાતિની સ્ત્રી પેટે પેદા થયેલી સંતતિ); અહંકાર (અહં=હું+કાર–હું કરનાર એવું માનવું તે), અલંકાર (અલં+કૃ=શણુગારવું+અ–શણુગાર), અંગીકાર, કુંભકાર (કુંભાર), મૂર્તિકાર, બલાત્કાર (બલાત્=બળથી+કાર–બળથી કરાવવું), સત્કાર, સ્વીકાર (સ્વી+કૃ=સ્વીકારવું+અ–કબુલત), અધિકાર, અપકાર, આકાર, ઉપકાર (ઉપ+કૃ=ભલું કરવું+અ–ભલું કરવું તે), પરોપકાર, પ્રકાર, પ્રતિકાર (ઉપાય), વિકાર (વિ+કૃ=ફેરફાર કરવો+અ–ફેરફાર, રોગ, વિકૃતિ), સંસ્કાર, પુનઃસંસ્કાર; કર્ત્તા, કર્ત્તરિ; કરણ, અધિકરણ, અનુકરણ, પ્રકરણ, પૃથક્કરણ, વ્યાકરણ; કૃત (કરેલું), દુષ્કૃત, સુકૃત, સંસ્કૃત, કૃતકૃત્ય (કરાવેલું કાર્ય જેનું સિદ્ધ થયેલ છે તે), કૃતઘ્ન (જે કરેલો ઉપકાર ભૂલી જઈ ઉપકાર કરનારનો અપકાર કરવા તૈયાર થાય છે તે, નિમકહરામ), કૃતજ્ઞ (ઉપકાર કરનારનો સામો ઉપકાર કરનાર, નિમકહલાલ), કૃતાર્થ (જેણે પોતાની મતલબ સિદ્ધ કરેલ છે તે); કૃતિ (કામ, કાર્ય, ક્રિયા), આકૃતિ, પ્રકૃતિ, પ્રાકૃતિક; કૃત્ય; કર્મ, દુષ્કર્મ, સુકર્મ, સત્કર્મ, અકર્મક, સકર્મક, કર્મણિ; કાર્ય, ક્રિયા, કર્તવ્ય (ફરજ), કૃત્રિમ (બનાવટનું), કૃદંત (કૃત્+અંત–જે શબ્દને અંતે 'કૃત્' પ્રત્યય આવે છે તે).

૧૧. **क्रम् જવું**:—અનુક્રમ (અનુ+ક્રમ=ક્રમવડે જવું+અ), પરાક્રમ, સ્વપરાક્રમ, વિક્રમ, વ્યુત્ક્રમ, પરિક્રમણ, સંક્રમણ, (સં+ક્રમ=

એક ઠેકાણે રહેલાનું બીજે ઠેકાણે જવું+અન–સૂર્ય અને પૃથ્વીની વચ્ચે એક લીટીમાં ગ્રહોનું આવવું તે), ઉત્ક્રમણ (ઉત્+ક્રમ્=હદ બહાર જવું+અન), સંક્રાન્તિ (સાથે જવું તે, સૂર્યનું કોઈ રાશિમાં જવું).

૧૨. खंड् ભાગવું:—ખંડ (ભાગ), અખંડ, ખંડન (ભાગ કરવો તે, સામાનો અભિપ્રાયવાદ યુક્તિથી તોડવો તે), ખંડિત (ખંડન કરેલું), ખંડિની (ખંડણી, પૃથ્વી); ખાંડણી, ખાંડવું.

૧૩. ख्या કહેવું:—વ્યાખ્યા (વિ+આ+ખ્યા+અ+આ–વધારે મર્યાદા બાંધીને કહેવું તે), આખ્યાન (કહેવું, બોલવું, અગાઉના વૃત્તાંતનું કહેવું, કથા), ઉપાખ્યાન (ઉપ+આખ્યાન–નાની કથા, આ કથા), રૂપાખ્યાન (રૂપ કહેવાં), વ્યાખ્યાન (વિસ્તારપૂર્વક વિવેચન કરવું તે, વખાણ), પ્રખ્યાત, વિખ્યાત, ખ્યાતિ, સંખ્યા (સં+ખ્યા=ગણવું+અ+આ–ગણીને કહેવું); વખાણવું.

૧૪. गण् ગણવું:—ગણ (ટોળું), ગણન (ગણવું, ગણતરી), અવગણના (તિરસ્કાર), ગણપતિ (ગણ=મહાદેવના સેવક પૈકી પ્રત્યેક+પતિ=ધણી–મહાદેવના ગણનો ઉપરી, ગણેશ), ગણિકા (વેશ્યા), ગણિત (ગણેલું), અંકગણિત, અગણિત.

૧૫. गम् જવું:—ગમ (જવું),વિહંગમ(આકાશમાં ચાલનાર, પક્ષી), સંગમ (સં+ગમ્=એકઠું જવું+અ–એકઠા મળવું તે,નદી વગેરેનો એક ઠેકાણે સંગમ), જંગમ (ગમ્+ગમ્+અ–ગતિવાળું, સ્થાવર નહિ તે, ચર, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાય તેવા પદાર્થ), ખગ (આકાશમાં ચાલનાર, પક્ષી), નગ (પર્વત), આગમન (આ+ગમ્=આવવું+અન–આવવું), નિર્ગમન (નિઃ+ગમ્=બહાર જવું + અન–બહાર નીકળવું, નીસરવું), ગમ્ય (જવા યોગ્ય), ગતિ, અવગતિ, દુર્ગતિ, ગાત્ર (શરીર), ગત, આગત (આવેલો), અભ્યાગત (અભિ+આગત–

પરોણો), નિર્ગત (નબળો), અંતર્ગત વિસ્મૃત), જગત (ગમ્+ગમ્+ત્ —ચાલતું, નાશવંત, ચર, વિશ્વ).

૧૬. ग्रस् ખાવું, લેવું:—ગરાસ, ગરાસિયો, ગ્રાસ (કોળીઓ), ખગ્રાસ.

૧૭. गृह्–ग्रह् લેવું, ઝાલવું:—ગૃહ (ઘર), ગૃહકાર્ય (ઘરનું કામ), ગૃહસ્થ (ગૃહસ્થાશ્રમી પુરૂષ), ગૃહસ્થાશ્રમ (ચાર આશ્રમ પૈકી બીજો આશ્રમ), ગૃહિણી (ભાર્યા); ગ્રહ (લેવું, પૃથ્વી વગેરે ગ્રહ), ઉપગ્રહ (ચંદ્ર), અનુગ્રહ (કૃપા), આગ્રહ, વિગ્રહ, સંગ્રહ, સંગ્રહણી (સંઘરણી, એક જાતનો રોગ), ગ્રહણ, ગ્રાહક (ઘરાક).

૧૮. चर् ચાલવું:—ખેચર (આકાશમાં ચાલનાર, પક્ષી), અગોચર (અ=નહિ+ગો=ઇંદ્રિયો+ચર+જ્યાં ઇંદ્રિયો જઇ શકે નહિ તે), જળચર, ભૂચર, અનુચર (ચાકર), સચરાચર (સચર=જીવવાળા+અચર=જીવ વગરના–સચર અને અચર પદાર્થમાં વ્યાપી રહેલ, પરમેશ્વર), સહચરી (સહીયર, ધર્મપત્ની), અનાચાર, ઉચ્ચાર (ઉત્+ચર્=ઉચ્ચારવું+અ–બોલ), ઉપચાર (સેવા), પ્રચાર (રૂઢી), વિચાર, સદાચાર, આચાર્ય, ચરણ, આચરણ, દુરાચરણ, બ્રહ્મચર્ય (બ્રહ્મ=વેદ+ચર્ય=જવું–વેદ વિદ્યા તરફ જવું, વિદ્યાભ્યાસ, જનોઇ ધારણ કર્યા પછી ગૃહસ્થાશ્રમી થતાં સુધી બ્રાહ્મણે પાળવાના નિયમ), ચરિત્ર (આચરણ); ઓચરવું, વિચારવું, સાંચરવું.

૧૯. चल् ચાલવું:—ચલ, અચલ (પર્વત), હિમાચળ, અવિચળ, ચાલ, કુચાલ, ચલિત (ચાલેલું), ચલુ (કોગળો), ચંચલ (ચલ્+ચલ્+અ–અસ્થિર), ચલન (ચાલવું, ચાલ), ચલણી, ચાળણી, ઉચ્ચાલન (ઉત્+ચાલન).

૨૦. चित् (चिन्त्) વિચારવું, જાણવું:—ચિત્ત (જાણેલું, મન), સચેત (મનવાળું), અચેત (મન વિનાનું), સચ્ચિદાનંદ (સત્

=નિત્ય+ચિત્=જ્ઞાનસ્વરૂપ+આનંદ=સુખમય-બ્રહ્મ), ચૈતન્ય (ચેતનપણું, પરમાત્મા, પ્રકૃતિ, જીવ), ચિંતન (ધ્યાન), ચિંતા, નિશ્ચિંત; ઓચિંતો, ચેતવું.

૨૧. छिद् (छेद्) છેદવું, કાપવું:—છેદ (કાપવું, ભાગ), શિરચ્છેદ, સમચ્છેદ, છેદક (ભાગનાર), છેદન (કાપવું), છિન્ન (છેદેલું), છિન્નભિન્ન (કાપેલું, ભાગેલું), અવિચ્છિન્ન (ન તૂટેલ), છિદ્ર (છેદ પાડવું, છીદ્રું); છીણી, ઉછેદિયું.

૨૨. जन् જન્મવું:—જન, દુર્જન, સુજન, સજ્જન, સ્વજન, સાર્વજનિક; અજ (બ્રહ્મા), તનુજ (પુત્ર, દીકરો), દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય), પૂર્વજ, પંકજ (કાદવમાં ઉત્પન્ન થનાર, કમળ), સહજ; જનક (પેદા કરનાર, બાપ), જનની (માતા), જનિતા, જંતુ; જન્મ, જન્મતિથિ, જન્મભૂમિ, જન્માંતર (બીજો ભવ), પુનર્જન્મ; જાતિ, વિજાતિ, સ્વજાતિ, સ્વજાતીય.

૨૩. जि જીતવું:—જય, વિજય, દિગ્વિજય, પરાજય; જિત, અજિત, પરાજિત; જિન (ઈંદ્રિયોને જીતેલા, જૈન મતમાં ઉત્તમ માનેલ અને પૂર્વે થયેલ ચોવીશ તીર્થંકર પૈકી એક); જૈન (શ્રાવક).

૨૪. जीव् જીવવું:—જીવ (જીવવાળું, પ્રાણી), સજીવ, નિ-ર્જીવ, ચિરંજીવી (લાંબો કાળ જીવનારૂં), જીવન (જીવવું, ગુજરાન, પ્રાણી), જીવનૌષધ (જીવવાનું ઔષધ), જીવન્મુક્ત (બ્રહ્મજ્ઞાની), જીવ-ન્મુક્તિ (જીવતાં મોક્ષ), જીવત્ક્રિયા, જીવિકા (પેટ ભરવાનો ધંધો, ગુજરાન), આજીવિકા (આ+જીવ=પેટને માટે મેળવવું+ઈકા—ગુજરા-ન), ઉપજીવિકા (ઉપ+જીવ્=પેટને માટે બીજાના તાબેદાર થવું+ઇકા—બીજાપર આધારવાળું ગુજરાન).

૨૫. तप् તપવું:—તપ (તપશ્ચર્યા), તપોધન (તપ એજ ધન), તપોવન (તપ કરવાનું વન), તપ્ત (તપેલું), તાપ (ગરમી, દુઃખ,

તાવ), પશ્ચાત્તાપ (પશ્ચાત્=પાછળથી+તાપ—પાછળથી દુઃખ, પસ્તાવો), પરિતાપ, પ્રતાપ (રાજા વગેરેનું તેજ, કાન્તિ, તાપ), સંતાપ; તપેલું, તવેતો, તપવું, તાવવું.

૨૬. **तुल् તોળવું**:—તોલ, તુલા (તુલા રાશિ, તોલ, કાંટો, તુલના, માણસને કાંટામાં સુવર્ણ, અન્ન વગેરે પદાર્થથી તોળી તે પદાર્થ દાનમાં આપવા તે), તુલ્ય (બરોબર), અતુલ્ય, અતોલ, સમતોલ (સતોલો); તોળાટ.

૨૭. **तुष् સંતોષ પામવો**:—સંતોષ, સંતુષ્ટ; ત્રુઠવું.

૨૮. **तूट् તોડવું**:—તૂટક, તોટક; તોટો, તૂટવું.

૨૯. **तॄ તરવું**:—તર (તરનાર), ઉત્તર (ઉત્+તૄ=ઉત્તર આપવો +અ), તરંગ (મોજાં, લોઢ), તરી (નૌકા), તારક (તારો), તારકશક્તિ, અવતાર (અવ+તૄ=અવતરવું+અ), ભવતારણ, તીર્થ, તીર્થંકર (જીનદેવ), ત્રાતા, તરૂ (વૃક્ષ), તરૂણ (યુવાન), તરૂણી (યુવાન સ્ત્રી); તારવું, ઉતારવું.

૩૦. **दह् બાળવું**:—દહન, અગ્નિદાહ, જળદાહ, દગ્ધ (દહ્+ત=દાઝેલું).

૩૧. **दा દેવું**:—દાન (દેણ), દાનધર્મ (દાન કરવાનો ધર્મ), દાનશીલ (દાતા), આદાન (લેવું), અપાદાન (છૂટા પડવું), નિદાન (કારણ, રોગહેતુ), સંપ્રદાન (આપવું), સંપ્રદાય (ગુરૂ પરંપરાથી ચાલ્યો આવેલો ઉપદેશ, ગુરૂ પરંપરાથી ચાલ્યા આવેલા ઉપદેશથી યુક્ત માણસ), દાતા, સુખદાયક.

૩૨. **दिव् પ્રકાશવું**:—દેવ, દેવકી (શ્રી કૃષ્ણની માતા), દેવકીનંદન (શ્રી કૃષ્ણ), દેવતા, દેવદર્શન, દેવર (દિયર), દેવલોક (સ્વર્ગલોક), દેવાલય (દેવળ), દેવી, દિવસ, દિવાકર (સૂર્ય), દિવ્ય (સુંદર).

૩૩. दिश् દેખાડવું, જોવું, આજ્ઞા કરવી:—દિક્ (દિશા), દિગ્પાળ, દિગ્વિજય, દેશ, પરદેશ, સ્વદેશ, વિદેશ, પ્રદેશ, દેશના (ઉપદેશ), દેશાંતર (બીજો દેશ), સંદેશ (સં+દિશ્=સંદેશો કહેવો+અ-સંદેશો), ઉદ્દેશ્ય (ઉત્+દિશ્=દેખાડવું+ય), ઉપદેશક (ઉપ+દિશ્=ઉપદેશ કરવો +અક), આદેશ (આ+દિશ્=આજ્ઞા કરવી+અ-આજ્ઞા), દેશીય (દેશમાં હોનાર, દેશાઈ).

૩૪. दीप् દીપવું:—દીપ (દીવો), દીપક (દીવડો), દીપમાળા, દીપાવલી (દીપ+આવલી=હાર-દીવાળી), પ્રદીપ્ત (પ્રકાશ કરેલું).

૩૫. दुह् દોહવું:—દુહિતા (દોહનાર, પુત્રી), કાવ્યદોહન, કામદુધા, દુગ્ધ (દોહેલું, દૂધ), દોહણી.

૩૬. दृश् જોવું:—દર્શન, પ્રદર્શન, પારદર્શક, દૃષ્ટિ, અંતર્દૃષ્ટિ, કુદૃષ્ટિ, દીર્ઘદૃષ્ટિ, અદૃશ્ય, દૂરદર્શિન્ (વિદ્વાન), દૃષ્ટ, દૃષ્ટાંત, આદર્શ (દર્પણ).

૩૭. धा ધારણ કરવું-પોષણ કરવું:—વસુધા (ધનને ધારણ કરનાર, પૃથ્વી), સુધા (અમૃત), અભિધાન (નામ), પરિધાન (પરિ+ધા=પહેરવું+અન-વસ્ત્ર), નિધાન (ભંડાર), વિધાન (વિ+ધા=કરવું+અન-કરવું તે, કામ, વિધિ), સંધાન (સં+ધા=એકઠું કરવું+અન-એકઠું કરવું તે, સાંધણ), અનુસંધાન (અનુ+સં+ધા=જોડી દેવું+અન), ધાતુ (સોનું, રૂપું, વગેરે), ધાતા (બ્રહ્મા), વિધાતા (બ્રહ્મા), ધાન્ય, સંધિ, વિધિ, વિધેય (કરવા લાયક), હિત્ (ધા+ત-ધારણ કરેલું, શુભ) અહિત, પુરોહિત (પુરસ્=પહેલાં+હિત્-પરોત, ગોર).

૩૮. धृ ધારણ કરવું:—ધર (ધારણ કરનાર), ગદાધર (વિષ્ણુ), ધરણીધર (વિષ્ણુ), પયોધર (પયસ્=પાણી, દૂધ+ધર-વાદળું, સ્તન), ભૂધર, ધરા (પૃથ્વી), વસુંધરા (વસુને ધારણ કરનારી,

પૃથ્વી), આધાર, જગદાધાર, નિરાધાર, નિર્ધાર, ધર્મ, અધર્મ, પર-ધર્મ, સ્વધર્મ, ધર્મદાન, ધર્મશાળા, ધર્મશાસ્ત્ર, ધર્મશીળ (ધર્મ કરવાની પ્રકૃતિ જેની છે તે), ધર્માચાર્ય. ધર્માધર્મ, ધર્માધ્યક્ષ, ધર્મિષ્ઠ, ધર્મો-પદેશક, ધાર્મિક, ધારણા.

૩૯. નટ્ નાચવું:—નટ, નટન, નટી, નાટક, નાટકકાર.

૪૦. નમ્ નમવું:—નમસ્કાર (નમ્રતાપૂર્વક નમવું), પરિ-ણામ, પ્રણામ, નમન, નમ્ર, નમ્રતા, નત (નમ્+ત–નમેલું), નતિ, ઉન્નતિ, વિનતિ.

૪૧. નશ્ નાશ પામવું:—નાશ, વિનાશ, અવિનાશી, નષ્ટ (નાઠો).

૪૨. ની દોરવું:—વિનય (વિ+ની=નમ્ર થવું+અ–નમ્રતા), નિર્ણય (નિસ્+ની=નિર્ણય કરવો + અ–નિશ્ચય), પરિણય (પરિ + ની=પરણવું + અ–પરણવું), નયન, ઉપનયન (ઉપ+ની=ઉપનયન સં-સ્કાર કરવો+અન–જનોઈ), નાયક (દોરનાર, મોખરે ચાલનાર સેના-પતિ, ધણી), નીતિ (દોરવું, મનુષ્યના પરસ્પર વર્તનના નિયમો જણા-વનાર શાસ્ત્ર), અનીતિ, સુનીતિ, નેત્ર, ઉપનેત્ર (ચશ્મા), નીત (દોરેલું), વિનીત (નમ્ર), નવનીત (માખણ); આણવું.

૪૩. પચ્ પકવવું:—પાક (રાંધવું, રસોઈ), પાકશાળા, (રાંધવાની જગ્યા, રસોડું), પાચન (પચાવનાર), પક્વ (પચ્+ત–પાકેલું), પરિપક્વ, પક્વાન્ન (રાંધેલું અનાજ, પકવાન્ન).

૪૪. પઠ્ પઢવું, વાંચવું:—પાઠ (ભણવું, પઢવું, પાઠ), પાઠક (ભણાવનાર, પુરાણ વાંચનાર), પાઠશાળા.

૪૫. પત્ પડવું:—પતંગ (પતંગીઓ, પતંગ), પતન (પડવું), પતન કોણ, પતાકા (ધજા), પત્ર, પત્રાવલી (પાંદડાની હાર), પત્રિકા

(જેમાં હરકોઇ હકીકત લખી હોય એવો કાગળ), પાત (પડવું), પક્ષપાત, નિષ્પક્ષપાત, પાતક (પાડનાર), પાતાલ (ભુવનનો નીચલો ભાગ, જેમાં અધર્મીઓ પડે છે તે, અધો લોક), પતિત (પડેલું,પાપી).

૪૬. पद् જવું:—પદ (પગ), પદવી (અધિકાર), પદ્ધતિ (રસ્તો, કામ કરવાની રીત), ઉત્પત્તિ (ઉત્+પદ્=પેદા થવું+તિ), વ્યુત્પત્તિ, વિપત્તિ (વિ+પદ્=આફત પામવી+તિ),સંપત્તિ (સં+પદ્=સંપન્ન થવું+તિ), ઉત્પાદન (પેદા કરવું), પ્રતિપાદન (પ્રતિ+પદ્=કબુલ કરવું+અન–હરકોઇ દોષનું નિરાકરણ કરવું, સ્થાપન), સંપાદન (મેળવવું તે), આપદા (આ+પદ્=ખરાબ નશીબ ભોગવવું+અ+આ–આફત, આપત્તિ), પદ્ય, પાદુકા (પાવડી).

૪૭. पा પીવું:—પાન (પીવું), અનુપાન (દવા સાથે કે દવા ખાધા પછી પીવા યોગ્ય મધ, ઘી, ગોળપાણી, વગેરે) નિપાન (ઢોરને પાણી પીવા માટે કૂવા, વાવ પાસે કરેલો હવાડો, કુંડ વગેરે, નવાણ), પાનીય (પીવા યોગ્ય, પાણી), પાત્ર (જળ વગેરે રાખવાનું વાસણ), કુપાત્ર, સુપાત્ર.

૪૮. पा પાળવું:—ગોપ (ગો=ગાય+પ=પાળનાર–ગોવાળીઓ), ગોપી (ગોવાળણ), ગોપેશ (ગોપ+ઈશ–ગોવાળનો ઉપરી, શ્રીકૃષ્ણ), નૃપ (નૃ=માણસ+પ–રાજા), ભૂપ, મહીપ, મંડપ (મંડ=શણગાર+પ–માંડવો), પતિ (પા+તિ=કરનાર–પાળનાર, ધણી, માલિક, સ્વામી), અધિપતિ (અધિ અવ્યય=સ્વપણું+પતિ–માલિક), પત્ની, પિતૃ (પિતા, પિતૃ લોકને પામેલો), પિતૃક્રિયા (શ્રાદ્ધ વગેરે), પિતૃભક્તિ.

૪૯. पाल् પાળવું:—ગોપાલ (ગોવાળીઓ,શ્રીકૃષ્ણ), દ્વારપાળ, ભૂપાળ, મહીપાળ, પાલક, પાલન (પાયણું),પ્રતિપાલન(પાળવું, રક્ષા).

૫૦. पुष् પોષવું:—પોષણ, પુષ્ટિ, પુષ્ટિમાર્ગ.

૫૧. पू પવિત્ર કરવું:—પવન, પાવન (પવિત્ર કરનાર, શુદ્ધ), પાવક (અગ્નિ), પુત્ર, સુપુત્ર, પૌત્ર, પ્રપૌત્ર, પવિત્ર, પવિત્રતા, અપવિત્ર.

૫૨. पूज् પૂજવું:—પૂજક (પૂજનાર, પૂજારી), મૂર્તિપૂજક, પૂજન (પૂજવું, પૂજા), પૂજા, પૂજ્ય (પૂજવા યોગ્ય), પૂજ્યબુદ્ધિ, પૂજ્યમાન (પૂજા કરવા લાયક), પૂજ્યારાધિ.

૫૩. पूर् પૂરૂં કરવું, પૂરવું, સંતોષવું:—પૂર (નદી વગેરેમાં પાણીનું પૂર), પૂરક (પૂરનાર, ખુશી કરનાર), પૂરણ (ભરવું તે, ભરનાર, પૂર્ણ કરનાર), પૂરણી, પુરૂષ, પૂર્ણ, પૂર્ણાંક, પૂર્ણતા, પૂર્ણિમા (પુનમ),પૂર્ણાનંદ (પરમેશ્વર), પૂર્ણાહૂતિ (હોમની સમાપ્તિ), અપૂર્ણ, અપૂર્ણાંક, પરિપૂર્ણ, સંપૂર્ણ, પૂર્તિ (પૂરવું).

૫૪. प्री ચાહવું:—પ્રીતિ (હર્ષ, આનંદ, સંતોષ, અનુરાગ), પ્રીતિકર, પ્રીતિદાન, અપ્રીતિ, પ્રિય (પિયુ), પ્રિયા, પ્રેમ.

૫૫. बंध् બાંધવું:—બંધ (બાંધવું); અનુબંધ (અનુ+બંધ્=અનુસરવું+અ–અનુસરવું), નિબંધ (નિ+બંધ્=નિયમથી બાંધવું+અ), પ્રતિબંધ (પ્રતિ+બંધ્=રોકવું + અ–અટકાવ), પ્રબંધ (પ્ર+બંધ્=કલ્પનાથી બોલવું+અ–ગ્રંથ વગેરેની રચના), સંબંધ (સં+બંધ્=જોડી દેવું+અ), બંધન, બંધુ (બાંધવ), બાંધુજન (સગાં વહાલાં).

૫૬. बुध् જાણવું, જાગવું:—બુધ (પંડિત), બુદ્ધ (જાણેલું, જાગેલું, પંડિત, બુદ્ધમત સ્થાપન કરનાર, વિષ્ણુનો એક અવતાર), બુદ્ધિ, બુદ્ધિહીન (અક્કલ વગરના), સુબુદ્ધિ, કુબુદ્ધિ, બોધ, સુબોધ, કુબોધ, પ્રતિબોધ (જાગવું તે, જ્ઞાન), સંબોધન (સંબોધન વિભક્તિ,સારી રીતે જણાવવું તે), બોધક (બોધ કરનાર).

૫૭. भज् ભજવું:—ભગ (અપાર શક્તિ, સંપત્તિથી આવતી શોભા, કીર્તિ), ભગવત્ (ભગવાન્, પરમેશ્વર), ભગવતી (દુર્ગા, પાર્વતી, સારાં નસીબવાળી સ્ત્રી), ભગિની (બેન), ભક્ત (ભગત), ભક્તવત્સલ (ભક્ત ઉપર સ્નેહવાળા, વિષ્ણુ), ભક્તિ, ભજન, ભાગ્ય, સૌભાગ્ય (સોહાગ, ધણીની હયાતી).

૫૮. भज् ભાગવું:—ભાગ, ભાગાકાર, ભાંજણી, ભાજક, દૃઢભાજક, ભાજ્ય, અવિભાજ્ય, વિભાગ, ભક્ત (ભાત), વિભક્તિ.

૫૯. भक्ष् ખાવું:—ભક્ષ, ભક્ષક, ભક્ષ્ય, અભક્ષ્ય, ભક્ષણ.

૬૦. भाष् બોલવું:—ભાષા, સ્વભાષા, પરિભાષા (સાંકેતિક બોલ), ભાષણ, સંભાષણ (વાતચીત), ભાષ્ય (પુસ્તક પર ટીકા).

૬૧. भिद् ભેદવું, ભાગ કરવા:—ભિન્ન (ભેદેલું, ફાડેલું, નિરાળું), ભિન્નવૃત્તિ (જુદી વૃત્તિ), ભિન્નાર્થ (જેનો અર્થ ભિન્ન હોય તે), ભિન્નાભિન્નતા (ભિન્ન+અભિન્નતા), ભેદ, ભેદક (ભેદ કરનાર), ભેદન (ભિન્ન કરવું), ભેદ્ય (ભિન્ન કરવા લાયક), ભિત્તિ (ભીંત, દીવાલ).

૬૨. भिक्ष् માગવું, ભીખવું,—ભિક્ષા (ભીખ), ભિક્ષાન્ન (ભિક્ષા+અન્ન—ભીખ માગી આણેલું અન્ન), ભિક્ષુક (ભીખ માગનાર, ભિક્ષાહારી (ભિક્ષા + આહારી—ભીખારી).

૬૩. भी બીવું:—ભય, અભય, નિર્ભય, અભયવચન, ભયાનક, ભીતિ, ભીમ (વિકરાળ), ભીરૂ (બીકણ), ભીષ્મ (ભયંકર), ભૈરવ (ભયાનક, શંકર, ભૈરવ), ભૈરવી (દુર્ગા, તે નામની એક રાગિણી).

૬૪. भुज् ખાવું:—ભોગ (ખાવું, ભોજન, ભોગવટો, સુખ, દુઃખ, સુખદુઃખનો અનુભવ), ઉપભોગ (ભોગવટો), ભોગ્ય (ખાવા લાયક, ભોગવવા લાયક), ભોજન (જમવું તે, જમણ), ભોજનીય (ખાવા યોગ્ય), ભોજક (જમનાર), ભોક્તા (ભોગવનાર, ખાનાર), ભોગી (ભોગવાળું).

૬૫. भू હોવું:—ભવ (મહાદેવ, જન્મ, સંસાર, પ્રાપ્તિ), અનુભવ (અનુ+ભૂ=જાણવું, અનુભવ થવો+અ), પરાભવ (પરા+ભૂ=પરાભવ કરવો, હરાવવું+અ), પરિભવ (પરિ+ભૂ=તિરસ્કારવું+અ–તિરસ્કાર), વિભવ (વિ+ભૂ=વ્યાપવું+અ-દ્રવ્ય, ઐશ્વર્ય), વૈભવ (મોજશોખ), સંભવ (સં+ભૂ=સંભવવું+અ), ભાવ (હોવાપણું, હેતુ, ઉદ્દેશ, ચેષ્ટા), પ્રભાવ (શક્તિ), સ્વભાવ, સંભાવિત, ભાવના, ભાવિક, બાષ્પભવન, વક્રીભવન, હૈમભવન (સોનાનો મહેલ), પ્રભુ, વિભુ, શંભુ, ભૂત (થયેલું; પૃથ્વી, પાણી, વાયુ, તેજ, અને આકાશ એવાં પાંચ ભૂત પૈકી દરેક; પ્રાણી), મૂળભૂત (પાયારૂપ), ભૂમિ, ભૂપ, ભવ્ય.

૬૬. भृ ભરવું:—ભર (ભરણપોષણ કરનાર), વિશ્વંભર, ભાર (બોજો, ભારો), આભાર, ભરણ (પોષણ કરવું), ભરત (કૈકેયીનો પુત્ર, શકુન્તલાને પેટે દુષ્યન્તથી પેદા થયેલ એક પુત્ર), ભારત (વેદ વ્યાસે રચેલો લાખ શ્લોકના પૂરવાળો એક ગ્રંથ, મહાભારત; ભરતખંડ, આર્યાવર્ત, હિંદુસ્તાન), ભારતવર્ષ (હિંદુસ્તાન), ભારતી (સરસ્વતી), ભર્તૃ (ભરણ કરનાર, ભર્તા, ધણી), ભર્તૃહરિ (વિક્રમાદિત્યનો મોટો ભાઈ), ભૃત્ય (ચાકર), ભાર્યા (ભરણપોષણ કરવા યોગ્ય, સ્ત્રી), ભરતી.

૬૭. भ्रम् ભમવું:—ભ્રમ (ભમવું તે, ભ્રાન્તિ), ભ્રમણ (ભમવું તે), ભ્રમર (ભમરો), ભ્રમરી (ભમરી), ભ્રાન્તિ (ભમવું તે, ભ્રમણ).

૬૮. भ्रंश् પડવું:—અપભ્રંશ (નીચે પડવું), ભ્રષ્ટ (નીચે પડેલું), પદભ્રષ્ટ.

૬૯. भ्राज् પ્રકાશવું:—ભ્રાત (ભાઈ), ભ્રાતૃદ્વિતીયા (કાર્તિક શુદ બીજ, ભાઇબીજ), ભ્રાત્રીય (ભત્રીજો).

૭૦. मद् ગાંડા થવું:—મદ (મત્તપણું, ગર્વ), મદન (કામદેવ), મદિરા (મદ્ય), મદોન્મત્ત (મદ+ઉન્મત્ત–મદથી ઉન્મત્ત થયેલું), મદ્ય (દ્રાક્ષારસ)

૭૧. मन् વિચારવું:—મનસ્ (મન, અંતઃકરણ); મનોગત (મનનો અભિપ્રાય), મનોજ (મનમાં પેદા થનાર), મનોનિગ્રહ (મનનો સંયમ), મનોભાવ (મનનો ભાવ), મનોયત્ન (મનને યત્ન), મનોરંજન (મનને ખુશી કરવું તે), મનોરથ (મનની ઇચ્છા), મનોવૃત્તિ (મનની વૃત્તિ), મનોહર (મનને હરણ કરે તેવું), મનન (વિચાર), મનસ્વી (જેનું મન પોતાને આધીન હોય છે તે), મનુ (તે નામના એક ધર્મશાસ્ત્રકર્તા), મનુષ્ય, મત (વિચારેલું, માનવું તે, સંમતિ), મતિ (માનવું તે, બુદ્ધિ), મતિભ્રમ (બુદ્ધિ ફરવી તે), અનુમતિ (પરવાનગી), દુર્મતિ, માનસિક (મનમાં હોનાર), મંત્ર (ગુપ્ત ભાષણ કરવું તે, એકાંતમાં મસલત કરવી તે, દેવ વગેરેના સાધન માટે તંત્ર વગેરેથી યુક્ત એક જાતનો શબ્દ).

૭૨. मह् મોટા થવું:—મહત્ (મોટું), મહત્તા (મોટાપણું, મોટાઇ), મહત્વ (શ્રેષ્ઠપણું), મહર્ષિ (મોટા ઋષિ), મહાકાય (મોટું શરીર), મહાકાળ, મહાકાલી (દુર્ગાની એક મૂર્તિ), મહાકુલીન (મોટા કુળમાં પેદા થનાર), મહાનંદ (મહા+આનંદ-મોટો આનંદ, પરમસુખ), મહાપથ (રાજમાર્ગ), મહાપ્રાણ, મહાપ્રલય (એક જાતનો સર્વ ભૂતનો પ્રલય), મહામારી (મરકી), મહારાત્ર (મહા પ્રલય), મહારાષ્ટ્ર, મહાવાક્ય (પ્રધાન વાક્ય), મહાવીર (જૈન લોકના ચોવીશમા તીર્થંકર), મહાશઠ (પાકો લુચ્ચો), મહાશય (મોટા મનવાળું), મહિમન્ (મોટાપણું), મહિલા (સ્ત્રી), મહિષી (પટરાણી), મહી (પૃથ્વી, તે નામની એક નદી), મહીપ (રાજા), મહીપતિ, મહીપાલ, મહેચ્છ (મહા + ઇચ્છ-મોટા મનવાળું, મહાશય), મહેશ્વર (મહા + ઈશ્વર-શિવ), મહોદધિ (મહા + ઉદધિ-મહાસાગર); મહેતા.

૭૩. मा માપવું:—સમ (સમાન, તુલ્ય), સમતા (સમ-

પણું), સમત્વ, સમદર્શિન્ (સઘળા પર સમાન દૃષ્ટિવાળું), સામ્ય (સમપણું); વિષમ (સરખું નહિ તે), વિષમ જ્વર (એક જાતનો તાવ); ઉપમા (સરખાપણું, ઉપમાન), અનુપમ; અનુમાન (અટકળ), પરિમાણ (માપ, વર્તુળનો ઘેર), પ્રમાણ (પૂરાવો), સમાન; મિત (માપેલું), મિતાહાર (નિયમિત ખોરાક), પરિમિત (માપેલું); માતૃ (માતા, જનની); માત્ર (સઘળાપણું); માત્રા (પરિમાણ); મિતિ (માપવું તે), ભૂમિતિ; માવું.

૭૪. मान् માન આપવું:—માન, અપમાન, અભિમાન, સન્માન, માન્ય, માનિની (માનવતી સ્ત્રી).

૭૫. मार्ग् શોધવું:—માર્ગ (રસ્તો), કુમાર્ગ, સન્માર્ગ, માર્ગશિર (માગશર મહિનો, કેમકે તે માસની પુનમે મૃગશિર નક્ષત્ર આવે છે), માર્ગિત (શોધેલું).

૭૬. मुच् મૂકવું:—મુક્ત (મૂકેલું, છોડેલું), મુક્તા (મોતી), મુક્તાફળ (મોતી), મુક્તાવલી (મોતીની માળા), મુક્તિ (છૂટકો, મોક્ષ), મૌક્તિક (મોતી); મુકાણ.

૭૭ मुह् મોહ પામવો:—મોહ (ઇચ્છા), મોહન (મોહ પમાડનાર), મોહિત (મોહ પામેલો), મુગ્ધ (મોહ પામેલું, સુંદર, ખુબસુરત), મુગ્ધા (મુગ્ધ સ્ત્રી), મૂઢ (મૂર્ખ), મૂઢતા (મૂઢપણું).

૭૮. मृ મરવું:—અમર (દેવ), માર (મારવું તે, કામદેવ), મારી (મારી નાંખવું તે, મરકી), મહામારી, મરણ (મૃત્યુ, મોત), મૃત (મરેલું), મૃતક (મડદું), મૃત સંજીવની (મુએલાને જીવતા કરે એવી એક જાતની વિદ્યા કે ઔષધિ), અમૃત (ન મરેલ, જે પીધાથી મોત ન થાય એવી કલ્પિત ઔષધિ), પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ, સાકર), મૃત્તિકા (માટી), મૃત્યુ (મરણ), મરુત્ (પવન), મારૂતિ (હનુમાન); મરકી.

૭૯. यज् પૂજવું:—યજન (પૂજવું, યજ્ઞ કરવો તે), યજમાન (યજ્ઞ કરનાર, જજમાન), યજ્ઞ (જગન), યજ્ઞોપવીત (યજ્ઞ કરીને પહેરેલ જનોઇ), યાગ (યજ્ઞ), યાજ્ઞિક (જાની, યજ્ઞ યાગ કરાવનાર બ્રાહ્મણ).

૮૦. यत् મહેનત કરવી:—યત્ન (મહેનત), યત્નવત્ (મહેનતવાળું), પ્રયત્ન, મનોયત્ન.

૮૧. यम् અટકાવવું:—યમ (જમ), યમદૂત (જમદૂત), યમરાજ (ધર્મરાજ), યમુના (જમના નદી), ઉદ્યમ, નિયમ, નિયમિત (નિયમમાં આણેલું), સંયમ (બંધન, ઈંદ્રિય વગેરેનો નિગ્રહ, દબાણ, સંજમ), નિયંતા (નિયમમાં રાખનાર, પરમેશ્વર), યંત્ર, યતિ (પદ્યમાં વિરામ, જતિ), યામ (જામ, પહોર), અંતર્યામી (માંહેથી રોકનાર, પરમેશ્વર), યામ્યોત્તર વૃત્ત (યામ=દક્ષિણ દિશાનું+ઉત્તર+વૃત્ત-ઉત્તર દક્ષિણ જનાર વૃત્ત).

૮૨. या જવું:—યાન (રથ, ગાડી, પાલખી વગેરે વાહન; જવું; કુચ કરવી તે, જાન), ઉદ્યાન (વાડી, બાગ), યાત્રા (મુસાફરી, કુચ કરવી તે, તીર્થ વગેરેની યાત્રા), વિજયયાત્રા, અનુયાયી (વાંસે જનાર, અનુચર, સેવક).

૮૩. युज् જોડવું:—યુગ (જોડું; સત્ય, ત્રેતા, દ્વાપર, અને કલિ એ ચાર યુગોમાંનો પ્રત્યેક, જુગ), યોગ (જોડવું તે, યોજના, જોગ), ઉદ્યોગ (ઉત્+યુજ્=ઉદ્યોગ કરવો+અ), ઉપયોગ (ઉપ+યુજ્=વાપરવું તે+અ), નિયોગ (નિ+યુજ્=નીમવું તે+અ), પ્રયોગ (પ્ર+યુજ્=ઉપયોગ કરવો, પ્રયોગ કરવો+અ), વિયોગ (વિ+યુજ્=છૂટા પડવું+અ), સંયોગ (સં+યુજ્=એકઠા કરવું+અ), યોજન (યોજવું; ચારકોશ, જોજન), યોજના (કાર્ય વગેરેમાં મનુષ્ય વગેરેની નીમણુક, યોજવું), પ્રયોજન (હેતુ, સબબ), યુક્ત (જોડેલું, બરાબર), સંયુક્ત

(એકઠું કરેલું), યુક્તિ (જોડવું તે, લાયકપણું, જુક્તિ), યુગ્મ (જોટા, જોડું), યોગ્ય (યોગને લાયક, ઉચિત), અયોગ્ય.

૮૪. **रच् રચવું:**—રચના (રચવું, ગોઠવવું), રચનાર, રચિત (રચેલું), રાચ.

૮૫. **रंज् રંગવું, ખુશી કરવું:**—રંગ (રાગ, પ્રીતિ, રંગ), રંગભૂમિ (નાટયસ્થાન, રણભૂમિ), રંજન (પ્રીતિ પેદા કરનાર), મનોરંજક, રજની (રાત્રિ), રક્ત (રંગેલું, રાતું, અનુરાગવાળું, લોહી), રક્તપિત્ત (એક જાતનો રોગ), વિરક્ત (વિરાગ પામેલો), રાગ (પ્રીતિ), અનુરાગ (પ્રીતિ), વિરાગ (અપ્રીતિ); રંગરેજ.

૮૬. **रभ् આરંભવું, ઉત્સુક થવું:**—આરંભ (શરૂઆત, પ્રારંભ), સમારંભ (શરૂઆત), રબ્ધ (આરંભેલું), પ્રારબ્ધ (નસીબ), રંભા (ગૌરી; તે નામની એક અપ્સરા).

૮૭. **रम् રમવું:**—રમ (ધણી), રમા (લક્ષ્મી, શોભા), રમણ (રમવું), રમણા (સ્ત્રી), રમણી (સ્ત્રી), રમણીય (સુંદર), રમ્ય (સુંદર), રામ (મનોહર, દશરથના પુત્ર), રામદૂત (હનુમાન), રામનવમી (શ્રી રામના જન્મની તિથિ, ચૈત્ર શુદ નોમ), રામબાણ, રામાયણ (રામના ચરિત્રનું પુસ્તક), રામા (સ્ત્રી), વિરામ (અંત, અવસાન, નિવૃત્તિ, વિસામો), રતિ (પ્રીતિ), વિરતિ (વિરામ, નિવૃત્તિ, શાન્તિ), રત્ન, રત્નાકર (રત્નની ખાણ, સમુદ્ર); રમત, રમતિયાળ.

૮૮. **रस् સ્વાદ લેવો:**—રસ (રસ, પારો), રસજ્ઞ (રસને જાણનાર), રસાલ, સુરસ, નીરસ (રસહીન); રસના (જીભ),રસાયન (રસ+અયન=રોગ દૂર કરવા ને આયુષ્યની વૃદ્ધિ માટે પારો, ગંધક, હિંગળોક વગેરે ઔષધ તે, રસાયન શાસ્ત્ર), રસિક (રસને જાણનાર), રસિત (રસેલું), રાસ (રાસો).

૮૯. रक्ष् રક્ષણ કરવું:—રક્ષક (રક્ષણ કરનાર), દેહરક્ષક, રક્ષણ, સંરક્ષણ, રક્ષા (રક્ષણ, બળેવ પર બંધાતી રાખડી, રાખ), રાક્ષસ, સુરક્ષિત (સારૂં રક્ષણ કરેલું); અંગરખું, પગરખું.

૯૦. राज् દીપવું:—રાજ્ (રાજા), રાજક (દીપનાર, રાજા), રાજકન્યા, રાજકાર્ય (રાજાનું કામ), રાજકીય (રાજા સંબંધી), રાજકુમાર, રાજકુળ, રાજગુરૂ, રાજચિહ્ન (રાજાનું નિશાન; છત્ર, ચામર વગેરે), રાજત (રૂપું), રાજદ્વાર, રાજદ્રોહ (રાજા પ્રતિ દ્રોહ), રાજદ્રોહિન્ (રાજાનો દ્રોહ કરનાર), રાજધર્મ, રાજધાની, રાજન્ (રાજા), રાજનીતિ, રાજપુત્ર, રાજમંડળ (રાજાનું ટોળું), રાજમંદિર (રાજાનો મહેલ), રાજમાર્ગ, રાજમુદ્રા (સિક્કો, મહોર વગેરે રાજચિહ્ન), રાજર્ષિ (જેણે પોતાના આત્માને નિયમમાં રાખેલ છે એવો રાજા, ક્ષત્રિય યોગી), રાજલક્ષ્મી, રાજલેખ, રાજસ (રજોગુણ જેમાં પ્રધાન હોય તે), રાજસભા, રાજસૂય (રાજાએ કરવા લાયક એક યજ્ઞ), અધિરાજ, રાજાધિરાજ (સાર્વભૌમ રાજા), મહારાજ, યુવરાજ, રાજિત (શોભેલું), રાજેંદ્ર (સાર્વભૌમ રાજા), રાજ્ઞી (રાણી), રાજ્ય (રાજાપણું), અરાજ્ય, સ્વરાજ્ય, પરરાજ્ય, સામ્રાજ્ય, રાષ્ટ્ર (દેશ).

૯૧. रुध् રૂંધવું, રોકવું:—રોધ (રોકાણ), અવરોધ (રોકાણ, પ્રતિબંધ), પ્રતિરોધ (અટકાવ), વિરોધ (વેર, લડાઈ), વિરૂદ્ધ (વિરોધવાળું, પ્રતિકૂળ), રૂધિર (લોહી); રૂંધાવું.

૯૨. रुप् દેખાવું:—રૂપ (સુંદરપણું; આકાર; નામ, ધાતુ વગેરેનું રૂપ), સ્વરૂપ, કુરૂપ (કદરૂપો,) અનુરૂપ (સરખું રૂપ), દ્રવરૂપ (પ્રવાહીરૂપ), નિરૂપણ (અવલોકન), રૂપ્ય (રૂપું, રૂપાનાણું, સુંદર).

૯૩. लग् લાગવું:—લગ્ન (જોડાયલું), સંલગ્ન (એકઠું કરેલું), પુનર્લગ્ન; અલગ, લાગણી, લાગો.

૯૪. લઘ્ જવું, લાંઘવું:—લંઘન (લાંઘણુ), ઉલ્લંઘન (આડે રસ્તે જવું તે), લઘુ (હ્રસ્વ, હલકું), લઘુતા (લઘુપણું, લાઘવ).

૯૫. લજ્ લાજવું:—લજ્જા (લાજ, શરમ), લજ્જિત (લાજ પામેલું), નિર્લજ.

૯૬. લભ્ મેળવવું:—લાભ (ફાયદો), સુલભ, દુર્લભ, લબ્ધ (મેળવેલું), લબ્ધિ (પ્રાપ્તિ), લભ્ય (મેળવી શકાય તેવું), અલભ્ય.

૯૭. લક્ષ્ જોવું, તપાસવું:—લક્ષ (લાખની સંખ્યા, લક્ષ્ય), લક્ષણ, અપલક્ષણ, વિલક્ષણ (વિશેષ ગુણવાળો), લાક્ષણિક (લક્ષણાવડે જણાતો અર્થ, મૂળ અર્થથી જુદો અર્થ થાય તે), લક્ષા (લાખની સંખ્યા, સિક્કો કરવાની લાખ), લક્ષિત (લક્ષમાં લીધેલું), લક્ષ્મણ (રામનો ભાઇ), લક્ષ્મી (શોભા, કાન્તિ, સંપત્તિ, દ્રવ્ય), લક્ષ્ય (જોવા લાયક, તપાસવા લાયક, ઉદ્દેશ્ય, જ્ઞેય).

૯૮. લિખ્ લખવું:—લેખ (લખવું, દસ્તાવેજ), લેખક (લખનાર, લહિયો), લેખન (લખવું), અનુલેખન, ચિત્રલેખન, શ્રુતલેખન, લેખની (લેખણ), લેખનીય (લખવા લાયક), લેખા (રેખા), લેખિત (લખેલું), લેખ્ય (લખવા લાયક, ઇન્સાફમાં રજુ કરવા લાયક દસ્તાવેજ, લેખ); લખત, લખાણ, લખણી.

૯૯. લિપ્ લીપવું, ચોપડવું:—લેપ (લીપવું તે, લેપ), વજ્રલેપ, લેપન (લીપવું, લીપણ), લિપિ (અક્ષર, લિપિ), લિપ્ત (લીપેલું).

૧૦૦. લી લય પામવો, ભેટવું:—લય (નાશ), પ્રલય પ્ર+લી=અદૃશ્ય થવું+અ–સૃષ્ટિનો અંત), લીન (ચોટેલું), તલ્લીન (ગરક થયેલું), લીલા (વિલાસ, ક્રીડા, કેલિ), લીલાવતી (ભાસ્કરાચાર્યની પુત્રીએ રચેલો એક ગ્રંથ).

૧૦૧. લુટ્ હાલવું:—લોટણ (આળોટવું, કબુતરની એક જાત); લોટવું, આળોટવું.

૧૦૨. लुंट् ચોરવું:—લૂટ, લૂટારો, લૂટવું.

૧૦૩. लुभ् લોભ કરવો:—લોભ (તૃષ્ણા, પારકી વસ્તુમાં અત્યંત આસક્તિ), અતિલોભ, નિર્લોભી, લોભન, લુબ્ધ (લોભિયું).

૧૦૪. लोक् જોવું:—લોક (જોવું, દુનિયા, માણસ, માણસ-જાતિ), પરલોક, લોકવાદ (લોકમાં ચાલેલી વાત), લોકાંતર (બીજી દુનિયા), અવલોકન (જોવું), લોકિત (જોયેલું), અવલોકિત (જોયેલ), લૌકિક (લોક વ્યવહાર), અલૌકિક (લોકમાં નહિ જાણેલ).

૧૦૫. लोच् જોવું:—લોચન (જોવું; આંખ), સુલોચન (સારી આંખવાળું, હરણ), ત્રૈલોચન (ત્રણ આંખવાળો, શિવ).

૧૦૬. वच् બોલવું:—વચન (બોલવું તે, વ્યાકરણમાં એક-વચન ને બહુવચન પૈકી દરેક), વચનીય (કહેવા યોગ્ય), વાચ્ (વાક્, વાગ્–વાણી, બોલવું તે), વાક્ય, કુવાક્ય, વાગ્દંડ (થોડું બોલવું તે, મિત ભાષણ), વાગ્દત્ત (વચનથી આપેલું), વાગ્દાન (કન્યાનું વેવિશાળ કરવું તે), વાગ્દેવી (સરસ્વતી), વાગ્દોષ વાણીનો દોષ), વાચન (વાંચવું તે, પાઠ કરવો તે), વાચસ્પાત (બૃહસ્પતિ), વાચા (વાણી), વાચાલ (બહુ બોલનાર), વાચિક (બોલવાથી પેદા થયેલું–પાપ વગેરે), વાચ્ય (બોલવા યોગ્ય), ભાવવાચ્ય, વાચક (બોલનાર), અવાચક, વક્તા (બોલનાર, પંડિત), વક્તૃત્વ (બોલવાપણું), ઉક્ત (બોલેલું), ઉક્તિ (બોલવું તે), અતિશયોક્તિ, પુનરૂક્તિ, લોકોક્તિ.

૧૦૭. वद् બોલવું:—વદન (મોઢું), વાદ (તત્વ જાણવાની ઇચ્છા વડે કહેવું તે), વિવાદ, સંવાદ, અપવાદ, વાદી (બોલનાર), પ્રતિવાદી, વાદ્ય (વાજું), વાદિત્ર (વાજિંત્ર); વદવું.

૧૦૮. वंद् વંદન (નમસ્કાર) કરવું:—વંદન (પ્રણામ),

અભિવંદન (પ્રણામ), વંદના (વંદણા), વંદનીય (વંદવા લાયક), વંદિત (વંદન કરાયલું), વંદ્ય (વંદવા લાયક); વંદવું.

૧૦૯. वर्ण् વર્ણવું, રંગવું:—વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રમાંથી પ્રત્યેક વર્ણ; અક્ષર, ભેદ), સવર્ણ, વિવર્ણ (જુદી જાતનો, અધમ, નીચ), વર્ણસંકર, સુવર્ણ (સોનું); વર્ણમાળા (અક્ષરની હાર), વર્ણન (બ્યાન), વર્ણનીય (વર્ણન કરવા લાયક), અવર્ણનીય.

૧૧૦. वर्ध् વધવું:—વર્ધક (વધારનાર), જ્ઞાનવર્ધક, વર્ધન (વધવું તે), વર્ધમાન (વધતું, વઢવાણ), વર્ધિત (વધેલું), વિવર્ધિત (વધારે વધેલું).

૧૧૧. वल् વળવું:—વળ, વળણ; અવળું, સવળું, વાળવું.

૧૧૨. वस् વસવું, હોવું, ઢાંકવું:—વાસ (રહેઠાણ, વસ્ત્ર), આવાસ (આ+વસ્=રહેવું+અ–રહેઠાણ, ઘર), ઉપવાસ (ઉપ+વસ્=ઉપવાસ કરવો+અ–ઉપવાસ), નિવાસ (નિ+વસ્=રહેવું+અ–ઘર, આશ્રય), પ્રવાસ (પ્ર+વસ્=પ્રવાસ કરવો+અ–મુસાફરી), મહીવાસી (મહી નદીને કિનારે રહેનારા કોળી, મેવાસી), સહવાસ, વસન (વસ્ત્ર), વસંત (વસંત ઋતુ), વસુ (દ્રવ્ય), વસુદેવ (શ્રીકૃષ્ણના પિતા), વસુધા (પૃથ્વી), વસુંધરા (પૃથ્વી), વસ્તિ (વાસ, રહેઠાણ), વસ્તુ (ચીજ), સદ્‌વસ્તુ, વસ્ત્ર (લૂગડું). વાસુદેવ (વસુદેવથી ઉત્પન્ન થયેલ, શ્રીકૃષ્ણ), વાસ્તવિક (વાજબી, સાચું), વાસ્તુ (વાસ કરવા યોગ્ય ભૂમિ).

૧૧૩. वह् વહેવું:—વહન (વહેવું તે, વેણ), વહિની (વહાણ), વહ્નિ (અગ્નિ), વાહ (વહેવું તે, વોહ), નિર્વાહ (નિઃ+વહ્=પૂરું થવું તે+અ–સંપૂર્ણતા, ગુજરાન ચલાવવું તે), પ્રવાહ (પ્ર+વહ્=વહેવું+અ), પ્રવાહી, વિવાહ (વિ+વહ્=પરણવું+અ), પુનર્વિવાહ, વાહક (વહેનાર), ઉષ્ણતાવાહક, મંદવાહક, સંવાહક (સં+વહ્=ઘસડી

જવું+ અક-ધસડી જનાર), સ્વરસંવાહક, વાહન (રથ, ગાડી, પાલખી વગેરે વાહન), આવાહન (બોલાવવું, તેડવું); વહાણું, વહીતરો, વહેલ.

૧૧૪. વા વાવું:—વાત (પવન), વાતાવરણ (વાત+આવરણ= ઢાંકણ-પૃથ્વીને વાનું ઢાંકણ છે તે), વાતજ્વર (વાયુનો તાવ), વાતરોગ (વાયુનો રોગ), વાતિ (પવન), વાયુ (પવન), વા, વાયરો.

૧૧૫. વિચ્ છૂટા પડવું:—વિવેક (યથાર્થ રીતે વસ્તુનું સ્વરૂપ વિચારવું તે, વિવેક), અવિવેક, વિવેકી, વિવેચન (વિચાર); વહેંચવું.

૧૧૬. વિદ્ જાણવું:—વિદ્ (જાણનારો, પંડિત), વિત્ત (જાણેલું), વિદિત (જાણેલું), વિદુર (ચતુર, જ્ઞાતા), વિદ્યમાન (હયાત), વિદ્યા (જ્ઞાન), વિદ્યાદાન (વિદ્યા શિખવવી તે, પુસ્તકો વગેરે આપવાં તે), વિદ્યાધન (વિદ્યાથી મેળવેલું ધન, વિદ્યારૂપી ધન), વિદ્યાર્થી (વિદ્યા શીખવાની જેની ઇચ્છા છે તે), વિદ્યાલય (વિદ્યા+આલય=ઠેકાણું-પાઠશાળા), વિદ્યાલાભ, વિદ્યાલોભ, વિદ્યાહીન (મૂર્ખ), વિદ્યોપાર્જન (વિદ્યા+ઉપાર્જન-વિદ્યાનો લાભ), વિદ્યોપાર્જિત (વિદ્યા+ઉપાર્જિત-વિદ્યાથી મેળવેલું), વિદ્વત્તા (વિદ્વાનપણું), વિદ્વત્વ, વિદ્વાન્ (પંડિત), વેત્તા (જાણનાર), વેદ (ધર્મશાસ્ત્ર), વેદજ્ઞ (વેદને જાણનાર), વેદન (જાણવું તે, સુખ દુઃખનો અનુભવ), નિવેદન (જાહેર કરવું), વેદના, વેદાંગ (વેદનાં અંગ), વેદાંત (બ્રહ્મબોધક ઉપનિષદ્રૂપ શ્રુતિનો ભાગ), વેદાભ્યાસ, વેદી (જાણનાર), દ્વિવેદી (દવે), ત્રિવેદી (ત્રવાડી), ચુતર્વેદી, વૈદિક (વેદને જાણનાર, વેદિયો), વૈદ્ય (પંડિત, વૈદ), વૈદ્યનાથ (વૈદ્યનો નાથ, ધન્વંતરિ; વૈજનાથ),

૧૧૭. વિશ્ પેસવું, વ્યાપવું:—વેશ (પેસવું તે), વેશધારિન્ (વેશ ધારણ કરનાર), પ્રવેશ, પ્રવેશક, આવેશ (પેસવું, ભૂત વગેરેનો આવેશ, એક જાતનો અહંકાર), સમાવેશ (સમાવેશ કરવો

તે), વૈશ્ય (વૈશ્ય જાતિ), વિશ્વ (સંસાર), વિશ્વનાથ, વિશ્વંભર (વિષ્ણુ), વિશ્વવ્યાપક (સર્વવ્યાપક), વૈશ્વદેવ (વિશ્વદેવને અપાતો બલિ).

૧૧૮. વિષ્ વ્યાપવું:—વિષ (ઝેર), વિષધર (સાપ), વિષ્ણુ (સર્વ વ્યાપક પરમેશ્વર, અગ્નિ), વિષ્ણુધર્મ, વિષ્ણુપદ (વિષ્ણુનો પગ), વિષ્ણુપુરાણ (વ્યાસ પ્રણીત એ નામનું એક મહા પુરાણ), વિષ્ણુમાયા (ઘટિતનું અઘટિત ને અઘટિતનું ઘટિત કરે એવી ઈશ્વરી માયા, દુર્ગા), વૈષ્ણવ (વિષ્ણુના ભક્ત અથવા ઉપાસક).

૧૧૯. વૃ વરવું:—વર, સ્વયંવર, વરદાન, વરમાળ, વરાંગના (વરા+અંગના-શ્રેષ્ઠ સ્ત્રી), વરિષ્ઠ (મોટું, ઘણું ભારે, અતિશય મહાન્).

૧૨૦. વૃ ઢાંકવું:—આવરણ (ઢાંકણ), વાતાવરણ, વરુણ (પશ્ચિમ દિશાનો પતિ, જળ).

૧૨૧. વૃત્ હોવું, થવું, વર્તવું, રહેવું:—વૃત્ત (થયેલું, વર્તેલું, વર્તુળ), વૃત્તાંત (ખબર), વૃત્તિ (વર્ત્તવું તે, ધંધો રોજગાર, ગુજરાનનો ઉપાય), આવૃત્તિ (એકજ જાતની ક્રિયાનું વારંવાર કરવું), નિવૃત્તિ (ચિત્તનું વિષયમાંથી વિરામ પામવું તે), પ્રવૃત્તિ (પોતપોતાના વિષયમાં ઇંદ્રિય વગેરેનો સંચાર), વર્ત્તન (વર્ત્તવું તે, સ્થિતિ, જીવવાનો ઉપાય, વતન), આવર્ત્તન (વીંટવું, ચક્રાકાર ફરવું), પરાવર્ત્તન, પુનરાવર્ત્તન, અનુવર્ત્તન (વાંસે જવું, અનુસરવું), વર્ત્તમાન* (ચાલતો), વર્ત્તિ (વાટ), વર્ત્તુળ (ગોળ), વાર્ત્તા (વાત), વાર્ત્તિક (ઉક્ત, અનુક્ત, અને દુરૂક્ત અર્થને સ્પષ્ટ કરનાર ગ્રંથ).

૧૨૨. વૃષ્ વરસવું:—વૃષભ (બળદ, વૃષભરાશિ), વૃષ્ટિ (વરસવું તે, વરસાદ), અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ, પ્રાવૃષ્ (વર્ષાઋતુ, શ્રાવણ અને ભાદરવો માસ).

---

* **વર્ત્તમાન** અને **વર્તમાન** બંને શબ્દ શુદ્ધ છે.

૧૨૩. शक् શક્તિમાન હોવું:—શક (તે નામની એક મનુષ્ય જાતિ; વિક્રમાદિત્ય, શાલિવાહન, વગેરેનો શક), શાક (શક પ્રવર્તક રાજાનું વર્ષ), શકારિ (શક+અરિ–શક લોકનો શત્રુ, વિક્રમાદિત્ય), શકુન (શુકન), શકુનિ (દુર્યોધનનો મામો), શકુન્તલા (કણ્વઋષિએ ઉછેરેલી મેનકાની પુત્રી, દુષ્યન્ત રાજાની પત્ની, અને ભરતની માતા), શક્ત (શક્તિવાળું), શક્તિ (સામર્થ્ય, દેવીમૂર્તિ), અશક્તિ, શક્ય, અશક્ય; શકવું.

૧૨૪. शंक् શંકા કરવી:—શંકા (શક, સંશય), આશંકા (શક, સંદેહ), નિઃશંક, શંકામય (શંકાગ્રસ્ત), શંકાસ્પદ (શંકાપાત્ર), શંકાહીન (શક વગરનું), શંકિત (સંદિગ્ધ).

૧૨૫. शब्द् અવાજ કરવો:—શબ્દ, અપશબ્દ, શબ્દાર્થ, શબ્દશક્તિ, શબ્દશાસ્ત્ર (વ્યાકરણ શાસ્ત્ર), શબ્દાલંકાર, શબ્દિત બોલાવેલું), શાબ્દિક (વ્યાકરણ શાસ્ત્રમાં કુશળ).

૧૨૬. शम् શાન્ત થવું:— શમ (શાન્તિ), શાન્ત (શાન્તિ પમાડેલું), શાન્તતા (શાન્તપણું), શાન્તત્વ, શાન્તિ, શાન્તિકર (શાન્તિ કરનાર), શામ (સલાહ, સંધિ); સમવું.

૧૨૭. शंस् વખાણવું:—પ્રસંશા, પ્રશસ્તિ (વખાણ, સ્તુતિ).

૧૨૮. शास् અમલ કરવો:—શાસન (આજ્ઞા), શાસ્ત્ર (હિતાનુશાસન ગ્રંથ), શાસ્ત્રજ્ઞ, શાસ્ત્રજ્ઞાન, શાસ્ત્રદર્શિન્ (શાસ્ત્રમાં નિપુણ), શાસ્ત્રી, શાસ્ત્રોક્ત (શાસ્ત્રમાં કહેલું), શિષ્ય (ચેલો).

૧૨૯. शिक्ष् શિખવવું:—શિક્ષક, ઉપશિક્ષક, શિક્ષણ, શિક્ષણીય (શીખવા લાયક), શિક્ષિત (શીખેલું, નિપુણ).

૧૩૦. शिष् બાકી રહેવું:—શેષ (બાકીનો ભાગ), નિઃશેષ, વિશેષણ, વિશેષ્ય, શિષ્ટ (શાન્ત), શિષ્ટાચાર (રૂડો વ્યવહાર).

૧૩૧. શી સુવું:—શયન (સુવું તે, નિદ્રા, શય્યા), શય્યા (સેજ, શયન), અતિશય, આશય (અભિપ્રાય, આધાર), સંશય, શીઘ્ર (ઉતાવળું), શીઘ્રતા (ત્વરા).

૧૩૨. શુચ્ શોક કરવો:—શોક, અશોક, શોચન (દીલગીરી, શોક કરનાર), શોચના, શોચનીય (શોક કરવા યોગ્ય), શોચિત (શોક કરેલું).

૧૩૩. શુચ્ પવિત્ર થવું:—શુચિ (પવિત્ર), શુચિત (પવિત્ર કરેલું), શુચિત્વ (પવિત્રપણું), શૌચ (સૂતકનું નિવારણ, શારીરિક ને માનસિક સ્વચ્છતા, મલ ત્યાગ).

૧૩૪. શુધ્ શોધવું:—શોધ, શોધક (શોધ કરનાર), શોધન (શોધવું તે, શોધ), શોધનીય (શોધ કરવા લાયક), શોધિત (શોધેલું), શુદ્ધ, અશુદ્ધ, શુદ્ધતા, શુદ્ધત્વ, શુદ્ધિ (પવિત્રપણું).

૧૩૫. શુષ્ સુકાવું:—શોષ, શોષક, શોષણ, શુષ્ક (સુકાઈ ગયેલું), શુષ્કતા, શુષ્કત્વ.

૧૩૬. શ્રમ્ શ્રમ કરવો:—શ્રમ (તસ્દી), આશ્રમ (ચાર આશ્રમ પૈકી હરકોઈ આશ્રમ, મુનિનો વાસ, તપોવન, મઠ), પરિશ્રમ (થાક), વિશ્રામ (વિ+શ્રમ્=આરામ લેવો+અ-વિસામો), શ્રમિન્ (શ્રમવાળું), શ્રાન્ત (થાકેલું), શ્રાન્તિ (પરિશ્રમ, થાક), વિશ્રાન્તિ (વિશ્રામ, આરામ).

૧૩૭. શ્રિ આશરો લેવો:—આશ્રય, સ્વાશ્રય, અન્યોઅન્યાશ્રય, શ્રિત (રક્ષેલું), આશ્રિત (આશ્રય પામેલ, શરણાગત), નિરાશ્રિત, શ્રી (લક્ષ્મી, શોભા), શ્રીમદ્ (લક્ષ્મીવાળું, શોભાવાળું), શ્રીયુત (શોભાવાળું, લક્ષ્મીવાળું, કીર્તિવાળું), શ્રીરામ (દાશરથિ રામ), શ્રેણિ (પંક્તિ, હાર).

૧૩૮. શ્રુ સાંભળવું:—શ્રવણ (સાંભળવું તે, કાન, શ્રવણ નક્ષત્ર), શ્રાવણ (શ્રાવણ મહિનો), શ્રાવક (સાંભળનાર, શ્રાવક), શ્રુત (સાંભળેલું), શ્રુતિ (સાંભળવું તે, કાન, વેદ), શ્રોતા (સાંભળનાર).

૧૩૯. શૄ હિંસા કરવી, મારી નાંખવું:—શરણ (આશ્રય, પાલક, ઘર, વધ), અશરણ, અશરણશરણ (અશરણને શરણે રાખવું તે), શરણાગત (શરણ+આગત-શરણે આવેલું), શરદ્ (શરદ્ઋતુ), શરયૂ (એ નામની એક નદી), શરીર (દેહ, કાયા), શર્કરા (સાકર).

૧૪૦. શ્વસ્ શ્વાસ લેવો:—શ્વાસ (શ્વાસ લેવો તે, એક જાતનો રોગ), ઉચ્છ્વાસ, શ્વાસોચ્છ્વાસ, વિશ્વાસ, નિશ્વાસ (નીસાસો).

૧૪૧. સહ્ સહેવું, ખમવું:—સહ (સહન કરનાર), સહન (ખમવું તે, ક્ષમા), સહનશીલ (સહન કરનાર, ક્ષમા કરનાર), સહનતા, સહ્ય (સહેવા લાયક), અસહ્ય, સાહસ (ઘણીજ હિમ્મત).

૧૪૨. સાધ્ સાધવું:—સાધક (સાધનાર), સાધન (સાધવું તે, ઉપાય), સાધના (ઉપાસના), સાધુ (સદ્ગુણી, મુનિ), સાધ્વી (પતિવ્રતા સ્ત્રી, સાધ્વી), સાધિત (સાધેલું), સાધ્ય (સાધવા લાયક).

૧૪૩. સિચ્ સિંચવું, છાંટવું:—સેચક (પાણી વગેરે છાંટનાર, મેઘ), સેચન (જળ વગેરે છાંટવું તે), અભિષેક (પ્રતિષ્ઠા વગેરેમાં મૂર્તિને નવરાવવું, સ્નાન).

૧૪૪. સિધ્ સિદ્ધ થવું:—નિષેધ (મનાઇ, વર્જ કરવું), સિદ્ધ (નિશ્ચય કરેલું), સિદ્ધતા (સિદ્ધપણું), સિદ્ધાંત, પ્રસિદ્ધ, સિદ્ધિ (મોક્ષ); સીધાવવું.

૧૪૫. સિવ્ સીવવું:—સીવન (સીવવું તે, શીવણ); શીવાઇ, શીવડામણ.

૧૪૬. સુ જણવું, સોમરસ કાઢવો:—સુત (ઉત્પન્ન, પુત્ર),

સુતક (જણવાનું સૂતક, આશૌચ), સુતા (દીકરી), સોમ (સોમરસ, ચંદ્ર), સોમપાન (સોમ રસ પીવો તે), સોમવાર (ચંદ્રનો વાર).

૧૪૭. સૂ જણવું:—સૂત (જણેલું), સૂતક (જન્મ, પેદાશ, જણવાનું સૂતક), સૂતિકા (સુવાવડી સ્ત્રી), પ્રસવ, પ્રસૂતિ (જણવું), સવિતા (પરમેશ્વર, સૂર્ય); સુવાવડ, સુઇઆણી.

૧૪૮. સૃ સરવું:—સર (જવું તે, સરોવર, બાણ), અગ્ર-સર (યુગ્મનું પહેલું પદ), ઉપાગ્રસર (યુગ્મનું બીજું પદ), સરણ (જવું તે, ગમન), અનુસરણ, પ્રસરણ (ફેલાવ), સરલ (સીધા મનવાળું, સુગમ), સરસ્ (જળ, સરોવર), સરસ્વતી (સરસ્વતી નદી, શારદા), સરોવર, સરિતા (નદી), સાર (સારૂં, તત્વ), અતિસાર, અનુસાર (અનુસરવું, સાથે જવું), સંસાર, પ્રસારક (ફેલાવનાર), સારથિ (રથ હાંકનાર), શારદા (સરસ્વતી, દુર્ગા), સારસ્વત (સરસ્વતી સંબંધી, સારસ્વત બ્રાહ્મણ કેમકે તેઓ પ્રથમ પંજાબની સરસ્વતી નદીને કાંઠે ઉત્પન્ન થયા).

૧૪૯. સૃજ્ સરજવું:—સર્ગ (કાવ્યનો ભાગ), ઉત્સર્ગ, ઉપ-સર્ગ, વિસર્ગ, સંસર્ગ (સાથે રહેવું તે, સંબંધ, પરિચય), સર્જન (સરજવું તે), વિસર્જન (ત્યાગ, દાન), સૃજન (પેદા થવું તે), સૃષ્ટ (પેદા થયેલું), સૃષ્ટા (બ્રહ્મા), સૃષ્ટિ.

૧૫૦. સેવ્ સેવવું:—સેવક (સેવનાર, દાસ, નોકર), સેવન (સેવવું તે, ઉપભોગ), સેવા (ચાકરી), સેવ્ય (સેવવા લાયક, સેવનીય).

૧૫૧. સ્તંભ્ થંભવું, અટકવું:—સ્તંભ (થંભ, થાંભલો), સ્તબ્ધ (અટકાવેલું), સ્તંભન (જડ કરવું તે), સ્તિંભિત (જડ કરેલું); થોભવું.

૧૫૨. સ્તુ સ્તવવું, વખાણવું:—સ્તવન, (વખાણવું તે), સ્તુતિ (વખાણ), સ્તુત્ય (વખાણવા લાયક), સ્તોત્ર (સ્તુતિસાધન વાક્ય, ગુણનું કથન), પ્રસ્તાવના (ગ્રંથના આરંભમાં જે દીબાચો લખાય છે તે, નાટકના પ્રારંભમાં વિદૂષક કે સૂત્રધાર નાટકના વિષયનું ટુંકામાં વર્ણન કરે છે તે), પ્રસ્તુત (પ્રસિદ્ધ કરેલુ).

૧૫૩. સ્તૃ પાથરવું:—સ્તર (થર, બીછાનું), પ્રસ્તર (પથરો, પુષ્પ કે તૃણની રચેલી સેજ, બીછાનું), ભૂસ્તર (પૃથ્વીનું પડ), પ્રસ્તરણ (પાથરણું), પ્રસ્તાર (પથારી, પુષ્પ કે તૃણની રચેલી સેજ, બીછાનું), વિસ્તાર (ફેલાવ), વિસ્તીર્ણ (વિશાળ), અસ્તર.

૧૫૪. સ્થા ઉભા રહેવું:—સ્થ (રહેનાર, સ્થિતિવાળું), અંતસ્થ, ઉપસ્થ, ગૃહસ્થ, સ્થાન, (રહેઠાણ, થાણું), પ્રસ્થાન (પ્ર+સ્થા=નીકળવું, પ્રસ્થાન કરવું+અન–પરતાનું), સંસ્થાન, સંગ્રહસ્થાન, સ્થાનભ્રષ્ટ (સ્થાન થકી પડેલું), સ્થાનક (સ્થાન), સ્થાનિક (સ્થાનનું, સ્થાન સંબંધી), સ્થાપક (સ્થાપનાર), સ્થાપના (મૂર્તિ વગેરેને સ્થાપવી તે), સ્થાપિત (સ્થાપેલું), સ્થાયી (સ્થિર), સ્થાવર (જંગમ નહિ તે), સ્થિત (ઉભું રહેલું), યથાસ્થિત, સ્થિતિ (હાલત), સ્થિતિસ્થાપક, સ્થિર (નિશ્ચલ), અસ્થિર, પ્રતિષ્ઠ (આબરૂદાર), પ્રતિષ્ઠા (આબરૂ, દેવાલયમાં દેવ વગેરેનું સ્થાપન), પ્રતિષ્ઠિત (વિખ્યાત), અનુષ્ઠાન (કામ કરવું, વિધાન),

૧૫૫. સ્ના નહાવું:—સ્નાન (નહાવું તે, સ્નાયુ (શરીરાદિના બંધનરૂપ મોટી નાડ); નાહનાર.

૧૫૬. સ્મૃ સમરવું, યાદ કરવું:—સ્મર (સ્મૃતિ, યાદદાસ્તી, કામદેવ), સ્મરણ (સંભારવું તે, યાદદાસ્તી), વિસ્મરણ, સ્મરણશક્તિ, સ્મરણીય (સંભારવા લાયક), સ્મૃત (સંભારેલું), સ્મૃતિ

(સંભારવું તે, યાદદાસ્તી, સ્મૃતિ શાસ્ત્ર), સ્મૃતિકાર, વિસ્મૃતિ, સ્માર્ત (સ્મૃતિ જાણનાર, સ્મૃતિનો અભ્યાસ કરનાર); વિસરવું.

૧૫૭. સ્વૃ અવાજ કરવો:—સ્વર (ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરિત એ ત્રણ જાતના સ્વર, સ્વર અને વ્યંજન પૈકી સ્વરવર્ણ, ગાયનના સપ્ત સ્વર પૈકી પ્રત્યેક), સુસ્વર (સુસ્વરૂ), સ્વરશૂન્ય (સ્વર વિનાનું).

૧૫૮. હન્ હણવું.—હત (હણેલું), હત્યા (મારી નાંખવું, વધ), હન (મારી નાંખનાર), હનન (મારી નાંખવું તે), હનનીય (મારી નાંખવા લાયક), હનુ (જડબું), હનુમાન (મોટાં જડબાંવાળો, વાયુપુત્ર હનુમાન), ઘન (મેઘ, જાડાપણું, ઘનવર્ગ, લોઢાનો ઘણ), ઘનમૂળ (ત્રિઘાત વડે કાઢેલું સંખ્યાનું મૂળ), ઘનશ્યામ (રામ, શ્રીકૃષ્ણ), ઘ્ન (મારી નાંખનાર), કૃતઘ્ન, વિઘ્ન, ઘાત (મારી નાંખવું, પ્રહાર), આઘાત, પ્રત્યાઘાત, ઘાતક (મારી નાંખનાર), ઘાતકી.

૧૫૯. હસ્ હસવું:—હસિત (હસેલું), હસ્ત (હાથ), હસ્તી (હાથી), હાસ (હસવું તે), ઉપહાસ (મશ્કરી), હાસક (હસનારો, મશ્કરો), હાસ્ય (હસવા લાયક, હાસ્ય રસ); હાંસી.

૧૬૦. હુ હોમવું:—હવન, હુત (હોમેલું, હોમ, હવન), હુતભુજ્ (અગ્નિ), હુતાશની (હોળી), આહુતિ (હોમવું, હોમલાયક દ્રવ્ય), હોતા (હોમનાર), હોમ (યજ્ઞ), હોત્ર (હોમવાનું ઘી વગેરે, હોમ).

૧૬૧. હૃ હરવું:—હર (હરનાર, શિવ), મનોહર, વિઘ્નહર (ગણપતિ), હરણ (હરવું તે), ઉદાહરણ (ઉત્+આ+હ=દાખલો આપવો + અન–દાખલો, દૃષ્ટાંત), હરણીય (હરવા લાયક), હરિ (વિષ્ણુ), હરિણ (હરણ), હરિણાક્ષિ (હરણના જેવા નેત્રવાળી), હરિત્ (હળદર), હરિત (લીલોવર્ણ), હરિતાલ (હડતાળ), હરિદ્રા (હળદર), હરિદ્વાર (હરદ્વાર), હરિભક્ત (વિષ્ણુનો ભક્ત), હર્તા (હરનારો), હૃત (હરેલું), હૃદય (અંતઃકરણ), હૃદયસ્થાન (છાતી), હાર (હરનાર), આહાર (આ+હ=ખાવું+અ–ભોજન), નરાહાર (નિર્+આહાર–ભોજનનો

અભાવ, ઉપવાસ), ઉદ્ધાર (ઉત્+હ=છૂટકો કરવો+અ-છૂટકો, મુક્તિ, મોક્ષ), પુનરૂદ્ધાર, પ્રહાર (પ્ર+હ=મારવું+અ-માર); મર્મપ્રહાર, પ્રતિહાર (પ્રતિ+હ=ચોકી કરવી+અ-દ્વારપાલ), વિહાર (વિ+હ=ગમતને માટે ફરવું+અ-ગમત, બૌદ્ધનું દેવાલય), સંહાર (સં+હ=નાશ કરવો+અ-નાશ), ઉપસંહાર (ઉપ+સં+હ=એકઠું કરવું+અ-સમાપ્તિ, સંગ્રહ); વ્યવહાર (વિ+અવ+હ=આચરવું+અ-લોક રૂઢિ), અધ્યાહાર (અધિ+આ+હ=તર્ક કરવો+અ-તર્ક,વાક્યમાં શબ્દ પ્રત્યય વગેરેનો અધ્યાહાર).

૧૬૨. क्षम् ખમવું:-ક્ષમા (સહનશીળપણું), ક્ષમતા (ક્ષમાપણું), ક્ષમત્વ (ક્ષમાપણું), ક્ષાંત (સહનશીળ), ક્ષાંતિ (સહનશીળતા); ખમત.

૧૬૩. ક્ષિ ક્ષય પામવો:—ક્ષય (નાશ), ક્ષયરોગ (શરીરમાં ઉત્તરોત્તર જે થકી સર્વ ધાતુ ક્ષય પામે છે તેવો રોગ), અક્ષય, ક્ષેત્ર (ખેતર, તીર્થસ્થળ), કુરૂક્ષેત્ર, ક્ષેત્રપાલ (ખેતરપાલ, ક્ષેત્રનું રક્ષણ કરનાર), ક્ષેત્રફળ (જમીનનું માપ), ક્ષિતિ (પૃથ્વી), ક્ષિતિજ (પૃથ્વીથી પેદા થનાર), ક્ષેમ (ખેમ, સુખી).

૧૬૪ क्षिप् ફેંકવું:—ક્ષેપ (ખેપ, મોકલવું), ક્ષેપક (ફેંકનાર, ગ્રંથકારના શ્લોક બીજા ગ્રંથકારના શ્લોક સાથે એકઠા કરનાર), ક્ષેપણ (ફેંકવું), ક્ષેપણીય (ફેંકવા લાયક), આક્ષેપ (આ+ક્ષિપ=મશ્કરી કરવી+અ-નિંદા, તિરસ્કાર સહિત બોલવું), વિક્ષેપ (વિ+ક્ષિપ્=વીખેરવું+અ-ત્યાગ), સંક્ષેપ (સં+ક્ષિપ્=ટુંકું કરવું+અ-ટુંકું કરવું તે), સંક્ષિપ્ત (ટુંકું કરેલું).

૧૬૫. ज्ञा જાણવું:—જ્ઞ (જાણનાર), કૃતજ્ઞ, સર્વજ્ઞ, સુજ્ઞ, અજ્ઞ, આજ્ઞા (હુકમ, આણ), અવજ્ઞા (અવ+જ્ઞા=અપમાન કરવું+અ-તિરસ્કાર, અનાદર), પ્રતિજ્ઞા (પ્રતિ+જ્ઞા=પ્રતિજ્ઞા કરવી, અંગીકાર કરવું+અ-પ્રતિજ્ઞા), સંજ્ઞા (સં+જ્ઞા=સંજ્ઞા કરવી, નામ પાડવું+અ-ચેતના, નામ, હાથ વગેરેથી ઇસારો કરવો તે), જ્ઞાત (જાણેલું), જ્ઞાતા (જાણનાર), જ્ઞાતિ (સગું, સગોત્ર, નાત), જ્ઞાન (જાણવું),

અજ્ઞાન, અભિજ્ઞાન (અભિ+જ્ઞા=ઓળખવું+અન-ઓળખવું, અગાઉ અનુભવેલું જાણવું), વિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન, જ્ઞાનમય (જ્ઞાનયુક્ત), જ્ઞાનેંદ્રિય (જે ઇંદ્રિયથી જ્ઞાન થાય છે તે ઇંદ્રિય. આંખ, કાન, નાક, જીભ, ચામડી, અંતઃકરણ વગેરે), જ્ઞેય (જાણવા યોગ્ય), વિજ્ઞપ્તિ (જાહેર ખબર, વિનતિ).

પાઠ ૩. ઉત્સર્ગ.

સંસ્કૃત ભાષાપરથી પ્રાકૃત, પ્રાકૃત ભાષાપરથી અપભ્રંશ, અને અપભ્રંશ ભાષાપરથી ગુજરાતી ભાષા થયેલી છે. સંસ્કૃત શબ્દો ગુજરાતીમાં આવતાં તેમાં જે જે ફેરફારો થએલા છે, તેમાં જે નિયમો રહેલા છે, તેને **ઉત્સર્ગ** કહે છે.

૧. જોડાક્ષરમાંનો એક અક્ષર ઊડી જતાં, તેની પૂર્વેનો સ્વર દીર્ઘ થાય છે. ઉદાહરણ—

સંસ્કૃત.	**ગુજરાતી.**	**સંસ્કૃત.**	**ગુજરાતી.**	**સંસ્કૃત.**	**ગુજરાતી.**
અર્ક.	આકડો.	અગ્ર.	આગળ.	અર્ગલઃ	આગળો.
અદ્ય.	આજ.	અભ્ર.	આભ.	અર્પણું.	આપવું.
અશ્રુ.	આંસુ.	અષ્ટ.	આઠ.	ઉચ્ચં.*	ઊંચું.
ઉત્કર.	ઊકરડો.	ઉજ્વલ.	ઊજળું.	ઉજ્જાગરઃ*	ઊજાગરો.
ઉષ્ણું.	ઊનું.	ઉષ્ણકાલઃ	ઊનાળો.	કજ્જલ.	કાજળ.
કર્કટી.	કાકડી.	કચ્છકઃ	કાછડો.	કર્ણ.	કાન.
કર્દમ.	કાદવ.	કર્મ.	કામ.	કક્ષા.	કાખ.
કુક્કુટઃ	કૂકડો.	ગર્ભ.	ગાભ.	ગલ્લ.	ગાલ.
ચક્ર.	ચાક.	ચર્મકં.	ચામડું.	ચર્વણં.	ચાવણું.

* સંસ્કૃતમાં અકારાંત નરજાતિના પ્રથમાના એકવચનમાં **તેને છેડે** '**અઃ**' આવે છે તેનો ગુજરાતીમાં '**ઓ**', અને અકારાંત નાન્યતર જાતિના પ્રથમના એકવચનમાં તેને છેડે '**અમ્**' આવે છે તેનો ગજરાતીમાં '**ઉ**' થયેલોછે.

સં.	ગુ.	સં.	ગુ.	સં.	ગુ.
ચંદ્રઃ	ચાંદો.	ચિક્કણું.	ચીકણું.	છન્નં.	છાનું.
છલ્લી.	છાલ.	છિદ્રં.	છીડું.	તિક્તં.	તીખું.
દર્ભ.	દાભ.	દુગ્ધ.	દૂધ.	દુર્બળઃ	દૂબળો.
ધર્મ.	ધામ.	નગ્નં.	નાગું.	નિદ્રા.	નીંદ.
પક્વં.	પાકું.	પત્તન.	પાટણ.	પર્ણ.	પાન.
પર્પટ.	પાપડ.	પલ્લવ.	પાલવ.	પિચ્છ.	પીંછ.
પુચ્છકં.	પૂછડું.	ફુલ્લ.	ફૂલ.	બિલ્વં.	બીલું.
ભક્ત.	ભાત.	ભગ્નં.	ભાગેલું.	ભલ્લઃ	ભાલો.
ભિક્ષા.	ભીખ.	મર્કટઃ	માંકડો.	મિષ્ટં.	મીઠું.
મુષ્ટિ.	મૂઠ.	રક્તં.	રાતું.	લજ્જા.	લાજ.
લડ્ડુક.	લાડુ.	વક્રં.	વાંકું.	વર્ણ.	વાન.
વત્સકઃ	વાછડો.	શર્કરા.	સાકર.	શબ્દ.	સાદ.
સજ્જન.	સાજન.	સપ્ત.	સાત.	સર્પ.	સાપ.
સર્વ	સાવ.	સિદ્ધં.	સીધું.	હટ્ટ.	હાટ.
હડ્ડ.	હાડ.	હસ્ત.	હાથ.		

૨. સંસ્કૃત અનુસ્વારનો ઉચ્ચાર મોળો પડતાં તેની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે. ઉદાહરણ—

અંકુટઃ	આંકડો.	અંગણં.	આંગણું.	અંગુલી.	આંગળી.
અંધ.	આંધળો.	કંકણ.	કાંકણ.	કંકરઃ	કાંકરો.
કંચુકી.	કાંચળી.	કંટકઃ	કાંટો.	કંઠઃ	કાંઠો.
કંદઃ	કાંદો.	કંબલઃ	કાંબળો.	ચંચુ.	ચાંચ.
જંબૂ.	જાંબુ.	ટંક.	ટાંક.	દંત.	દાંત.
પંગુ.	પાંગળો.	પંચ.	પાંચ.	બંધન.	બાંધણ.
બિમ્બં.	બીંબું.	ભંડ.	ભાંડ.	મંડપઃ	માંડવો.
મંક્ષણ.	માંખણ.	રંક.	રાંક.	રંધનં.	રાંધણું.

લંઘન.	લાંઘણ.	લંબ.	લાંબું.	વંધ્યા.	વાંઝણી.
વંશક:	વાંસડો.	સંધિ.	સાંધો.	સંધ્યા.	સાંજ.

૩. ઋનો અ, ઈ, ઉ, કે ઓ થાય છે. ઉદાહરણ—

ગૌરમૃત્તિક.	ગોરમટી.	નનાંદ.	નણંદ.	મૃતં.	મડું.
શૃંગાર.	શણગાર.	અમૃત.	અમી.	ઘૃત.	ઘી.
વૃશ્ચિક.	વીંછી.	શૃંગકં.	શીંગડું.	શૃગાલ.	શિયાળ.
પૃચ્છ.	પૂછ.	પૃષ્ઠં.	પુઠું.	વૃદ્ધ.	બુઢ્ઢો.
મૃત્યુ.	મોત.				

૪. ઐ, ઔ નો અનુક્રમે એ, ઓ થાય છે. ઉદાહરણ—

ઐકૈક.	એકેક.	ગૈરિક.	ગેરૂ.	તૈલ.	તેલ.
ભૈરવ.	ભેરવ.	વૈર.	વેર.	વૈદિક.	વેદિયો.
સૈન્ય.	સેન.	ઔષધ.	ઓસડ.	કૌપીન.	કોપીન.
ગૌરવ.	ગોરવ.	ચૌર.	ચોર.	દૌહિત્ર.	દોહિતર.
મૌક્તિક.	મોતી.	યૌવન.	જોબન.	સૌભાગ્ય	સોભાગ, સોહાગ.
સૌરાષ્ટ્ર.	સોરઠ.				

૫. ક, ષ, ક્ષ નો ખ થઇ જાય છે. ઉદાહરણ—

કીલક:	ખીલડો.	કૂટં.	ખોટું.	કોણ:	ખુણો.
આષાઢ.	અખાડ.	રેષા.	રેખા.	વિષ.	વિખ.
ષટ.	ખટ.	હર્ષ.	હરખ.	અંગરક્ષકં.	અંગરખું.
અક્ષયવન.	અખોવન.	અક્ષિ.	આંખ.	કક્ષા.	કાખ.
કુક્ષિ.	કૂખ.	ગોરક્ષ.	ગોરખ.	તીક્ષ્ણં.	તીખું.
દ્રાક્ષ.	દરાખ.	નિરીક્ષા.	નીરખ.	પક્ષ.	પાંખ.
પક્ષવાર.	પખવાડિયું.	પક્ષી.	પંખી.	પ્રેક્ષ.	પેખ.
મક્ષિકા.	માખી.	રક્ષા.	રાખ.	લક્ષ.	લાખ.
લક્ષ્મણ.	લખમણ.	લિક્ષા.	લીખ.	વર્ષે.	વરખે.
ક્ષય.	ખે.	ક્ષેમ.	ખેમ.	ક્ષમા.	ખમા.
ક્ષાર.	ખાર.				

૬. **ક** નો **ગ** થઈ જાય છે:—

કાક=કાગ. કાર્યકર:=કાજગરો. પ્રકટ=પ્રગટ. બક=બગ. મુકુટ=મુગટ. મૂક:=મૂગો. સકલં=સઘળું.

૭. **ત્ય** નો **ચ** થઈ જાય છે:—નૃત્ય=નાચ. સત્ય=સાચ.

૮. **ષ, સ, ક્ષ** નો **છ** થાય છે:—

ષટ્=છ. ષષ્ઠી=છઠ. ઉત્સવ=ઓચ્છવ. મત્સ્ય=માછલું. મત્સર=મચ્છર. ઋક્ષ=રીંછ. લક્ષ્મી=લાછ. ક્ષુર:=છરો.

૯. **ય** નો **જ** થાય છે:—

અકાર્ય=અકારજ. અદ્ય=આજ. અવયોગ=અવજોગ. આર્યા=આરજા. આશ્ચર્ય=અચરજ. ઉદ્યમ=ઉજમ. ઔદ્યાની=ઉજાણી. ખાદ્યં=ખાજું. તૃતીયા=તીજ. ભાર્યા=ભારજા. ભ્રાત્રીય=ભત્રીજો. મર્યાદા=મરજાદા. યજમાન=જજમાન. યતિ=જતિ. યતન=જતન. યમ=જમ. યવ=જવ. યવક્ષાર=જવખાર. યશ=જશ. યાચક=જાચક. યાત્રા=જાત્રા. યાન=જાન. યાજ્ઞિક=જાની. યુવાન=જુવાન. યુક્તિ=જુગતી. યુદ્ધ=જુદ્ધ. યૂકા=જૂ. યોગ=જોગ. વિદ્યુત્=વીજળી. શય્યા=શેજ. સત્યયુગ=સતજુગ. સંયોગ=સંજોગ.

૧૦. **થ, સ્થ,** અને **ષ્ટ** નો **ઠ** થાય છે:—

ઉત્થ=ઊઠ. ઉત્થાપનં=ઉઠાવવું. ગ્રંથિ-ગાંઠ. એકસ્થ-એકઠું. સ્થગ=ઠગ. સ્થાન=ઠામ. અષ્ટ=આઠ. ઉચ્છિષ્ટં=એઠું. દૃષ્ટં=દીઠું. મિષ્ટં=મીઠું. મુષ્ટિ-મૂઠી.

૧૧. **ટ** અને **ત** નો **ડ** થાય છે:—

અવઘટ=અવઘડ. કટિ=કેડ. કપાટ=કમાડ. કર્પટં=કાપડું. કીટ=કીડો. કુક્કુટ:=કૂકડો. કોટી=કરોડ. ઘટ:=ઘડો. ઘોટ:=ઘોડો. ચતુષ્પટ:=ચોપડો. જટા=જડ. તટ=તેડ. પર્પટ=પાપડ. બટુક:=બડુઓ. મર્કટ:=માંકડો. વટ=વડ. વાટી=વાડી. શકટી=શગડી. શાટી=સાડી. પતિત:=પડયો. પ્રતિપત્=પડવો. મૃતં=મડું.

૧૨. **ન** નો **ણ** થાય છે:—

અન્નકૂટ=અણકૂટ. અનુવર=અણવર. ઇંધનં=ઇંધણું. ઊનં=ઊણું. ઔઘાની=ઉજાણી. કઠિન=કઠણ. ખનિ=ખાણ. ગાનં=ગાણું. ચાલની=ચાળણી. જન=જણ. જમન=જમણ. દાન=દાણ. દોહની=દોહણી. ધમની=ધમણ. ધની=ધણી. નયન=નેણ. નિપાન=નવાણ. ફાલ્ગુન=ફાગણ. બંધનં=બાંધણું. માલિની=માલણ. રંધનં=રાંધણું. રંજની=રેણ. વચન=વેણ. વ્યાખ્યાન=વખાણ. શંખિની=શંખણી. સ્થાનં=થાણું. સુવાસિની=સોવાસણ. હીનં=હીણું.

૧૩. **વ** નો **બ** થાય છે:—

ઘૃતવર=ઘેબર. દ્વાર=બાર. દ્વિ=બે. વર્ત્તિ=બતી. વિરાજિત=બિરાજવું. વિષ્ટઃ=બેઠો. શવ=શબ.

૧૪. **ન** નો **લ** થાય છે:—નિમ્બકઃ=લીંબડો, કથની=કૂથલી.

૧૫. **પ** નો **વ** થાય છે:—

કૂપઃ=કૂવો. ગોપાલ=ગોવાળ. તાપ=તાવ. દીપઃ=દીવો. પશ્ચાત્તાપ=પસ્તાવો. મંડપઃ=માંડવો. વિરૂપઃ=વરવો. વાપી=વાવ. સપાદ=સવા.

૧૬. **શ** ને **ષ** નો **સ** થાય છે:—

અશ્રુ=આંસુ. આશ્વિન=આસો. નિઃશ્વાસ=નિસાસો. દંશ=ડાંસ. પાર્શ્વ=પાસ. વિશ્રામ=વિસામો. શબ્દ=સાદ. શ્વશુરઃ=સસરો. શ્વશ્રૂ=સાસૂ. શર્કરા=સાકર. ઔષધ=ઓસડ. તૃષા=તરસ. પૌષ=પોસ. મનુષ્ય=માણસ. વર્ષ=વરસ. વિષમ=વસમું. ષોડશ=સોળ.

૧૭. **ખ, ઘ, થ, ધ, ભ, ષ, સ** નો **હ** થાય છે:—

નખર=નહોર. મુખ=મ્હો. લેખક=લહીઓ. સખી=સહી. પ્રાઘુણઃ=પ્રાહુણો-પરોણો. મેઘ=મેહ. માઘ=માહ. કથન=કહેણ. ક્રોધ=કોહ. અધુના=અહુણા-હમણા. ગોધુમ=ગહું. દધિ=દહીં. બધિરઃ=બહેરો. વધૂ=વહૂ. સાધુકાર=સાહુકાર. આભીર=આહીર. નિભાલયતે=નિહાળે. લાભઃ=લાહવો. ઉષ્ણું=ઉહ્નું. પાષાણ=પાહાણ. સ્ના=ન્હા.

૧૮. **ર** કે **ડ** નો **લ** કે **ળ** થાય છે:—

પશ્યમણુ=પલાયણુ. રૂક્ષં=લૂખું. દરિદ્ર=દળદરી. સરિતા=સલિતા. હરિદ્રા=હળદર. ગુડ=ગોળ. તડાગ=તળાવ. ષોડશ=સોળ.

૧૯. શબ્દની શરૂમાં ન હોય, અને જોડાક્ષરમાં ન હોય, એવા ક્, ગ્, ચ્, જ્, ત્, દ્, પ્, ય્, વ્નો ઘણું કરીને લોપ થાય છે. લોપ થતાં વ્યંજનમાંથી જે અ બાકી રહે છે તે સ્થળે જરા ય બોલાય છે.

કુંભકાર=કુંભાર. નકુળ=નોળ. નાલિકેર=નાળિયેર. છગણું= છાણું. નગર=નેર (ચાંપાનેર). ભાંડાગાર=ભંડાર. સાગર=સાયર. વચન=વેણુ. રજની=રેણુ. ગતઃ=ગયો. વારિતઃ=વાર્યો. કેદારઃ=કયારો. પાદ= પાય. કોપિ=કોઇ. નયન=નેણુ. મયૂર=મોર, દિવસ=દહાડો. પ્રવિષ્ટઃ=પેઠો.

પાઠ ૪. અરબી ફારસી શબ્દો.

અખતરો (અ. ઇખ્તિરા)* પ્રયોગ, શોધ. **અખતીયાર** (અ. ઇખ્તિયાર) અધિકાર. **અખબાર** (અ. અખ્બાર) સમાચાર, વર્ત્તમાન પત્ર. **અજતરફ** (ફા. અજ=થી+અ. તરફ) તરફથી. મોટા અધિકારી નાના અધિકારીને લખતાં વાપરે છે. **અદના** (અ. અદ્ના) નીચ, કંગાલ. **અદા** (અ.) અમલમાં આણવું તે, પૂરૂં કરવું તે, નખરાં કરવાં. **અદાલત** (અ. અદલ=વાજબી તે પરથી) ઇનસાફ કરવાનું ઠેકાણું, ન્યાયમંદિર. **અફરાતફરી** (અ. ઇફ્રાત તફ્રીત) ગરબડ સરબડ. **અફલાતૂન** (યુ.) ગ્રીક તત્ત્વવેત્તા પ્લેટોનું નામ છે. ઘણા આગ્રહી માણુસને ઠપકો આપતાં આ બોલ વપરાય છે. **અમનચમન** (અ. અમ્ન=ચેન+ફા. ચમન=બગીચો) ચેનબાજી. **અમાન** (અ.) મુનસફ, વિશ્વાસુ. **અમીર** (અ.) જેને સરકાર તરફથી જાગીર વગેરે મળ્યું હોય તે, સરદાર. **અલગાર** (અ. અલ્ગાર) મોટાના અર્થમાં વપરાય છે. **અલફાઉ** (અ–આલુફ્તા) નકામું, મફતિયું. **અલ્લાહ** (અ.)

---

* ગુજરાતી ભાષામાં વપરાતા અરબી ફારસી શબ્દોનાં મૂળ આપવામાં તેની જોડણી ગુજરાત શાળાપત્રના લેખ પ્રમાણે આપેલી છે.

ખુદા, પરમેશ્વર. **અલ્લાહ** અકબર(ઘણો મોટો)=પરમેશ્વર ઘણો મોટો છે. **અવ્વલ** (અ.) પહેલો, મુખ્ય. અવલ કારકુન=પહેલો કારકુન. **અવ્વલ મંજલ** (અ. અવ્વલ મંજિલ) શબને દફ્નાવવાની ક્રિયા કરવી તે. **અશરફી** (અ. અશ્રફી) મોહોર. **અશરાફ** (અ. અશ્રાફ) સાલસ, ઇમાનદાર. **અસીલ** (અ.) કુલીન, સાલસ, જેની વતીનો વકીલ તે–વાદી કે પ્રતિવાદી.

આઈન (ફા.) કાયદો. આઇને અકબરી=અકબરના કાયદાનું પુસ્તક. **આખુંદજી** (ફા. અખુંદજી અથવા આખુનજી) શિક્ષક, મહેતાજી. **આગા** (ફા.) સાહેબ, ધણી, શેઠ, મિસ્ટર. હિંદુસ્તાનમાં ઇરાનના લોકોને આગા કહી બોલાવવાનો ચાલ છે. **આગાઈ** (ફા. આગાહી) જાણ થવી તે. **આજમ** (અ. અઅ્જમ) ઘણો મોટો. સરકારી કામદારના નામની સાથે માન દાખલ જોડાયછે. **આદમ** (અ.) આ દુનિયામાં સૌથી પહેલો જે પુરૂષ પેદા થયો તે. **આફતાબ** (ફા.) સૂર્ય. **આફરીન** (ફા. આફ્રીન) શાબાશ છે ! **આબ** (ફા.) પાણી. **તેજાબ**=ગંધક, સુરોખાર વગેરેના જે ગરમ રસ તે. **દોઆબ**=બે પાણી–નદી–વચ્ચેનો પ્રદેશ. **પંજાબ**=પાંચ નદી વચ્ચેનો પ્રદેશ. **આબકારી** (ફા. આબ્કારી) દારૂ ગાળવાનું કામ. **આબખોરો** (ફા. આબ્ખોરા) પડઘીવાળું ને પહોળા મોંઢાનું પાણી પીવાનું એક વાસણ. **આબદાગીરી** (ફા. આફતાબ્ગીરી) સવારીમાં રાજા–કારભારીને માથે જે છત્ર ધરવામાં આવે છે તે. **આબરૂ** (ફા. આબ્રૂ. આબ=પાણી+રૂ=મોં) મોંનું પાણી, ખ્યાતિ, માન, પ્રતિષ્ઠા. **આબેહુબ** (અ. હૂબહૂ) અસલ હોય તેવુંજ. **આબોહવા** (ફા.) પાણી અને હવા, હવા પાણી. **આમ** (ફા.) સાધારણ લોક. **આમની સભા**=સાધારણ લોકની સભા. **આમીન** (હિબ્રુ) થાઓ, હો, અસ્તુ. **આયનો** (ફા. આઇના) આરસો. **આયંદા** (ફા.)હવે પછી. **આરજુ** (ફા. આર્જૂ) ઇચ્છા. **આલમ** (અ.) દુનિયા. **આલીજાં** (અ. આલી=

મોટી+ફા. જાહ=પદવી) મોટી પદવીવાળો. **આલીશાં** (અ. આલી+શાન=પ્રતિષ્ઠા) મોટી પ્રતિષ્ઠાવાળો. **આશક માશૂક** (અ. આશકમાશૂક) એકમેકને ચાહનાર સ્ત્રી પુરૂષો. **આશકારા** (ફા. આશ્કારા) ઉઘાડું, જાહેર. **આસાનકેદ** (ફા. આસાન=સુગમ+અ. કયૂદ=કેદ) હલકી સજા.

ઇકરાર (અ. ઇક્રાર) ખાતરીથી બોલવું તે, સોગન લઇને જે સાક્ષી આપવી તે. **ઇખલાસ** (અ.) ઘણીજ દોસ્તી. **ઇજ્જત** (અ.) આબરૂ, માન, પ્રતિષ્ઠા. **ઇજ્જત આસાર** (અ.) આબરૂદાર. આબરૂદારના નામની પહેલાં એ શબ્દ લખાય છે. **ઇજન** (અ. ઇજ્ન) નોતરૂં. **ઇજારો** (અ. ઇજારા) માત્ર અમુકજ વહીવટ કરે તેવો સનદી હક, કૉન્ટ્રાક્ટ લેવો તે. **ઇત્તિફાક** (અ.) બનાવ. **ઈનકાર** (અ. ઇન્કાર) ના પાડવી તે, નિષેધ. **ઈનસાન** (અ. ઇન્સાન) માણસ જાત. **ઇનાયત** (અ.) મહેરબાની, પ્રીતિની નિશાનીમાં જે બક્ષીસ આપેલું તે. **ઇન્તિખાબ** (અ.) ટુંકામાં જે મતલબ તે. **ઇન્તિજાર** (અ.) આતુર, અધીર. **ઇબારત** (અ.) લખવાની ઢબ. **ઇમલો** (અ. ઇમ્લા) ભોંયતળિયા સિવાયની તે ઉપરની બાંધેલી ઇમારત તે. **ઇમામ** (અ.) કાજી, મુલ્લાં. **ઇલ્કાબ** (અ. અલ્કાબ) ખિતાબ. **ઇલમ** (અ. ઇલ્મ) વિદ્યા, કળા, જાદુ, ઇલાજ. **ઇશક** (અ. ઇશ્ક) પ્રેમ. **ઇસકામત** (અ. ઇસ્તિકામત) પુંજી. **ઇસમ** (અ. ઇસ્મ) માણસ. **ઈસલામ** (અ. ઇસ્લામ) મુસલમાની ધર્મ. **ઈદ** (અ.) મુસલમાનનો તહેવાર, **ઈમાન** (અ.) વિશ્વાસ, ધર્મ, પ્રમાણિકપણું.

ઉમરદરાજ (અ. ઉમ્ર=ઉમર+ફા. દરાજ=લાંબી) ચિરંજીવી. મોટા લોકો બાળબચ્ચાંને કાગળ લખતાં એ આશીર્વાદ શબ્દ લખે છે. **ઉમરાવ** (અ. ઉમરા) અમીર. **ઉરફે** (અ. ઉર્ફ) બીજે નામે. **ઉરસ** (અ. ઉર્સ) મુસલમાનનો એક તહેવાર, લગ્નનું જમણ, ઓરસ. **ઉસ્તાદ** (ફા.) શિક્ષક, મહેતાજી.

એજન (ફા. અયૂજન) ઉપર પ્રમાણે, તેજ. **એન ઘેન** (અ. અય્‌ન ગય્‌ન.) એન=આંખ, ગેન=વાદળું, અંધારૂં. છોકરાઓની એક રમત છે. **એબ** (અ. અયૂબ) ખોડ. **એલચી** (તુર્કી. એલ્ચી) વકીલ. એક રાજા તરફથી બીજા રાજાના દરબારમાં મોકલેલો માણુસ. **એલતેમાસ** (અ.) અરજ, ફરમાસ. **એશ** (અ. અયૂશ) મોજમઝા. **એહસાન** (અ. અહ્‌સાન) ઉપકાર.

ઓકાત (અ. અવ્‌કાત) શક્તિ. **ઓલિયા** (અ. અવ્‌લિયા) પીર લોકો. **ઓલમા** (અ. ઉલમા) પંડિત. **ઔરંગજેબ** (ફા. અવ્‌રંગજેબ) ઔરંગ=તખ્ત+જેબ=શોભા આપનાર. તખ્તને દીપાવનાર. **અંજુમન** (ફા.) મંડળી. અંજુમને ઇસ્લામ=ઇસ્લામીઓની મંડળી. **અંદાજ** (ફા.) ફેંકનાર. ગોલંદાજ=ગોળો ફેંકનાર. તીરંદાજ=તીર ફેંકનાર. **અંબાર** (ફા.) ઢગલા.

કજારજા (અ.) કજા=ઇશ્વર આજ્ઞા+રજા=ઇશ્વર ઇચ્છા. દૈવયોગે નુકસાન થાય તે. **કદમ** (અ.) પગલું. **કદમી** (અ. કદીમ) પ્રાચીન, જૂનું. **કદરદાન** (અ. કદ્ર=ગુજ+ફા. દાન=જાણનાર) ગુજ જાણનાર. **કફન** (અ.) શબને ઢાંકવાનું વસ્ત્ર. **કબાલો** (અ. કિબાલા) કબુલીઅત, કરાર. **કબીલો** (અ. કબીલા) બૈરી છોકરાં, પરિવાર, સ્ત્રી. **કલમબંદી** (અ. ફા.) સરકારની સત્તાથી જપ્તી લઇ જઈ દેણુદારની મિલ્કત નોંધી રાખવી તે, એને કાચી કલમબંદી કહે છે; જપ્તી, ટાંચ. **કલામે શરીફ** (અ. કલામિ શરીફ) કુરાન. **કવાયત** (અ. કવાઇદ) ડ્રિલ. **કસબો** (અ. કસબા) મોટું ગામડું. **કાજી** (અ.) કુરાનના ફરમાન મુજબ ઇનસાફ કરનાર અધિકારી. **કાનુન** (અ. કાનૂન) કાયદો, રિવાજ. **કાફર** (અ. કાફિર) દીનનું ફરમાન ન માનનાર. **કાફલો** (અ. કાફિલા) સમુદાય, ટોળું. **કાયદો** (અ. કાઇદા) ધારો. **કારકિર્દી** (ફા. કાર્કર્દગી) કારભા-

રીપાણું. **કારી** (ફા.) ઉંડું. 'કારી ઘા.' **કિતાબ** (અ.) પુસ્તક. **કિત્તો** (અ. કિતઆ) ખેતરનો કડકો. **કિફાયત** (અ.) સસ્તું પડે તે. **કિરાયુ** (અ. કિરાયા) ભાડું **કિસ્ત** (અ.) હફતો. ખેડૂતે સરકારને ભરવાનો હફ્તો તે. **કિસમત** (અ. કિસ્મત) નસીબ. **કિસ્સો** (અ. કિસ્સા) વાત, કહાણી. **કીનો** (ફા. કીના) મનમાં ડાઘ રાખવો તે, ખાર. **કુદરત** (અ. કુદ્રત) ઇશ્વરની શક્તિ, ઇશ્વરે બનાવેલાં કામ, પ્રકૃતિ. **કુનેહ** (અ. કુન્હ) કળાવિકળ, ચાતુર્ય, નિપુણતા, અક્કલ, કુંચી. **કુરનીશ** (તુર્કી. કુર્નુશ) દંડવત્ પ્રણામ. **કુરબાન** (અ. કુર્બાન) ભોગ દાખલ આપેલું, ખુશખુશ. **કેફિયત** (અ. કયૂફિયત) વિગતવાર હકીકત. **કૈસરેહિંદ** (ફા.) હિંદુસ્તાનનો કૈસર. કૈસરનું મૂળ તો સંસ્કૃત કેસરી એટલે સિંહજ જણાય છે. ફારસી ભાષામાં એ અર્થની સાથે મોટો પાદશાહ એવો ભાવ પણ થાય છે. ઇરાનના જૂના પાદશાહો કૈસર કહેવાતા. લાટીન ભાષામાં કાએસર અથવા ઇંગ્રેજીમાં અપભ્રંશરૂપે સીઝર જે બોલ બોલાય છે, તે પણ મૂળે આજ શબ્દ છે. ફારસીમાં આ શબ્દ જાતિરહિત છે તેથી સ્ત્રી કે પુરૂષ બંનેને સામાન્ય રીતે લાગુ પડે છે. **કોતાઇ** (ફા. કોતાહી) તંગી. **કોલ** (અ. કવૂલ) વચન, કબુલાત. **કોહિનૂર** (ફા. કોહ=પર્વત+અ. નૂર=તેજ) તેજનો પર્વત. કિંમત (અ. કીમત) મૂલ્ય. **કયામત** (અ. કિયામત) સર્વે મુએલાં પ્રાણીનો સામટો ઇનસાફ થવાનો દહાડો. **કયાસ** (અ. કિયાસ) અટકળ, કલ્પના.

ખજાનો (અ. ખજીના કે ખિજાના) દોલત, ગલ્લો. **ખતમ** (અ. ખત્મ) પૂરો, બંધ. **ખફગી** (ફા.) ગુસ્સો. **ખરીફ** (અ.) ચોમાસું પાક. બાજરી, જુવાર, ડાંગર, વગેરે. **ખલક** (અ. ખલ્ક) દુનિયા, આલમ, માણસજાત. **ખલીફા** (અ.) મહમદ પેગંબર પછી તેમની ગાદી ચલાવનારમાંના એકેક. **ખવાસ** (અ.) સ્વભાવ,

રાજાના હજુરી નોકરો. **ખવીસ** (અ. ખબીસ) અવગતિ પામેલો આત્મા. **ખસમ** (અ. ખસ્મ) ધણી, ખાવંદ, ભરથાર. **ખાએશ** (ફા. ખાહિશ) ઇચ્છા. **ખાકસાર** (ફા.) ખાક=રાખ+સાર=જેવો. ધૂળ જેવો, ચર્ણુરજ સેવક. મુસલમાનો પૂજ્યને કે મોટાને લખે ત્યારે લખે છે. **ખાતર** (અ. ખાતિર) સરભરા, શરમ, તરફદારી. **ખામુખા** (ફા. ખામખાહ) ખરેખર. **ખામોશ** (ફા.) ક્ષમા, ધીરજ. **ખાલસા** (અ. ખાલિસા) સરકારી. **ખાવંદ** (ફા. ખાવિંદ) માલિક, ધણી, પ્રભુ, ભરથાર. **ખાસ** (અ. ખાસ્સ) પોતીકું, અગત્યનું. **ખાસિયત** (અ. ખાસિય્યત) પ્રકૃતિ, ટેવ. **ખિતાબ** (અ.) ઇલકાબ. **ખીદમત** (અ. ખિદ્‌મત) સેવા, ચાકરી. **ખિદ્‌મતગાર**=સેવક. **ખિલ્લત** (અ. ખિલ્અત) સરપાવ. **ખુદ** (ફા.) પોતે, જાતે. **ખુદા** (ફા.) દુનિયાનો માલિક, પ્રભુ. **ખુદાએ કરીમ** (ફા.) ઉદાર ઇશ્વિર. **ખુદાતઆલા** (ફા. ખુદા+અ. તઆલા=ઘણો મોટો) મોટો ઇશ્વિર. **ખુદાવંદ** (ફા.) પ્રભુ. મોટા દરજ્જાવાળાને અરજ કરતાં વપરાય છે. **ખુમારી** (અ. ખુમાર=કેફ) આંખમાં કેફની જે લહેર આવે છે તે. **ખુવાર** (ફા.) હેરાન હેરાન. **ખુશ્કી** (ફા.) જમીનનો રસ્તો. **ખુશનુમા** (ફા. ખુશ્નુમા) ખુશ લગાડે તેવું, સુંદર. **ખુશામત** (ફા. ખુશામદ) હાજી હા, કાલાવાલા. **ખૂન** (ફા.) લોહી, જીવથી મારી નાંખવું તે, ઘાત. **ખૂનરેજી** (ફા.) કતલ. **ખેરખાહ** (અ. ખય્ર=નેકી, ભલાઇ+ફા. ખ્વા=ચાહનાર) શુભેચ્છક. **ખેરસલ્લા** (અ. ખય્રસલા) સમાધાન. **ખેરાત** (અ. ખય્રાત) પુણ્ય. **ખેરીયત** (અ. ખય્રિય્યત) ક્ષેમ. **ખો** (ફા. ખૂ) આદત, ટેવ. **ખંજર** (ફા.) જમૈયો. **ખ્યાલેશરીફ** (અ. ખિયાલ=વિચાર+શરીફ=ઉત્તમ) ઉત્તમ વિચાર.

ગનીમત (અ.) મૂળ અર્થ લૂટનો માલ, ખુશી. **ગફુર** (અ.) નરમ, દયાળુ. **ગફુર રહીમ**=દયા કરનાર, માફ કરનાર. **ગભરૂ**

(ફા. ગબ્ર) માંસથી ભરેલો ગોરો ને ફુટડો જુવાન. **ગમગીન** (અ. ગમ=શોક+ગીન ફારસી પ્રત્યય) શોકાતુર. **ગરક** (અ. ગર્ક) ડૂબી ગયેલું, લીન થયેલું. **ગરકાવ** (અ. ગર્ક+ફા. આબ=પાણી) ભરપૂર. **ગરદ** (ફા. ગર્દ) ધુળ. **ગરીબ પરવર** (અ. ગરીબ=નિર્ધન, કંગાલ, સાલસ+ફા. પર્વર=પાળનાર) ગરીબોને પાળનાર. **ગરૂર** (અ. ગુરૂર) ગર્વ, અહંકાર. **ગલીચ** (અ. ગલીજ) ગંદુ. **ગાફેલ** (અ. ગાફિલ) ગફલત કરનાર, અસાવધ, બેખબર. **ગિબત** (અ. ગીબત) નિંદા, ગિલ્લો, ચાડી. **ગિરદી** (ફા. ગિર્દી) ભીડ, ઠઠ. **ગિરફતાર** (ફા. ગિરિફતાર) સપડાયલો, ફસાયલો. **ગુદસ્ત** (ફા. ગુજસ્તા) ગયેલું, ગયેલું વર્ષ–માસ કે દિવસ. **ગુફતેગુ** (ફા. ગુફતગૂ) છાનીછપની વાત, વાતચીત. **ગુમાન** (ફા.) ગર્વ, તોર, મોટાઇ. **ગુરદો** (ફા. ગુર્દા) મૂત્રાશય. **ગુલતાન** (ફા. ગલ્તાં) લીન થયેલું, સમગ્ર **ગુલસ્તાન** (ફા. ગુલિસ્તાન) બાગ, ચમન, એક કિતાબનું નામ છે. **ગુલાબ** (ફા.) ગુલ=ફૂલ+આબ=પાણી. ફૂલનું પાણી એક જાતનો છોડવો અથવા એનું ફૂલ. **ગેબ** (અ. ગયૂબ) અલોપ, ગુપ્ત. **ગોર** (અ. ગવ્રૂર) ઉંડો વિચાર. **ગુંગ** (ફા.) મૂગો. **ગુંજાસ** (ફા. ગુંજાઇશ) ગજું, શક્તિ.

ચમન (ફા.) બાગ, વાડી, રંગરાગ. **ચશમપોશી** (ફા. ચશ્મપોશી) ચશમ=આંખ+પોશી=છૂપાવવું. આંખ આડા કાન કરવા તે. **ચશમા** (ફા. ચશ્મા) ઉપનેત્ર. **ચિકન** (ફા. ચિકિન) ભરત. **ચુગલી** (તુર્કી.) ચાડી. **ચુસ્ત** (ફા.) પોતાના મતને હઠથી વળગી રહેનાર.

જઇફ (અ.) વૃદ્ધ, બુઢ્ઢો. **જજિયો** (અ. જિજયા) માથાવેરો. **જડબે સલાખ** (અ. જર્બેશલ્લાક) સજજડ. **જનાનો** (ફા. જનાના) ઓઝલમાં રહેતાં બૈરાં, જનાનખાનું, રણવાસ. **જનાબ** (અ.) સેવા, હજુર. **જપ્ત** (અ. જબ્ત) માલિકની સત્તામાંથી સરકારે પોતાના કબજામાં લીધેલ માલમિલ્કત. **જબરદસ્ત** (ફા. જબર્દસ્ત) જો-

રાવર, જુલમગાર. **જબાન** (ફા.) જીભ, બોલી, ભાષા. **જમાત** (અ. જમાઅત) માણસનો જથો, નાત. **જમાનો** (અ. જમાના) લાંબો કાળ, યુગ. **જમાબંધી** (અ. જમ્અ પરથી જમા=એકઠું કરવું+ફા. બંદી=બાંધવું તે) જમીનવેરો ખેડૂત પાસેથી એકઠો કરવા સંબંધી. **જમીનદોસ્ત** (ફા. જમીન્દોજ)ભાંગી તોડી જમીન બરાબર કરી નાંખેલું. **જરદ** (ફા. જર્દ) પીળું. **જરદી**=કસુંબી ફૂલમાંથી પીળો રંગ નીકળે છે તે. **જરાયત** (ફા. જિરાઅત) જેમાં માત્ર ચોમાસું પાક થાય તેવી જમીન, આકાશિયા. **જલદ** (અ. જલ્દ) ચાલાક, તીખું, આકરા મિજાજનું. **જલસો** (અ. જલ્સા) બેઠક. **જશન** (ફા. જશ્ન) સમારંભ. **જવાંમર્દ** (ફા.) બહાદુર. **જહાનમ** (અ. જહંનમ) નરક કુંડ, દોજખ. **જહાં** (ફા.) દુનિયા. **જહાંપનાહ** (ફા.) દુનિયાનું સંરક્ષણ કરનાર. આ શબ્દ રાજા અમીરને બોલાવતી કે લખતી વખતે વપરાય છે. **જાગીર** (ફા.) લશ્કર રાખવાના કે એવાં બીજાં કોઇ કામ કરવાના બદલામાં સરકાર જે જમીન આપે છે તે. **જાદા** (ફા.) દીકરો. **શાહજાદા**=મુસલમાન રાજપુત્ર. **જાનમાલ** (ફા. જાન=જીવ+અ. માલ) જાન અને માલ. **જાફત** (ફા. જિયાફત) ઉજાણી. **જામદાર** (ફા. જામ્દાર) જામદારખાનાની સંભાળ રાખનાર, કીલીદાર. **જામદારખાનું** (ફા.) જવાહીર, ઘરેણાં, વસ્ત્ર વગેરે રાખવાનો ઓરડો, સરકારી તિજોરી. **જારત** (અ. જિયારત) મુસલમાનોમાં મુઆ પછી ત્રીજે દિવસે જે ક્રિયા વગેરે થાય છે તે. **જાલમ** (અ. જાલિમ) જુલમગાર. **જાસુસ** (અ. જાસૂસ) બાતમીદાર, છૂપો ભેદ લાવી આપનાર. **જાહોજલાલી** (ફા. અ. જાહોજલાલ) મોટાઇ. **જિબ્રઈલ** કે **જિબ્રાઇલ** (અ.) ચાર મોટા ફિરિસ્તામાંના એક, તેમનું કામ ખુદાની તરફથી પેગંબર સાહેબને વહી પહોંચાડવાનું હતું. **જીકર** (અ. જિક્ર) હઠ, આગ્રહથી માગવું. **જીગર** (ફા. જિગર) કાળજું, દિલ. **જીદ** (અ. જિદ્દ) જક, તકરાર, હઠ. **જીંદગી** (ફા.

જિંદગી) જન્મથી મરતાં લગીનો વખત. **જુમલે** (અ. જુમ્લા) એકંદર. **જુમ્મો** (અ. જિમ્મા) જવાબદારી. **જુલફા** (ફા. જુલ્ફ) વાળ. **જુસ્સો** (ફા. જોશ) મનનો ઉભરો, મનની શક્તિ, જોમ. **જેબ** (ફા.) શોભા, માન, પ્રતિષ્ઠા. **જેહમત** (અ. જહ્મત) દુઃખ, મુશ્કેલીમાં પડવું તે. **જોરતલબી** (ફા. જોર્તલબી) બળથી જે ખંડણી લેવી તે. **જંનત** (અ.) સ્વર્ગ. **જુંબેશ** (ફા. જુંબિશ) હાલવું, વેગમાં આવવું તે.

ઝનૂન (અ. જિનૂન, જુનૂન) ગાંડો જુસ્સો, જોસવાળી હઠ. **ઝલેહ** (અ. જિલા) ઓપ, ચળકાટ, તેજ. **ઝવેર** (અ. જવ્હર) હીરા, માણેક, વગેરે. ઝેર (ફા. જહ્ર) વિષ.

ડાયરો (અ. દાયિરા) મંડળી.

તગદીર (અ. તકદીર) નસીબ, સર્જિત. **તકલદી** (અ. તકલીદી) નાજુક, ઉપરના ભભકાવાળું. **તકલીફ** (અ. તકલીફ) મહેનત, પીડા. **તકસીર** (અ. તકસીર) ભૂલ, ગુનો. **તકાદો** (અ. તકાજા) જબરદસ્તીથી કઢાવવું તે. **તખ્તનશીન** (ફા. તખ્ત્તનિશીન) તખતે-ગાદીએ-બેસનાર. **તખ્તેતાઉસ** (ફા. તખ્ત+અ. તાવૂસ=મોર) મયૂરાસન. **તગાવી** (અ. તકાવી) સરકારે ખેડૂતોને જમીન સુધારવાને મદદ દાખલ અગાઉથી જે નાણું ધીર્યું હોય તે. **તફરકે** (અ. તફ્રિકા) ગુમ. **તબીબ** (અ.) વેદ, હકીમ. **તરજુમો** (અ. તર્જમા, તર્જુમા) ભાષાંતર. **તરફ** (અ.) બાજુ, ભણી. **તરબીયત** (અ. તર્બિયત) કેળવણી. **તરી** (ફા.) જળમાર્ગ. **તલબ** (અ.) ઇચ્છા. **તલાક** (અ.) ધણી ધણીઆણીએ છુટા છેડા કરવા તે. **તવંગર** (ફા. તુવાંગર) પૈસાદાર. **તવારીખ** (ફા.) ઇતિહાસ. **તસલ્લી** (અ.) ખાતરી. **તસ્લીમાત** (અ.) પ્રણામ. **તહ** (ફા.) સલાહનો કોલકરાર. **તાકાત** (અ.) જોર. **તાજ** (ફા.) મુગટ. **તાજગી** (ફા.) તન્દુરસ્તી. **તાજાકલમ** (ફા.) લેખ લખ્યા પછી પાછળથી નવો મજકુર લખાય તે. **તાજીમ** (અ. તઅઝીમ) માન, વિવેક, અદબ.

તાબુત (અ. તાબૂત) હજરત પેગંબર સાહેબના દૌહિત્ર હસન ને હુસેન કર્બલાની લડાઇમાં મોહોરમના મહીનામાં મરાયા, તે પરથી તેની યાદગીરીમાં મોહોરમના મહીનામાં જે તાજિયા કાઢે છે તે. **તાલીમ** (અ. તઅ્લીમ) કેળવણી, શિક્ષણ. **તાલેવર** (અ. તાલે=નસીબ+ફા. વર=વાળો) નસીબવાળો. **તાવીજ** (અ. તઅ્વીજ) મંત્ર લખેલી ચિઠ્ઠી ગળે કે હાથે બાંધે છે તે. **તાસીર** (અ.) છાપ, તરેહ, સિકલ, તદબીર. **તુખમ** (ફા. તુખ્મ) બી–"તુખ્મે તાસીર ને સોબતે અસર." **તુમાર** (અ. તૂમાર) અરજી નીચે લખાણ ચાલેલો કાગળ. **તેહેનાત** (અ. તઅ્નાત) તાબામાં. તેહેસીલ (અ. તહસિલ) જમીનનું વસુલ એકઠું કરવું તે, જમા. **તોફાન** (અ. તૂફાન) વાવાઝોડું, વંટોળિયો, અતિ વૃષ્ટિ; મસ્તી, હુલડ. **તોશાખાનું** (ફા. તોશફ્ખાના) સરકારી તિજોરી.

દખલ (અ. દખ્લ) વચ્ચે પડવું તે, અટકાવ. **દફન** (અ. દફ્ન) દાટવું તે. **દરકાર** (ફા. દર્કાર) ગરજ, કાળજી. **દરખાસ્ત** (ફા. દર્ખાસ્ત) અરજ, હુકમનામું બજાવવાને કરેલી અરજ. **દરગાહ** (ફા. દર્ગાહ) રોજો, મોટા માણસનું સ્થાન. **દરગુજર** (ફા. દર્ગુજર) માફ કરવું. **દરજ્જો** (અ. દરજા) અધિકાર. **દરબાર** (ફા. દર્બાર) રાજ્ય કચેરી, રાજા. **દરમિયાન** (ફા. દર્મિયાન) વચ્ચે. **દરવાન** (ફા. દર્બાન) દ્વારપાળ. **દરવેશ** (ફા. દર્વેશ) ફકીર. **દરીઆફ્** (ફા. દર્યાફ્ત) કારણ સાથે મનમાં નક્કી કરવું તે, વિચાર. **દલીલ** (અ.) કારણ. **દસ્કત** (ફા. દસ્ત=હાથ+અ. ખત=લખાણ) પોતાના હાથના અક્ષર. **દસ્તુર** (અ.) રિવાજ. **દસ્તુર** (ફા. દસ્તૂર) પારસીઓમાં જે ગોરનું કામ કરે છે તે. **દાખલ** (અ. દાખિલ) હાજર થયેલું, નોંધેલું. **દાદ** (ફા.) ફરિયાદ, સંભાળ, ઇન્સાફ. **દાનત** (અ. દિનાયત) દિલ, ન્યાયબુદ્ધિ. **દાના** (ફા.) ડાહ્યો, વિવેકી. **દાનેશમંદ** (ફા. દાનિશ્મંદ) બુદ્ધિ-

વાળો. **દારોગો** (તુ. દારોગા) મુખી, વડો. **દાવો** (અ. દઅ્વા) હક, ફરિયાદ. **દિગર, દીગર** (ફા.) બીજું. **દિલ** (ફા.) મન, ખાએશ, ચાહેના. **દિલસોજ** (ફા. દિલ્સોજ) કોઇનું દુઃખ જોઇ મનમાં બળનાર. **દિલાવર** (ફા.) મોટા મનવાળો. **દિલાસો** (ફા. દિલાસા) મનને ધીરજ આપવી તે, આશા. **દિલોજાન** (ફા.) પ્રાણપ્રિય. **દીન** (અ.) મુસલમાની ધર્મ. **દીબાચો** (ફા. દીબાચા) પ્રસ્તાવના, ઉપોદ્ઘાત. **દીવાન** (ફા.) મુખ્ય પ્રધાન. **દીવાને આમ** (અ. દીવાનિ આમ) સાધારણ લોકની સભા. **દીવાને ખાસ** (અ. દીવાનિ ખાસ) અમીર લોકની સભા. **દુઆ** (અ.) આશીશ. **કદુઆ**=શાપ. **દુશાલો** (ફા. દુશાલા) બેવડી શાલ. **દુરબીન** (ફા. દૂર્બીન) દુરની વસ્તુ નજીક દેખાડનાર યંત્ર. **દૂરંદેશ** (ફા.) ભાવીનો પ્રથમ વિચાર કરવો તે. **દેદાર** (ફા. દીદાર) ચહેરો, ઢંગ. **દોજખ** (ફા.) નરક. **દોલત** (અ. દવ્લત). **દોલતજયાદા**—આ શબ્દ દોલત વધો એ અર્થમાં વપરાય છે. **દંગો** (ફા. દંગા) હુલ્લડ.

નકો (અ. નિકાહ) ગાંધર્વ વિવાહ. **નખરાં** (ફા. નખ્રા) ચાળા, હાવભાવ. **નગદ** (અ. નક્દ) રોકડ. **નગીન** (ફા.) જવાહીર, શોભાયમાન. **નજરાણું** (ફા. નજ્રાના) ભેટ. **નમુનો** (ફા. નમૂના) માસલો, જાત. **નવાજેશ** (ફા. નવાજિશ) મહેરબાની. **નવાબ** (અ. નવ્વાબ) સુબો. **નસીઅત** (અ. નસીહત) સજા, શિખામણ, ઠપકો. **નાખુદા** (ફા.) વહાણ ચલાવનાર, ટંડેલ. **નાજર** (અ. નાજિર) અદાલતનો એક અમલદાર. **નાદાર** (ફા.) ગરીબ, દેવાળિયો. **નાપાક** (ફા.) અપવિત્ર. **નાફરમાની** (ફા. નાફર્માની) હુકમ ન માનવો તે, અવજ્ઞા. **નાબુદ** (ફા. નાબૂદ) સમૂળો નાશ. **નામદાર** (ફા.) પ્રખ્યાત. **નામરદ** (ફા. નામર્દ) બાયલો. **નાયબ** (અ. નાઇબ) અધિકારમાં બીજી પદવીનો. **નાસીપાસ** (ફા. નાસિપાસ) નાઉમેદ, નિરાશ. **નિમક** (ફા નમક).

મીઠું. **નિમકહુરામ**=કૃતઘ્ન. **નિમકહુલાલ**=કૃતજ્ઞ. **નિમાજ** (અ. નમાજ) બંદગી. **નીઘા** (ફા. નિગાહ) નજર. **નીઘેદારી**=દેખરેખ, ઉપરીપણું. **નીમે** (ફા. નીમા) અર્ધો. **નીરખ** (ફા. નિર્ખ) ભાવ. **નીસબત** (અ. નિસ્બત) સંબંધ. **નુકતો** (અ. નુકતા) નવો મુદ્દો, ગુહ્યાર્થ લખાણ. **નુકસાન** (અ.) તોટો, હાની, બગાડ. **નૂર** (અ.) તેજ. **નૂરચશમ**=આંખનું તેજ. **નૂરજહાં**=દુનિયાનું તેજ. નેક (ફા.) પ્રમાણિક, ઇમાનદાર, સજ્જન.

પરગણું (ફા. પર્ગના) તાલુકો. **પરવરદેગાર** (ફા. પર્વર્દગાર) પ્રાણી માત્રને પૂરું પાડનાર દુનિયાનો માલિક. **પરવરશી** (ફા.પર્વરિશી) પાલણપોષણ કરવું તે. **પરહેજ** (ફા. પર્હેજ) કરી, પથ્ય. **પરાગંદા** (ફા.) જતો રહેલો. **પલીત** (ફા. પલીદ) ભૂત, પ્રેત. **પાક** (ફા.) પવિત્ર. **પેગામ** (ફા. પયગામ) સંદેશો, ખબર. **પેગંબર** (ફા. પયગંબર) ઇશ્વરને ત્યાંથી પેગામ લાવનાર. **પેસ્તર** (ફા. પેશ્તર) અગાઉ, પહેલાં. **પોતું** (ફા.) ગામમાંથી વસુલ આવેલું નાણું સરકાર તિજોરીમાં મોકલવાને તૈયાર કરેલી થેલી.

ફના (અ.) પાયમાલ. **ફરજંદ** (ફા. ફર્જંદ) સંતાન, સંતતિ. **ફરદ** (અ. ફર્દ) જોટામાંનું એક. **ફરદોસ** (અ. ફિર્દૌસ) સ્વર્ગ. **ફરમાશ** (ફા. ફર્માઇશ.) ભલામણ, સિફારસ. **ફર્શબંધી** (અ. ફા. ફર્શબંદી) પત્થર બેસાડેલી જમીન. **ફરાસ** (અ. ફરાશ) સાફસુફ વગેરે કરનાર ચાકર. **ફરીઆદ** (ફા. ફર્યાદ) અરજી. **ફરેબ** (ફા.) દગો, ભૂલથાપ. **ફરેસ્તો** (ફા. ફિરિસ્તા) દેવના દૂત. **ફસલ** (અ. ફસ્લ) ધાન્યનો પાક, તુલ. **ફાજલ** (અ. ફાજિલ) વધેલું, નિરૂપયોગી. **ફારગતી** (અ. ફારિગ્ખતી) બંધનમાંથી છૂટું થવાનો લેખ. **ફિદા** (અ.) પ્રસન્ન. **ફિસાદ** (અ. ફસાદ) બંડ. **ફીદવી** (ફા. ફિદ્વી) સેવક. **ફુરજો** (અ. ફુર્જા) દરિઆઇ માલપર જકાત લેવાનું ઠેકાણું, ડક્કો. **ફેરિસ્ત** (અ. ફિહ્રિસ્ત) યાદી, ટીપ. **ફેલ** (અ. ફ્યૂલ) કામ, ઢોંગ.

બકાલ (અ. બક્કાલ) જેમ તેમ કરી દુકાન માંડી બેઠેલો વાણિયો, ખરચવે ચીકણો. **બક્ષી** (ફા. બખ્શી) ફોજનો સરદાર, ફોજના માણુસોને પગાર આપનારો. **બરકત** (અ.) ફાયદો. **બરખાસ** (ફા. બર્ખાસ્ત) રજા થઇ હોય તેવું. **બરતરફ** (ફા. બર્તરફ) નોકરીમાંથી કાઢી મૂકેલું. **બરબાદ** (ફા. બર્બાદ) રદ, નાશ કરેલું. **બલકે** (ફા. બલ્કે) વિશેષ. **બલા** (અ.) ભૂત, ચેટક, વગેરે; આફત. **બહાર** (ફા.) ખીલી રહેવું તે. **બાગવાન** (ફા. બાગ્બાન) માળી. **બાગાયત** (ફા. બાગાત) કુવેતર જમીન. **બાજુ** (ફા. બાજૂ) કોર, તરફ. **બાતેન** (અ. બાતિન) ગુપ્ત. **બાદબાદ** (ફા. બાદ્બાદ) વહાણું, ભોર. **બારગીર** (ફા. બાર્ગીર) ઘોડેસ્વાર લડવૈયો. **બારનિસી** (ફા. બારાનવીસી) કાગળપત્રો નોંધવાનું કામ, ને તે કામ કરનાર બારનિસ કહેવાય. **બિયાબાન** (ફા.) જંગલ. **બિરાદર** (ફા.) દોસ્ત. **બીન** (અ. બિન) દીકરો. **બુજરગ** (ફા. બુજુર્ગ) ઘરડો. **બુનીઆત** (ફા. બુન્યાદ) ખાનદાન, કુલીન. **બુલાખ** (અ. બુલ્લાક) બે નસકોરાંની વચ્ચેના પડદામાંનું કાણું તે. **બેજાર** (ફા.) હેરાન. **બેત** (ફા. બય્ત) કવિતાની કડી. **બેદાણા** (ફા. બેદાના) બી વિનાનું. **બેલદાર** (ફા.) મજૂર, કુહાડાવાળો. **બેહજુર** (ફા. બહુજૂર) બેની હાજરીમાં. **બેહતર** (અ. બહ્તર) વધારે સારૂં. **બેહેસ્ત નશીન** (ફા. બહિશ્ત=સ્વર્ગ+નિશીન=વાસી) સ્વર્ગવાસી. **બંદગી** (ફા.) ઇશ્વર પ્રાર્થના, નિમાજ. **બંદેનવાઝ** (ફા. બંદા=ચાકર, સેવક, ફિદવી+નવાજ=મહેરબાની કરનાર) સેવકપર મહેરબાની કરનાર. **બ્યાન** (ફા બયાન) હકીકત.

મકતબ (અ. મક્તબ) નિશાળ. **મકસદ** (અ.) મતલબ, હેતુ. **મગદુર** (અ. મક્દૂર) શક્તિ, તાકાત. **મગરૂબ** (અ. મગ્રૂર) ગર્વિષ્ઠ, અભિમાની. **મજકુર** (અ. મજકૂર) વિષય, ઉપર લખેલું તે. **મજહબ** (અ. મજ્હબ) ધર્મ. **મદ્રેસો** (અ. મદ્રસા) નિશાળ. **મનસુબો** (અ.મન્સૂબા) ઇરાદો, ઇચ્છા. **મરતબો** અ. (મર્તબા)

પદવી, દરજ્જો, મોભો. **મરહુમ** (અ. મર્હૂમ) સ્વર્ગવાસી. **મશગૂલ** (અ. મશ્ગૂલ) કામમાં રોકાયલું. **મશહૂર** (અ. મશ્હૂર) જાહેર. **મસ-લહત** (અ. મસ્લહત) વિચાર. **મસીદ** (અ. મસ્જિદ) મુસલમાન લોકોને નિમાજ પઢવાને બાંધેલી જગો. **માજી** (અ.) પહેલાંના. **માદ** (ફા.) પક્ષીમાં સ્ત્રીજાત. **મામૂલ** (અ. મઅમૂલ) ચાલતો આવેલો વહેવાર, શિરસ્તો. **માલિક** (અ.) માલધણી. **માસલો** (અ. મસઅલા) નમુનો. **મિજલસ** (અ. મજિલસ) સભા, મંડળી. **મિજાન** (અ. મીઝાન) માપ. **મિસલ** (અ. મિસ્લ) રીત, દૃષ્ટાંત. **મીનાકારી** (ફા.) કાચ જેવા પદાર્થ પર શોભીતું કરેલું કામ. **મીરજાં** (ફા. મીર્ઝા) મુસલમાનોમાં એ નામનો એક ખિતાબ ઉંચા દરજ્જાવાળાને આપે છે તે. **મુકરદમ** (અ. મુકદ્દમ) ઉપરી. **મુકરદમો** (અ. મુકદ્દમા) કેસ. **મુખતી-આર** (ફા. મુખ્તાર) વકીલ. **મુખ્તેસર** (ફા. મુખ્તસર) સંક્ષિપ્ત. **મુજબ** (અ. મૂજિબ) પ્રમાણે. **મુદ્દો** (અ. મુદ્દઆ) પત્તો, પાયો. **મુનશી** (અ. મુન્શી) ફારસી, અરબી, ઉરદુ શિખવનારો. **મુન-સફ** (અ. મુન્સિફ) જિલ્લા જજજના હાથ નીચેનો દિવાની કામનો ઇન્સાફ કરનાર અમલદાર. **મુનાસબ** (અ. મુનાસિબ) યોગ્ય. **મુફ-સીલ** (અ. મુફસ્સલ) ગરીબ. **મુલાયમ** (અ. મુલાઇમ) નરમ, કુમળું, સુંવાળું ને પોચું. **મુલકી** (અ.) મુલક સંબંધી, જમાબંદીને લગતું. **મુલ્લાં** (અ. મુલ્લા) વહોરાઓમાં ધર્મ સમજાવનાર. **મુસદ્દી** (અ. મુત્સદ્દી) જુગતીસર સારી ઇબારત લખનાર. **મુસલમાન** (અ. મુ-સલ્માન). **મૂજી** (અ.) દુઃખ દેનાર. **મેતાબ** (ફા. મહ્તાબ) ચંદ્ર. **મેહેરાબ** (અ. મિહરાબ) કમાનનો આકાર. **મેહેસુલ** (અ. મહ્સૂલ) જમીન વગેરે ઉપરના કરો. **મૈયત** (અ. મૈઇત) મરણ. **મોઆજમ** (અ. મુઅજ્જમ) માનવંત, ઉત્તમ. **મોકુફ** (અ. મવ્કૂફ) બંધ. **મોઘમ** (અ. મુબ્હમ) સંકેતમાં બતાવ્યું હોય તેવું. **મોજુદ** (અ. મવ્જુદ) હાજર, તૈયાર. **મોબદલો** (સં. મુખપરથી મોં+ અ. બદલો=ફેરફાર) એકને નામેથી બીજાને નામે ચડાવવું. **મોરચો**

(ફા. મોર્ચા) કોટ અથવા બુરજ ઉપર જ્યાં તોપ ગોઠવવામાં આવે છે તે. **મોલવી** (અ. મવ્‌લવી) મુસલમાની સરેહ (શાસ્ત્રાર્થ) જાણનાર. **મોસલ** (અ. મુહસ્સિલ) સરકારના હુકમથી તેડવા આવેલો ને તાકીદ કરનારો. **મોહોરૂં** (ફા. મુહરા) રૂપ–ગુણ–ચાતુરીમાં આગળ પડતું. **મંજલ** (અ. મંજિલ) એક ચોકસ વખતમાં જે અંતર કપાય તે.

યા (ફા.) અથવા. **યાદદાસ્ત** (ફા. યાદદાશ્ત) યાદ રાખવાની શક્તિ, ટિપ્પણ. **યાને** (ફા.) અથવા.

રફુ (અ. રફૂ) તુણવું. **રમળ** (અ. રમ્લ) પાસા નાખીને ભવિષ્ય જોવાની વિદ્યા. **રવાનગી** (ફા.) વિદાયગીરી. **રાસ્ત** (ફા.) સત્ય. **રાહ** (ફા.) રસ્તો, ઢાળ, વાટ. **રાહદારી** (ફા.) માલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાની રજાચિઠ્ઠી. **રૂખસદ** (અ. રૂખ્સત) રજા, બરતરફી. **રૂશવત** (અ.) લાંચ. **રૂબરૂ** (ફા.) સન્મુખ. **રૂમાલ** (ફા.) મોં લૂછવાનો કડકો. **રોનક** (ફા. રવ્‌નક) રચનાની શોભા. **રોબ** (અ. રૂઅબ) ભભકો, ડર. **રોશનાઈ** (ફા. રોશ્નાઈ) ઘણા દીવાનો પ્રકાશ.

લવાદ (અ. લવાજ) પંચ, મધ્યસ્થ. **લહેજત** (અ. લજ્જત) અંદરની ખુબી, રસ. **લાજમ** (અ. લાજિમ) લાયક. **લેબાસ** (અ. લિબાસ) પોશાક.

વક્કર (અ. વક્ર) ભારબોજ. **વકુફ** (અ. વકૂફ) સમજ, ડહાપણ. **વફાદાર** (અ. વફા+ફા. દાર) વિશ્વાસુ. **વલદે** (અ. વલદિ) દીકરો. **વસીયત** (અ.) વારસો. **વસુલ** (અ. વુસૂલ) જમે. **વાકેફ** (અ. વાકિફ) માહિતગાર. **વાયજ** (અ. વાઇજ) ધર્મસંબંધી મોંઢેથી કરેલું ભાષણ. **વાલી** (અ.) રક્ષક. વિલાયત (અ.) જન્મભૂમિ, અંગ્રેજોનું વતન.

શરમંદગી (ફા. શર્મિંદગી) શરમ. **શરાબ** (અ.) દારૂ. **શરીક** (અ.) સાથી. **શરે** (અ. શરઅ) મુસલમાની કાયદો. **શાદી** (ફા.) લગ્ન. **શાબાશ** (ફા.) ધન્ય! **શામેલ** (અ. શામિલ)

જોડે હોય તે. **શાહિદ** (અ. શાહિદ) સાક્ષી. **શુકર** (અ. શુક્ર) ઇશ્વિરનો ઉપકાર માનવો, ભાગ્ય. **શેતાન** (અ. શયૂતાન) રાક્ષસ, ભૂત, જીન, ખબ્બીસ; તર્કટી માણસ. **શેહેજોરી** (ફા. શહજોરી) મોટું જોર. **શહેનશાહ** (ફા. શહન્શાહ) મોટા રાજા, ચક્રવર્તી. **શોખ** (ફા. શવૂક) મોજમઝા. **શોર** (ફા.) ઘોંઘાટ બૂમ.

સખાવત (અ.) ઉદારતા. **સખી** (અ.) ઉદાર. **સગીર** (અ.) નાની. **સતારો, સિતારો** (ફા. સિતારા) ગ્રહ, નસીબ. **સદર** (અ. સદ્ર) સાથી મોટું, ઉંચા દરજ્જાનું. **સદરહુ** (અ. સદ્રહૂ) ઉપરનો. **સદી** (અ. સદી) ૧૦૦ વર્ષ, શૈકો. **સનંદ** (અ. સનદ) પટો, લેખ. **સપારસ** (ફા. સુફારિશ) ભલામણ. **સફેત** (ફા. સફેદ) ચળકતું ધોળું. **સબબ** (અ.) હેતુ, કારણ. **સરકાર** (ફા. સર્કાર) રાજ્યસત્તા ધરાવનાર મુખ્ય અધિકારી. **સરજોરી** (ફા. સર્જોરી) જુલમ. **સરનશીન** (ફા. સર્નિશીન) પ્રમુખ, વડો. **સરનામું** (ફા. સર્નામા) કાગળની ઉપર જે નામ ઠામ લખ્યું હોય તે. **સરાફ** (અ. સર્રાફ) નાણાવટી. **સરિયામ** (અ. શારિઆમ) ધોરી, જાહેર. **સલતનત** (અ. સલ્તનત) સુલતાની, બાદશાહી. **સલામત** (અ.) ક્ષેમ, હૈયાત. **સલામી** (અ.) ગરાસિયા વગેરે માલિકને પોતાની જમીનપર વીઘોટી નહિ, પણ જે થોડો કર સરકારને ભરવો પડે છે તે. **સલુક** (અ. સુલૂક) સલાહ. **સાઈસ** (ફા.) ખાસદાર. **સાદર** (અ. સાદિર) નીકળનાર. **સાન** (અ. શાન) ડહાપણ. **સાયર** (અ.) માલ ઉપરનો કર. **સાલગીરી** (ફા.) જન્મ દિવસ. **સાલસ** (અ. સલીસ) ભલો, નિષ્કપટી. **સાહેબ** (અ. સાહિબ) ધણી. **સિરબંદી** (ફા. સિબંદી) મુખ્ય રાજાને ખંડીઆ રાજાએ જે લશ્કર પૂરૂં પાડવું તે. **સિલેદાર** (ફા. સલાહ્દાર) ઘોડેસ્વાર સિપાઇ. ઘોડાનો ખરચ તેને માથે હોય છે. **સીરસ્તેદાર** (ફા. સર્રિશ્તેદાર) કચેરીનો એક અધિકારી–જે અરજીઓ વાંચવા સમજવાનું વગેરે કામ કરે છે તે. **સુકાન** (અ. સુક્કાન) જેને મરડવાથી વહાણની દિશા બદલી શકાય છે તે લાકડું. **સુજાત**

(અ.) મુસલમાન થવાનો એક સંસ્કાર. **સુરખી** (ફા. સુર્ખી) લાલાશ. **સુલતાન** (અ. સુલ્તાન) બાદશાહ. **સૂબો** (અ.) પરગણાનો હાકેમ. **સૂરત** (ફા.) ચહેરો. **સોગન** (ફા. સોગંદ) કસમ. **સોદો** (ફા. સવ્દા) માલ. **સોદાગર** (ફા. સવ્દાગર) ઉંચા માલનો ધંધો કરનાર, વેપારી.

હકીમ (અ.) વેદ. **હકૂમત** (અ. હુકૂમત) અમલ, સત્તા. **હજ** (અ. હજ્જ). મુસલમાનો મક્કાની જે જાત્રા કરે છે તે. **હજરત** (અ. હજ્રત) મુસલમાનોમાં ઉંચા દરજ્જાવાળાને એ માનવાચક શબ્દથી બોલાવે છે. **હજીરો** (અ. હજીરા) કબર, રોજો, મિનારો. **હપતો** (ફા. હફ્તા) કિસ્ત, કાંધું. **હમામ** (અ. હમ્મામ) નહાવું. **હમાલ** (અ. હમ્માલ) પાલખી ઉંચકનારો, ભોઇ. **હમેલ** (અ. હમ્લ) ગર્ભ. **હરગીજ** (ફા. હર્ગિજ) કદી. **હરફ** (અ. હર્ફ) અક્ષર, શબ્દ. **હરરાજ** (અ. હર્રાજ) લિલામ થયેલું. **હરામ** (અ. હર્રામ) વગર હકનું. **હરીફ** (અ.) સામાવાળો, દુશ્મન. **હરોલ** (તુ. હરાવલ) અગાઉ. **હલક** (અ. હલ્કા) અવાજ, સાદ, ગાનારનો કંઠ. **હલકારો** (ફા. હર્કારા) કાસદ, સંદેશો લઈ જનાર. **હલાક** (અ.) હેરાન. **હલાલ** (અ.) વાજબી, વિધિથી પશુને કાપવું તે. **હામી** (અ.) જામીનગીરી. **હીકમત** (અ. હિકમત) યુક્તિ. **હિકાયત** (અ.) વાત, કહાણી. **હીજરી** (અ. હિજ્રી) મહમદ પેગંબરને મક્કાથી મદીને નાસી જવું પડયું તે દિવસથી ગણાતો સન. (તા. ૧૬ જુલાઈ સને ૬૨૨.) **હુકમ** (અ. હુકમ) ફરમાન, આજ્ઞા. **હુજત** (અ. હુજ્જત) હઠ. **હુનર** (ફા. હુનર) કળા. **હુરમત** (અ. હુર્મત) આબરૂ. **હેબક** (અ. હેબત) બીકથી ચોંકવું તે. **હેવાન** (અ. હય્વાન) ઢોર. **હેવાલ** (અ. અહ્વાલ) હકીકત. **હોજ** (અ. હવ્જ) પાણીની મોટી ટાંકી. **હોદ્દો** (અ. ઉહ્દા) પદવી. હોશિયાર (ફા. હોશ્યાર) પ્રવીણ, ખબરદાર. **હંગામી** (ફા.) કામ હોય તેટલા દિવસ રાખેલ નોકર. હંમેશા (ફા. હમેશા) નિત્ય. હાંસલ (અ. હાસિલ) પ્રાપ્ત, ફાયદો.

સમાપ્ત.